न्यायविशारद महामहोपाध्यायश्रीमद्‌यशोविजयजीविरचित

# द्वात्रिंशद्द्वात्रिंशिकाप्रकरणम् ।

## तृतीयो भागः
(१० थी १४ बत्रीशी)


❀ પરિશીલન ❀

પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્ત સૂ.મ.



❀ આર્થિક સહકાર ❀

શ્રી સાળવીના આદીશ્વર ભગવાન જૈન દેરાસર ટ્રસ્ટ
છાપરીયા શેરી, મહિધરપુરા, સુરત-૩.

न्यायविशारद महामहोपाध्यायश्रीमद्यशोविजयजीविरचित

# द्वात्रिंशद्द्वात्रिंशिकाप्रकरणम् ।

## तृतीयो भागः [१० थी १४ बत्रीशी]

પરિશીલન

પૂ. પરમશાસનપ્રભાવક સ્વ.આ.ભ.શ્રી.વિ. રામચન્દ્ર સૂ.મ.સા.ના
પટ્ટાલંકાર પૂ.સ્વ.આ.ભ.શ્રી.વિ. મુક્તિચન્દ્ર સૂ.મ.સા.ના શિષ્યરત્ન
પૂ.આ.ભ.શ્રી.વિ. અમરગુપ્ત સૂ.મ.સા.ના શિષ્યરત્ન
પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્ત સૂ.મ.

પ્રકાશક

અનેકાંત પ્રકાશન

આર્થિક સહકાર

શ્રી સાળવીના આદીશ્વર ભગવાન જૈન દેરાસર ટ્રસ્ટ
છાપરીયા શેરી, મહિધરપુરા, સુરત-૩.

पुस्तक : द्वात्रिंशद्द्वात्रिंशिकाप्रकरणम् - तृतीयो भागः
આવૃત્તિ : દ્વિતીય, વિ.સં. ૨૦૭૪, મહાસુદ-આઠમ, તા. ૨૫-૦૧-૨૦૧૮, ગુરૂવાર
નકલ : ૭૫૦
મૂલ્ય : રૂા.૧૨૪૦/-(સેટના : ભાગ-૧ થી ૬)

**પ્રાપ્તિસ્થાન**

**મુકુંદભાઈ રમણલાલ શાહ**
૨૦૧, નવરત્ન એપાર્ટમેન્ટ, અન્નપૂર્ણા હોલની સામે,
નવા વિકાસગૃહ માર્ગ, પાલડી, **અમદાવાદ**-૩૮૦ ૦૦૭.
મો. ૯૯૦૯૪ ૩૧૩૬૨

**મુનીશભાઈ એસ. વખારિયા**
સી/૫૩, સર્વોદયનગર,
પાંજરાપોળ રોડ, **મુંબઈ**-૪૦૦ ૦૦૪.
મો. ૯૩૨૨૨ ૨૨૯૮૦

**જતીનભાઈ હેમચંદ શાહ**
'કોમલ' છાપરીયા શેરી,
મહીધરપુરા, **સુરત**-૩૯૫ ૦૦૩.
મો. ૯૮૭૯૫ ૪૫૮૮૦

**તનીલ એ. વોરા**
૪/૭૪, કૃષ્ણકુંજ, જુના પુલગેટ પાસે,
૨૩૯૨/૯૩, જનરલથીમૈયા રોડ, **પૂના**-૪૧૧ ૦૦૧.
મો. ૯૮૨૩૦ ૨૯૮૮૦

: મુદ્રક :
*Tejas Printers*
F/5, Parijat Complex, Swaminarayan Mandir Road, Kalupur,
**AHMEDABAD**-380 001. ● **(M) 98253 47620** ● **PH. (O) (079) 22172271**

**સૂચના : આ પુસ્તક જ્ઞાનખાતાની રકમના ઉપયોગથી છપાયેલું હોવાથી તેની સંપૂર્ણ કિંમત અથવા યોગ્ય નકરો જ્ઞાનખાતામાં આપીને આ પુસ્તકનો ઉપયોગ કરવા શ્રાવકોને ભલામણ છે.**

# अथ योगलक्षणद्वात्रिंशिका प्रारभ्यते ।

कथानिरूपणानन्तरं तत्फलभूतस्य योगस्य लक्षणं निरूप्यते–

આ પૂર્વેની બત્રીશીમાં કથાનું નિરૂપણ કર્યું. એ મુજબ ધર્મકથાદિના શ્રવણથી કથાના ફળ સ્વરૂપ યોગની પ્રાપ્તિ થાય છે. એ યોગના લક્ષણનું નિરૂપણ કરાય છે–

**मोक्षेण योजनादेव, योगो ह्यत्र निरुच्यते ।**
**लक्षणं तेन तन्मुख्यहेतुव्यापारतास्य तु ।।१०-१।।**

मोक्षेणेति–योगो हि योगशब्दो हि । अत्र लोके प्रवचने वा । मोक्षेण योजनादेव निरुच्यते व्युत्पाद्यते । तेनास्य योगस्य तु तन्मुख्यहेतुव्यापारता लक्षणं निरुक्तार्थस्याप्यनतिप्रसक्तस्य लक्षणत्वानपायात् ।।१०-१।।

નવમી કથાબત્રીશીમાં વર્ણવેલી કથાના શ્રવણથી શ્રોતાને જે યોગસ્વરૂપ ફળની પ્રાપ્તિ થાય છે; તે યોગની જિજ્ઞાસા હોવાથી તેના(યોગના) લક્ષણનું નિરૂપણ આ બત્રીશીમાં કરાય છે. 'જે કારણથી શ્રી વીતરાગપરમાત્માના પ્રવચનમાં "**मोक्षेण योजनादेव योगः**" ("મોક્ષની સાથે જોડી આપતો હોવાથી જ યોગ કહેવાય છે.") - આ પ્રમાણે **योग** શબ્દની વ્યુત્પત્તિ જણાવાય છે; તે કારણે આ યોગનું "મોક્ષના મુખ્યકારણભૂત વ્યાપારતા" લક્ષણ છે.' - આ પ્રમાણે પ્રથમ શ્લોકનો અર્થ છે.

કહેવાનો આશય એ છે કે '**योग**' શબ્દ **योजनाद् योगः** આ વ્યુત્પત્તિથી નિષ્પન્ન છે. આ વ્યુત્પત્તિના સામર્થ્યથી 'મહાનંદસ્વરૂપ મોક્ષની સાથે જે જોડી આપે છે; તે મોક્ષના મુખ્યકારણભૂત આત્મવ્યાપારને યોગ કહેવાય છે.' - આ પ્રમાણે **योग** શબ્દનો અર્થ પ્રતીત થાય છે. મોક્ષકારણીભૂત આત્માના સઘળાય વ્યાપાર આ રીતે યોગ કહેવાય છે. કારણ કે તે દરેક વ્યાપારમાં મોક્ષ-મુખ્યકારણવ્યાપારતા સ્વરૂપ યોગનું લક્ષણ છે જ. જ્યાં યોગનું લક્ષણ છે તે યોગ છે, એ સમજી શકાય છે.

આ શ્લોકમાં જે **योग** શબ્દ છે, તેનો અર્થ યોગશબ્દ છે, લક્ષ્યભૂત યોગનો બોધક તે **योग** શબ્દ નથી. **ह्यत्र** અહીં જે **अत्र** પદ છે તેનો અર્થ લોક અથવા પ્રવચન

છે. **योजनादेव योगः** - આ પ્રમાણે વ્યુત્પત્તિ સર્વ લોકમાં મનાતી નથી તેથી **अत्र** પદથી પ્રવચન અર્થ વિવક્ષિત છે. મૌનીન્દ્ર પ્રવચનમાં એ વ્યુત્પત્તિને આશ્રયીને '**योग**' શબ્દ વ્યુત્પાદિત છે. "**मोक्षेण योजनादेव योगः** - મોક્ષની સાથે જોડી આપવાથી જ યોગ છે." - આ પ્રમાણે **योग** શબ્દની વ્યુત્પત્તિ છે. તેથી મોક્ષની પ્રત્યે કારણભૂત મુખ્યવ્યાપારતા : આ યોગનું લક્ષણ છે. આશય એ છે કે શ્રી વીતરાગપરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ પૂ. સાધુભગવંતો નિરવદ્ય વસતિ, નવકલ્પી વિહાર અને ભિક્ષાટનાદિ જે જે પ્રવૃત્તિ કરે છે; તે બધી જ ક્રિયાઓનો સમુદાય મોક્ષપ્રાપ્તિનું મુખ્ય કારણ છે. તે કારણ સ્વરૂપ આત્માનો વ્યાપાર; આત્માને મોક્ષની સાથે જોડી આપે છે તેથી તે યોગ છે અને તે વ્યાપારમાં રહેલી વ્યાપારતા : એ યોગનું લક્ષણ છે.

"આ રીતે **मोक्षेण योजनादेव** આ વ્યુત્પત્તિના કારણે **योग** શબ્દનો અર્થ, 'મોક્ષમુખ્યકારણ-વ્યાપારતા' થાય છે. એ વ્યુત્પત્ત્યર્થને અહીં લક્ષણ સ્વરૂપે વર્ણવ્યું છે, જે યુક્ત નથી. કારણ કે લક્ષણ વ્યુત્પત્ત્યર્થથી ભિન્ન હોય છે." - આ પ્રમાણે નહીં કહેવું. કારણ કે વ્યુત્પત્ત્યર્થ અતિપ્રસક્ત (વ્યભિચારી અલક્ષ્યમાં પણ વૃત્તિ) ન હોય (અનતિપ્રસક્ત હોય) તો તેને લક્ષણ માનવામાં કોઇ બાધ નથી. અર્થાત્ અનતિપ્રસક્ત એવા નિરુક્તાર્થ(વ્યુત્પત્ત્યર્થ)માં લક્ષણત્વ માનવામાં કોઇ દોષ નથી. ॥૧૦-૧॥

મોક્ષના મુખ્યકારણભૂત આત્મવ્યાપારમાં મુખ્યત્વ કઇ અપેક્ષાએ વર્ણવ્યું છે ? આ પ્રશ્નનું સમાધાન કરાય છે અર્થાત્ **तन्मुख्यहेतुव्यापारता** - આ યોગલક્ષણઘટક મુખ્યત્વનું નિરૂપણ કરાય છે–

**मुख्यत्वं चान्तरङ्गत्वात्, फलाक्षेपाच्च दर्शितम् ।**
**चरमे पुद्गलावर्त्ते, यत एतस्य सम्भवः ॥१०-२॥**

मुख्यत्वं चेति–मुख्यत्वं च अन्तरङ्गत्वाद् मोक्षं प्रत्युपादानत्वात् । फलाक्षेपात् फलजननं प्रत्यविलम्वत्वाच्च । दर्शितं प्रवचने । यतो यस्माच्चरमे पुद्गलावर्ते एतस्य योगस्य सम्भवः । इत्थं ह्यभव्यदूरभव्यक्रियाव्यवच्छेदः कृतो भवति, एकस्य मोक्षानुपादानत्वादन्यस्य च फलविलम्वादिति ध्येयम् ॥१०-२॥

"આ યોગ; મોક્ષની પ્રત્યે અંતરંગ કારણ હોવાથી અને મોક્ષની પ્રત્યે વિના વિલંબે કારણ બનતો હોવાથી તેમાં મુખ્યત્વ (મોક્ષની પ્રત્યે મુખ્ય કારણતા) વર્ણવ્યું છે. કારણ કે આ યોગનો સંભવ ચરમાવર્ત્તમાં છે. એની પૂર્વે તેનો સંભવ જ નથી." - આ પ્રમાણે બીજા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે મોક્ષની પ્રત્યે યોગ મુખ્ય કારણ છે. સામાન્ય રીતે કાર્યમાત્રની પ્રત્યે કારણસામગ્રી હેતુ બનતી હોય છે. અનેક કારણોના સહકારથી કાર્યની ઉત્પત્તિ થાય છે. તેમ મોક્ષસ્વરૂપ કાર્યની ઉત્પત્તિ પણ કાળ, તથાભવ્યત્વનો પરિપાક, રત્નત્રયીની આરાધના, કેવલજ્ઞાનની પ્રાપ્તિ... વગેરે કારણોના સમુદાયથી થતી હોય છે. એમાં મુખ્ય કારણ યોગ છે. કારણ કે તે અંતરંગ કારણ છે. યોગમાં અંતરંગકારણતા માનવાનું કારણ તે છે કે તે મોક્ષની પ્રત્યે ઉપાદાનકારણ છે.

ઘટનું ઉપાદાનકારણ માટી છે. પટનું ઉપાદાનકારણ તંતુ છે. મૃત્તિકા(માટી) ઘટસ્વરૂપે પરિણમે છે અને તંતુ પટસ્વરૂપે પરિણમે છે. જે કારણ કાર્યસ્વરૂપે પરિણમે છે તે કારણ તે કાર્યનું ઉપાદાનકારણ મનાય છે. અહીં મોક્ષકારણભૂત આત્મવ્યાપાર ક્ષાયિકભાવે મોક્ષસ્વરૂપે પરિણમે છે તેથી તે આત્મવ્યાપારસ્વરૂપ યોગ મોક્ષનું ઉપાદાનકારણ છે. કાર્યના અર્થીની પ્રવૃત્તિ તેના ઉપાદાન - કારણમાં થાય છે. ઘટાર્થી નિયમે કરી મૃત્તિકાનું ઉપાદાન કરે છે અને પટાર્થી નિયમે કરી તંતુમાં પ્રવૃત્તિ કરે છે. આવી જ રીતે મોક્ષના અર્થી પણ તેવા પ્રકારના આત્મ - વ્યાપાર સ્વરૂપ યોગનું ઉપાદાન કરે છે. મોક્ષનું ઉપાદાન - કારણ હોવાથી યોગને અંતરંગ કારણ મનાય છે અને તેથી તેને લઈને મોક્ષની પ્રત્યે યોગની મુખ્યકારણતા છે.

તદુપરાંત સામાન્યપણે ફળની પ્રાપ્તિના અવ્યવહિત પૂર્વકાળમાં જે કારણ વૃત્તિ હોય છે; અર્થાત્ જે કારણના અવ્યવહિત ઉત્તરકાળમાં કાર્યની ઉત્પત્તિ થાય છે, તે કાર્યની પ્રત્યે તે કારણ મુખ્ય બને છે. ફળને ઉત્પન્ન કરતી વખતે વિના વિલંબે જે ફળને ઉત્પન્ન કરે છે તે કારણને મુખ્ય મનાય છે. યોગને છોડીને મનુષ્યજન્મ, આર્યદેશ, આર્યકુળ, સદ્ગુરુનો યોગ અને ધર્મશ્રવણ વગેરે કારણોની પ્રાપ્તિ થવા છતાં તે વખતે મોક્ષની પ્રાપ્તિ ના થઈ અને યોગની પ્રાપ્તિ થવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. આથી સમજી શકાય છે કે મોક્ષસ્વરૂપ ફળની ઉત્પત્તિમાં યોગના કારણે વિલંબ થતો નથી. ફળની પ્રત્યે વિના વિલંબે તે કારણ હોવાથી મુખ્યકારણતા યોગમાં છે.

એ વાતને સ્પષ્ટ રીતે જણાવતાં શ્લોકના ઉત્તરાર્દ્ધમાં જણાવ્યું છે કે મોક્ષના કારણભૂત યોગનો સંભવ ચરમાવર્ત્તમાં છે.

આશય એ છે કે અનંતી ઉત્સર્પિણી અને અવસર્પિણી કાલ પ્રમાણ એક પુદ્ગલપરાવર્ત્ત કાળ છે. આવા અનંતાનંત પુદ્ગલપરાવર્ત્ત આ સંસારમાં આજ સુધીમાં આપણે વિતાવ્યા છે. આ અનાદિ-અનંત સંસારમાં એક પુદ્ગલ-પરાવર્ત્તકાળથી વધારે કાળ જીવને પરિભ્રમણ કરવાનું ન હોય ત્યારે તે જીવને માટે ચરમાવર્ત્તકાળનો પ્રારંભ થાય છે. આ ચરમાવર્ત્તકાળમાં જ જીવને મોક્ષકારણભૂત આત્મવ્યાપાર સ્વરૂપ યોગની પ્રાપ્તિ થઇ શકે છે. એ પૂર્વે અચરમાવર્ત્ત કાળમાં મોક્ષોપયોગી મનુષ્યજન્માદિ સામગ્રી મળવા છતાં 'યોગ'ની પ્રાપ્તિ થતી નથી. આથી સમજી શકાશે કે મોક્ષોપયોગી અન્ય સામગ્રીની પ્રાપ્તિ કરતાં યોગની પ્રાપ્તિ પછી મોક્ષની પ્રાપ્તિ સત્વર થાય છે. તેથી વિના વિલંબે મોક્ષની પ્રાપ્તિનું કારણ હોવાથી યોગ મુખ્ય કારણ છે.

મોક્ષના ઉપાદાનના કારણે અને મોક્ષની પ્રાપ્તિ વિના વિલંબે કરાવતો હોવાના કારણે યોગને મુખ્યસ્વરૂપે કારણ માનવાથી અભવ્યની અને દૂરભવ્યની ક્રિયાનો અનુક્રમે વ્યવચ્છેદ કરાય છે અર્થાત્ એ ક્રિયાને યોગસ્વરૂપ માનવામાં આવતી નથી. કારણ કે અભવ્યની ક્રિયા ક્યારે ય મોક્ષનું ઉપાદાન બનતી નથી અને દૂરભવ્યની ક્રિયાઓ ખૂબ જ વિલંબે મોક્ષનું કારણ બને છે, જેથી તેમાં મોક્ષની કારણતા કે મોક્ષની મુખ્યકારણતા માનવાનું શક્ય નથી અને તેથી તે યોગસ્વરૂપ પણ નથી. ॥૧૦-૨॥

ચરમપુદ્ગલપરાવર્ત્તકાળમાં જ યોગનો સંભવ છે. એની પૂર્વેના પુદ્ગલપરાવર્ત્તકાળમાં યોગનો સંભવ નથી તે દૃષ્ટાંતપૂર્વક જણાવાય છે–

**न सन्मार्गाभिमुख्यं स्यादावर्तेषु परेषु तु ।**
**मिथ्यात्वच्छन्नबुद्धीनां, दिङ्मूढानामिवाङ्गिनाम् ॥१०-३॥**

नेति–स्पष्टः ॥१०-३॥

"ચરમાવર્ત્તને છોડીને બીજા આવર્ત્તોમાં (અચરમાવર્ત્તકાળમાં) મિથ્યાત્વાદિથી આચ્છાદિત બુદ્ધિવાળા જીવો દિઙ્મૂઢ પ્રાણીઓની જેમ સન્માર્ગાભિમુખતાને પામી શકતા નથી." - આ પ્રમાણે ત્રીજા શ્લોકનો અર્થ

છે. આનો આશય એ છે કે છેલ્લા પુદ્ગલ પરાવર્ત્તકાળને છોડીને અન્ય પુદ્ગલપરાવર્ત્તકાળમાં જીવોની બુદ્ધિ મિથ્યાત્વમોહનીયકર્મથી આચ્છાદિત હોવાથી સન્માર્ગ(મોક્ષસાધક માર્ગ)સન્મુખ તેઓ થઇ શકતા નથી. એ કાળમાં જીવોની એવી યોગ્યતા જ હોતી નથી કે જેથી તેઓને સન્માર્ગાભિમુખતા પ્રાપ્ત થાય. દિઙ્મૂઢ પ્રાણીઓને જેમ કશું જ સૂઝતું નથી તેમ અચરમાવર્ત્તવર્ત્તી જીવોને સન્માર્ગ સમજાતો નથી. મિથ્યાત્વમોહનીયકર્મનો ઉદય; આમ તો ચરમપુદ્ગલપરાવર્ત્તકાળમાં પણ હોય છે. પરંતુ અચરમાવર્ત્તકાળના કારણે જીવને, તે વખતે સન્માર્ગાભિમુખતા પ્રાપ્ત થતી જ નથી. બંન્ને (અચરમાવર્ત્ત અને ચરમાવર્ત્ત) અવસ્થાના મિથ્યાત્વમોહનીયકર્મના ઉદયમાં આ રીતે ફરક છે. કાળના ભેદે એવો ભેદ માન્યા વિના ચાલે એવું નથી. કારણ કે ચરમાવર્ત્તકાળમાં પણ મિથ્યાત્વમોહનીયકર્મ ઉત્કૃષ્ટ સ્થિતિ અને ઉત્કૃષ્ટ રસવાળું ઉદયમાં સંભવી શકે છે. આમ છતાં ચરમાવર્ત્તકાળમાં સન્માર્ગાભિમુખતા પ્રાપ્ત થાય અને અચરમાવર્ત્તકાળમાં તે પ્રાપ્ત ન થાય એમાં મુખ્યપણે તે તે કાળની પ્રયોજકતા સ્પષ્ટપણે સમજી શકાય છે. ||૧૦-૩||

અચરમાવર્ત્તકાળવર્ત્તી જીવોનું સ્વરૂપ વર્ણવાય છે–

**तदा भवाभिनन्दी स्यात्, सञ्ज्ञाविष्कम्भणं विना ।**
**धर्मकृत् कश्चिदेवाङ्गी, लोकपङ्क्तिकृतादरः ||१०-४||**

तदेति–तदाऽचरमेष्वावर्तेषु । अङ्गी प्राणी । सञ्ज्ञाविष्कम्भणमाहारादिसञ्ज्ञोदयवञ्चनलक्षणं विना । कश्चिदेव धर्मकृद् लौकिकलोकोत्तरप्रव्रज्यादिधर्मकारी । लोकपङ्क्तौ लोकसदृशभावसम्पादनरूपायां कृतादरः कृतयत्नः स्यात् ||१०-४||

"અચરમાવર્ત્તકાળમાં ભવાભિનંદી, લોકપંક્તિમાં આદરવાળો અને આહારાદિ સંજ્ઞાનું વિષ્કંભણ કર્યા વિના ધર્મને કરનારો કોઇક જ હોય છે." - આ પ્રમાણે ચોથા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય સ્પષ્ટ છે કે અચરમાવર્ત્તકાળમાં પ્રાણીઓ ભવાભિનંદી હોય છે. સંસારમાં જ આનંદ પામનારા એ જીવોની અવસ્થાનું વર્ણન હવે પછી પાંચમા શ્લોકથી કરાશે.

અચરમાવર્ત્તવર્ત્તી જીવો આહારાદિ (ભય, મૈથુન, પરિગ્રહ) સંજ્ઞાને રોકી શકતા નથી. કોઇ જીવ તો લૌકિક અને લોકોત્તર એવી પ્રવ્રજ્યાને પણ ગ્રહણ

કરે છે. પરંતુ એ લોકપંક્તિમાં કરાયેલા આદર સ્વરૂપ છે. લોકો જેવું કરે છે; તેના જેવું કરવાના ભાવને લઇને જ થતો એ પ્રયત્ન હોય છે. એની પાછળ શ્રદ્ધા કે જ્ઞાન વગેરે હોતાં નથી. મિથ્યાત્વ અને અજ્ઞાનની માત્રા ત્યાં ચિકાર હોય છે. તેથી તે ધર્મથી સંસારસ્વરૂપ જ ફળ પ્રાપ્ત થાય છે. મોક્ષની પ્રાપ્તિ થતી નથી. આથી સમજી શકાશે કે અચરમાવર્ત્તકાળમાં યોગનો સંભવ જ નથી. ।।૧૦-૪।।

ભવાભિનંદી જીવોનાં લક્ષણો જણાવાય છે–

**क्षुद्रो लोभरतिर्दीनो, मत्सरी भयवान् शठः ।**
**अज्ञो भवाभिनन्दी स्यान्निष्फलारम्भसङ्गतः ।।१०-५।।**

क्षुद्र इति–क्षुद्रः कृपणः । लोभरतिर्याञ्चाशीलः । दीनः सदैवादृष्टकल्याणः । मत्सरी परकल्याणदुःस्थितः । भयवान् नित्यभीतः । शठो मायावी । अज्ञो मूर्खः । भवाभिनन्दी "असारोऽप्येप संसारः सारवानिव लक्ष्यते । दधिदुग्धाम्बुताम्बूलपण्य-पण्याङ्गनादिभिः ।।१।।" इत्यादिवचनैः संसाराभिनन्दनशीलः । स्याद् भवेद् । निष्फला-रम्भसङ्गतः सर्वत्रातत्त्वाभिनिवेशाद्वन्ध्यक्रियासम्पन्नः ।।१०-५।।

"ક્ષુદ્ર, માંગવાના સ્વભાવવાળો, દીન, માત્સર્યવાળો, નિત્યભયભીત, માયાવી, મૂર્ખ અને નિષ્ફળ એવી ક્રિયાઓને કરનાર ભવાભિનંદી છે." - આ પ્રમાણે પાંચમા શ્લોકનો અક્ષરાર્થ છે. ક્ષુદ્ર એટલે કૃપણ. પોતાની પાસેની સારી વસ્તુનો કોઇ પણ રીતે ઉપયોગ નહિ કરવાની વૃત્તિ : એ કૃપણતા છે. વસ્તુ ન હોય અને તેથી તેના ઉપયોગનો અભાવ જણાય. પરંતુ એટલા માત્રથી ત્યાં કૃપણતા મનાય નહિ. સારી વસ્તુ હોવા છતાં તેનો ઉપયોગ જ ન કરવાની વૃત્તિ ખૂબ જ ગાઢ મમત્વને જણાવનારી છે. ભવાભિનંદી જીવો આવા કૃપણ હોય છે.

ભવાભિનંદી જીવોનું બીજું લક્ષણ 'લોભમાં રતિ' છે. **लोभरति** ના સ્થાને અન્યત્ર **लाभरति** આવો પાઠ છે. બંન્નેનો અર્થ 'યાચ્ચાશીલ' વર્ણવ્યો છે. લાભનું કારણ, અપેક્ષાએ લોભ છે અને લોભનું કાર્ય લાભ છે. બંન્નેમાંથી કોઇ એકમાં રતિ થશે તો તેના કારણે બીજામાં પણ રતિ થવાની જ. એ રતિના કારણે જીવ, લોભના વિષયને માંગ્યા વિના નહીં રહે. ધીરે ધીરે પછી તો જીવનો તે તે વસ્તુઓ માંગવાનો સ્વભાવ થઇ જાય છે, જે લોભને ઉત્કટ બનાવે છે. ઉત્કટ બનેલા કષાયો ભવમાં જ રમણ કરાવે છે. આસક્તિના કારણે જ ભવમાં આનંદ આવે છે. વસ્તુ

સારી છે માટે આનંદ નથી. ખરેખર તો વસ્તુ સારી લાગે છે માટે આનંદ આવે છે. ભવ સારો ન લાગે તો તેમાં આનંદ આવવાનું વાસ્તવિક કોઇ જ કારણ નથી.

ભવમાં આનંદ પામનાર જીવો દીન હોય છે. સદાને માટે જેમણે કલ્યાણ જોયું નથી; તે જીવોને દીન તરીકે અહીં વર્ણવ્યા છે. આવા જીવો નહીં જેવા પણ સુખમાં આનંદ પામે છે અને ભવિષ્યમાં આથી વધારે અને સારું મળશે - એવી આશામાં ને આશામાં જીવ્યા કરે છે. 'જે મળ્યું છે તે બરાબર છે. આજ સુધી આવું પણ ક્યાં મળ્યું હતું ? કદાચ મળ્યું પણ હોય તો ય ક્યાં રહ્યું છે ?'... વગેરે દીન જનો વિચારતા હોય છે. એવી વિચારણાના કારણે તેમને ભવમાં જ આનંદ આવે. ત્યાંથી ખસવાનું સહેજ પણ મન થાય નહિ - એ સ્પષ્ટ છે.

ભવાભિનંદી જીવો માત્સર્યને ધારણ કરતા હોય છે. બીજાના કલ્યાણને જોઇને તેઓ જે દુઃખ ધારણ કરે છે; તેને માત્સર્ય કહેવાય છે. પોતાનું તો આજ સુધી કલ્યાણ થયું નથી અને બીજાના કલ્યાણને જોઇને તેઓ દુઃખી થાય છે. આવા સ્વભાવના કારણે તેમને કલ્યાણકારી માર્ગ પ્રાપ્ત ન થવાથી તેમની પાસે જે છે એમાં જ આનંદ માની તેઓ તે વસ્તુથી ચલાવી લે છે, જેથી તેમને ભવમાં જ આનંદ આવે છે.

આવા જીવોનું પાંચમું લક્ષણ ભય છે. આદાન, અપયશ, મરણ વગેરે સાત પ્રકારના ભય પ્રસિદ્ધ છે. ભવાભિનંદી જીવો સદાને માટે ભયભીત જ હોય છે. પોતાની ઇષ્ટ વસ્તુને કોઇ લઇ તો નહિ જાય ને ? કોઇ એનો નાશ તો નહિ કરે ને ?... ઇત્યાદિ અનેક જાતની આશંકાને લઇને તેઓ ભયાન્વિત જ રહેતા હોય છે. કોઇ પણ વ્યક્તિ પ્રત્યે તેમને વિશ્વાસ હોતો નથી. દરેકને શંકાની નજરે જોવાથી સતત ભયભીત થઇને જ તેમને જીવવું પડે છે. સમગ્ર જીવન સુખનાં સાધનોને સાચવવામાં અને દુઃખનાં સાધનોને આવતાં રોકવામાં પૂર્ણ કરનારા આવા જીવોને ક્યારે પણ નિર્ભય અવસ્થાનો અનુભવ થતો નથી.

આવી સ્થિતિમાં મોટા ભાગે પોતાની એવી સદોષ અવસ્થાની જાણ બીજાને થાય નહિ : એ માટે પોતાના પ્રગટ દોષોને છુપાવવા માયા કરવી પડે છે. આવા માયાવી(શઠ) જીવો ભવાભિનંદી છે. આવા જીવો શઠ(લુચ્ચા) હોય છે. પોતાનું ઇષ્ટ સાધવા માટે ગમે તે વ્યક્તિને ગમે તે સમજાવી પોતાનું ધાર્યું કરાવી લેવાની જે વૃત્તિ છે તે એક જાતિની માયા-શઠતા છે. મોક્ષમાર્ગની

સાધના(યોગની સાધના)માં પ્રવૃત્ત હોય તેવા જીવો માયાથી દૂર રહે છે. ભવાભિનંદી જીવો માયાથી પૂર્ણ હોય છે. દોષથી મુક્ત બનવાના બદલે દોષોને છુપાવવાનું કાર્ય ખૂબ જ ખરાબ છે, જે માયા કરાવે છે.

ભવાભિનંદી જીવોનું સાતમું લક્ષણ મૂર્ખતા છે. તેનાથી યુક્ત એવા અજ્ઞ જીવો ભવાભિનંદી છે. તેમની ક્ષુદ્રતા વગેરેના કારણે તેમને જ્ઞાન મળતું નથી. તેથી જ તો તેઓ અજ્ઞ-મૂર્ખ હોય છે. દુનિયાની કોઇ પણ વસ્તુમાં મૂર્ખને કોઇ પણ પ્રકારનો અધિકાર આપવામાં આવેલો નથી. તેવી જ રીતે અહીં પણ યોગના વિષયમાં તે અજ્ઞ જીવોને કોઇ પણ પ્રકારનો અધિકાર આપવામાં આવેલો નથી. સર્વ સિદ્ધિઓથી આત્માને સર્વથા દૂર કરવાનું કાર્ય અજ્ઞતા કરે છે.

તેથી સમજી શકાશે કે ભવાભિનંદી જીવો જે પણ થોડી-ઘણી ધર્મક્રિયાઓ લોકપંક્તિના આદરપૂર્વક કરે છે, તેનાથી તેમને કોઇ જ ફળ પ્રાપ્ત થતું ન હોવાથી તેઓ નિષ્ફળ એવી ધર્મક્રિયાઓમાં જ રક્ત હોય છે. આ જીવોને અભિનિવેશ ઘણો હોય છે. તેથી સમર્થ ગુરુભગવંતો પણ તેમને સમજાવી શકતા નથી. દરેક વસ્તુમાં અતત્ત્વનો જ અભિનિવેશ હોવાથી વંધ્ય(નિષ્ફળ) ક્રિયાઓમાં તેઓ સંગત હોય છે અને જે કરીએ છીએ તે બરાબર છે - આ અધ્યવસાયથી ક્રિયાને ફળપ્રદ કરી શકતા નથી.

ક્ષુદ્રતા વગેરે લક્ષણથી જણાતા ‘ભવાભિનંદી’ જીવો હોય છે. તેઓ કહેતા હોય છે કે ‘અસાર એવો પણ આ સંસાર; દહીં, દૂધ, પાણી, તાંબૂલ (મુખવાસ), પુષ્પ, સારભૂત દ્રવ્ય અને સ્ત્રી વગેરેના કારણે સારવાળો જણાય’... ઇત્યાદિ વચનો દ્વારા સંસારનું અભિનંદન કરવાના સ્વભાવવાળા તેઓ હોવાથી તેમને ભવાભિનંદી કહેવાય છે. ॥૧૦-૫॥

ભવાભિનંદી જીવોનું સ્વરૂપ જણાવીને હવે લોકપંક્તિનું સ્વરૂપ જણાવાય છે–

**लोकाराधनहेतो र्या, मलिनेनान्तरात्मना ।**
**क्रियते सत्क्रिया सा च, लोकपङ्क्तिरुदाहृता ॥१०-६॥**

लोकेति–लोकाराधनहेतो र्लोकचित्तावर्जननिमित्तम् । या मलिनेन कीर्तिस्पृहादि-मालिन्यवता अन्तरात्मना चित्तरूपेण क्रियते सत्क्रिया शिष्टसमाचाररूपा । सा च योगनिरूपणायां लोकपङ्क्तिरुदाहृता योगशास्त्रज्ञैः ॥१०-६॥

"લોકના ચિત્તને આવર્જિત કરવા મલિન એવા ચિત્તથી જે સત્ક્રિયા કરાય છે, તેને યોગના નિરૂપણના વિષયમાં યોગના જાણકારોએ લોકપંક્તિ તરીકે વર્ણવી છે." આશય એ છે કે શિષ્ટ પુરુષોએ આચરેલી જે ક્રિયાઓ છે, તેને સત્ક્રિયાઓ કહેવાય છે. આવી સત્ક્રિયાઓ પણ ખરી રીતે શુદ્ધ ચિત્ત વડે આત્માના કલ્યાણની ભાવનાપૂર્વક કરવાની છે. પરંતુ તે ક્રિયાઓ; લોકોના ચિત્તને પોતાની તરફ આકર્ષવા માટે પોતાની કીર્તિ વગેરે સર્વત્ર વિસ્તરે... ઈત્યાદિની સ્પૃહા વગેરેથી મલિન થયેલા ચિત્ત વડે કરવામાં આવે તો યોગશાસ્ત્રના જ્ઞાતાઓ યોગનિરૂપણના અવસરે તે ક્રિયાને લોકપંક્તિ તરીકે વર્ણવે છે.

સામાન્ય રીતે ભવાભિનંદી જીવો આહાર, ઉપધિ, પૂજા(સત્કારાદિ) ઋદ્ધિ અને રસગારવાદિમાં પ્રતિબદ્ધ હોય છે. તે બધાના રાગથી તેઓ ધર્મક્રિયાઓ કરે છે. એ રાગ ચિત્તસંબંધી મલ છે. રાગ, દ્વેષ અને મોહ (અજ્ઞાન) : આ ત્રણ મલ છે. આવા મલથી યુક્ત જે ચિત્ત છે; તેને મલિન અંતરાત્મા કહેવાય છે, જે ભાવમનસ્વરૂપ છે. મલિન એવા અંતરાત્માથી ઉપર જણાવ્યા મુજબ જે ક્રિયા કરાય છે, તે પ્રાયઃ લોકના ચિત્તને ખુશ કરવા માટે કરાય છે. લોકો કરે છે માટે કરવું, લોકમાં સારું દેખાશે અને લોકો સારા માનશે... ઈત્યાદિ આશયથી કરાતી સત્ક્રિયાઓ લોકપંક્તિ સ્વરૂપ છે.

યોગસ્વરૂપ ક્રિયાઓ અને લોકપંક્તિસ્વરૂપ ક્રિયાઓમાં ઉપર-ઉપરથી જોઈએ તો સામ્ય ઘણું જ દેખાય છે. પરંતુ બંન્નેના ફળમાં ઘણું જ અંતર હોય છે. આવા પ્રસંગે ખૂબ જ ઉપયોગપૂર્વક વિચારવું જોઈએ. ॥૧૦-૬॥

લોકપંક્તિથી કરાયેલી ધર્મક્રિયાથી વિપરીત ફળ પ્રાપ્ત થાય છે, તે જણાવાય છે–

**महत्यल्पत्वबोधेन, विपरीतफलावहा ।**
**भवाभिनन्दिनो लोकपङ्क्त्या धर्मक्रिया मता ॥१०-७॥**

महतीति–महति अधरीकृतकल्पद्रुचिन्तामणिकामधेनौ धर्मे । अल्पत्ववोधेन अतितुच्छकीर्त्यादिमात्रहेतुत्वज्ञानेन । विपरीतफलावहा दुरन्तसंसारानुवन्धिनी । भवाभिनन्दिनो जीवस्य । लोकपङ्क्त्या धर्मक्रिया मता । नात्र केवलमफलत्वमेव किं तु विपरीतफलत्वमिति भावः ॥१०-७॥

"મહાન એવા ધર્મમાં અલ્પતાનું જ્ઞાન થવાથી(કરવાથી); ભવાભિનંદી જીવોને લોકપંક્તિથી કરાતી ધર્મક્રિયા દુરંત સંસારનો અનુબંધ કરાવનારી થાય છે." - આ પ્રમાણે સાતમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે - કલ્પવૃક્ષ, ચિંતામણિરત્ન કે કામધેનુ કરતાં પણ અત્યધિક માહાત્મ્ય ધર્મનું છે. પોતાના માહાત્મ્યના કારણે ધર્મે કલ્પવૃક્ષ કે ચિંતામણિ વગેરેનું માહાત્મ્ય રહેવા જ દીધું નથી. કારણ કે કલ્પવૃક્ષ વગેરે માંગ્યા પછી આ લોકના જ વિનશ્વર એવા ફળને આપે છે. પરંતુ ધર્મ તો શ્રી વીતરાગ પરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ તેની આરાધના કરનારને માંગ્યા વિના પરમપદસ્વરૂપ મોક્ષફળ સુધીનાં ફળ આપે છે. તેથી ચિંતામણિ કે કલ્પવૃક્ષ વગેરેને ધર્મે તદ્દન જ નીચા(હીન) બનાવ્યા છે. કલ્પવૃક્ષાદિની અપેક્ષાએ અત્યધિક મહાન એવા ધર્મને અત્યંત તુચ્છ એવા કીર્ત્તિ વગેરે આ લોકના કે પરલોકના ફળના કારણ સ્વરૂપે જાણવાથી મહાન એવી વસ્તુમાં અલ્પતાનો બોધ કરાય છે. આ રીતે કરાયેલી ધર્મની લઘુતાપૂર્વકની ક્રિયા; દુઃખે કરીને જેનો અંત આવે એવા સુદીર્ઘ સંસારનો અનુબંધ કરનારી બને છે.

લોકપંક્તિથી કરાયેલી ધર્મક્રિયા ભવાભિનંદી જીવોને ફળ આપનારી બનતી નથી. પરંતુ ઉપર જણાવ્યા મુજબ વિપરીત(અનિષ્ટ) ફળને આપનારી બને છે. આથી સમજી લેવું જોઇએ કે શ્રી વીતરાગપરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ મોક્ષના આશયથી કરાતી ક્રિયા જ સફળ છે; એ આશયથી જુદા કોઇ આશયથી કરાતી ધર્મક્રિયા નિષ્ફળ જ નહિ, વિપરીત ફળને આપનારી છે. "લોકપંક્તિથી કરાતી પણ ધર્મક્રિયા અંતે તો ધર્મક્રિયા જ છે ને ? લોકપંક્તિના કારણે, જે ફળ મળવું જોઇએ તે મળે નહિ; ઓછું મળે. પરંતુ એમાં એકાંતે લાભ છે, નુકસાન કાંઇ નથી."... ઇત્યાદિ માન્યતા ધરાવનારાએ ઉપર જણાવેલી વાત યાદ રાખવી જોઇએ. ॥૧૦-૭॥

જે લોકપંક્તિના કારણે ભવાભિનંદી જીવોને ધર્મક્રિયા વિપરીત ફળવાળી બને છે, તે લોકપંક્તિ કોઇ વિવેકીને શુભપરિણામ માટે થઇ શકે છે - તે જણાવાય છે—

**धर्मार्थं सा शुभायापि, धर्मस्तु न तदर्थिनः ।**
**क्लेशोऽपीष्टो धनार्थं हि, क्लेशार्थं जातु नो धनम् ॥१०-८॥**

धर्मार्थमिति–धर्मार्थं सम्यग्दर्शनादिमोक्षबीजाधाननिमित्तम् । सा लोकपङ्क्ति र्दानसन्मानोचितसम्भाषणादिभिश्चित्रैरुपायैः । शुभाय कुशलानुबन्धाय अपि । धर्मस्तु तदर्थिनो लोकपङ्क्त्यर्थिनो न शुभाय । हि यतो धनार्थं क्लेशोऽपीष्टो धनार्थिनां राजसेवादौ प्रवृत्तिदर्शनात् । क्लेशार्थं जातु कदाचिद् धनं नेष्टं, न हि "धनान्मे क्लेशो भवतु" इति कोऽपीच्छति प्रेक्षावान् । तदिदमुक्तं–"धर्मार्थं लोकपङ्क्तिः स्यात् कल्याणाङ्गं महामतेः । तदर्थं तु पुनर्धर्मः पापायाल्पधियामलम् ॥१॥" तथा "(युक्तं) जनप्रियत्वं शुद्धं सद्धर्मसिद्धिफलदमलम् । ध(सद्ध)र्मप्रशंसनादेर्बीजाधानादिभावेनेति" ॥१०-८॥

"તે લોકપંક્તિ ધર્મની પ્રાપ્તિ માટે શુભ અનુબંધકારિણી પણ બને પરંતુ લોકપંક્તિના અર્થીને ધર્મ શુભ અનુબંધ માટે થતો નથી. કારણ કે ધન માટે ક્લેશ પણ ઈષ્ટ હોવા છતાં ક્લેશ માટે ધન ઈષ્ટ ક્યારે પણ મનાતું નથી." - આ પ્રમાણે આઠમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે લોકો દાન આપે છે, અતિથિઓનું સન્માન કરે છે અને અવસરોચિત સંભાષણ (વાર્તાલાપ) કરે છે... ઈત્યાદિ ઉપાયોનું અનુસરણ કરવાથી અનુસરણ કરનારને કુશલ અનુબંધની પ્રાપ્તિ થાય છે અને તેના યોગે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર સ્વરૂપ મોક્ષના બીજ સ્વરૂપ ધર્મની પ્રાપ્તિ થાય છે. આ રીતે લોકપંક્તિ ધર્મનું નિમિત્ત બને છે અને તેનાથી કુશલ અનુબંધ પડે છે. આથી સમજી શકાશે કે ધર્મ માટે લોકપંક્તિનો આદર શુભ માટે થાય છે.

આનાથી તદ્દન વિપરીત એ છે કે ધર્મ લોકપંક્તિ માટે શુભ બનતો નથી. લોકમાં માન-સન્માન મળે, લોકમાં સારા દેખાઈએ, આ લોકના સુખાદિ મળે... ઈત્યાદિ આશયથી જે ધર્મ કરાય છે તે ધર્મ લોકસંજ્ઞા માટે છે. આવો ધર્મ સારો નથી. આવા ધર્મથી કુશલ અનુબંધ પડતો નથી. આ વાતનું સમર્થન કરતાં શ્લોકના ઉત્તરાર્દ્ધથી દૃષ્ટાંત જણાવાય છે. એનો આશય સ્પષ્ટ છે. સર્વ જનપ્રસિદ્ધ છે. ધન માટે લોકો રાજાની સેવા(નોકરી) વગેરે અનેક કષ્ટો સહન કરતા હોવાથી ધન માટે કષ્ટ ઈષ્ટ મનાય છે. પરંતુ ક્યારે પણ ક્લેશ માટે ધન ઈષ્ટ મનાતું નથી. કારણ કે ધનથી મને કષ્ટ થાય - આવી ભાવના કોઈ પણ બુદ્ધિમાન રાખતો નથી.

યોગબિંદુ ગ્રંથમાં (શ્લોક નં. ૯૦) આ વાત જણાવતાં ફરમાવ્યું છે કે– 'દાન, સન્માન અને ઉચિત સંભાષણ વગેરે અનેક પ્રકારના ઉપાય વડે;

સમ્યગ્દર્શનાદિ મોક્ષના બીજના આધાન માટે લોકપંક્તિ બુદ્ધિમાનોને કલ્યાણનું અંગ બને છે. પરંતુ તુચ્છબુદ્ધિવાળા જીવોને લોકપંક્તિના માટે કરાયેલો સદાચાર સ્વરૂપ ધર્મ અત્યંત પાપ માટે થાય છે.

તેમ જ ષોડશકપ્રકરણમાં (૪-૭) ફરમાવ્યું છે કે 'શુદ્ધ ઉચિત એવું જનપ્રિયત્વ; તેનાથી ધર્મની પ્રશંસાદિના કારણે બીજાધાનાદિ (પુણ્યાનુબંધી પુણ્યની પ્રાપ્તિ વગેરે) થતું હોવાથી સારી રીતે ધર્મસિદ્ધિસ્વરૂપ ફળને આપનારું થાય છે.' કહેવાનો આશય એ છે કે 'યુક્તજનપ્રિયત્વ' એ ધર્મસિદ્ધિનું લિંગ છે. અર્થ અને કામની સિદ્ધિનું કારણ બનવાના કારણે આપણે જનપ્રિય બનીએ તો એવી જનપ્રિયતા, ધર્મસિદ્ધિનું લિંગ નથી. તેથી તે જનપ્રિયતા અયુક્ત છે. માત્ર ધર્મની સિદ્ધિના કારણે જનપ્રિયત્વ હોય તો તે ધર્મસિદ્ધિના લિંગ સ્વરૂપ હોવાથી યુક્ત મનાય છે. આથી જ આ જનપ્રિયત્વ શુદ્ધ હોય છે. એમાં રાગાદિ દોષોનો આવિર્ભાવ હોતો નથી. આવું શુદ્ધ જનપ્રિયત્વ સ્વપરને સારી રીતે ધર્મસિદ્ધિસ્વરૂપ ફળને આપનારું બને છે. આપણો શુદ્ધધર્મ જોઇને ધર્મપ્રશંસાદિને કરવાથી બીજાને પુણ્યાનુબંધી પુણ્ય સ્વરૂપ બીજાધાનાદિ પ્રાપ્ત થાય છે... ઇત્યાદિ શ્રી ષોડશકપ્રકરણના પરિશીલનમાંથી સમજી લેવું જોઇએ. અહીં તો કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે જેમ જનપ્રિયત્વ ધર્મ માટે થાય છે તેમ લોકપંક્તિ પણ ઉપર જણાવ્યા મુજબ ધર્મ માટે થાય છે... ઇત્યાદિ ઉપયોગપૂર્વક સમજી લેવું. ॥૧૦-૮॥

આ વિષયમાં જ થોડી વિશેષતાને જણાવાય છે–

**अनाभोगवतः साऽपि, धर्महानिकृतो वरम् ।**
**शुभा तत्त्वेन नैकाऽपि, प्रणिधानाद्यभावतः ॥१०-९॥**

अनाभोगवत इति–अनाभोगवतः सन्मूर्छनजप्रायस्य स्वभावत एव वैनयिकप्रकृतेः सापि लोकपङ्क्त्या धर्मक्रियापि । धर्माहानिकृतो धर्मे महत्त्वस्यैव यथास्थितस्याज्ञानाद्रवोत्कटेच्छाया अभावेन महत्यल्पत्वाप्रतिपत्तेर्धर्महान्यकारिणो वरमन्यापेक्षया मनाक् सुन्दरा । तत्त्वेन तत्त्वतः पुनर्नैकापि प्रणिधानाद्यभावतो नैकापि वरम् । प्रणिधानादीनां क्रियाशुद्धिहेतुत्वात् ॥१०-९॥

લોકપંક્તિથી કરેલી ધર્મક્રિયા વિપરીત ફળને આપનારી છે - આ પ્રમાણે સાતમા શ્લોકમાં જણાવ્યું છે. એ અંગે થોડી વિશેષતા આ શ્લોકમાં જણાવી

છે. "અનાભોગ(જ્ઞાનવિશેષનો અભાવ)વાળા આત્માની લોકપંક્તિથી કરાયેલી પણ ધર્મક્રિયા; ધર્મની હાનિ(લઘુતા)ને કરનારાની ધર્મક્રિયા કરતાં સારી છે. તત્ત્વદૃષ્ટિએ બંન્નેમાંથી એક પણ સારી નથી. કારણ કે બંન્ને સ્થાને પ્રણિધાનાદિનો અભાવ છે." - આ પ્રમાણે નવમા શ્લોકનો અર્થ છે.

કહેવાનો ભાવ એ છે કે અનાભોગવાળા એટલે કે સમ્મૂર્ચ્છિમ જેવા (વિશિષ્ટ સમજણ વગરના) સ્વભાવથી જ વિનયાદિની પ્રકૃતિ જેમની છે તેવા જીવો લોકપંક્તિથી જે ધર્મક્રિયા કરે છે તે ધર્મક્રિયા પણ; આ પૂર્વે જણાવ્યા મુજબ ધર્મની લઘુતા કરનારાની ધર્મક્રિયા કરતાં થોડી સારી છે. કારણ કે અનાભોગના કારણે લોકના ચિત્તના આરાધનમાં તત્પર હોવા છતાં યથાસ્થિત ધર્માદિનું જ્ઞાન ન હોવાથી ભવની ઉત્કટ ઇચ્છાના અભાવે મહાન એવી ધર્મક્રિયામાં અલ્પતા(લઘુતા - આ લોકાદિના સુખના હેતુ સ્વરૂપે ધર્મને માનવાથી લઘુતા થાય છે.)ને તે કરતો નથી. આ રીતે ધર્મહાનિને નહિ કરવાના કારણે તેની ધર્મક્રિયા ધર્મહાનિને કરનારાની ધર્મક્રિયાની અપેક્ષાએ થોડી સારી છે.

વાસ્તવિક રીતે તો લોકપંક્તિથી કરાયેલી તે બંન્નેમાંથી એક પણ ક્રિયા સારી નથી. કારણ કે ત્યાં પ્રણિધાન, પ્રવૃત્તિ વગેરે પાંચ આશયોનો અભાવ છે. ક્રિયાની શુદ્ધિમાં પ્રણિધાનાદિ પાંચ આશયો તો હેતુ છે અને તેનો જ અહીં અભાવ છે. તેથી જ્યાં કારણનો અભાવ હોય ત્યાં કાર્યની સિદ્ધિ કઇ રીતે થાય ? ||૧૦-૯||

તાનેવાહ–

જે પ્રણિધાનાદિ પાંચ આશયોના કારણે ધર્મક્રિયા શુદ્ધ બને છે, તે પ્રણિધાનાદિને જણાવાય છે–

**प्रणिधानं प्रवृत्तिश्च, तथा विघ्नजयस्त्रिधा ।**
**सिद्धिश्च विनियोगश्च, एते कर्मशुभाशयाः ।।१०-१०।।**

प्रणिधानमिति–कर्मणि क्रियायां शुभाशयाः स्वपुष्टिशुद्ध्यनुवन्धहेतवः शुभपरिणामाः । पुष्टिरुपचयः, शुद्धिश्च ज्ञानादिगुणविघातिघातिकर्महासोत्थनिर्मलतेत्यवधेयम् ।।१०-१०।।

"પ્રણિધાન, પ્રવૃત્તિ, ત્રણ પ્રકારનો વિઘ્નજય, સિદ્ધિ અને વિનિયોગ - આ કર્મ(ક્રિયા)માં શુભાશયો છે." - આ પ્રમાણે દશમા શ્લોકનો અર્થ છે. તેનું તાત્પર્ય એ છે કે આ પ્રણિધાનાદિ ધર્મક્રિયામાં શુભાશયસ્વરૂપ છે. આત્મપરિણામસ્વરૂપ ક્રિયાની પુષ્ટિ, શુદ્ધિ અને અનુબંધના કારણભૂત એ પ્રણિધાનાદિ શુભપરિણામસ્વરૂપ છે. પુષ્ટિ પુણ્યના ઉપચય સ્વરૂપ છે અને જ્ઞાનાદિ આત્મગુણોનો ઘાત કરનારા જ્ઞાનાવરણીયાદિ કર્મના હ્રાસથી પ્રાપ્ત થનારી નિર્મળતાને શુદ્ધિ કહેવાય છે.

પુષ્ટિ અને શુદ્ધિ શબ્દ ખૂબ જ પ્રસિદ્ધ છે. તેનો અર્થ સમજાવવો પડે એવું નથી. ધર્મ, આત્માનો પરિણામવિશેષ છે. વિહિત આચરવાનો આત્મપરિણામ અહીં ક્રિયા છે. એ ક્રિયાના પરિણામની જેમ જેમ અભિવૃદ્ધિ થાય ત્યારે તે ક્રિયા પુષ્ટ બને છે અને જ્ઞાનાવરણીયાદિ કર્મના હ્રાસથી(ક્ષયોપશમ વગેરેથી) તે નિર્મળ બને છે. તે નિર્મળતા જ અહીં શુદ્ધિસ્વરૂપ છે. શરીરમાં માંસ વગેરેના સંચયથી જેમ પુષ્ટિ મનાય છે અને તેના મલના દૂર થવાથી જેમ નિર્મળતા સમજાય છે તેમ અહીં પણ ક્રિયા કરવાથી જે પુણ્યબંધ થાય છે; તે પુણ્યના ઉપચય સ્વરૂપ પુષ્ટિ છે અને જ્ઞાનાવરણીયાદિ પાપકર્મના વિગમથી પ્રાપ્ત થતી નિર્મળતા શુદ્ધિ છે અને ઉત્તરોત્તર પુષ્ટિ અને શુદ્ધિ પ્રાપ્ત થતી રહે તે અનુબંધ છે. પ્રણિધાનાદિ આશયવિશેષને લઇને પુષ્ટિ અને શુદ્ધિ સાનુબંધ બને છે. નિરનુબંધ પુષ્ટિ અને શુદ્ધિ ફળપ્રદાન માટે સમર્થ બનતાં નથી.

પ્રણિધાનાદિ પાંચ આશય વિનાની ધર્મક્રિયા શુદ્ધ ન હોવાથી તુચ્છ અને અસાર છે. પરિશુદ્ધ ધર્મક્રિયાની પ્રાપ્તિ માટે પ્રણિધાનાદિ આશયને પામવા માટે પ્રયત્નશીલ બનવું જોઇએ. ॥૧૦-૧૦॥

પ્રણિધાન નામના આશયનું સ્વરૂપ જણાવાય છે–

**प्रणिधानं क्रियानिष्ठमधोवृत्तिकृपानुगम् ।**
**परोपकारसारं च, चित्तं पापविवर्जितम् ।।१०-११।।**

प्रणिधानमिति–प्रणिधानं क्रियानिष्ठमधिकृतधर्मस्थानादविचलितस्वभावम् । अधोवृत्तिषु स्वप्रतिपन्नधर्मस्थानादधस्ताद्वर्तमानेषु प्राणिषु कृपानुगं करुणान्वितं, न तु

हीनगुणत्वेन तेषु द्वेषसमन्वितम् । परोपकारसारं च परार्थनिष्पत्तिप्रधानं च । चित्तं पापविवर्जितं सावद्यपरिहारेण निरवद्यवस्तुविषयम् ।।૧૦-૧૧।।

"અધિકૃત ક્રિયામાં રહેલા, પોતાની અપેક્ષાએ હીન ગુણવાળાઓમાં કૃપાથી યુક્ત; પરોપકારની પ્રધાનતાવાળા અને પાપથી રહિત એવા ચિત્તને પ્રણિધાન કહેવાય છે." - આશય એ છે કે રાગાદિ મલના અપગમથી પુષ્ટિ અને શુદ્ધિવાળું જે ચિત્ત છે તત્સ્વરૂપ જ ધર્મ છે. એ ચિત્ત આત્માના અધ્યવસાય સ્વરૂપ છે. બાહ્ય ધર્મક્રિયાઓ તેનું કારણ હોવાથી ઉપચારથી ધર્મ કહેવાય છે. પ્રણિધાનાદિ પાંચ આશયો પણ વાસ્તવિક રીતે આંતર ધર્મના વિશેષણભૂત છે. બાહ્યધર્મક્રિયાઓમાં પણ તે ઉપચારથી વિવક્ષાય છે. અહીં જે ચિત્તને પ્રણિધાનસ્વરૂપે વર્ણવ્યું છે, તે ચિત્તને યાદ રાખ્યા વિના ચાલે એવું નથી. ધર્મને મોક્ષદાયી બનાવવાનું કામ એ ચિત્ત કરે છે.

સામાન્ય રીતે જે કોઇ પણ ધર્માનુષ્ઠાન કરવાનું ધાર્યું હોય તેને અધિકૃત ધર્મસ્થાન કહેવાય છે. શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞા મુજબ એ અનુષ્ઠાન કરતી વખતે મનથી વિચલિત નહીં બનવું જોઇએ. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, વિધિ વગેરે સંબંધી વિચલિતતા અનેક પ્રકારની છે. જે કોઇ પણ અનુષ્ઠાન (પૂજા-સામાયિક વગેરે) કરવાનું હોય તે અંગે દ્રવ્યાદિ નિયત જ હોય છે. પરંતુ જ્યારે સંયોગવશ દ્રવ્યાદિમાં વિષમતા ઊભી થાય ત્યારે ચલાવી લેવાની જે વૃત્તિ છે, તે વિચલિત અવસ્થા છે. 'આ નથી તો આ ચાલશે' 'આમ નહિ તો આમ'... ઇત્યાદિ અધ્યવસાય મનની વિચલિત અવસ્થાને જણાવે છે. 'આ નથી તો તે મેળવ્યા વિના નહિ જ ચાલે' 'આમ કેમ નહિ ? આમ જ કરવાનું છે'... ઇત્યાદિ અધ્યવસાય મનની અવિચલિત અવસ્થાને જણાવે છે. કરવા ધારેલા અનુષ્ઠાન પ્રસંગે દ્રવ્યાદિને આશ્રયીને સહેજ પણ ચલાવી લેવાની વૃત્તિનો અભાવ, ચિત્તને ક્રિયાનિષ્ઠ બનાવે છે. અનંતજ્ઞાનીઓએ તે તે અનુષ્ઠાન અંગે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, વિધિ અને ઉદ્દેશ વગેરેને આશ્રયીને મર્યાદા દર્શાવેલી છે. તે મર્યાદાથી વિચલિત ના થવું અને અવિચલિત સ્વભાવવાળા બનવું - તે પ્રણિધાન છે.

આપણે જે ધર્મ કરતા હોઇએ અને જે રીતે કરતા હોઇએ તેની અપેક્ષાએ જેઓ હીનધર્મવાળા હોય તેમને વિશે કૃપા(કરુણા)વાળું ચિત્ત હોવું જોઇએ. પરંતુ તેઓ હીનગુણવાળા હોવાથી તેમની પ્રત્યે દ્વેષ ના આવવો જોઇએ. 'અમે

કેવો ધર્મ કરીએ છીએ ? કેવી રીતે કરીએ છીએ ? ધારીએ તો શું ન થાય ? કશું જ અશક્ય નથી.' ઇત્યાદિ પ્રકારે હીનગુણવાળા પ્રત્યે ચિત્તમાં દ્વેષ ન ધરવો : એ પ્રણિધાન છે. આમ પણ પ્રાણીમાત્ર પ્રત્યે દ્વેષ કરવાનો ન હોવાથી હીનગુણવાળા પ્રત્યે પણ દ્વેષ કરવાનો નથી. આવા પ્રસંગે કર્મપરિણતિની વિષમતાનો વિચાર કરી કૃપાન્વિત બનવું જોઇએ. આપણી પાસેનાં ઘર, દુકાન વગેરે ભોગાદિ સાધનોની અપેક્ષાએ એવા હીન ભોગાદિ સાધનોવાળા પ્રત્યે આપણને કાંઇ દ્વેષ આવતો નથી. તેથી હીનગુણવાળા પ્રત્યે ખરી રીતે તો દ્વેષ કરવાનું કોઇ જ કારણ નથી.

ઉપર જણાવ્યા મુજબ ક્રિયાનિષ્ઠ અને અધોવૃત્તિકૃપાનુગ ચિત્ત પરોપકારપ્રધાન હોવું જોઇએ. સામાન્ય રીતે શ્રી તીર્થંકરપરમાત્માની આજ્ઞા મુજબ કરાતું કોઇ પણ અનુષ્ઠાન સ્વ-પર ઉપકારનું કારણ બનતું હોય છે. પરંતુ શક્તિ હોય તો તે મુજબ બીજાનું કામ કરી આપવાની વૃત્તિ રાખવી જોઇએ. જે કામ આપણે અનાયાસે કરી શકતા હોઇએ ત્યારે કોઇ વાર તે કામ બીજાથી શતપ્રયત્ને પણ થઇ શકતું ના હોય તેથી તે કામ કરવાથી સ્વ-પરને વિશેષ લાભ થતો હોય છે. આમાંથી જ ધર્મસિદ્ધિના બીજા લિંગસ્વરૂપે દાક્ષિણ્ય પ્રાપ્ત થતું હોય છે.

પ્રણિધાનયુક્ત ચિત્ત પાપથી રહિત હોય છે. જે કોઇ પણ ધર્માનુષ્ઠાન કરવાનું ધાર્યું હોય તે અનુષ્ઠાન કરતી વખતે સાવદ્ય(પાપ)નો પરિહાર કરવા વડે નિરવદ્યસ્વરૂપે કરવું જોઇએ. ભગવાન શ્રી તીર્થંકરપરમાત્માની આજ્ઞા મુજબ જો અનુષ્ઠાન કરાય તો તે સહજપણે જ નિરવદ્ય બની રહે છે. શ્રી વીતરાગપરમાત્માએ ઉપદેશેલાં સઘળાં ય અનુષ્ઠાનો નિરવદ્ય છે. શ્રી વીતરાગપરમાત્મા ક્યારે પણ સાવદ્ય અનુષ્ઠાનનો ઉપદેશ આપે નહિ. સાવદ્ય અનુષ્ઠાનનો ઉપદેશ આપનારા; શ્રી વીતરાગપરમાત્મા જ નહિ, તેઓશ્રીના અનુયાયી પણ હોતા નથી. પ્રણિધાનના અભાવે નિરવદ્ય અનુષ્ઠાન પણ સાવદ્ય બનતું હોય છે. ગ્રંથકાર પરમર્ષિ મહામહોપાધ્યાયજી મહારાજાએ શ્રી ષોડશક પ્રકરણની ટીકામાં '**निरवद्यवस्तुविषयम्**' - આ પદથી સૂચિત અર્થને ફરમાવતાં જણાવ્યું છે કે - અધિકૃત ધર્માનુષ્ઠાનની સિદ્ધિ માટે દરરોજ જે કરવું જોઇએ તે નિરવદ્ય વસ્તુનું જે ધ્યાન (સતત ઉપયોગ) છે - તેને પ્રણિધાન કહેવાય છે. સૂક્ષ્મ રીતે એ વાત સમજી લેવી જોઇએ. આપણે જ્યારે પણ કોઇ અનુષ્ઠાન કરવાનો

નિર્ણય કરીએ ત્યારે તે અનુષ્ઠાન મોક્ષનું કારણ બને એવી ભાવના સહેજે હોય - એ સમજી શકાય છે. જ્યાં સુધી મોક્ષની પ્રાપ્તિ થતી નથી ત્યાં સુધી આરંભેલું ધર્માનુષ્ઠાન સતત ચાલુ રાખવાનું લક્ષ્ય હોવું જોઇએ. અન્યથા મોક્ષની પ્રાપ્તિ થતી નથી. કોઇ પણ ધર્માનુષ્ઠાન મોક્ષનું કારણ ન બને તો માનવું પડે કે એ ધર્માનુષ્ઠાન પૂર્ણ-સિદ્ધ થયું નથી. તેની સિદ્ધિ થાય એ માટે દરરોજ સિદ્ધિને અનુકૂળ જે કરવાનું જરૂરી છે, તેનો ખ્યાલ મુમુક્ષુએ રાખવો જોઇએ - આ પ્રણિધાન છે. ॥૧૦-૧૧॥

પ્રવૃત્તિ નામના બીજા આશયનું નિરૂપણ કરાય છે–

**प्रवृत्तिः प्रकृतस्थाने, यत्नातिशयसम्भवा ।**
**अन्याभिलाषरहिता, चेतःपरिणतिः स्थिरा ॥१०-१२॥**

प्रवृत्तिरिति--प्रवृत्तिः प्रकृतस्थानेऽधिकृतधर्मविषये । यत्नातिशयसम्भवा पूर्वप्रयत्नाधिकोत्तरप्रयत्नजनिता । अन्याभिलाषेणाधिकृतेतरकार्याभिलाषेण रहिता । चेतसोऽन्तरात्मनः परिणतिः स्थिरा एकाग्रा स्वविषय एव यत्नातिशयाज्जाता तत्रैव च तज्जननीत्यर्थः ॥१०-१२॥

"અધિકૃત(કરવા માટે નિશ્ચિત કરેલા) ધર્મના વિષયમાં પ્રયત્નાતિશયથી થયેલી એ ધર્મસ્થાનને છોડીને બીજા કોઇની પણ ઇચ્છાથી રહિત એવી સ્થિર ચિત્તની જે પરિણતિ છે; તેને પ્રવૃત્તિ કહેવાય છે." - આ પ્રમાણે બારમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે પ્રણિધાનપૂર્વક જે અનુષ્ઠાન કરવાનું નિશ્ચિત કર્યું હોય તે અનુષ્ઠાનના અવસરે, પહેલાં કરેલા પ્રયત્ન કરતાં અધિક પ્રયત્નથી જે અનુષ્ઠાન કરાય છે, તે પ્રવૃત્તિ નામના આશયપૂર્વકનું અનુષ્ઠાન કહેવાય છે. કેટલીક વાર ધર્મ કરવાનું નક્કી કર્યા પછી કરતી વખતે પરિણામ પડી જતા હોય છે. આવા વખતે અનુષ્ઠાન કરવા માટે ઉત્કટ પ્રયત્ન કરવો પડતો હોય છે. પોતાને પ્રાપ્ત થયેલી શક્તિનો પૂરતો ઉપયોગ કરવો પડે છે. આ રીતે યત્નાતિશયથી અધિકૃત ધર્મને કરવાના આશયવિશેષને પ્રવૃત્તિ નામનો આશય કહેવાય છે.

આ આશય દરમ્યાન અધિકૃત ધર્મકાર્યને છોડીને બીજું કોઇ પણ કાર્ય કરવાની અભિલાષા હોતી નથી. આરબ્ધ કાર્ય કરવાના પ્રસંગે બીજા કોઇ પણ કાર્યને કરવાની ઇચ્છા થાય તો અધિકૃત કાર્ય સિદ્ધ ન થાય : એ સમજી શકાય

છે. પ્રવૃત્તિ નામના આશય દરમ્યાન એવું બનતું નથી. 'યોગવિંશિકા'ની ટીકામાં ગ્રંથકારશ્રીએ આ આશયનું વર્ણન કરતાં ફરમાવ્યું છે કે પ્રવૃત્તિમાં ક્રિયા જલદીથી સમાપ્ત કરવાનો આશય હોતો નથી. અધિકૃત ધર્મસ્થાનને છોડીને અન્ય કાર્ય કરવાનો અહીં અભિલાષ હોતો નથી. તેથી અધિકૃત ક્રિયા જલદી પૂર્ણ કરવાની ઇચ્છા ન હોય એ સ્પષ્ટ જ છે. બંન્નેનું તાત્પર્ય એક જ છે. જે અનુષ્ઠાન કરવાનું નક્કી કર્યું છે; તે વિધિપૂર્વક કરવાથી અવશ્ય ફળને આપનારું બને છે. એવો પરમવિશ્વાસ હોવાથી, ફળ પ્રત્યે એવી કોઇ ઉત્સુકતા ન હોવાથી આરબ્ધ ક્રિયા ઝટ પૂરી કરવાની ઇચ્છાનો અહીં અભાવ હોય છે.

આવી રીતે ઔત્સુક્ય ન હોવાથી અને અન્યાભિલાષા પણ ન હોવાથી અધિકૃત ધર્મના વિષયમાં મન, વચન અને કાયાની એકાગ્રતાપૂર્વક ચિત્તની સ્થિર પરિણતિવાળો પ્રવૃત્તિ નામનો આશય પ્રાપ્ત છે. લોકપ્રસિદ્ધ દરરોજની તે તે ક્રિયાઓમાં આ પ્રવૃત્તિ નામનો આશય સ્પષ્ટપણે જોવા મળે છે. પરંતુ ધાર્મિક ક્રિયાઓમાં તે ભાગ્યે જ જોવા મળે. અનાદિકાળના કુસંસ્કારો આત્માના શુદ્ધ સ્વરૂપને એવી રીતે રોકીને બેઠા છે કે જેથી એમ જ લાગ્યા કરે કે અશુદ્ધ સ્વરૂપ જ આપણું સ્વરૂપ છે. આવી સ્થિતિમાંથી બહાર આવવા માટે આપણે જે કોઇ ધર્મ કરવાનો નિર્ણય કર્યો હોય તેને વિશુદ્ધ રીતે કર્યા વિના ચાલે એવું નથી. માત્ર ધર્મ કરવાથી એ સ્થિતિમાં કોઇ પણ રીતે પરિવર્તન શક્ય નથી. પ્રણિધાન અને પ્રવૃત્તિ આશયથી અધિકૃત ધર્મ વિશુદ્ધ બને છે. સ્વવિષયમાં (અધિકૃત ધર્મના ઉપાયમાં) જે ઉત્કટ પ્રયત્ન છે; તેને લઇને અધિકૃત ધર્મમાં પ્રવૃત્તિ થાય છે. શ્રી ષોડષકપ્રકરણમાં **तत्रैव तु प्रवृत्तिः शुभसारोपायसङ्गतात्यन्तम्**... ઇત્યાદિ રીતે પ્રવૃત્તિસ્વરૂપ આશયનું વર્ણન કર્યું છે. તેનો આશય એ છે કે અધિકૃત ધર્મના વિષયમાં સુંદર સારભૂત ઉપાયથી અત્યંત સંગત જે પ્રવૃત્તિ થાય છે, તે પ્રવૃત્તિસ્વરૂપ આશયપૂર્વકની છે. અધિકૃત ધર્મના ઉપાયો સુંદર હોવા જોઇએ અને નિપુણતાથી યુક્ત હોવા જોઇએ. અધિકૃત ધર્મ કરતી વખતે જે પ્રવૃત્તિ કરીએ છીએ; તે જોતાંની સાથે તેમાં સચવાતી વિધિ-જયણા વગેરે કારણે જોનારને એમ લાગે કે સરસ છે અને કરનાર હોશિયાર છે. આવી પ્રવૃત્તિને શુભ સારોપાયથી સંગત કહેવાય છે. વિવક્ષિત ધર્માનુષ્ઠાનમાં અતિશય પ્રયત્ન કરવાથી પ્રવૃત્તિ શુભ અને સારભૂત ઉપાયથી સંગત બને છે. આથી સમજી

શકાશે કે ત્યાં જ - અધિકૃત ધર્મસ્થાનમાં; યત્નાતિશયથી જન્ય પ્રવૃત્તિ પ્રવૃત્તિસ્વરૂપ આશયની જનની (કારણ) છે... અહીં જિજ્ઞાસુ જનોએ યોગવિંશિકા એક પરિશીલન અને શ્રી ષોડશક એક પરિશીલનમાં જણાવેલી વાતનું સ્મરણ કરી સમજવા પ્રયત્ન કરવો, જેથી અહીંના ગ્રંથના આશયને સમજવાનું થોડું સરળ બનશે. ॥૧૦-૧૨॥

હવે 'વિઘ્નજય' સ્વરૂપ આશયનું વર્ણન કરાય છે–

**बाह्यान्तर्व्याधिमिथ्यात्वजयव्यङ्ग्याशयात्मकः ।**
**कण्टकज्वरमोहानां, जयैर्विघ्नजयः समः ॥१०-१३॥**

बाह्येति–बाह्यव्याधयः शीतोष्णादयोऽन्तर्व्याधयश्च ज्वरादयो मिथ्यात्वं भगवद्वचनाश्रद्धानं. तेषां जयस्तत्कृतवैक्लव्यनिराकरणं तद्व्यङ्ग्याशयात्मकः । कण्टकज्वरमोहानां जयैः समो विघ्नजयः । इत्थं च हीनमध्यमोत्कृष्टत्वेनास्य त्रिविधत्वं प्रागुक्तं व्यक्तीकृतम् । तथाहि–कस्यचित्पुंसः कण्टकाकीर्णमार्गावतीर्णस्य कण्टकविघ्नो विशिष्टगमनविघातहेतुः, तद्रहिते तु पथि प्रवृत्तस्य निराकुलं गमनं सञ्जायते, एवं कण्टकविघ्नजयसमः प्रथमो विघ्नजयः । तथा तस्यैव ज्वरवेदनाभिभूतशरीरस्य विह्वलपादन्यासस्य निराकुलं गमनं चिकीर्षोरपि तत्कर्तुमशक्नुवतः कण्टकविघ्नादप्यधिको ज्वरविघ्नः, तज्जयस्तु निराकुलप्रवृत्तिहेतुः, एवं ज्वरविघ्नजयसमो द्वितीयो विघ्नजयः । तस्यैव चाध्वनि जिगमिषोर्दिङ्मोहकल्पो मोहविघ्नस्तेनाभिभूतस्य प्रेर्यमाणस्याप्यध्वनीनैर्न गमनोत्साहः कथञ्चित्प्रादुर्भवति, तज्जयस्तु स्वरसतो मार्गगमनप्रवृत्तिहेतुः, एवमिह मोहविघ्नजयसमस्तृतीयो विघ्नजय इति फलैकोन्नेयाः खल्वेते ॥१०-१३॥

"કાંટા, તાવ અને મોહના જયની જેમ; બાહ્યવ્યાધિ, અંતર્વ્યાધિ અને મિથ્યાત્વ ઉપર વિજય - આ ત્રણ પ્રકારના જયથી જણાતો આશય સ્વરૂપ વિઘ્નજય છે." - આ પ્રમાણે તેરમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે બાહ્યવ્યાધિ સ્વરૂપ શીત અને ઉષ્ણ વગેરે પરીષહો છે. અંતર્વ્યાધિ સ્વરૂપ તાવ વગેરે રોગાદિ પરીષહ છે. ભગવાનના વચન પ્રત્યે અશ્રદ્ધા સ્વરૂપ મિથ્યાત્વ છે. શીતોષ્ણાદિ પરીષહ, રોગાદિ પરીષહ અને મિથ્યાત્વ : આ ત્રણના કારણે અધિકૃત ધર્મની આરાધનામાં જે વિકલતા આવે છે, તેનું નિરાકરણ કરવું - તેને બાહ્યવ્યાધિ વગેરે ત્રણનો જય કહેવાય છે. આ જયથી અભિવ્યક્ત થતો

આત્માનો જે આશયવિશેષ છે તેને વિઘ્નજયસ્વરૂપ આશય કહેવાય છે, જે ક્રમે કરી કંટકજય, જ્વરજય અને મોહજય સમાન ત્રણ પ્રકારનો છે. આ રીતે વર્ણન કરવાથી શ્લોક નં. ૧૦માં 'વિઘ્નજય ત્રણ પ્રકારનો છે.' આ પ્રમાણે જણાવ્યું હતું તે સ્પષ્ટ કર્યું. શીતોષ્ણાદિ બાહ્ય પરીષહજય હીનવિઘ્નજય સ્વરૂપ છે, રોગાદિપરીષહજય મધ્યમવિઘ્નજય સ્વરૂપ છે અને મિથ્યાત્વજય ઉત્કૃષ્ટ વિઘ્નજય સ્વરૂપ છે. આમ તો વિઘ્નજય એક પ્રકારનો છે. પરંતુ વિઘ્નજયના પ્રતિયોગી વિઘ્ન હીન, મધ્યમ અને ઉત્કૃષ્ટ સ્વરૂપે ત્રણ પ્રકારના છે. તેથી તેની વિવક્ષાએ વિઘ્નજય ત્રણ પ્રકારનો જણાવ્યો છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે કોઇ માણસ કોઇ એક ઇષ્ટ સ્થાને પહોંચવાની ઇચ્છાથી પ્રયાણની શરૂઆત કરે અને કાંટાવાળા માર્ગે જવાનું થાય ત્યારે તે કાંટાના વિઘ્ને તે માણસને માર્ગે સારી રીતે જવામાં વ્યાઘાત થવાથી કાંટાનું વિઘ્ન વિશિષ્ટગમન(સરળ રીતે જવા)માં અંતરાય સ્વરૂપ બને છે. કાંટાથી રહિત માર્ગ હોય તો ચાલનારને તે માર્ગમાં કોઇ પણ જાતની આકુળતા વિના જવાની અનુકૂળતા પ્રાપ્ત થાય છે. આવા પ્રકારના કંટકવિઘ્નના જય જેવો પ્રથમ વિઘ્નજય (હીનવિઘ્નજય) છે.

વિવક્ષિત સ્થાને પહોંચવાની ભાવનાપૂર્વક માર્ગમાં પ્રયાણ કરનારનું શરીર તાવ વગેરેની વેદનાથી ગ્રસ્ત હોય તો; નિરાકુલપણે જવાની ઇચ્છા હોવા છતાં તેના પગ ખૂબ જ વિહ્વળતાપૂર્વક પડતા હોવાથી નિરાકુલપણે તે ગમન કરી શકતો નથી. કાંટાના વિઘ્ન કરતાં પણ જ્વર (રોગાદિ) વિઘ્ન મોટું છે. તેના જયથી માર્ગમાં નિરાકુલ પ્રવૃત્તિ થાય છે. આ રીતે જ્વર (રોગાદિ) વિઘ્નના જય સમાન બીજો મધ્યમ વિઘ્નજય છે.

વિવક્ષિત સ્થાને પહોંચવા માટે પ્રસ્થિત આત્માને દિશાભ્રમ જેવું મોહવિઘ્ન છે. તેના જયથી આત્માને તે તે સ્થાને નિરાકુલતાપૂર્વક પહોંચવાનું શક્ય બને છે. પરંતુ મોહાદિ (ત્રીજા પ્રકારના વિઘ્ન)થી પરાભવ પામેલા આત્માને તેના આસપાસના માર્ગગામીઓ 'જાવ જાવ ! આ જ રસ્તો છે...' ઇત્યાદિ વચનોથી, જવા માટે પ્રેરણા કરતા હોય તોપણ જવા માટે ઉત્સાહ વધતો નથી અને તેઓ ત્યાં જ ઊભા રહી જાય છે. દિઙ્મોહના જય જેવા આ ત્રીજા ઉત્કૃષ્ટ વિઘ્નજયથી નિસર્ગથી જ માર્ગગમનની પ્રવૃત્તિ થાય છે. મિથ્યાત્વાદિ વિઘ્નો દિઙ્મોહજેવાં છે.

તેનો વિજય પ્રાપ્ત કરવાનું ખૂબ જ આવશ્યક છે. તે તે પ્રકારની માર્ગગમનની પ્રવૃત્તિ સ્વરૂપ ફળને જોઇને તેની પૂર્વે રહેલા વિઘ્નજયનું અનુમાન કરીને જ તે તે વિઘ્નજયનો નિર્ણય કરી શકાય છે.

સામાન્ય રીતે દરેક કાર્યમાં વિઘ્નો તો આવતાં જ હોય છે. એ વિઘ્નોથી ગભરાઇને જો કાર્ય પડતું મૂકી દેવામાં આવે તો દુનિયામાં કોઇ પણ માણસ કોઇ પણ કાર્ય ક્યારે પણ કરી જ નહિ શકે. એ વિઘ્નોને જીતીને બધાં જ કાર્ય કરવાનું સત્ત્વ મેળવી લેવાય તો તે બધાં કાર્યો પૂર્ણ કરી શકાય. મોક્ષમાર્ગની સાધના દરમ્યાન પણ પ્રાયઃ ઉપર જણાવ્યા મુજબ શીતોષ્ણાદિ બાહ્ય; રોગાદિ અભ્યંતર અને મિથ્યાત્વ વગેરે અનેક જાતિનાં વિઘ્નો આવતાં જ હોય છે. આવા વખતે મુમુક્ષુ આત્માઓ શરીરની ચિંતા છોડી માત્ર ઇષ્ટસિદ્ધિનું જ લક્ષ્ય રાખે અને ગુરુપારતંત્ર્ય કેળવી લે તો હીન, મધ્યમ અને ઉત્કૃષ્ટ વિઘ્નોને જીતવાનું અદ્ભુત સામર્થ્ય તેઓ પ્રાપ્ત કરી શકશે. દુનિયાનું કોઇ એવું ક્ષેત્ર નથી કે જ્યાં વિઘ્નજય કરવાનું અનિવાર્ય ન હોય. ગમે તે કારણે ધર્મક્ષેત્રમાં આજે વિઘ્નજય અંગે ઘણી જ ઉપેક્ષા સેવાય છે. વિઘ્નજયસ્વરૂપ આશયને પ્રાપ્ત કરવા માટે પણ ઉપર જણાવેલાં ત્રણ વિઘ્નમાંથી કોઇ વિઘ્ન નડે છે - એમ માન્યા વિના ચાલે એવું નથી. ગમે તે રીતે અનવસ્થાને અટકાવી ઉપર જણાવ્યા મુજબ સત્ત્વ મેળવી અને ગુરુપારતંત્ર્ય કેળવી વિઘ્નોનો જય મેળવવા પ્રયત્નશીલ બની રહેવું જોઇએ. ॥૧૦-૧૩॥

ચોથા સિદ્ધિસ્વરૂપ આશયનું નિરૂપણ કરાય છે–

**सिद्धिस्तात्त्विकधर्माप्तिः, साक्षादनुभवात्मिका ।**
**कृपोपकारविनयान्विता हीनादिषु क्रमात् ॥१०-१४॥**

सिद्धिरिति–सिद्धिः तात्त्विकस्याभ्यासशुद्धस्य न त्वाभ्यासिकमात्रस्य धर्मस्याहिंसादेराप्तिरुपलब्धिः । साक्षादनुपचारेण । अनुभवात्मिका आत्मन आत्मना संवित्तिरूपा ज्ञानदर्शनचारित्रैकमूर्तिका । हीनादिषु क्रमात् कृपोपकारविनयान्विता, हीने कृपान्विता, मध्यमे उपकारान्विता, अधिके च विनययुक्ता ॥१०-१४॥

"સાક્ષાત્ અનુભવ સ્વરૂપ તેમ જ હીન, મધ્યમ અને અધિક(ઉત્કૃષ્ટ)માં અનુક્રમે કૃપા, ઉપકાર અને વિનયગુણથી યુક્ત એવી તાત્ત્વિક ધર્મની જે પ્રાપ્તિ

છે તેને સિદ્ધિ કહેવાય છે.'' - આ પ્રમાણે ચૌદમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે તાત્ત્વિક ધર્મની પ્રાપ્તિને સિદ્ધિ કહેવાય છે. અભ્યાસથી (પુનઃ પુનઃ આસેવનથી) શુદ્ધ બનેલા ધર્મને તાત્ત્વિક ધર્મ કહેવાય છે. અભ્યાસદશાપન્ન ધર્મને તાત્ત્વિક માનતા નથી. આ તાત્ત્વિક ધર્મની પ્રાપ્તિ ઉપલબ્ધિસ્વરૂપ છે. ઉપલબ્ધિ સાક્ષાત્કારસ્વરૂપ છે.

અધિકૃત અહિંસાદિ સ્વરૂપ તાત્ત્વિક ધર્મની ઉપલબ્ધિ ઉપચારથી રહિતપણે અનુભવાત્મકરૂપે હોય તો તે સિદ્ધિ સ્વરૂપ બને છે. પ્રણિધાનાદિ ત્રણ આશયની પ્રાપ્તિ પછી આ ચોથા આશયને પામવાનું સરળ છે. આત્મા એ ધર્મની સારી રીતે અનુભૂતિ(સંવેદન) કરે છે; જે જ્ઞાન, દર્શન અને ચારિત્રની એકરૂપ અવસ્થામાં પરિણત હોય છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર : આ ત્રિતયાત્મક ધર્મ છે. જ્ઞાનાદિના ક્ષયોપશમભાવાદિ સ્વરૂપ એ ધર્મ આત્મપરિણતિસ્વરૂપ છે. એનું ઉપચારરહિત જે આત્માને સંવેદન થાય છે, તત્સ્વરૂપ સિદ્ધિ નામનો આશય છે.

આ આશય દરમ્યાન મુમુક્ષુ આત્માઓને પોતાની અપેક્ષાએ હીનગુણવાળા પ્રત્યે કૃપા હોય છે. મધ્યમ(લગભગ પોતાના જેવા)ગુણવાળા પ્રત્યે ઉપકાર કરવાની અર્થાત્ પોતાને મળેલા ધર્મને પ્રાપ્ત કરાવવાની ભાવના હોય છે અને પોતાની અપેક્ષાએ જેઓ ગુણથી અધિક છે તેમની પ્રત્યેના વિનયાદિથી યુક્ત આ સિદ્ધિ હોય છે. 'યોગવિંશિકા'ની ટીકામાં મહામહોપાધ્યાયજી મહારાજાએ આ આશયનું વર્ણન કરતાં ફરમાવ્યું છે કે અધિકગુણવાળા પૂ. ગુરુદેવાદિની પ્રત્યેના વિનય, બહુમાન અને વૈયાવૃત્ત્ય ઇત્યાદિથી યુક્ત, હીનગુણવાળા પ્રત્યેના દાન, દયા, તેમના દુઃખને દૂર કરવાની ભાવના... ઇત્યાદિથી યુક્ત અને મધ્યમ ગુણવાળા પ્રત્યેના ઉપકારથી યુક્ત એવી અધિકૃત ધર્મસ્થાન સ્વરૂપ અહિંસાદિ ધર્મની અતિચારરહિત જે પ્રાપ્તિ છે તેને સિદ્ધિ કહેવાય છે. અર્થ-કામની સિદ્ધિ વખતે અધિક ગુણવાળા વગેરેની પ્રત્યે જેમ વિનય, બહુમાન વગેરે પ્રતીત થાય છે તેમ અધિકૃત ધર્મની સિદ્ધિ વખતે પણ ઉપર જણાવ્યા મુજબ વિનય, બહુમાન વગેરે ગુણો હોવા જોઇએ. અન્યથા સિદ્ધિ તાત્ત્વિક નહીં બને. ॥૧૦-૧૪॥

હવે વિનિયોગસ્વરૂપ પાંચમા આશયનું નિરૂપણ કરાય છે–

**अन्यस्य योजनं धर्मे, विनियोगस्तदुत्तरम् ।**
**कार्यमन्वयसम्पत्त्या, तदवन्ध्यफलं मतम् ॥१०-१५॥**

अन्यस्येति–अन्यस्य स्वव्यतिरिक्तस्य योजनं धर्मेऽहिंसादौ विनियोगः । तदुत्तरं सिद्ध्युत्तरं कार्यं तदन्वयसम्पत्त्याऽविच्छेदसिद्ध्या । अवन्ध्यफलमव्यभिचारिफलं मतम् । स्वपरोपकारबुद्धिलक्षणस्यानेकजन्मान्तरसन्ततोद्बोधेन प्रकृष्टधर्मस्थानावाप्तिहेतुत्वात् ॥१०-१५॥

"બીજાને ધર્મમાં જોડવા : તેને વિનિયોગ કહેવાય છે. તે સિદ્ધિના ઉત્તરકાળમાં થનારું કાર્ય છે. વિચ્છેદ ન થવાથી તે અવન્ધ્યફળવાળું મનાય છે." - આ પ્રમાણે પંદરમા શ્લોકનો સામાન્ય અર્થ છે. આશય એ છે કે, પોતાને જે અહિંસાદિ ધર્મની સિદ્ધિ થઇ છે, તે ધર્મમાં બીજાને જોડવા અર્થાત્ તે ધર્મ બીજાને પ્રાપ્ત થાય તેમ કરવું, તેને વિનિયોગ સ્વરૂપ આશય કહેવાય છે.

અધિકૃત-ધર્મની સિદ્ધિ પ્રાપ્ત થયા પછી આ વિનિયોગ કરવાનો છે. વિનિયોગથી ઉત્તર ઉત્તર ક્ષણમાં અધિકૃત ધર્મની જન્માંતરમાં પણ પ્રાપ્તિ થતી હોવાથી તે ધર્મનો વિચ્છેદ થતો નથી. પરંતુ ઉત્તરોત્તર તેનો સંબંધ ચાલુ હોવાથી તેનું ફળ અવશ્ય પ્રાપ્ત થાય છે. જે અનુષ્ઠાન આ વિનિયોગ નામના આશયથી યુક્ત હોય છે, તે અનુષ્ઠાન સ્વપરના ઉપકારની બુદ્ધિસ્વરૂપે અનેક જન્મોમાં પ્રગટ થાય છે. તેથી તેનાથી પ્રકૃષ્ટ ધર્મસ્થાનની પ્રાપ્તિ થાય છે.

આશય એ છે કે અધિકૃત ધર્માનુષ્ઠાનની સિદ્ધિના ઉત્તરકાળમાં પોતાને પ્રાપ્ત થયેલી સિદ્ધિની જેમ બીજાને પણ તે પ્રાપ્ત કરાવવા માટે વિનિયોગ નામનો આશય ઉપયોગી બને છે. સ્વ અને પર આત્મા ઉપર ઉપકાર કરવાની બુદ્ધિ (અધ્યવસાય) સ્વરૂપ આ વિનિયોગ ભવિષ્યમાં અનેક જન્માંતરમાં સતત ઉદ્બોધ પામે છે. તેથી પરમ પ્રકૃષ્ટ ધર્મસ્થાનની (ક્ષાયિકભાવે તે તે ધર્મની) સિદ્ધિ પ્રાપ્ત થાય છે. તેમાં વિનિયોગસ્વરૂપ આશય હેતુ બને છે.

ગ્રંથકાર પરમર્ષિએ 'યોગવિંશિકા'ની ટીકામાં ખૂબ જ સ્પષ્ટપણે 'વિનિયોગ'નું સ્વરૂપ સમજાવતી વખતે જણાવ્યું છે કે– પોતાને પ્રાપ્ત થયેલા ધર્મને બીજા આત્માઓમાં પણ સંપાદિત કરવો : તે વિનિયોગ છે. શ્રી વીતરાગપરમાત્માએ ઉપદેશેલા પરમતારક ઉપાય મુજબ આ વિનિયોગ કરાતો

હોવાથી અનેક જન્મો સુધી તેની પરંપરા પ્રવર્ત્તે છે. તેથી અનુક્રમે પ્રકૃષ્ટ ધર્મસ્થાનની પ્રાપ્તિ થવાથી તે મોક્ષની પ્રત્યે અવન્ધ્ય કારણ બને છે. ||૧૦-૧૫||

પ્રણિધાનાદિ સામાન્ય રીતે ક્રિયાસ્વરૂપ જણાતા હોવા છતાં તે તેનાથી અભિવ્યંગ્ય આશયવિશેષ સ્વરૂપ છે. એ આશયરહિત ક્રિયા અનર્થકારિણી છે : તે જણાવાય છે–

**एतैराशययोगैस्तु, विना धर्माय न क्रिया ।**
**प्रत्युत प्रत्यपायाय, लोभक्रोधक्रिया यथा ।।१०-१६।।**

एतैरिति–एतैः प्रणिधानादिभिराशययोगैस्तु विना धर्माय न क्रिया बाह्यकायव्यापाररूपा । प्रत्युतान्तर्मालिन्यसद्भावात्प्रत्यपायायेष्यमाणप्रतिपक्षविघ्नाय । यथा लोभक्रोधक्रिया कूटतुलादिसङ्ग्रामादिलक्षणा । तदुक्तं–"तत्त्वेन तु पुनर्नैकाप्यत्र धर्मक्रिया मता । तत्प्रकृत्या[वृत्त्या]दिवैगुण्याल्लोभक्रोधक्रिया यथा ।।१।।" ।।१०-१६।।

"આ પ્રણિધાનાદિ પાંચ આશય વિના બાહ્યકાયવ્યાપારસ્વરૂપ ક્રિયા ધર્મ માટે થતી નથી પરંતુ લોભ અને ક્રોધની ક્રિયાની જેમ અપાય માટે થાય છે." - આ પ્રમાણે સોળમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે આ પૂર્વે ચરમાવર્ત્તકાળમાં જ યોગની પ્રાપ્તિ શક્ય છે. અન્ય અચરમાવર્ત્તકાળમાં એ શક્ય નથી. આમ જણાવીને તેનું જે કારણ છે તે જણાવતાં ફરમાવ્યું હતું કે અચરમાવર્ત્તકાળમાં જે ક્રિયાઓ થાય છે તે બધી પ્રણિધાનાદિ આશયથી રહિત હોવાથી દ્રવ્યક્રિયા(તુચ્છ ક્રિયા)સ્વરૂપ છે. તેનું કારણ આ શ્લોકથી જણાવાયું છે કે પ્રણિધાનાદિ આશયનો જેમાં સંબંધ નથી એવી ક્રિયા બાહ્ય શરીરની ક્રિયા સ્વરૂપ છે. આત્માના વિશુદ્ધ પરિણામથી રહિત એ ક્રિયા છે.

એવી ક્રિયાથી ધર્મની પ્રાપ્તિ તો થતી નથી પરંતુ તેનાથી પ્રત્યપાય થાય છે. ઇચ્છાના વિષયથી વિરુદ્ધ (તેના પ્રતિરોધક) એવા વિઘ્નને પ્રત્યપાય કહેવાય છે. ભવિષ્યકાળમાં જેને પ્રાપ્ત કરવાની ઇચ્છા છે તે વિષયના પ્રતિપક્ષસ્વરૂપ વિઘ્નને પ્રત્યપાય કહેવાય છે. ધર્મક્રિયા પુષ્ટિ અને શુદ્ધિ માટે કરાય છે. પ્રણિધાનાદિ આશય વિના કરાતી ધર્મક્રિયા પુષ્ટિ અને શુદ્ધિનું કારણ બનતી નથી. પરંતુ ધર્મની લઘુતા કરવાના કારણે પાપબંધ થાય છે. જેમ લોભના કારણે કરાતી ખોટાં માન-માપાં કરવાદિની લોભક્રિયા તેમ જ ક્રોધના સંગ્રામ-યુદ્ધ

વગેરેની ક્રોધક્રિયાથી કોઈ લાભ તો નથી પરંતુ પ્રત્યપાય (કર્મબંધાદિ સ્વરૂપ) ઘણો થાય છે. તેમ પ્રણિધાનાદિ આશયના યોગ વિનાની ક્રિયાથી ધર્મ તો થતો નથી પરંતુ પ્રત્યપાય ઘણો જ થાય છે.

આ વાતને જણાવતાં યોગબિંદુમાં ફરમાવ્યું છે કે– તાત્ત્વિક રીતે; અનાભોગના કારણે કરાતી ધર્મક્રિયા અને લોકપંક્તિથી ધર્મની લઘુતાને કરનારી કરાતી ધર્મક્રિયા : બંન્નેમાંથી એક પણ ધર્મક્રિયા ઉપાદેય મનાતી નથી. કારણ કે એ બંન્ને ક્રિયાઓમાં પ્રવૃત્તિ, વિઘ્નજય વગેરે આશયનો અભાવ છે. જેમ લોભક્રિયા અને ક્રોધક્રિયા લાભનું કારણ બનતી નથી. પરંતુ પ્રત્યપાયનું કારણ બને છે તેમ ધર્મક્રિયા પણ અજ્ઞાન અને ધર્મની હાનિ કરવાના કારણે સંમત બનતી નથી પરંતુ પ્રત્યપાય માટે થાય છે. ॥૧૦-૧૬॥

પ્રણિધાનાદિ આશયરહિત ક્રિયા ધર્મ માટે થતી નથી. તેથી જે સિદ્ધ થાય છે; તે જણાવાય છે–

**तस्मादचरमावर्त्तेष्वयोगो योगवर्त्मनः ।**
**योग्यत्वेऽपि तृणादीनां, घृतत्वादेस्तदा यथा ॥१०-१७॥**

तस्मादिति–तस्मात्प्रणिधानाद्यभावाद् । अचरमावर्तेषु । योगवर्त्मनो योगमार्गस्य । अयोगोऽसम्भवः। योग्यत्वेऽपि योगस्वरूपयोग्यत्वेऽपि । तृणादीनां । तदा तृणादिकाले । यथा घृतत्वादेरयोगः । तृणादिपरिणामकाले तृणादेर्घृतादिपरिणामस्वरूपयोग्यत्वेऽपि घृतादिपरिणामसहकारियोग्यताभावाद्यथा न घृतादिपरिणामस्तथा प्रकृतेऽपि भावनीयम् । अत एव सहकारियोग्यताभाववति तत्र काले कार्यानुपधानं तद्योग्यताभाववत्त्वेनैव साधयितुमभिप्रेत्याह हरिभद्रसूरिः [योगबिन्दौ ९३-९४ श्लोक-युगलं]– "तस्मादचरमावर्तेष्वध्यात्मं नैव युज्यते । कायस्थितितरोर्यद्वत्तज्जन्मस्वामरं सुखम् ॥१॥ तैजसानां च जीवानां भव्यानामपि नो तदा । तथा चारित्रमित्येवं नान्यदा योगसम्भवः ॥२॥" इति ॥१०-१७॥

"પ્રણિધાનાદિ આશયનો અભાવ હોવાથી અચરમાવર્ત્તકાળમાં યોગમાર્ગના યોગનો (સંબંધનો) અભાવ હોય છે. તે વખતે યોગમાર્ગની સ્વરૂપયોગ્યતા હોવા છતાં તૃણાદિમાં ઘીના પરિણામના અભાવની જેમ

અચરમાવર્ત્તકાળમાં યોગમાર્ગનો અયોગ હોય છે.'' - આ પ્રમાણે સત્તરમા શ્લોકનો અર્થ છે.

કહેવાનો આશય સ્પષ્ટ છે કે અચરમાવર્ત્તકાળમાં યોગમાર્ગની પ્રાપ્તિની સ્વરૂપયોગ્યતા હોવા છતાં પ્રણિધાનાદિ આશયનો અભાવ હોવાથી યોગમાર્ગની પ્રાપ્તિનો સંભવ નથી. જે કાળમાં ઘાસ વગેરે હોય છે; તે કાળમાં તૃણાદિ (ઘાસ વગેરે) પરિણામમાં ઘી વગેરે પરિણામ સ્વરૂપ થવાની યોગ્યતા (સ્વરૂપયોગ્યતા) હોવા છતાં તૃણાદિ-પરિણામના કાળમાં જેમ ઘૃતાદિ (ઘી વગેરે) પરિણામ થતો નથી તેમ અચરમાવર્ત્તકાળમાં યોગમાર્ગની પ્રાપ્તિની સ્વરૂપયોગ્યતા હોવા છતાં યોગમાર્ગની પ્રાપ્તિની કોઈ જ સંભાવના હોતી નથી. અચરમાવર્ત્તકાળમાં યોગમાર્ગની પ્રાપ્તિની સ્વરૂપયોગ્યતા હોવા છતાં કાલાદિ સહકારીકારણની યોગ્યતાનો અભાવ છે. તેથી જ સહકારીકારણની યોગ્યતાના અભાવવાળા કાળમાં જે કાર્યનો અભાવ હોય છે, તે યોગ્યતાના અભાવને લઈને જ છે : તે સિદ્ધ કરવાના અભિપ્રાયથી શ્રી હરિભદ્રસૂરિમહારાજાએ 'યોગબિંદુ'માં (શ્લોક નં. ૯૩-૯૪) જણાવ્યું છે કે– 'લોકપંક્તિ માટે કરાતી ધર્મક્રિયા અધર્મસ્વરૂપ હોવાથી અચરમાવર્ત્તકાળમાં અધ્યાત્મસ્વરૂપ યોગ પ્રાપ્ત થતો નથી. અનંતી ઉત્સર્પિણી અને અવસર્પિણી કાલ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્વકાયસ્થિતિવાળા વનસ્પતિકાયના જીવને અનંતાનંત વનસ્પતિના જન્મોમાં જેમ દેવસંબંધી સુખ પ્રાપ્ત થતું નથી તેમ અચરમાવર્ત્તકાળમાં અધ્યાત્મ પ્રાપ્ત થતું નથી. દેવસંબંધી સુખોની પ્રાપ્તિનાં કારણ અણુવ્રતો અને મહાવ્રતો વગેરે છે. તેની પ્રાપ્તિ વનસ્પતિકાયના અનંતાનંત જન્મોમાં ક્યારે પણ થતી નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે વનસ્પતિકાયના તે જીવને દેવસંબંધી સુખનાં કારણોનો જ અભાવ હોવાથી કાર્યભૂત દેવસંબંધી સુખનો અભાવ છે. આમ હોવા છતાં તે જીવમાં તે સુખની યોગ્યતા કાળને લઈને નથી : તેમ જણાવ્યું છે. આથી સમજી શકાય છે કે સહકારીકારણોની યોગ્યતાના અભાવવાળા કાળમાં કાર્યની અનુત્પત્તિ જીવની અયોગ્યતા(યોગ્યત્વાભાવ)ના કારણે છે. અન્યથા તે તે કારણના અભાવને લઈને કાર્યની પ્રાપ્તિ થઈ ન હોય ત્યારે જીવની અયોગ્યતાદિનું વર્ણન નિરર્થક બની જાય છે... ઈત્યાદિ બરાબર સમજી લેવું જોઈએ.

તેમ જ 'યોગબિંદુ'માં ઉપર જણાવેલી વાતના અનુસંધાનમાં જણાવ્યું છે કે તેજસ્કાય અને વાયુકાયના, મનુષ્યપણાને પણ પ્રાપ્ત કરવા માટે અયોગ્ય એવા ભવ્ય જીવોને પણ દેશથી કે સર્વથી ચારિત્રનો સંભવ નથી, તેમ અચરમાવર્ત્તકાળમાં યોગનો સંભવ નથી. તેઉકાય અને વાઉકાયના જીવો મરીને મનુષ્યગતિમાં ઉત્પન્ન થતા નથી તેથી તેમને ચારિત્રની પ્રાપ્તિ ન થાય. પરંતુ આમ છતાં ચારિત્રની પ્રાપ્તિ માટે તેઓ અયોગ્ય છે : એમ જણાવ્યું છે; તે ઉપર જણાવેલી વાતના સમર્થનને સૂચવે છે. ॥૧૦-૧૭॥

યોગની (યોગમાર્ગની) પ્રાપ્તિ માટે અચરમાવર્ત્તકાળ અયોગ્ય છે - એ જણાવીને હવે યોગ્ય કાળને જણાવાય છે—

**नवनीतादिकल्पस्तच्चरमावर्त्त इष्यते ।**
**अत्रैव विमलो भावो, गोपेन्द्रोऽपि यदभ्यधात् ॥१०-१८॥**

नवनीतादीति–नवनीतादिकल्पो घृतपरिणामनिबन्धननवनीतदधिदुग्धादितुल्यः । तत् तस्मात् । चरमावर्त इष्यते । योगपरिणामनिबन्धनम् । अत्रैव चरमावर्त एव विमलो भावो भवाभिष्वङ्गाभावाद्भवति । यद्गोपेन्द्रोऽपि अभ्यधाद्भङ्ग्यन्तरेण ॥१०-१८॥

"તેથી યોગમાર્ગની પ્રાપ્તિ માટે માખણ, દહીં વગેરે જેવો ચરમાવર્ત્તકાળ મનાય છે. આ કાળમાં જ નિર્મલભાવની પ્રાપ્તિ થાય છે. ગોપેન્દ્ર નામના વિદ્વાને પણ પ્રકારાંતરથી તે જણાવ્યું છે." - આ પ્રમાણે અઢારમા શ્લોકનો સામાન્ય અર્થ છે. તેનું તાત્પર્ય એ છે કે, ઘૃતાદિ પરિણામ માટે માખણ, દહીં કે દૂધ વગેરેનો પરિણામ જેમ કારણ બને છે તેમ યોગમાર્ગની પ્રાપ્તિ માટે ચરમાવર્ત્તકાળ નવનીત(માખણ) વગેરે જેવો મનાય છે. અર્થાત્ યોગની પ્રાપ્તિ માટે ચરમાવર્ત્ત-કાળ કારણ બને છે. આ ચરમાવર્ત્તકાળમાં જ નિર્મળ એવા ભાવની પ્રાપ્તિ થાય છે. કારણ કે આ કાળમાં ભવાભિષ્વંગનો અભાવ હોય છે. નિસર્ગથી જ આ કાળમાં એવા પ્રકારની ભવની પ્રત્યે આસક્તિ હોતી નથી કે જેથી યોગમાર્ગની પ્રાપ્તિમાં અવરોધ ઊભો થાય.

યોગની પ્રાપ્તિમાં સૌથી મોટો અવરોધ જ ભવાભિષ્વંગનો છે. ચરમાવર્ત્તકાલવર્ત્તી જીવોને ભવાભિષ્વંગ એવો ઉત્કટ કોટિનો હોતો નથી કે જેથી યોગમાર્ગને પ્રાપ્ત કરવાની તેમની યોગ્યતા નાશ પામે અને યોગમાર્ગની પ્રાપ્તિ

થાય નહિ. સહકારીકારણસામગ્રી પ્રાપ્ત થાય એટલે ચરમાવર્ત્તકાળમાં યોગમાર્ગની પ્રાપ્તિ થઇ જાય છે. આ વાતને પ્રકારાંતરથી નીચે જણાવ્યા મુજબ ગોપેન્દ્રે પણ જણાવી છે, જે હવે પછીના શ્લોકથી જણાવાય છે. ॥૧૦-૧૮॥

ગોપેન્દ્રે જે જણાવ્યું છે; તે જણાવાય છે–

**अनिवृत्ताधिकारायां, प्रकृतौ सर्वथैव हि ।**
**न पुंसस्तत्त्वमार्गेऽस्मिञ्जिज्ञासापि प्रवर्त्तते ॥१०-१९॥**

अनिवृत्तेति–अनिवृत्तः प्रतिलोमशक्त्यान्तरलीनोऽधिकारः पुरुषाभिभवनरूपो यस्यास्तस्यां प्रकृतौ । सर्वथैव हि सर्वैरेव प्रकारैः । अपुनर्बन्धस्थानस्याप्यप्राप्तावित्यर्थः । न नैव पुंसस्तत्त्वमार्गेऽस्मिन् वक्तुमुपक्रान्ते । जिज्ञासापि ज्ञातुमिच्छापि, किं पुनस्तदभ्यास इत्यपिशब्दार्थः प्रवर्तते सञ्जायते ॥१०-१९॥

"સર્વ પ્રકારે જ (કોઇ પણ રીતે) અધિકારની નિવૃત્તિથી રહિત પ્રકૃતિ હોય ત્યારે આ તત્ત્વમાર્ગમાં પુરુષને જિજ્ઞાસા પણ પ્રાપ્ત થતી નથી." - આ પ્રમાણે ઓગણીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે પ્રતિલોમશક્તિથી અંતરલીન થયો છે પુરુષનો અભિભવ કરવા સ્વરૂપ અધિકાર જેણીનો એવી પ્રકૃતિ હોતે છતે અર્થાત્ પુરુષનો અભિભવ કરવાના સ્વભાવવાળી પ્રકૃતિ હોતે છતે, કોઇ પણ રીતે એ સ્વભાવમાં સહેજ પણ પરિવર્ત્તન થયેલું ન હોવાથી અપુનર્બંધસ્થાન(અપુનર્બંધકદશા)ની પણ પ્રાપ્તિ થયેલી ન હોવાથી; જેનું નિરૂપણ કરાય છે તે આ યોગમાર્ગને વિશે (તત્ત્વમાર્ગને વિશે) પુરુષને જાણવાની ઇચ્છા પણ થતી નથી. તો પછી તે વિષયનો અભ્યાસ ક્યાંથી થાય ? - આ પ્રમાણે ટીકાનો યથાશ્રુતાર્થ છે.

કહેવાનો આશય એ છે કે સાંખ્યદર્શનની માન્યતા મુજબ પુરુષ અને પ્રકૃતિ આ મૂળભૂત બે તત્ત્વો છે. પુરુષ ચેતન, અવિકારી, એકાંતે કૂટસ્થનિત્ય છે. શુદ્ધ સ્ફટિકની જેમ નિર્મળ અને કોઇ પણ કાર્યનો અકર્ત્તા છે. પ્રકૃતિ જડ છે. સાક્ષાત્ અને પરંપરાએ તે તે કાર્યને ઉત્પન્ન કરનારી છે. પરિણામીનિત્ય છે. પ્રકૃતિથી મહત્(બુદ્ધિ)તત્ત્વ ઉત્પન્ન (આવિર્ભૂત) થાય છે. મહત્તત્ત્વથી અહંકાર અને અહંકારથી અગિયાર ઇન્દ્રિયો (પાંચ શ્રવણ વગેરે જ્ઞાનેન્દ્રિય, વાક્, પાણિ, પાદ, પાયુ અને ઉપસ્થ - આ પાંચે કર્મેન્દ્રિયો અને મન) તેમ જ શબ્દ, રૂપ, રસ, ગંધ,

સ્પર્શ - આ પાંચ તન્માત્રાઓ ઉત્પન્ન થાય છે. પાંચ તન્માત્રાઓથી અનુક્રમે આકાશ, તેજ, જલ, પૃથ્વી અને વાયુ - આ પાંચ મહાભૂતો આવિર્ભૂત થાય છે. પુરુષ વગેરે ચાર, અગિયાર ઇન્દ્રિયો, પંચતન્માત્રા અને પંચમહાભૂતો - આ પચીસ તત્ત્વો સાંખ્યાભિમત છે. ઉપર જણાવ્યા મુજબનો સૃષ્ટિક્રમ છે. તેનાથી તદ્દન વિપરીત ક્રમે પ્રલય છે. જે જેમાંથી આવિર્ભાવ પામે છે તે તેમાં લીન થાય છે. (વિલય પામે છે.) જેથી તે તે સ્વરૂપે તેનું અસ્તિત્વ પ્રતીત થતું નથી. સમગ્ર જગતની સૃષ્ટિ અને પ્રલયનો એ ક્રમ છે. આને અનુલોમક્રમ કહેવાય છે. આનાથી વિપરીત ક્રમને પ્રતિલોમ કહેવાય છે. ન્યાયની પરિભાષામાં પ્રતિયોગિતા કે સ્વાભાવવત્ત્વ સંબંધ સ્વરૂપ પ્રતિલોમ સામર્થ્ય સમજી શકાય... ઇત્યાદિ તેના જ્ઞાતા પાસેથી બરાબર સમજી લેવું જોઇએ. અહીં તો શ્લોકાર્થને સમજવા માટે ઉપયોગી અંશ જ વર્ણવ્યો છે. ॥૧૦-૧૯॥

ઉપર જણાવેલી વાતને દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ કરાય છે–

**साधिकारप्रकृतिमत्यावर्त्ते हि नियोगतः ।**
**पथ्येच्छेव न जिज्ञासा, क्षेत्ररोगोदये भवेत् ॥१०-२०॥**

साधिकारेति–साधिकारा पुरुषाभिभवप्रवृत्ता या प्रवृत्ति(कृति)स्तद्वत्यावर्ते हि । नियोगतो निश्चयतः । जिज्ञासा तत्त्वमार्गपरिज्ञानेच्छा न भवेत् । क्षेत्ररोगोदय इव पथ्येच्छा । क्षेत्ररोगो नाम रोगान्तराधारभूतः कुष्ठादिरोगः । ततो यथा पथ्यापथ्यधी-विपर्यासस्तथा प्रकृतेऽपि ॥१०-२०॥

"પુરુષનો અભિભવ કરવા સ્વરૂપ અધિકારવાળી પ્રકૃતિ જેમાં છે એવા કાળમાં (અર્થાત્ એવા કાળમાં વર્ત્તતી પ્રકૃતિના કારણે) નિશ્ચયે કરી, કોઢરોગાદિ હોતે છતે પથ્ય-સંબંધીની ઇચ્છાની જેમ જાણવાની (તત્ત્વમાર્ગને જાણવાની) ઇચ્છા થતી નથી." - આ પ્રમાણે વીસમા શ્લોકનો અર્થ છે. આશય સ્પષ્ટ છે કે અવાંતર રોગોના આધારભૂત કોઢરોગાદિ સ્વરૂપ ક્ષેત્રરોગનો જ્યારે આવિર્ભાવ થાય છે ત્યારે રોગીને પથ્ય વાપરવાની ઇચ્છા થતી નથી. તેમ ઉપર જણાવ્યા મુજબ સાધિકાર પ્રકૃતિ હોય ત્યારે તે કાળમાં આત્માને તત્ત્વમાર્ગ જાણવાની ઇચ્છા (જિજ્ઞાસા) થતી નથી.

સાંખ્યદર્શનપ્રસિદ્ધ પુરુષાદિ તત્ત્વના પરિજ્ઞાન માટે ખરી રીતે તો તે દર્શનનો અભ્યાસ યોગ્ય રીતે કરી લેવો જોઇએ. ત્યાં સુધી; કર્મરહિત આત્માનું જે શુદ્ધ સ્વરૂપ છે તેના જેવું પુરુષતત્ત્વ છે, આઠ કર્મપ્રકૃતિઓનું જે સ્વરૂપ છે તેના જેવું પ્રકૃતિતત્ત્વ છે અને ક્ષયોપશમભાવનું જે મન છે તેના જેવું બુદ્ધિતત્ત્વ છે - એ સમજીને ઉપર જણાવેલી વાતને સમજવા પ્રયત્ન કરવો જોઇએ. આત્મા કે મન જ્યારે પણ ખૂબ જ ઉત્કટ કોટિનું સત્ત્વ કેળવી લે છે ત્યારે કર્મનું જોર ચાલતું નથી. પરંતુ જ્યારે આપણો આત્મા અને મન સાવ જ શિથિલ બને છે ત્યારે કર્મ નહીં - જેવું હોય તોય તેનું જોર વધી જાય છે. એનો અનુભવ તો આપણને સૌને છે. કોઇ પણ જાતનું કર્મ જ્યારે આત્માદિને દબાવીને પરવશ બનાવે છે ત્યારે કર્મથી આત્મા અભિભૂત બને છે. આથી તદ્દન વિપરીત રીતે આત્માદિ બળવાન બની કર્મને પરવશ ન બને તો કર્મ અભિભૂત બને છે. સત્ત્વશાળી પુણ્યાત્માઓના જીવનમાં એવું આપણને જોવા મળતું હોય છે. શ્રી તીર્થંકરપરમાત્મા અને તેઓશ્રીની પરમતારક આજ્ઞા મુજબ આરાધના કરનારા મહાત્માઓની અપેક્ષાએ કર્મ તદ્દન જ બલહીન છે. જ્યારે આપણે કર્મની અપેક્ષાએ બલહીન છીએ. આપણી આ અવસ્થાને સાંખ્યદર્શનની પરિભાષામાં પુરુષાભિભવસ્વરૂપ પ્રકૃત્યધિકાર કહેવાય છે. આવી અવસ્થામાં પુરુષને તત્ત્વમાર્ગની જિજ્ઞાસા પણ પ્રાપ્ત થતી નથી. શ્લોકમાં જણાવેલી વાતનો થોડો ખ્યાલ આવે; એટલા માટે અહીં થોડો પ્રયત્ન કર્યો છે. બાકી તો સાંખ્યદર્શનની વાત એકાંતનિત્યાદિની તેમની માન્યતા પ્રમાણે સંગત નથી - એ અવસરે જણાવ્યું છે અને અવસરે જણાવાશે.

કોઢ વગેરે ક્ષેત્રરોગના કારણે જેમ પથ્ય અને અપથ્યને આશ્રયીને અપથ્ય અને પથ્યની બુદ્ધિ સ્વરૂપ વિપર્યાસ થાય છે તેમ અહીં પણ સાધિકારપ્રકૃતિના કારણે તત્ત્વમાર્ગની જિજ્ઞાસા પણ થતી નથી... એ સમજી શકાય એવું છે. ||૧૦-૨૦||

સાધિકાર પ્રકૃતિ હોય ત્યારે તત્ત્વમાર્ગની જિજ્ઞાસા પણ થતી નથી, એ જે રીતે ચોક્કસ કરાય છે - તે જણાવાય છે.

**पुरुषाभिभवः कश्चित्, तस्यामपि हि हीयते ।**
**युक्तं तेनैतदधिकमुपरिष्टाद् भणिष्यते ।।१०-२१।।**

पुरुषेति—तस्यामपि हि जिज्ञासायामपि हि सत्याम् । कश्चित् पुरुषाभिभवः प्रकृते हीयते (प्रकृतेर्हीयते) निवर्तते । न ह्येकान्तेनाक्षीणपापस्य विमलो भावः सम्भवति । तेनैतद्गोपेन्द्रोक्तं युक्तम् । अधिकमपरिणाम्यात्मपक्षे तदभिभवतन्निवृत्त्याद्यनुपपत्तिलक्षण-मुपरिष्टादग्रिमद्वात्रिंशिकायां भणिष्यते ॥१०-२१॥

"તત્ત્વમાર્ગની જિજ્ઞાસા હોતે છતે પ્રકૃતિ દ્વારા થતો પુરુષાભિભવ થોડો નિવૃત્ત થાય છે. તેથી ગોપેન્દ્રે જે આ જણાવ્યું છે તે યુક્ત છે. આ સિવાય તેમણે જે જણાવ્યું છે તે વિષયમાં હવે પછી જણાવાશે." - આ પ્રમાણે એકવીસમા શ્લોકનો સામાન્ય અર્થ છે. કહેવાનો આશય એ છે કે આ સંસારમાં અનાદિકાળથી પ્રકૃતિથી પુરુષનો અભિભવ થતો જ આવ્યો છે. તેમાં કોઈ પણ પ્રકારે સહેજ પણ હ્રાસ (ઘટાડો) ન થાય તો તત્ત્વની જિજ્ઞાસા પણ થતી નથી. આ પ્રમાણે આ પૂર્વે જણાવ્યું છે. તેનો નિર્ણય જે રીતે કરાય છે તે આ શ્લોકથી જણાવાય છે.

એનું તાત્પર્ય સ્પષ્ટ છે કે તત્ત્વમાર્ગની જિજ્ઞાસામાં પણ (અર્થાત્ તત્ત્વમાર્ગના અભ્યાસાદિમાં જ નહીં) પ્રકૃતિથી થતો પુરુષનો અભિભવ કાંઈક પણ ઓછો થાય છે. કારણ કે એકાંતે કોઈ પણ અંશે જેનું પાપ ક્ષય પામ્યું નથી; તેને વિમલ ભાવ પ્રાપ્ત થાય એ શક્ય નથી. તત્ત્વમાર્ગની જિજ્ઞાસા સ્વરૂપ વિમલ ભાવ જો પ્રાપ્ત થયો હોય તો ત્યાં માનવું જોઈએ કે કાંઈક પુરુષાભિભવ ઓછો થયો છે. તેથી શ્લોક નં. ૧૯માં જણાવેલી ગોપેન્દ્રની વાત બરાબર છે. એ સિવાય આત્માને એકાંતે અપરિણામી માનવાથી તેનો અભિભવ, તેના અભિભવની નિવૃત્તિ વગેરે જે રીતે અનુપપન્ન થાય છે, તે બધું હવે પછીની બત્રીસીમાં જણાવાશે... અહીં તો યોગના સ્વરૂપનું નિરૂપણ કરવાનું ઉદ્દિષ્ટ છે. એટલે તેને ઉપયોગી અહીં જણાવ્યું છે. ॥૧૦-૨૧॥

આ રીતે અચરમાવર્ત્તકાળમાં યોગમાર્ગની પ્રાપ્તિ થતી નથી - એ સ્પષ્ટપણે જણાવીને તેથી જે નિશ્ચિત થાય છે તે જણાવાય છે—

**भावस्य मुख्यहेतुत्वं, तेन मोक्षे व्यवस्थितम् ।**
**तस्यैव चरमावर्त्ते, क्रियाया अपि योगतः ॥१०-२२॥**

भावस्येति—तेन भावस्यान्तःपरिणामस्य मोक्षे मुख्यहेतुत्वं व्यवस्थितम् । तेन स एव योग इत्युक्तं भवति । तस्यैव योगतश्चरमावर्ते क्रियाया अपि मोक्षे मुख्यहेतुत्वम्, अतस्तस्या अपि योगत्वमिति ।।१०-२२।।

તેથી મોક્ષની પ્રત્યે ભાવની મુખ્ય હેતુતા છે; તે વ્યવસ્થિત (પ્રમાણથી પ્રતિષ્ઠિત) છે. તેથી તે ભાવ જ યોગ છે - એ નિશ્ચિત થાય છે. તે અંતઃકરણના પરિણામ સ્વરૂપ ભાવાત્મક યોગના સંબંધથી ચરમાવર્ત્તકાળમાં ક્રિયામાં પણ મોક્ષ પ્રત્યે મુખ્યકારણતા છે. તેથી તે ક્રિયા પણ યોગસ્વરૂપ છે. આ પ્રમાણે બાવીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય લગભગ સ્પષ્ટ છે.

અંતઃપરિણામસ્વરૂપ ભાવ છે. મોક્ષની પ્રત્યે મુખ્ય કારણ તે જ છે. ચરમાવર્ત્તકાળમાં જ તેની પ્રાપ્તિ થાય છે. અચરમાવર્ત્તકાળમાં કોઈ પણ રીતે તેની પ્રાપ્તિ થતી જ નથી. આ રીતે મોક્ષની પ્રત્યે ભાવ મુખ્ય કારણ હોવાથી તે યોગસ્વરૂપ છે. તે યોગના સંબંધના કારણે તે તે ક્રિયાઓ પણ મોક્ષની પ્રત્યે મુખ્ય હેતુ બને છે. તેથી તે પણ યોગ સ્વરૂપ છે... ઇત્યાદિ સ્પષ્ટ છે. ।।૧૦-૨૨।।

અંતઃપરિણામ સ્વરૂપ ભાવ મોક્ષની પ્રત્યે કારણ બને; પરંતુ બાહ્ય ક્રિયાઓ તેનાથી તદ્દન વિલક્ષણ હોવાથી તે મોક્ષની પ્રત્યે કઇ રીતે કારણ બને ? આ શંકાનું સમાધાન કરાય છે–

**रसानुवेधात् ताम्रस्य, हेमत्वं जायते यथा ।**
**क्रियाया अपि सम्यक्त्वं, तथा भावानुवेधतः ।।१०-२३।।**

रसानुवेधादिति—ताम्रस्य रसानुवेधात् सिद्धरससम्पर्काद् यथा हेमत्वं जायते । तथा क्रियाया अपि भावानुवेधतः सम्यक्त्वं मोक्षसम्पादनशक्तिरूपम् ।।१०-२३।।

શ્લોકાર્થ સ્પષ્ટ છે કે સિદ્ધરસના સંપર્કથી તાંબુ જેમ સુવર્ણ બને છે; તેમ અંતઃપરિણામ સ્વરૂપ ભાવના અનુવેધથી ક્રિયા પણ સમ્યગ્ અર્થાત્ મોક્ષને પ્રાપ્ત કરાવવાની શક્તિવાળી બને છે. સિદ્ધરસજેવા ભાવના અચિન્ત્ય સામર્થ્યથી બાહ્યક્રિયાઓ પણ અંતઃપરિણામસ્વરૂપ બની જાય છે, જેથી મોક્ષસંપાદનને અનુકૂળ એવા સામર્થ્યથી પૂર્ણ બને છે... ઇત્યાદિ સુગમ છે. ।।૧૦-૨૩।।

ઉપર જણાવ્યા મુજબ ભાવના અનુવેધથી ક્રિયા પણ મોક્ષ પ્રાપ્ત કરાવવા સમર્થ બને છે - એ પ્રમાણે જણાવ્યું. ત્યાં ભાવનો અનુવેધ જે રીતે ઉપયોગી બને છે - તે જણાવાય છે–

**भावसात्म्येऽत एवास्या, भङ्गेऽपि व्यक्तमन्वयः ।**
**सुवर्णघटतुल्यां तां, ब्रुवते सौगता अपि ॥१०-२४॥**

भावेति–अत एवास्याः क्रियाया भावसात्म्ये स्वजननशक्त्या भावव्याप्तिलक्षणे सति । भङ्गेऽपि तथाविधकषायोदयान्नाशेऽपि । व्यक्तं प्रकटम् । अन्वयो भावानुवृत्तिलक्षणः । तद्व्यक्त्यभावेऽपि तच्छक्त्यनपगमाद् । अत एव तां भावशुद्धां क्रियां सौगता अपि सुवर्णघटतुल्यां ब्रुवते । यथा हि सुवर्णघटो भिद्यमानोऽपि न स्वर्णानुबन्धं मुञ्चति एवं शुभक्रिया तथाविधकषायोदयाद्भग्नापि शुभफलैवेति । तदिदमुक्तं–"भाववृद्धिरतोऽवश्यं सानुबन्धं शुभोदयम् । गीयतेऽन्यैरपि ह्येतत्सुवर्णघटसन्निभम् ॥१॥" इति ॥१०-२४॥

"ભાવના અનુવેધથી ક્રિયામાં મોક્ષસંપાદનને અનુકૂળ એવી શક્તિ આવતી હોવાથી જ ભાવનું સાત્મ્ય હોતે છતે, ક્રિયાનો કોઈ વાર ભંગ થાય તોપણ ભાવનો અન્વય પ્રગટ હોય છે. આથી જ તે ભાવશુદ્ધ ક્રિયાને બૌદ્ધોએ સુવર્ણના ઘડા જેવી માની છે." - આ પ્રમાણે ચોવીસમા શ્લોકનો અર્થ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે ચરમાવર્ત્તકાળમાં મોક્ષની પ્રત્યે મુખ્યહેતુ સ્વરૂપ જે ભાવ છે તેના અનુવેધથી ક્રિયા પણ મોક્ષની પ્રત્યે મુખ્યહેતુ બને છે. તેથી ક્રિયાનું ભાવસાત્મ્ય હોતે છતે એટલે કે ભાવને ઉત્પન્ન કરવાની શક્તિ વડે ભાવથી વ્યાપ્ત ક્રિયા હોતે છતે; કોઈ વાર તેવા પ્રકારના કષાયના ઉદયના કારણે (કષાયમોહનીયકર્મના ઉદયના કારણે) ક્રિયાનો નાશ થાય તોપણ ભાવની અનુવૃત્તિ ચાલુ જ હોય છે, તે પ્રગટ રીતે સમજી શકાય છે. કારણ કે ભાવવિશિષ્ટ ક્રિયા સ્વરૂપ તદ્‌વ્યક્તિનો અભાવ હોવા છતાં ત્યાં ભાવાનુકૂલ શક્તિનો અપગમ થતો નથી. આથી જ આવી ભાવશુદ્ધ ક્રિયાને બૌદ્ધોએ સોનાના ઘડા જેવી વર્ણવી છે. જેમ સોનાનો ઘડો ભેદાતો હોય તોપણ સોનાના અનુબંધ(સુવર્ણત્વ)નો ત્યાગ કરતો નથી. તેમ તેવા પ્રકારના કષાયના ઉદયથી શુભક્રિયા ભગ્ન થતી હોય તોપણ શુભ ફળને આપનારી બને છે. અર્થાત્ તે શુભભાવના અનુબંધનો ત્યાગ કરતી નથી.

યોગબિંદુમાં એ વાતને જણાવતાં ફરમાવ્યું છે કે 'મિથ્યાત્વમોહનીયાદિકર્મના સુંદર ક્ષયોપશમથી ભાવની વૃદ્ધિ અવશ્ય થાય છે. અનુબંધવાળું એવું પ્રશસ્તફળને આપવાવાળું શુભ અનુષ્ઠાન સોનાના ઘડા જેવું છે - એમ

બીજાઓએ પણ વર્ણવ્યું છે.' ભાવની વૃદ્ધિ માટે મિથ્યાત્વમોહનીયકર્મનો હ્રાસ અનિવાર્ય છે. કોઇ પણ અનુષ્ઠાન મિથ્યાત્વમોહનીયકર્મના વિગમથી સહિત હોય તો જ તે ભાવાનુવેધથી યુક્ત બને છે. અન્યથા ભાવથી રહિત હોય છે. આથી સમજી શકાશે કે યોગસ્વરૂપ અનુષ્ઠાનની પ્રાપ્તિ માટે સત્ક્ષયોપશમ આવશ્યક છે. અનાદિકાલીન મિથ્યાત્વમોહનીયકર્મના પ્રબળ ઉદયથી જે અનુષ્ઠાન થાય છે તે માટીના ઘડા જેવું છે. અત્યંત અસાર અને તુચ્છ કોટિનું એ અનુષ્ઠાન છે. એનાથી ભાવની પ્રાપ્તિ જ થતી નથી. અન્ય બૌદ્ધાદિ દર્શનકારો પણ જેને સુવર્ણઘટ જેવું માને છે, તેને આપણે પણ માનવું પડે - એમાં કોઇ પણ પ્રકારની દ્વિધા સેવવાનું કોઇ જ કારણ નથી. ભાવશૂન્ય અનુષ્ઠાનને મોક્ષનું કારણ કોઇ પણ માનતું નથી. કષાયના ઉદયથી ભગ્ન બનેલું એવું પણ અનુષ્ઠાન ભાવાનુવિદ્ધ હોવાથી વિવક્ષિત ફળને આપનારું બને છે... ઇત્યાદિ સ્પષ્ટ છે. ॥૧૦-૨૪॥

ઉપર જણાવેલી વાતને સ્પષ્ટ કરાય છે—

**शिरोदकसमो भावः, क्रिया च खननोपमा ।**
**भावपूर्वादनुष्ठानाद्, भाववृद्धिरतो ध्रुवा ॥१०-२५॥**

शिरेति—शिरोदकसमस्तथाविधकूपे सहजप्रवृत्तशिराजलतुल्यो भावः । क्रिया च खननोपमा शिराश्रयकूपादिखननसदृशी । अतो भावपूर्वादनुष्ठानाद्भाववृद्धिर्ध्रुवा । जलवृद्धौ कूपखननस्येव भाववृद्धौ क्रियाया हेतुत्वाद्भावस्य दलत्वेऽपि बहुदलमेलनरूपाया वृद्धेस्तदन्वयव्यतिरेकानुविधानात् ॥१०-२५॥

"શિરાના જલ જેવો ભાવ છે અને કૂવા વગેરેને ખોદવા જેવી ક્રિયા છે. તેથી ભાવપૂર્વકના અનુષ્ઠાનથી ભાવની વૃદ્ધિ નિશ્ચિત છે." - આ પ્રમાણે પચીસમા શ્લોકનો સામાન્યાર્થ છે. એનો આશય સમજી શકાય છે કે જમીનમાંથી સ્વાભાવિક રીતે નીકળતા પાણીને શિરોદક (શિરાજલ) કહેવાય છે. એવા જલની વૃદ્ધિ માટે જમીનને ખોદવાથી કૂવા, તલાવ, વાવડી વગેરે બનાવાય છે. અહીં ભાવને શિરોદકની ઉપમા અને ક્રિયાને કૂવા વગેરેને ખોદવાની ઉપમા આપવામાં આવી છે.

જમીનમાં સ્વાભાવિક પાણી પ્રવર્ત્તે છે. તેને પામવા માટે જમીનને ખોદીને જેમ કૂવા વગેરે બનાવાય છે તેમ અહીં પણ આત્મામાં રહેલા ભાવને પામવા

માટે અને તેની વૃદ્ધિ થાય, એ માટે કૂવા વગેરેના ખનન જેવી ક્રિયા છે. ભાવપૂર્વક અનુષ્ઠાન કરવાથી ભાવની વૃદ્ધિ ચોક્કસ થાય છે. જલની વૃદ્ધિમાં કૂવા વગેરેનું ખનન જેમ કારણ છે તેમ ભાવની વૃદ્ધિમાં ક્રિયા કારણ છે. યદ્યપિ પૂર્વભાવથી જ ઉત્તરભાવ ઉત્પન્ન થતો હોવાથી ભાવની વૃદ્ધિમાં ક્રિયાને કારણ માનવાની જરૂર નથી. પરંતુ ભાવ ભાવનું કારણ હોવા છતાં જ્યારે ક્રિયા હોય છે ત્યારે ભાવના પ્રમાણની અધિકતા હોય છે અને જ્યારે ક્રિયા હોતી નથી ત્યારે ભાવના પ્રમાણની અધિકતા હોતી નથી. આ અન્વયવ્યતિરેકના કારણે ક્રિયામાં ભાવવૃદ્ધિની હેતુતા મનાય છે... ઇત્યાદિ સમજી લેવું જોઇએ.

શ્રી વીતરાગપરમાત્માના શાસનને છોડીને બીજા શાસનમાં પણ ઉપર જણાવ્યા મુજબ મોક્ષની પ્રત્યે ભાવની અને ભાવપૂર્વકની ક્રિયાની મુખ્યહેતુતા સ્વીકારેલી છે. શ્રી વીતરાગપરમાત્માના પરમતારક શાસનમાં એ મુજબ હોય તે સમજી શકાય છે. યોગમાર્ગની પ્રાપ્તિમાં આ રીતે ભાવની જ મુખ્યતા છે. ભાવને લઇને જ ક્રિયાની મુખ્યતા છે. પાણીની સેર અને કૂપાદિ-ખનનની ઉપમાથી ભાવ અને ક્રિયાની મોક્ષ પ્રત્યેની ઉપયોગિતાનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. પાણી વિના ચાલતું નથી. એ માટે કૂપાદિનું ખનન અનિવાર્ય છે. પરંતુ ગમે ત્યાં કૂપાદિના ખનનથી પાણી મળતું નથી. તેમ જ કૂપાદિના ખનન વિના પણ પાણી મળતું નથી. ભાવની પ્રાપ્તિ, રક્ષા અને વૃદ્ધિ માટે ક્રિયા ઉપયોગી છે અને ક્રિયાને સફળ બનાવવા માટે ભાવ ઉપયોગી બને છે. ઉભયસાપેક્ષ વસ્તુઓમાં અન્યતરના અભાવે વસ્તુના અભાવનો પ્રસંગ આવે છે. ॥૧૦-૨૫॥

ભાવ વિનાની અને ભાવપૂર્વકની ક્રિયામાં જે ફરક છે તે જણાવાય છે–

**मण्डूकचूर्णसदृशः क्लेशध्वंसः क्रियाकृतः ।**
**तद्भस्मसदृशस्तु स्याद्, भावपूर्वक्रियाकृतः ॥१०-२६॥**

मण्डूकेति–क्रियाकृतः केवलक्रियाजनितः । क्लेशध्वंसो रागादिपरिक्षयः । मण्डूकचूर्णसदृशः, पुनरुत्पत्तिशक्त्यन्वितत्वात् । भावपूर्वक्रियाकृतस्तु तद्भस्मसदृशो मण्डूकभस्मसदृशः स्यात्, पुनरुत्पत्तिशक्त्यभावाद् । एवं च क्लेशध्वंसविशेषजनकः शक्तिविशेष एव क्रियायां भाववृद्ध्यनुकूल इति फलितम् ॥१०-२६॥

"કેવલ ક્રિયાના કારણે ઉત્પન્ન થયેલો રાગાદિ ક્લેશોનો ધ્વંસ દેડકાના ચૂર્ણ જેવો છે અને ભાવપૂર્વકની ક્રિયા વડે ઉત્પન્ન થતો એ ક્લેશધ્વંસ દેડકાના ભસ્મ જેવો છે." - આ પ્રમાણે છવ્વીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય ખૂબ જ સ્પષ્ટ છે.

ભાવથી રહિત માત્ર ક્રિયાના કારણે રાગ, દ્વેષ અને મોહ - આ ક્લેશોનો જે ધ્વંસ થાય છે; તે ક્લેશધ્વંસ દેડકાના ચૂર્ણ જેવો છે. કારણ કે દેડકાનું ચૂર્ણ જેમ અવાંતર સહકારી કારણસામગ્રીના યોગે દેડકાને ઉત્પન્ન કરવાની શક્તિથી યુક્ત છે; તેમ અહીં પણ માત્ર ક્રિયાથી થયેલા ક્લેશધ્વંસમાં; તેવા પ્રકારના ક્લેશનાં નિમિત્તો મળવાથી ક્લેશને ફરીથી ઉત્પન્ન કરવાની શક્તિ રહેલી છે. અર્થાત્ આત્યંતિક ક્લેશધ્વંસ; માત્ર ક્રિયાથી થતો નથી. ભાવપૂર્વકની ક્રિયાથી ઉત્પન્ન થયેલો જે ક્લેશધ્વંસ છે તે દેડકાના ભસ્મ જેવો છે. કારણ કે દેડકાના ભસ્મથી, અવાંતર કારણસામગ્રીનો યોગ થાય તોપણ ફરી પાછા દેડકા ઉત્પન્ન થતા નથી. તેમ અહીં પણ ભાવપૂર્વકની ક્રિયાથી થયેલા ક્લેશધ્વંસમાંથી; ગમે તેવાં રાગાદિનાં નિમિત્તો મળે તોય ક્લેશ ઉત્પન્ન થતો નથી. આથી સમજી શકાશે કે ક્લેશધ્વંસવિશેષ(દેડકાના ભસ્મ જેવા આત્યંતિક ધ્વંસવિશેષ)જનક જે શક્તિવિશેષ છે; તે જ ક્રિયામાં ભાવવૃદ્ધિને અનુકૂળ છે. આશય એ છે કે ભાવવૃદ્ધિને અનુકૂળ જે ક્રિયા છે તેમાં શક્તિવિશેષ છે કે જેથી તે ક્રિયાથી (દેડકાના ભસ્મ જેવો) ક્લેશધ્વંસવિશેષની ઉત્પત્તિ થાય છે. ભાવપૂર્વકની અને ભાવ વિનાની ક્રિયામાં એ વિશેષ છે. ||૧૦-૨૬||

तथा च–

**भावस्य मुख्यहेतुत्वं तेन मोक्षे...** (૨૨) આ શ્લોકમાં; ક્રિયામાં પણ મોક્ષહેતુતા જણાવી છે, તે કઇ રીતે છે તે જણાવાય છે–

**विचित्रभावद्वारा तत्, क्रिया हेतुः शिवं प्रति ।**
**अस्या व्यञ्जकताप्येषा, परा ज्ञाननयोचिता ।।१०-२७।।**

विचित्रेति–विचित्रो भावोऽध्यात्मादिरूपस्तद्द्वारा क्रिया शिवं प्रति हेतुः, दण्ड इव चक्रभ्रमिद्वारा घटे । कारणता च तस्याः शक्तिविशेषेण न तु भावपूर्वकत्वेनैव, भावस्यान्यथासिद्धिप्रसङ्गाद् । अस्याः क्रियाया व्यञ्जकताप्येषा हेतुताविशेषरूपा परा ।

अत एव भावस्य ज्ञापकत्वरूपाभिव्यञ्जकता ज्ञाननयोचिता ज्ञाननयप्राधान्योपयुक्ता, न तु व्यवहारतो वास्तवी, अन्यथा सत्कार्यवादप्रसङ्गादिति भावः ।।१०-२७।।

"તેથી મોક્ષની પ્રત્યે ક્રિયા વિચિત્ર અધ્યાત્માદિ સ્વરૂપ ભાવ દ્વારા કારણ છે. ક્રિયાની વ્યઞ્જકતા પણ હેતુતાવિશેષ સ્વરૂપ જ્ઞાનનયની અપેક્ષાએ શ્રેષ્ઠ છે." - આ પ્રમાણે સત્તાવીસમા શ્લોકનો શબ્દાર્થ છે. તેનો ભાવાર્થ એ છે કે જેમ ઘટની પ્રત્યે ચક્રભ્રમણ દ્વારા દંડ કારણ બને છે તેમ મોક્ષની પ્રત્યે ભિન્ન ભિન્ન અધ્યાત્મભાવનાદિ સ્વરૂપ ભાવ દ્વારા ક્રિયા કારણ બને છે. ક્રિયામાં જે મોક્ષની પ્રત્યે કારણતા મનાય છે તે તેમાં રહેલી ભાવને અનુકૂળ એવી શક્તિવિશેષ સ્વરૂપે મનાય છે, પરંતુ ભાવપૂર્વકત્વ સ્વરૂપે મનાતી નથી. કારણ કે તેમ કરવાથી દંડત્વની જેમ ભાવને પણ અન્યથાસિદ્ધ માનવાનો પ્રસંગ આવશે. ઘટની પ્રત્યે દંડત્વસ્વરૂપે દંડ કારણ હોવાથી જેમ દંડત્વ અન્યથાસિદ્ધ મનાય છે તેમ ભાવપૂર્વકત્વસ્વરૂપે ક્રિયાને કારણ માનવામાં આવે તો ભાવને અન્યથાસિદ્ધ માનવાનો પ્રસંગ આવશે.

ભાવ દ્વારા ક્રિયાને કારણ માનવા કરતાં મોક્ષની પ્રત્યે ભાવને જ કારણ માનવો. પૂર્વપૂર્વ ભાવથી જ ઉત્તર ઉત્તર ભાવની ઉત્પત્તિ થવાથી ભાવની વૃદ્ધિ થાય છે. ક્રિયા તો ભાવની વ્યઞ્જક છે. - આ પ્રમાણે નહીં કહેવું જોઇએ. કારણ કે ક્રિયામાં જે ભાવની વ્યઞ્જકતા છે તે, ઉપર જણાવ્યા મુજબની ભાવની પ્રત્યે તેમાં રહેલી કારણતા-વિશેષ સ્વરૂપ શ્રેષ્ઠ કોટિની વ્યઞ્જકતા છે. ભાવની પ્રત્યે ક્રિયા કારણ છે. તેમાં કારણતા છે. એ કારણતા જ શ્રેષ્ઠ વ્યઞ્જકતા છે. સામાન્ય રીતે વ્યઞ્જક કારણ જ હોય એવો નિયમ નથી અને કારણ વ્યઞ્જક જ હોય એવો નિયમ નથી. દા.ત. જલાદિના મધુરાદિ રસનું વ્યઞ્જક હરડે વગેરેનું ભક્ષણ છે. પરંતુ તે મધુરાદિનું કારણ નથી. તેમ જ ઘટાદિના કારણ દંડાદિ ઘટાદિના વ્યંજક નથી. ભાવની વ્યઞ્જક ક્રિયા ભાવનું કારણ પણ છે. આ જ ક્રિયામાં ભાવની પર વ્યઞ્જકતા છે.

આથી જ ભાવ મોક્ષનું જ્ઞાપક છે. અર્થાત્ ભાવમાં તેવા પ્રકારની જ્ઞાપકતા સ્વરૂપ અભિવ્યઞ્જકતા છે - આ પ્રમાણે જે જણાવાય છે, તે જ્ઞાનનયની મુખ્યતાએ જણાવાય છે. વ્યવહારનયની (કાર્યકારણભાવની વિવક્ષાની) અપેક્ષાએ તે વાસ્તવિક નથી. વ્યવહારનયની અપેક્ષાએ પણ જો એ વાસ્તવિક

મનાય તો કાર્યકારણભાવના વિરહે સર્વથા સત્કાર્યવાદનો પ્રસંગ આવશે. કથંચિત્સત્કાર્યવાદના સિદ્ધાંતની હાનિનો પ્રસંગ આવશે... ઇત્યાદિ બરાબર સમજી લેવું જોઇએ. ॥૧૦-૨૭॥

યોગના લક્ષણનો નિષ્કર્ષ જણાવાય છે—

**व्यापारश्चिद्विवर्तत्वाद्, वीर्योल्लासाच्च स स्मृतः ।**
**विविच्यमाना भिद्यन्ते, परिणामा हि वस्तुनः ॥१०-२८॥**

व्यापार इति—स योगश्चिद्विवर्तत्वाज्ज्ञानपरिणामात् । वीर्योल्लासादात्मशक्तिस्फोरणाच्च । व्यापारः स्मृतः । क्रमवतः प्रवृत्तिविषयस्य व्यापारत्वाद् । एतेन द्रव्यादेर्व्यवच्छेदः । हि यतः विविच्यमाना भेदनयेन गृह्यमाणा वस्तुनः परिणामा भिद्यन्ते । तथा च न व्यापाराश्रयस्यापि व्यापारत्वमिति भावः ॥१०-२८॥

"જ્ઞાનસ્વરૂપ પરિણામના કારણે અને આત્માની શક્તિ ફોરવવાના કારણે તે યોગ વ્યાપારસ્વરૂપ મનાય છે. કારણ કે વસ્તુનાં પરિણામો પર્યાયનયથી વિચારતા ભિન્ન થાય છે." અઠ્ઠાવીસમા શ્લોકના એ અર્થનો ભાવ એ છે કે - જ્ઞાનસ્વરૂપ પરિણામના કારણે અને વીર્યોલ્લાસના કારણે જે મોક્ષનો કારણભૂત આત્મવ્યાપાર થાય છે, તત્સ્વરૂપ યોગ છે. ક્રમવાળા પ્રવૃત્તિના વિષયને વ્યાપાર કહેવાય છે. દ્રવ્ય અને તેના સહભાવી ગુણો ક્રમિક પ્રવૃત્તિના વિષય ન હોવાથી તેને (દ્રવ્ય અને ગુણને) વ્યાપાર સ્વરૂપ મનાતા નથી. આથી સમજી શકાશે કે યોગ દ્રવ્ય કે ગુણ સ્વરૂપ નથી, પરંતુ ક્રમભાવી પર્યાયસ્વરૂપ છે.

'અભેદનયની અપેક્ષાએ દ્રવ્ય કે ગુણથી અભિન્ન જ તેનાં પરિણામ હોવાથી દ્રવ્યાદિ સ્વરૂપ પણ વ્યાપાર માનવો જોઇએ. તેથી પરિણામસ્વરૂપ વ્યાપારના આશ્રયને પણ વ્યાપાર માનવાનો પ્રસંગ આવશે' - આ પ્રમાણે નહીં કહેવું જોઇએ. કારણ કે ભેદનયને(પર્યાયનયને) આશ્રયીને ગ્રહણ કરાતા વસ્તુનાં પરિણામો દ્રવ્યાદિથી ભિન્ન હોવાથી દ્રવ્યાદિમાં વ્યાપારત્વ માનવાનો પ્રસંગ નહીં આવે. તેમ જ વ્યાપારાશ્રયમાં વ્યાપારત્વ માનવાનો પણ પ્રસંગ નહીં આવે.

અહીં સમજી લેવું જોઇએ કે દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ સાંખ્યાદિ દર્શનપ્રસિદ્ધ આત્માનું શુદ્ધ, બુદ્ધ... વગેરે સ્વરૂપ જ માની લેવામાં આવે અને અન્ય પર્યાયાર્થિક નયની અપેક્ષાએ આત્માદિના પરિણામની ભિન્નતાને માની

લેવામાં ન આવે તો યોગના લક્ષણનો કોઇ જ અર્થ નથી. આત્માની કાલની જે અશુદ્ધાવસ્થા છે; તેનો પૂર્ણપણે વિચાર કર્યા વિના આત્માનું શુદ્ધ સ્વરૂપ આવિર્ભૂત નહીં થાય. દરેક નયો અભિમત અંશનું નિરૂપણ કરતા હોય છે. તેને આંખ સામે રાખીને વસ્તુની વાસ્તવિકતા પામવા પ્રયત્ન કર્યા વિના ચાલવાનું નથી. ।।૧૦-૨૮।।

एतदेवाह–

ઉપર જણાવેલી વાતને સ્પષ્ટ કરાય છે–

**जीवस्थानानि सर्वाणि, गुणस्थानानि मार्गणाः ।**
**परिणामा विवर्तन्ते, जीवस्तु न कदाचन ।।१०-२९।।**

जीवस्थानानीति–सर्वाणि चतुर्दशापि जीवस्थानानि गुणस्थानानि तावन्त्येव मार्गणा गतीन्द्रियाद्याः परिणामा विवर्तन्ते दशाविशेषं भजन्ते, जीवस्तु कदाचन न विवर्तते, तस्य शुद्धज्ञायकभावस्यैकस्वभावत्वात् ।।१०-२९।।

"બધાં જીવસ્થાનો, ગુણસ્થાનો અને બધી માર્ગણાઓ સ્વરૂપ પરિણામો અવસ્થાવિશેષને પામે છે. પરંતુ જીવ તો ક્યારેય અવસ્થાવિશેષને (અવસ્થાંતરને) ધારણ કરતો નથી." આ પ્રમાણે ઓગણત્રીસમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે. સૂક્ષ્મ એકેન્દ્રિય, બાદર એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય અને સંજ્ઞીપંચેન્દ્રિય - આ સાતના અપર્યાપ્ત અને પર્યાપ્ત - એ બે બે ભેદની વિવક્ષાએ ચૌદ જીવસ્થાનો છે. અનાદિકાળથી કર્મપરવશ એવા જીવને તે તે સ્થાનમાં રહેવાનું થતું હોવાથી તે બધાં જીવસ્થાનો સ્વરૂપ પરિણામો છે. તે તે કાળે તે સ્થાનો બદલાય છે. પરંતુ જીવમાં કોઇ જ ફેરફાર થતો નથી. જીવ તો જે છે તે જ છે.

આવી જ રીતે કર્મના ઉદયાદિના કારણે થનારાં ચૌદ ગુણસ્થાનકો પ્રસિદ્ધ છે. મિથ્યાત્વથી અયોગી સુધીનાં તે તે ગુણસ્થાનોમાં તે તે કાળે પરિવર્તન થતું આવ્યું છે. પરંતુ જીવમાં કોઇ જ પરિવર્તન આવતું નથી. સદાને માટે તેનો શુદ્ધ જ્ઞાનનો એક જ સ્વભાવ છે. એમાં કોઇ પણ જાતનું પરિવર્તન આવતું નથી.

ગતિ, ઇન્દ્રિય, કાય (પૃથ્વીકાયાદિ), યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ, સમ્યક્ત્વ, સંજ્ઞી અને આહાર : આ ચૌદ માર્ગણાથી જીવાદિની

વિચારણા કરાય છે. અનાદિકાળથી તે તે માર્ગણાસ્થાનમાં જીવનું અસ્તિત્વ છે. તે તે કાળમાં તે તે માર્ગણાઓમાંથી બીજી બીજી માર્ગણાઓમાં જીવને જવાનું થતું હોય છે. એ રીતે માર્ગણાસ્થાનમાં પરિવર્તન આવે છે. પરંતુ જીવનો તો ઉપર જણાવ્યા મુજબ એક જ સ્વભાવ છે. આથી સ્પષ્ટ રીતે સમજી શકાશે કે જીવસ્થાનાદિ પરિણામો તે તે અવસ્થાને પામે છે. પરંતુ જીવમાં ક્યારેય પરિવર્તન આવતું નથી. ||૧૦-૨૯||

ઉપર જણાવ્યા મુજબ જીવનો એક જ સ્વભાવ હોય તો જીવને તે તે અવસ્થાઓ કેમ અનુભવવી પડે છે ? - આ શંકાનું સમાધાન કરાય છે.

**उपाधिः कर्मणैव स्यादाचारादौ श्रुतं ह्यदः ।**
**विभावानित्यभावेऽपि, ततो नित्यः स्वभाववान् ।।१०-३०।।**

उपाधिरिति—आचारादौ अदः श्रुतं—यदुत उपाधिः कर्मणैव स्यात् "कम्मुणा उवाही जायइ त्ति" वचनात् । ततो विभावानां मिथ्यात्वगुणस्थानादारभ्यायोगिगुणस्थानं यावत् प्रवर्तमानानामौपाधिकभावानामनित्यभावेऽपि स्वभाववानात्मा नित्यस्तस्योपाध्यजनितत्वादुपाधिनिमित्तका अप्यात्मनो भावास्तद्रूपा एव युज्यन्ते, इति चेत्सत्यं, शुद्धनयदृष्ट्यात्मपुद्गलयोः स्वस्वशुद्धभावजननचरितार्थत्वे संयोगजभावस्य भित्तौ खटिकाश्वेतिम्न इव विविच्यमानस्यैकत्राप्यनन्तभावेन मिथ्यात्वात् ।।१०-३०।।

"કર્મના કારણે જ ઉપાધિ છે. આચારાંગસૂત્રમાં પણ એ પ્રમાણે જણાવ્યું છે. તેથી વિભાવો બધા અનિત્ય હોવા છતાં સ્વભાવવાળો આત્મા નિત્ય છે." - આ પ્રમાણે ત્રીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે - આત્મા શુદ્ધજ્ઞાનૈકસ્વભાવવાળો હોવા છતાં તે તે કર્મ સ્વરૂપ ઉપાધિના કારણે જીવસ્થાનાદિના ઔપાધિક તે તે પરિણામો પામે છે. શ્રી આચારાંગસૂત્રમાં ફરમાવ્યું છે કે 'કર્મથી ઉપાધિ ઉત્પન્ન થાય છે.'

તેથી પ્રથમ મિથ્યાત્વગુણસ્થાનકથી માંડીને ચૌદમા અયોગી ગુણસ્થાનક સુધી પ્રવર્તમાન ઔપાધિકભાવો બધા જ વિભાવો છે. તે વિભાવો અનિત્ય હોવા છતાં જ્ઞાનાદિ સ્વભાવવાળો આત્મા નિત્ય છે. કારણ કે તે ઉપાધિથી(કર્માદિ ઉપાધિથી) જન્ય નથી. ઉપાધિથી જન્ય જે ભાવો છે તે નિત્ય હોતા નથી.

'જ્ઞાનાદિ સ્વભાવવાન નિત્ય આત્માને કર્મસ્વરૂપ ઉપાધિના કારણે જે ઉપાધિનિમિત્તક વિભાવોની પ્રાપ્તિ થાય છે, તે બધા આત્મસ્વરૂપ જ હોવા જોઈએ

ને ?' - આ વાત યદ્યપિ બરાબર છે; પરંતુ શુદ્ધનયની દૃષ્ટિએ વિચારીએ તો તે વાત સાચી નથી. કારણ કે શુદ્ધનયદૃષ્ટિએ આત્મા (ચેતન) અને પુદ્ગલ પોતપોતાના શુદ્ધભાવ - જનનમાં (ઉત્પન્ન કરવામાં) ચરિતાર્થ હોવાથી તેની વસ્તુતા (અર્થક્રિયાકારિતા) નિરાબાધ છે. દિવાલને ખડીથી જ્યારે સફેદ કરવામાં આવે છે ત્યારે બંન્નેના સંયોગથી ઉત્પન્ન થનારા તે સંયોગજ ભાવોનો એકમાં પણ વિચાર કરાય તો અનંતભાવથી તે મિથ્યાસ્વરૂપ છે. શુદ્ધનયની દૃષ્ટિએ તે સંયોગજ ભાવ એકમાં નહિ મનાય. ખડીની શ્વેતિમા છે. દિવાલની તે કોઇ પણ રીતે નથી. તેમ અહીં પણ આત્મા અને કર્મના સંયોગવિશેષે જે જે વિભાવો ઉત્પન્ન થાય છે તે બધા જ ભાવો કોઇ પણ રીતે આત્માના નથી... ઇત્યાદિ શુદ્ધનયની દૃષ્ટિએ સમજવું જોઇએ. ॥૧૦-૩૦॥

પરિણામો(જીવસ્થાન, ગુણસ્થાન... વગેરે)થી દ્રવ્ય વગેરેને કથઞ્ચિદ્ અભેદ હોવાથી માત્ર પરિણામસ્વરૂપ જ યોગનું પ્રતિપાદન કઇ રીતે યુક્ત છે, તે જણાવાય છે–

**द्रव्यादेः स्यादभेदेऽपि, शुद्धभेदनयादिना ।**
**इत्थं व्युत्पादनं युक्तं, नयसारा हि देशना ॥१०-३१॥**

द्रव्यादेरिति–द्रव्यादेः परिणामेभ्यः स्यात् कथञ्चिदभेदेऽपि । शुद्धः केवलो यो भेदनयस्तदादिना । इत्थमुक्तरीत्या व्युत्पादनं युक्तम् । नयसारा नयप्रधाना हि देशना शास्त्रे प्रवर्तते । अन्यथाऽनुयोगपरिणत आत्मापि योग इतीष्यत एव, चरणात्मनोऽपि भगवत्यां प्रतिपादनादिति भावः ॥१०-३१॥

"પરિણામોથી દ્રવ્ય કે ગુણને કથંચિદ્ અભેદ હોવા છતાં માત્ર ભેદ અથવા માત્ર પર્યાયનું ગ્રહણ કરનાર નયની અપેક્ષાએ પૂર્વોક્ત રીતે નિરૂપણ યુક્ત છે. કારણ કે દેશના નયપ્રધાન હોય છે." - આ પ્રમાણે એકત્રીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે આત્મવ્યાપાર સ્વરૂપ પરિણામોથી આત્મદ્રવ્યાદિને કથંચિદ્ અભેદ હોવાથી પરિણામોની જેમ આત્મદ્રવ્યાદિને પણ યોગસ્વરૂપ વર્ણવવા જોઇએ. પરંતુ કેવલ ભેદનયાદિની અપેક્ષાએ કથઞ્ચિદ્ અભેદને ધ્યાનમાં લીધા વિના પૂર્વે જણાવ્યા મુજબ તેવા

પ્રકારના આત્મવ્યાપારસ્વરૂપ પરિણામને યોગસ્વરૂપે વર્ણવ્યા છે અને દ્રવ્યાદિનો વ્યવચ્છેદ કર્યો છે. શુદ્ધનયની દૃષ્ટિએ પદાર્થનું સ્વરૂપ ખૂબ જ સૂક્ષ્મ બનતું હોય છે. તેથી તે નયની દૃષ્ટિએ વસ્તુના સ્થૂલ સ્વરૂપનો વિચાર કરવામાં આવતો નથી. કારણ કે શ્રી વીતરાગપરમાત્માના પરમતારક શાસનમાં દેશના નયપ્રધાન હોય છે. અનંતધર્માત્મક વસ્તુના એક અંશને લઇને તે તે નયો દ્વારા દેશના પ્રવર્ત્તતી હોય છે. શુદ્ધનયની અપેક્ષાએ પરિણામસ્વરૂપ જ યોગ છે. અન્યથા શુદ્ધનયને છોડીને બીજા દ્રવ્યાર્થિકાદિ નયની અપેક્ષાએ 'આત્મદ્રવ્ય' પણ યોગ છે. અનુયોગપરિણત આત્મા યોગસ્વરૂપ છે : એ ઇષ્ટ છે. (અભિમત છે.) તેથી શ્રી ભગવતીસૂત્રમાં ચારિત્ર(ચારિત્રાત્મકયોગ) સ્વરૂપ આત્માનું પ્રતિપાદન કરાયેલું છે. ॥૧૦-૩૧॥

પ્રકરણાર્થનું પરિસમાપન કરાય છે–

**योगलक्षणमित्येवं, जानानो जिनशासने ।**
**परोक्तानि परीक्षेत, परमानन्दबद्धधीः ॥१०-३२॥**

योगलक्षणमिति–स्पष्टः ॥१०-३२॥

"શ્રી વીતરાગપરમાત્માના શાસનમાં ઉપર જણાવ્યા મુજબ યોગના લક્ષણને જાણનારા એવા; મોક્ષમાં પ્રતિબદ્ધ બુદ્ધિવાળાએ બીજા દર્શનકારોએ જણાવેલા યોગના લક્ષણનો વિચાર કરવો જોઇએ." - આ પ્રમાણે બત્રીસમા શ્લોકનો સામાન્ય અર્થ છે.

એનો આશય સ્પષ્ટ છે કે પરમતારક શ્રી જિનશાસનમાં જે યોગનું લક્ષણ છે; તેના જાણકારે; બીજા સાંખ્યાદિ દર્શનકારે જે યોગનાં લક્ષણો કહ્યાં છે; તેની પરીક્ષા કરવી જોઇએ. પરીક્ષા કરનાર પરમાનંદ-મોક્ષમાં પ્રતિબદ્ધ બુદ્ધિશાળી હોવો જોઇએ. મોક્ષમાં જ જેનું ચિત્ત લાગેલું છે, તે સંસારી આત્માને 'પરમાનંદબદ્ધધી' કહેવાય છે. મોક્ષનું લક્ષ્ય ન હોય એવા આત્માઓ યોગના લક્ષણની પરીક્ષા કરે અથવા ન કરે તોય તેથી કોઇ લાભ થતો નથી. મોક્ષના એક અર્થી આત્માને જ યોગનું લક્ષણ ઉપયોગી છે. સ્વપરદર્શનોમાં જણાવેલાં તે તે યોગનાં લક્ષણોની વિચારણા કરીને યોગના યથાર્થ સ્વરૂપનો નિર્ણય

કરવાપૂર્વક આપણે સૌ યોગની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ બની રહીએ એ જ એકની એક સદા માટેની શુભાભિલાષા. ॥૧૦-૩૨॥

॥ इति श्रीद्वात्रिंशद्द्वात्रिंशिकायां योगलक्षणद्वात्रिंशिका ॥

अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।
व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥

# પરિશીલનની પૂર્વે

દેવાધિદેવ શ્રી અરિહંતપરમાત્માના પરમતારક શાસનને છોડીને અન્ય કોઇ પણ શાસનથી મોક્ષની પ્રાપ્તિ થતી નથી. એનું કારણ એ છે કે મોક્ષને પ્રાપ્ત કરાવનારાં સાધનોનો પારમાર્થિક ઉપદેશ માત્ર શ્રી તીર્થંકર પરમાત્માના શાસનમાં છે. 'અન્ય દર્શનકારોના શાસનમાં પરમાર્થથી મોક્ષનાં સાધનોનો ઉપદેશ જ નથી.' - આ વાત જ્યાં સુધી સમજવામાં આવે નહિ ત્યાં સુધી શ્રી વીતરાગપરમાત્માએ ઉપદેશેલાં મોક્ષસાધનોની સુદૃઢ પ્રતિપત્તિ શક્ય નથી.

આ પૂર્વેની દશમી બત્રીશીમાં મોક્ષના કારણભૂત સઘળાય આત્મવ્યાપારને યોગ તરીકે વર્ણવીને; આ બત્રીશીમાં પતંજલિ ઋષિએ યોગાનુશાસનમાં જે યોગનું લક્ષણ-સ્વરૂપ વર્ણવ્યું છે તેની વિચારણા કરી છે. 'ચિત્તવૃત્તિઓના નિરોધને યોગ કહેવાય છે' આ લક્ષણની નિર્દોષતાદિનો વિચાર કરતાં પૂર્વે શરૂઆતમાં સાઙ્ખ્યદર્શનપ્રસિદ્ધ તત્ત્વોનું સ્વરૂપ વર્ણવ્યું છે.

સાંખ્યદર્શનની માન્યતા મુજબ પુરુષ અને પ્રકૃતિ : આ બે મૂળભૂત તત્ત્વો છે. એમાં પુરુષ ચેતન છે. શુદ્ધ(નિરુપાધિક) સ્ફટિકાદિની જેમ શુદ્ધ, નિરંજન અને નિરાકાર છે. ઉત્પન્ન નહીં થયેલો, ક્યારે ય નાશ નહીં પામનારો અને સદાને માટે સ્થિર એક સ્વભાવવાળો એવો કૂટસ્થ નિત્ય છે. તલના ફોતરાના ત્રીજા ભાગ જેટલું પણ જેમાં પરિવર્તન આવતું નથી, એવો તે અપરિણામી નિત્ય છે.

પ્રકૃતિ જડ છે. પરિણામી નિત્ય છે. તેનાથી બુદ્ધિ (ચિત્ત-મહત્ત્વ) ઉત્પન્ન થાય છે. તેનાથી અહંકાર(અસ્મિતા) ઉત્પન્ન થાય છે. તેથી અગિયાર ઈન્દ્રિયો અને રૂપાદિ પંચતન્માત્રા-આ સોળનો ગણ ઉત્પન્ન થાય છે અને તે બધાથી યથાયોગ્ય પાંચ મહાભૂતોની(પૃથ્વી-જલાદિની) ઉત્પત્તિ થાય છે. અનાદિકાળથી પુરુષ અને પ્રકૃતિના નિરંતર સન્નિધાનથી બંન્ને વચ્ચેના ભેદનો અગ્રહ હોવાથી પુરુષને કર્તૃત્વનું અને પ્રકૃતિને ચૈતન્યનું અભિમાન છે. આ જ પુરુષના સંસારનું મુખ્ય બીજ છે. યોગના પરિશીલનથી ભેદનો ગ્રહ થવાથી પુરુષ સ્વરૂપસ્થ બને છે. એ જ પુરુષનો મોક્ષ છે. પ્રથમ દૃષ્ટિએ આ બધું વિચારતાં રમણીય ભાસે છે. પરંતુ પરમાર્થથી આ બધું વિચારીએ તો ખૂબ જ વિચિત્ર જણાયા વિના રહેતું નથી.

ગ્રંથકાર પરમર્ષિએ પ્રારંભમાં સાંખ્યોના મતનું સંક્ષેપથી પણ સ્પષ્ટપણે નિદર્શન કરાવીને ગ્રંથના મધ્યભાગમાં તેમાં રહેલા દોષોનું દર્શન કરાવ્યું છે. એ બધું વિચારવાથી એક વાત સ્પષ્ટ રીતે સમજાય છે કે આટલી આત્મલક્ષી તાત્ત્વિક વાતો કરવા છતાં અન્યદર્શનકારો પરમાર્થનો લેશ પણ પામી શક્યા નથી અને એમની વાતોમાં આપણે આવી જઈએ તો આપણને પણ પરમાર્થનો અંશ પણ પ્રાપ્ત નહીં થાય.

બત્રીશીના અંતભાગમાં સાઙ્ખ્યદર્શનપ્રસિદ્ધ મોક્ષ પણ ખરેખર તો વાસ્તવિક નથી. તેથી તેમના યોગશાસ્ત્રના ઉપદેશનો કોઈ જ અર્થ નથી. એ સમજાવીને જૈન દર્શનની વાસ્તવિકતાનું સમર્થન કર્યું છે. અંતે પતંજલિપ્રણીત યોગલક્ષણ સદોષ હોવાથી; નિશ્ચય અને વ્યવહારનયની અપેક્ષાએ સઙ્ગત એવા શ્રી જૈનદર્શનપ્રસિદ્ધ યોગના લક્ષણની ઉપાદેયતાનું સમર્થન કર્યું છે. એ મુજબ યોગલક્ષણની વાસ્તવિકતાને સમજી વિચારીને વાસ્તવિક યોગને પ્રાપ્ત કરવા આપણે સૌ પ્રયત્નશીલ બની રહીએ એ જ એક અભિલાષા...

**- આ.વિ. ચન્દ્રગુપ્તસૂરિ**

स्वकीयं योगलक्षणमन्यदीययोगलक्षणे विचारिते सति स्थिरीभवतीति तदर्थमयमारम्भः–

આ પૂર્વેની બત્રીશીમાં પોતાની માન્યતા મુજબનું યોગના લક્ષણનું નિરૂપણ કર્યું. 'એ લક્ષણ જ બરાબર છે.' - આવી સ્થિરતા, બીજાની માન્યતા મુજબના યોગલક્ષણની વિચારણાથી પ્રાપ્ત થાય છે. તેથી તે માટે આ બત્રીશીમાં અન્યયોગલક્ષણના નિરૂપણનો આરંભ કર્યો છે. અર્થાત્ બીજાની માન્યતા મુજબના યોગલક્ષણની વિચારણા માટે આ બત્રીશીનો આરંભ કર્યો છે–

**चित्तवृत्तिनिरोधन्तु, योगमाह पतञ्जलिः ।**
**द्रष्टुः स्वरूपावस्थानं, यत्र स्यादविकारिणि ।।११-१।।**

चित्तेति–पतञ्जलिस्तु चित्तवृत्तिनिरोधं योगमाह । तथा च सूत्रं–"योगश्चित्तवृत्तिनिरोध [१-२] इति" । तत्र चित्तपदार्थं व्याचष्टे-द्रष्टुः पुरुषस्य स्वरूपे चिन्मात्ररूपतायामवस्थानं यत्र यस्मिन् स्यादविकारिणि व्युत्पन्नविवेकख्यातेश्चित्सङ्क्रमाभावात् कर्तृत्वाभिमाननिवृत्तौ प्रोन्मुक्तपरिणामेन । तथा च सूत्रं–"तदा द्रष्टुः स्वरूपा(पेऽ)वस्थानमिति" [१-३] ।।११-१।।

"ચિત્તની વૃત્તિઓનો જે નિરોધ છે તેને પતંજલિ યોગ કહે છે. જે અવિકારી હોતે છતે દ્રષ્ટા-પુરુષનું સ્વરૂપમાં અવસ્થાન હોય છે..." (તે ચિત્ત છે. શ્લો.નં. ૩માં એનો સંબંધ છે.) - આ પ્રમાણે પ્રથમ શ્લોકનો અક્ષરાર્થ છે. આશય એ છે કે '**योगश्चित्तवृत्तिनिरोधः**' ।।१-२।। આ સૂત્રથી પતંજલિએ ચિત્તવૃત્તિઓના નિરોધને યોગ તરીકે વર્ણવ્યો છે. રાગ, દ્વેષ અને મોહાદિના કારણે થનારી જે ચિત્તવૃત્તિઓ છે; તેના નિરોધ-અવરોધને યોગ કહેવાય છે. ચિત્ત, તેની વૃત્તિઓ અને તેનો નિરોધ : એ બધાનું સ્વરૂપ અનુક્રમે હવે પછી વર્ણવવામાં આવશે.

શ્લોકના ઉત્તરાર્દ્ધથી 'ચિત્ત'નું સ્વરૂપ વર્ણવાય છે. તેનો આશય એ છે કે - જ્યારે જે અવિકારી હોતે છતે દ્રષ્ટા પુરુષ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ પોતાના સ્વભાવમાં અવસ્થિત બને છે; તે ચિત્ત છે. આમ તો દ્રષ્ટા-પુરુષ શુદ્ધ ચેતન અને

પુષ્કરપત્રની જેમ નિર્લેપ છે. પરંતુ બુદ્ધિ (ચિત્ત) દ્વારા ગ્રહણ કરાયેલા બાહ્ય અને અભ્યંતર(ઘટાદિ અને કામાદિ) - વિષયોનું પ્રતિબિંબ (ચિત્છાયાનો સંક્રમ); અવિવેક(ભેદજ્ઞાનનો અભાવ)ના કારણે દ્રષ્ટા પુરુષમાં પડતું હોવાથી જપાપુષ્પના સંનિધાનમાં વર્ત્તતી લાલાશના કારણે શુદ્ધ સ્ફટિકની જેમ જ પુરુષમાં વૃત્તિઓનું દર્શન થતું હોય છે. પરંતુ ચિત્તની વૃત્તિઓનો નિરોધ થવાથી પ્રાપ્ત વિવેકખ્યાતિ(ભેદજ્ઞાન)ના કારણે હવે ચિત્સંક્રમ થતો નથી. તેમ જ વિષયાકાર પરિણત થવાનો પરિણામ પણ; કર્ત્તૃત્વાભિમાનની નિવૃત્તિ થવાથી છૂટી જાય છે. તેથી પુરુષનું સ્વરૂપમાં અવસ્થાન થાય છે. સત્ત્વ, રજસ્ અને તમસ્ આ ત્રણ ગુણવાળી પ્રકૃતિનો પરિણામ બુદ્ધિ છે. તેને જ અહીં યોગસૂત્રમાં ચિત્તસ્વરૂપે વર્ણવાય છે. સામાન્ય રીતે સાંખ્યદર્શનપ્રસિદ્ધ પુરુષ, પ્રકૃતિ અને બુદ્ધિ તત્ત્વને સમજવા માટે અન્યદર્શનપ્રસિદ્ધ શુદ્ધ આત્મા, કર્મ અને મનનો વિચાર કરવાથી ચોક્કસ રીતે તેનો ખ્યાલ આવી શકશે. પુરુષમાં બુદ્ધિ દ્વારા પ્રતિબિંબિત થનારી પ્રકૃતિના કારણે પુરુષને કર્ત્તૃત્વનું અભિમાન હતું. એમાં મુખ્યપણે વિવેકખ્યાતિનો અભાવ પ્રયોજક હોય છે. વિવેકખ્યાતિની વ્યુત્પત્તિથી જ્યારે કર્ત્તૃત્વનું અભિમાન દૂર થાય છે, ત્યારે આત્મા-પુરુષ-દ્રષ્ટા સ્વસ્વરૂપમાં અવસ્થિત થાય છે. આ વાત '**तदा द्रष्टुः स्वरूपेऽवस्थानम्**' ॥૧-૩॥ આ સૂત્રમાં જણાવી છે. ચિત્તવૃત્તિઓનો નિરોધ થયે છતે દ્રષ્ટા-પુરુષનું સ્વરૂપમાં અવસ્થાન થાય છે. આથી સમજી શકાશે કે જેની અવિકારી અવસ્થામાં પુરુષનું સ્વ-સ્વરૂપમાં અવસ્થાન થાય છે તે ચિત્ત છે. આનો અર્થ એવો નથી કે તે પૂર્વે દ્રષ્ટાનું સ્વરૂપમાં અવસ્થાન હતું નહિ. કારણ કે તેમ માનવાથી પુરુષમાં પરિણામિત્વ માનવાનો પ્રસંગ આવશે. સાંખ્યાદિની માન્યતા મુજબ પુરુષ કૂટસ્થ નિત્ય છે. તલના ફોતરાના ત્રીજા ભાગ જેટલું પણ તેમાં પરિવર્તન આવતું નથી. જપાપુષ્પના સંનિધાનમાં પ્રતીયમાન સ્ફટિકની રક્તતાની જેમ જ વિવેકખ્યાતિના અભાવે ચિત્તની વૃત્તિઓ દ્રષ્ટા-પુરુષમાં પ્રતીત થતી હોય છે, પરંતુ તે અતાત્ત્વિક છે. ચિત્તની વૃત્તિઓ જલના તરંગોની જેમ જ ચિત્તમાં વિલીન થાય છે, ત્યારે તે ચિત્ત નિરુદ્ધ કહેવાય છે. ચિત્તની ક્ષિપ્ત, વિક્ષિપ્ત, મૂઢ... ઇત્યાદિ અનેક અવસ્થાઓ છે. જિજ્ઞાસુઓએ તે અન્ય ગ્રંથથી જાણી લેવું જોઇએ. અહીં તો પ્રકૃતોપયોગી અંશનું જ નિરૂપણ કર્યું છે. ॥૧૧-૧॥

ચિત્તની વૃત્તિઓનો નિરોધ થયો ન હોય ત્યારે ચિત્તનું સ્વરૂપ કેવું હોય છે : તે જણાવાય છે–

**आपन्ने विषयाकारं, यत्र चेन्द्रियवृत्तितः ।**
**पुमान् भाति तथा चन्द्रश्चलन्नीरे चलन् यथा ।।११-२।।**

आपन्न इति–यत्र चेन्द्रियवृत्तित इन्द्रियवृत्तिद्वारा । विषयाकारमापन्ने विषयाकारपरिणते सति । पुमान् पुरुषस्तथा भाति । यथा चलन्नीरे चलन् चन्द्रः स्वगतधर्माध्यारोपाधिष्ठानत्वेन प्रतीयत इत्यर्थः । तथा च सूत्रं–"वृत्तिसारूप्यमितरत्रेति" [१-४] ।।११-२।।

"ઇન્દ્રિયોની વૃત્તિઓ દ્વારા જે વિષયાકાર પરિણત થયે છતે; ચાલતા પાણીમાં ચંદ્ર જેમ ચાલતો દેખાય છે; તેમ પુરુષ દેખાય છે."... (તે ચિત્ત છે. શ્લોક નં. ૩માં એનો સંબંધ છે.) - આ પ્રમાણે બીજા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે ઇન્દ્રિયો અને વિષયોના સંબંધના કારણે જે વૃત્તિઓ ઉત્પન્ન થાય છે, તે ચિત્તના વિષયાકાર પરિણામ છે. તેને લઇને પુરુષમાં પણ અવિવેકના કારણે વૃત્તિઓનું સારૂપ્ય વર્તાય છે. ઘટપટાદિ બાહ્ય વિષયાકાર પરિણત ચિત્ત અને કામક્રોધાદિ સ્વરૂપ અભ્યંતર પરિણામોથી પરિણત ચિત્તનું પ્રતિબિંબ વિવેકખ્યાતિના અભાવે દ્રષ્ટા-પુરુષમાં પડે છે ત્યારે વહેતા પાણીના પ્રવાહમાં, સ્થિર એવો પણ ચંદ્ર જેમ ચાલતો દેખાય છે તેમ સ્વગત-ધર્માધ્યારોપના અધિષ્ઠાનરૂપે પુરુષ પ્રતીત થાય છે. ચિત્તમાં રહેલી (પાણીમાં રહેલી)વૃત્તિઓ(ચાલવાની ક્રિયા)ના અધ્યારોપનું અધિષ્ઠાન(આશ્રય) પુરુષ(ચંદ્ર) બને છે.

'**वृत्तिसारूप्यमितरत्र**' ।।૧-૪।। આ યોગસૂત્ર દ્વારા ઉપર જણાવેલી વાતને જણાવતાં જણાવ્યું છે કે વ્યુત્થાનદશામાં ચિત્તની વૃત્તિઓનો નિરોધ થયેલો ન હોવાથી ઇન્દ્રિય અને વિષયના સંયોગાદિના કારણે ચિત્તમાં શાંત, ઘોર અને મૂઢ વૃત્તિઓ ઉત્પન્ન થાય છે. તેવા રૂપથી જ ત્યારે પુરુષ પ્રતીત થાય છે. બુદ્ધિ દ્વારા ગ્રહણ કરાયેલા તે તે વિષયો બુદ્ધિ પુરુષને બતાવે છે. તેથી બુદ્ધિ-ચિત્તના સમાન સ્વરૂપથી પુરુષ પ્રતીત થાય છે. ચિત્તની તે તે વૃત્તિઓ પુરુષમાં ઔપાધિક છે. પુરુષ તો ચેતનસ્વરૂપ જ છે. જ્ઞાનાદિ ધર્મો બુદ્ધિના જ છે, પુરુષના નહિ.

પુરુષ અને ચિત્તના અવિવેકના કારણે વૃત્તિઓનું સારુપ્ય દ્રષ્ટા-પુરુષમાં પ્રતીત થાય છે. ॥૧૧-૨॥

ચિત્તનું વર્ણન કરીને હવે તેની વૃત્તિઓનું વર્ણન કરાય છે–

**तच्चित्तं वृत्तयस्तस्य, पञ्चतय्यः प्रकीर्त्तिताः ।**
**मानं भ्रमो विकल्पश्च, निद्रा च स्मृतिरेव च ॥११-३॥**

तदिति–तच्चित्तं तस्य वृत्तिसमुदायलक्षणस्य अवयविनोऽवयवभूताः पञ्चतय्यो वृत्तयः प्रकीर्तिताः । तदुक्तं–"वृत्तयः पञ्चतय्यः क्लिष्टाक्लिष्टाः" [सां २-३३] [यो १-५ अक्लिष्टाः] क्लिष्टाः क्लेशाक्रान्तास्तद्विपरीता अपि तावत्य एव । ता एवोद्दिशति-मानं प्रमाणं, भ्रमो, विकल्पो, निद्रा, च स्मृतिरेव च । तदाह–"प्रमाणविपर्ययविकल्पनिद्रा-स्मृतयः" [१-६] ॥११-३॥

"જે અવિકારી હોતે છતે પુરુષનું સ્વરૂપમાં અવસ્થાન થાય છે અને જેની વ્યુત્થાનદશામાં (અસમાધિદશામાં) પુરુષ ચલાયમાન (અસ્થિર) પ્રતીત થાય છે, તે ચિત્ત છે. વૃત્તિઓના સમુદાય સ્વરૂપ તે ચિત્ત સ્વરૂપ અવયવીના અવયવભૂત વૃત્તિઓ પાંચ છે; જેના અનુક્રમે માન, ભ્રમ, વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિ - આ નામ છે." - આ પ્રમાણે ત્રીજા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે '**वृत्तयः पञ्चतय्यः क्लिष्टाऽक्लिष्टाः**' ॥१-५॥ આ સૂત્રમાં જણાવ્યા મુજબ વૃત્તિઓ પાંચ છે અને તેના દરેકના ક્લિષ્ટ અને અક્લિષ્ટ એવા બે બે ભેદો છે.

તાત્પર્ય એ છે કે સામાન્ય રીતે ચિત્તની વૃત્તિઓ ઉપર જણાવ્યા મુજબ પાંચ જ નથી; પરંતુ લજ્જા, તૃષ્ણા આદિ અસંખ્ય વૃત્તિઓ છે. ચિત્તના તે તે પરિણામો અસંખ્ય છે. તેથી તે સ્વરૂપ વૃત્તિઓ પણ અસંખ્ય છે. પ્રકૃત સ્થળે નિરોધ કરવા યોગ્ય વૃત્તિઓનું વર્ણન કરવાનો અભિપ્રાય હોવાથી માન, ભ્રમ... વગેરે સ્વરૂપ પાંચ જ વૃત્તિઓનું નિરૂપણ કર્યું છે. એ વૃત્તિઓના નિરોધથી સર્વ વૃત્તિઓનો નિરોધ થઈ જાય છે. એ પાંચ વૃત્તિઓના દરેકના બે બે પ્રકાર છે. ક્લિષ્ટ અને અક્લિષ્ટ. જે વૃત્તિ; ધર્મ-અધર્મ-વાસનાના સમુદાયને ઉત્પન્ન કરીને અવિદ્યાદિ ક્લેશને ઉત્પન્ન કરે છે, તેને ક્લિષ્ટવૃત્તિ કહેવાય છે અને જે વૃત્તિઓ પ્રકૃતિ-પુરુષના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન કરે છે; તે વૃત્તિઓ અક્લિષ્ટ છે. તે ગુણાધિકારની વિરોધિની છે. ધર્મ અને અધર્માદિને ઉત્પન્ન કરવા દ્વારા

આગામી જન્મનો આરંભ કરવો તે ગુણાધિકાર છે. વિવેકખ્યાતિના ઉદય(પ્રાદુર્ભાવ)થી એ ગુણાધિકારનો અંત આવે છે. તેથી વિવેકખ્યાતિપ્રયોજક સાત્ત્વિક વૃત્તિઓ ગુણાધિકારની વિરોધિની છે. પાંચ વૃત્તિઓનો નામમાત્રથી નિર્દેશ શ્લોકના ઉત્તરાર્દ્ધથી કર્યો છે. '**प्रमाणविपर्ययविकल्पनिद्रास्मृतयः**' ॥૧-૬॥ આ યોગસૂત્રમાં એવો નિર્દેશ કરાયો છે. ॥૧૧-૩॥

आसां क्रमेण लक्षणमाह–

પાંચ પ્રકારની વૃત્તિઓનાં અનુક્રમે લક્ષણો કહેવાય છે–

**मानं ज्ञानं यथार्थं स्यादतस्मिंस्तन्मतिर्भ्रमः ।**
**पुंसश्चैतन्यमित्यादौ, विकल्पोऽवस्तुशाब्दधीः ॥११-४॥**

मानमिति–मानं यथार्थं तद्वति तदवगाहि ज्ञानं स्यात् । तदाह–"अविसंवादि ज्ञानं प्रमाणमिति" भ्रमोऽतस्मिंस्तदभाववति तन्मतिः, यदाह–"विपर्ययो मिथ्याज्ञानमतद्रूपप्रतिष्ठं [१-८]" संशयोऽपि स्थाणुर्वा पुरुषो वेत्यतद्रूपप्रतिष्ठत्वादत्रैवान्तर्भवति । पुंसश्चैतन्यमित्यादौ अवस्तुविषया शाब्दधीर्विकल्पः । अत्र हि देवदत्तस्य कम्बल इतिवच्छब्दजनिते ज्ञाने षष्ठ्यर्थो भेदोऽध्यवसीयते, तमिहाविद्यमानमपि समारोप्य प्रवर्ततेऽध्यवसायः । वस्तुतस्तु चैतन्यमेव पुरुष इति । तदाह–"शब्दज्ञानानुपाती वस्तुशून्यो [ऽसदर्थव्यवहारविषयो] विकल्प [१-९]" इति । भ्रमविशेष एवायमस्त्विति चेन्न, तथाविधशब्दजन्यजनकभावेनास्य विलक्षणत्वाद्, विषयाभावज्ञानेऽपि प्रवृत्तेश्च । यद्भोजः– "वस्तुनस्तथात्वमनपेक्षमाणो योऽध्यवसायः स विकल्प इत्युच्यते" इति ॥११-४॥

"યથાર્થજ્ઞાનને માન-પ્રમાણ કહેવાય છે. અતસ્મિન્ અર્થાત્ તદભાવવત્‌માં તેની બુદ્ધિને ભ્રમ કહેવાય છે અને 'પુરુષનું ચૈતન્ય'... ઇત્યાદિ અવસ્તુને જણાવનારી શબ્દજન્ય બુદ્ધિને વિકલ્પ કહેવાય છે." - આ પ્રમાણે ચોથા શ્લોકનો અર્થ છે. આશય ખૂબ જ સ્પષ્ટ છે કે ઘટત્વાદિ ધર્મવત્(ઘટાદિ)માં ઘટત્વાદિનું જે જ્ઞાન છે તેને માન-પ્રમાણ કહેવાય છે. અન્યત્ર એ પ્રમાણે જણાવાયું છે કે 'અવિસંવાદી જ્ઞાન પ્રમાણ છે.' ઘટત્વાદિના અભાવવાળા પટાદિમાં ઘટત્વાદિનું જે જ્ઞાન છે તેને ભ્રમ-વિપર્યય કહેવાય છે. '**विपर्ययो मिथ्याज्ञानमतद्रूपप्रतिष्ठम्**' ॥૧-૮॥ આ યોગસૂત્રથી મિથ્યાજ્ઞાનને વિપર્યયસ્વરૂપે વર્ણવ્યું છે; જે મિથ્યાજ્ઞાન, અસ્વરૂપપ્રતિષ્ઠ છે. કહેવાનો આશય એ છે કે

સર્પાદિવિષયમાં જે સર્પાદિનું જ્ઞાન થાય છે; તે પ્રમાત્મક છે. કારણ કે તે જ્ઞાનના ઉત્તરકાળમાં થનારા કોઇ જ્ઞાનથી તે બાધિત થતું નથી. તેથી તે જ્ઞાન સ્વરૂપપ્રતિષ્ઠ બની રહે છે. પરંતુ દોરડાદિવિષયમાં થનારું જે સર્પ વગેરેનું જ્ઞાન છે; તે ભ્રમ-વિપર્યયસ્વરૂપ છે. કારણ કે તે જ્ઞાનના ઉત્તરકાળમાં થનારા દોરડાદિના યથાર્થજ્ઞાનથી તેનો બાધ થાય છે. તેથી તે જ્ઞાન સ્વરૂપપ્રતિષ્ઠ બનતું નથી. આથી સમજી શકાશે કે જે જ્ઞાનના ઉત્તરકાળમાં થનારા યથાર્થ જ્ઞાનથી એ પૂર્વજ્ઞાનનો બાધ થાય છે તે અતદ્રૂપપ્રતિષ્ઠજ્ઞાન ભ્રમ-વિપર્યય છે. 'આ સ્થાણુ છે કે પુરુષ છે' ઇત્યાદિ સંશયાત્મક જ્ઞાન પણ અતદ્રૂપપ્રતિષ્ઠ હોવાથી તેનો સમાવેશ વિપર્યયમાં જ કરાય છે. સંશયાત્મક જ્ઞાન વિપર્યયજ્ઞાનવિશેષ સ્વરૂપ છે.

**પુંસશ્ચૈતન્ય**... ઇત્યાદિ શ્લોકાર્ધથી વિકલ્પસ્વરૂપ વૃત્તિનું વર્ણન કરાય છે. આશય એ છે કે પુરુષનું ચૈતન્ય છે... ઇત્યાદિ વાક્યોથી ઉત્પન્ન થનાર શાબ્દબોધ અવસ્તુવિષયક છે. એ અવસ્તુવિષયક શાબ્દબોધને વિકલ્પ કહેવાય છે. 'દેવદત્તની કામળી' ઇત્યાદિ વાક્યોમાં દેવદત્ત અને કામળી : એ બંન્ને ભિન્ન છે - એ પ્રમાણે ષષ્ઠી વિભક્તિના કારણે શાબ્દબોધમાં જેમ ભેદનું ગ્રહણ (જ્ઞાન) થાય છે; તેમ પુરુષનું ચૈતન્ય... ઇત્યાદિ વાક્યથી પણ પુરુષ અને ચૈતન્ય : એ બેમાં પણ ભેદ અધ્યવસિત થાય છે, જે ખરેખર તો વિદ્યમાન જ નથી. પુરુષ ચૈતન્યસ્વરૂપ જ છે. તેનાથી તે ભિન્ન નથી. અવિદ્યમાન એવા ભેદનો આરોપ કરીને **પુંસશ્ચૈતન્યમ્** ઇત્યાદિ અવસ્તુવિષયક અધ્યવસાય પ્રવર્ત્તે છે. વસ્તુતઃ ચૈતન્ય જ પુરુષ છે. આ વાતને, **'शब्दज्ञानानुपाती वस्तुशून्यो (असदर्थविषयो) विकल्पः'** ।।૧-૯।। આ યોગસૂત્રથી જણાવી છે. શબ્દને સાંભળ્યા પછી વસ્તુથી શૂન્ય જે જ્ઞાનસ્વરૂપ ચિત્તની વૃત્તિ છે, તેને વિકલ્પ કહેવાય છે.

વિકલ્પ, વસ્તુશૂન્ય બોધસ્વરૂપ હોવાથી ભ્રમવિશેષ સ્વરૂપ છે - એ પ્રમાણે નહીં કહેવું જોઇએ. કારણ કે શબ્દજન્યજ્ઞાનજનક હોવાથી વિકલ્પને ભ્રમસ્વરૂપ માનતા નથી. **પુંસશ્ચૈતન્યમ્**... ઇત્યાદિ વાક્યજન્ય જ્ઞાનથી પુરુષથી ભિન્ન એવા 'ચૈતન્ય'નો વિકલ્પાત્મક બોધ થાય છે. યદ્યપિ સામગ્રીવિશેષથી વિકલ્પાત્મક બોધ થાય છે, એટલા માત્રથી તેને ભ્રમથી ભિન્ન માનવાની જરૂર નથી. પરંતુ અહીં વિકલ્પસ્થળે વિષયનો અભાવ હોય છે. તેનું (વિષયાભાવનું) જ્ઞાન થવા છતાં તેવો બોધ થાય છે અને તેવા શબ્દપ્રયોગાત્મક વ્યવહારની પ્રવૃત્તિ થાય

છે. આ વાતના અનુસંધાનમાં શ્રી ભોજે કહ્યું છે કે વસ્તુની વસ્તુતાની અપેક્ષા રાખ્યા વિના જે અધ્યવસાય પ્રવર્ત્તે છે, તેને વિકલ્પ કહેવાય છે.

અહીં યાદ રાખવું જોઇએ કે પૂર્વે જણાવ્યા મુજબ જેના ઉત્તરકાળમાં થનારા પ્રમાત્મકજ્ઞાનથી જેનો બાધ થાય છે તે ભ્રમ છે. વિકલ્પસ્થળે આવું બનતું નથી. પુરુષનું ચૈતન્ય ન હોવાનું ખબર હોવા છતાં **पुंसश्चैतन्यम्** ઇત્યાદિ વ્યવહાર પ્રવર્તમાન છે. ચૈતન્યાભાવવત્ પુરુષમાં ચૈતન્યનું જ્ઞાન થતું હોવાથી તે પ્રમાત્મક પણ નથી. ચૈતન્ય કે તેનો અભાવ... ઇત્યાદિની અપેક્ષા (વિચારણા) વિના જ પ્રવર્તમાન એ ચિત્તવૃત્તિ વિકલ્પસ્વરૂપ છે. ॥૧૧-૪॥

નિદ્રાસ્વરૂપ ચિત્તવૃત્તિનું વર્ણન કરાય છે–

**निद्रा च वासनाभावप्रत्ययालम्बना स्मृता ।**
**सुखादिविषया वृत्तिर्जागरे स्मृतिदर्शनात् ॥११-५॥**

निद्रा चेति–अभावप्रत्ययालम्बना भावप्रत्ययालम्बनविरहिता वासना च निद्रा स्मृता । सन्ततमुद्रिक्तत्वात्तमसः । समस्तविषयपरित्यागेन या प्रवर्तत इत्यर्थः । तदाह– "अभावप्रत्ययालम्बना वृत्तिर्निद्रा" [१-१०] । इयं च जागरे जाग्रदवस्थायां स्मृतिदर्शनात् 'सुखमहमस्वाप्सम्' इति स्मृत्यालोचनात् सुखादिविषया वृत्तिः, स्वापकाले सुखाननुभवे तदा तत्स्मृत्यनुपपत्तेः ॥११-५॥

"અભાવપ્રત્યયના આલંબનવાળી વૃત્તિને નિદ્રા કહેવાય છે. જાગ્રદ્ અવસ્થામાં સ્મૃતિ થતી હોવાથી સુખાદિવિષયક આ નિદ્રા વૃત્તિ છે." - આ પ્રમાણે પાંચમા શ્લોકનો સામાન્ય અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે તમોગુણથી સતત ઉદ્રિક્ત અવસ્થા હોવાથી આ અવસ્થામાં ચિત્ત, ઇન્દ્રિય અને વિષયના સંયોગના અભાવે વિષયાકાર પરિણામ પામતું નથી. તેથી ભાવપ્રત્યયના (ભાવવિષયક ઘટાદિજ્ઞાનના) આલંબનથી રહિત નિદ્રા છે. તે વખતે ચિત્ત સમસ્ત શબ્દાદિ વિષયનો પરિત્યાગ કરીને પ્રવર્ત્તે છે. '**अभावप्रत्ययालम्बना वृत्तिर्निद्रा**' ॥૧-૧૦॥ આ યોગસૂત્રથી નિદ્રાને અભાવપ્રત્યયના આલંબનવાળી ચિત્તવૃત્તિ તરીકે વર્ણવી છે. બાહ્યઘટાદિજ્ઞાનના આલંબનથી રહિત હોવા છતાં નિદ્રા-અવસ્થામાં સુખાદિવિષયકજ્ઞાનનું આલંબન હોય છે. અન્યથા સર્વ રીતે જ્ઞાનના આલંબનથી રહિત નિદ્રાને માની લેવાય તો જાગ્રત અવસ્થામાં 'હું

સુખેથી સૂઈ ગયો'... ઈત્યાદિ જે સ્મૃતિ થાય છે, તે અનુપપન્ન બનશે. કારણ કે શયનાવસ્થામાં સુખાદિનો અનુભવ કર્યો ન હોય તો તેનું સ્મરણ જાગ્રત અવસ્થામાં ઉપપન્ન નહીં બને. ઉદ્રિક્ત તમોવસ્થામાં આંશિક સાત્ત્વિકભાવ કે રજોભાવ ભળે ત્યારે નિદ્રાવસ્થામાં સુખ કે દુઃખનો અનુભવ થાય છે, જેનું કાલાંતરે જાગ્રદવસ્થામાં સ્મરણ થાય છે. ॥૧૧-૫॥

હવે ક્રમપ્રાપ્ત સ્મૃતિસ્વરૂપ વૃત્તિનું અને તેના નિરોધનું નિરૂપણ કરાય છે–

**तथानुभूतविषयासम्प्रमोषः स्मृतिः स्मृता ।**
**आसां निरोधः शक्त्यान्तःस्थितिर्हेतौ बहिर्हतिः ॥११-६॥**

तथेति–तथाऽनुभूतविषयस्य प्रमाणविपर्ययविकल्पनिद्रानुभूतार्थस्य असम्प्रमोषः संस्कारद्वारेण बुद्धावुपारोहः स्मृतिः स्मृता । तदाह–"अनुभूतविषयासम्प्रमोषः स्मृतिरिति" [१-११] । आसामुक्तानां पञ्चानामपि वृत्तीनाम् । हेतौ स्वकारणे । शक्त्या शक्तिरूपतया । अन्तर्बाह्याभिनिवेशनिवृत्त्याऽन्तर्मुखतया स्थितिरवस्थानं बहिर्हतिः प्रकाशप्रवृत्तिनियम-रूपविघातः । एतदुभयं निरोध उच्यते ॥११-६॥

"તેમ જ અનુભવેલા વિષયને જાળવી રાખવા, તેને સ્મૃતિ કહેવાય છે. પ્રમાણાદિ વૃત્તિઓનો નિરોધ એટલે વૃત્તિઓના હેતુમાં અંદર લીન થવું અને બહાર પ્રગટ ન થવું." - આ પ્રમાણે છઠ્ઠા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ પ્રમાણ, વિપર્યય (ભ્રમ), વિકલ્પ અને નિદ્રાદિથી અનુભવેલો જે વિષય છે; તેને તે સ્વરૂપે સંસ્કાર દ્વારા ચિત્તમાં સ્થાપન કરી રાખવા સ્વરૂપ સ્મૃતિ છે. '**अनुभूतविषयासम्प्रमोषः स्मृतिः**' ॥૧-૧૧॥ આ યોગસૂત્રમાં એ વાત જણાવેલી છે.

ઈન્દ્રિયાદિ દ્વારા અનુભવેલા ઘટપટાદિ વિષયોના સંસ્કાર પડે છે અને તે સ્વરૂપે કાલાંતરે તે વિષયો પ્રતીત થાય છે. આ રીતે ચિત્તમાં-બુદ્ધિમાં અનુભવેલા વિષયોનો જે ઉપારોહ થાય છે તેને સ્મૃતિ કહેવાય છે. અહીં એટલું યાદ રાખવું જોઈએ કે વિષયોનું આધિક્ય સ્મૃતિમાં હોતું નથી. અનુભૂત વિષયોથી અધિક વિષય સ્મૃતિમાં હોતા નથી. સંસ્કારની મંદતાદિના કારણે વિષયોની અલ્પતા હોય એ બને, પરંતુ અનુભૂતવિષયથી અધિક વિષય, સ્મૃતિના નથી.

ચિત્તની આ પાંચેય વૃત્તિઓનું પોતાના કારણમાં જે અંતરવસ્થાન અને બહિર્હનન (વ્યાઘાત) છે; તેને વૃત્તિનિરોધ કહેવાય છે. બાહ્ય ઘટાદિ વિષયોના અભિનિવેશની નિવૃત્તિ થવાથી ચિત્તની બાહ્ય અને અભ્યંતર વૃત્તિઓનો નિરોધ થાય છે. તે વખતે વૃત્તિઓ શક્તિસ્વરૂપે ચિત્તમાં વિલીન થતી હોય છે. ચિત્ત અંતર્મુખ હોય છે. વિષયાકાર પરિણતિને ધારણ કરવાના કાર્યમાં અન્વિત હોતું નથી. તેથી તે વખતે વૃત્તિઓ શક્તિસ્વરૂપે જ અવસ્થિત હોય છે. નદીના પ્રવાહનું પાણી જે બહાર જતું હતું તેને પાળ વગેરે બાંધીને જેમ નદીમાં જ સમાવાય છે તેમ ચિત્તની વૃત્તિઓને પ્રયત્નવિશેષથી ચિત્તમાં જ સમાવાય છે. વૃત્તિઓનું આ રીતે શક્તિરૂપે અંતર્મુખ સ્વરૂપથી જે અવસ્થાન છે, તે વૃત્તિનિરોધ છે તેમ જ ઇન્દ્રિયો દ્વારા ચિત્ત ઘટાદિના જ્ઞાન સ્વરૂપ પ્રકાશની પ્રવૃત્તિનું જે નિયમન કરતું હતું; તે ચિત્તસ્વરૂપનો વિઘાત વૃત્તિ-નિરોધ સ્વરૂપ છે.

અહીં એ સમજી લેવું જોઇએ કે સૂત્રમાં માત્ર ચિત્તવૃત્તિના નિરોધને જ યોગસ્વરૂપે વર્ણવ્યો છે. પરંતુ ખરી રીતે ક્લેશ(અવિદ્યાદિ)જનક વૃત્તિઓનો નિરોધ જ યોગ છે. તેથી તે ચિત્તની ક્ષિપ્ત, મૂઢ કે વિક્ષિપ્ત અવસ્થામાં વૃત્તિવિશેષનો નિરોધ હોવા છતાં ત્યાં યોગનું અસ્તિત્વ માનવામાં આવતું નથી અને ચિત્તની એકાગ્ર કે નિરુદ્ધ અવસ્થામાં શુદ્ધ સાત્ત્વિક વૃત્તિઓ હોવા છતાં ત્યાં યોગનું અસ્તિત્વ માની શકાય છે. અપ્રશસ્ત મન-વચન-કાયાના યોગના નિરોધને સમજનારા અહીં ચિત્તની વૃત્તિઓના નિરોધને પણ સારી રીતે સમજી શકશે. ॥૧૧-૬॥

વૃત્તિઓનો નિરોધ કઇ રીતે થાય છે - તે જણાવાય છે–

**स चाभ्यासाच्च वैराग्यात्तत्राभ्यासः स्थितौ श्रमः ।**
**दृढभूमिः स च चिरं, नैरन्तर्यादराश्रितः ॥११-७॥**

स चेति–स चोक्तलक्षणो निरोधश्च । अभ्यासाद् वैराग्याच्च भवति । तदुक्तं– "अभ्यासवैराग्याभ्यां तन्निरोध इति" [१-१२] । तत्राभ्यासः, स्थितौ वृत्तिरहितस्य चित्तस्य स्वरूपनिष्ठे परिणामे, श्रमो यत्नः पुनः पुनस्तथात्वेन चेतसि निवेशनरूपः । तदाह– "तत्र स्थितौ यत्नोऽभ्यास इति" [१-१३] । स च चिरं चिरकालं नैरन्तर्येण आदरेण

चाश्रितां दृढभूमिः स्थिरा भवति । तदाह—स तु दीर्घकालनैरन्तर्यसत्कारासेवितो दृढभूमिरिति [१-१४] ॥११-७॥

"પ્રમાણાદિ વૃત્તિઓનો નિરોધ અભ્યાસ અને વૈરાગ્યથી થાય છે. વૃત્તિરહિત ચિત્તના સ્વરૂપની સ્થિતિના વિષયમાં જે શ્રમ કરાય છે તેને અભ્યાસ કહેવાય છે. લાંબા કાળ સુધી સતત અને આદરપૂર્વક તે કરાય તો તે સ્થિર બને છે." - આ પ્રમાણે સાતમા શ્લોકનો અર્થ છે. આશય ખૂબ જ સ્પષ્ટ છે કે ચિત્તની પ્રમાણાદિ વૃત્તિઓનો નિરોધ અભ્યાસથી અને વૈરાગ્યથી થાય છે. આમ તો અભ્યાસ અને વૈરાગ્ય ખૂબ જ પ્રતીત છે. સાંખ્યાદિની પરિભાષાથી એ સમજી લેવાનું આવશ્યક છે.

"**अभ्यासवैराग्याभ्यां तन्निरोधः**' ॥१-१२॥ આ યોગસૂત્રથી જણાવ્યું છે કે અભ્યાસ અને વૈરાગ્યથી ચિત્તવૃત્તિઓનો નિરોધ થાય છે. સામાન્ય રીતે ચિત્તની વૃત્તિઓનો પ્રવાહ બે પ્રકારનો છે - એક પાપાવહ અને બીજો કલ્યાણાવહ છે. નદીનો પ્રવાહ અત્યંત વેગવાળો હોય ત્યારે પ્રથમ પાળ વગેરે બાંધી તેને અટકાવવો પડે છે અને પછી નીક વગેરે દ્વારા વિવક્ષિત સ્થાને તેને લઇ જવાય છે. આવી જ રીતે અહીં પણ સ્વભાવથી જ ચિત્તની વૃત્તિઓ વિષયના ગ્રહણાદિમાં પ્રવર્ત્તતી હોય છે. એ વૃત્તિઓનો પ્રવાહ પાપાવહ છે. વિષયોના દોષાદિના જ્ઞાનથી તેને અટકાવી શકાય છે અને ત્યાર પછી તેને વિવેકાદિથી મોક્ષ તરફ લઇ જવાય છે. તે અનુક્રમે વૈરાગ્ય અને અભ્યાસથી શક્ય બને છે.

વૃત્તિનિરોધનાં એ બંન્ને કારણોમાંના અભ્યાસનું સ્વરૂપ શ્લોકમાં **तत्राभ्यासः**... ઇત્યાદિ પદોથી જણાવ્યું છે. ક્લેશજનક વૃત્તિઓથી રહિત બનેલા ચિત્તને તેના સ્વરૂપાત્મક પરિણામમાં સ્થિર કરવા ચિત્તમાં એ પરિણામનો વારંવાર નિવેશ કરવો તે અભ્યાસ છે. '**तत्र स्थितौ यत्नोऽभ्यासः**' ॥१-१३॥ આ યોગસૂત્રથી અભ્યાસનું વર્ણન કરતાં જણાવ્યું છે કે તે પૂર્વે જણાવેલી ચિત્તવૃત્તિઓની નિરોધ અવસ્થામાં સ્થિર થવા માટે યોગનાં અંગભૂત યમ અને નિયમ(પાંચ વ્રતો અને શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય તથા ઇશ્વરપ્રણિધાન)માં પ્રયત્ન કરવા સ્વરૂપ અભ્યાસ છે.

આ અભ્યાસ લાંબા સમય સુધી નિરંતર અને શ્રદ્ધાદિ - આદરપૂર્વક કરવાથી દૃઢ-સ્થિર બને છે. આશય એ છે કે આ ચિત્ત વ્યુત્થાનકાળના સંસ્કારોથી અનાદિકાળથી ચંચળતાને જ ધારણ કરતું આવ્યું છે. તેથી ચંચળતા તો ચિત્તનો

સ્વાભાવિક ધર્મ જ બની ગયો છે. તેની તે ચંચળતા, અલ્પકાળસાધ્ય એવા ક્ષણિક એવા કોઇ ઉપાયથી દૂર થઇ જાય એ સંભવિત નથી. તેથી જે ઉપાયથી ચિત્તની ચંચળતા દૂર થઇ જાય અને તે સ્થિરતાને પ્રાપ્ત કરે એવો ઉપાય આચર્યા વિના છૂટકો નથી. અભ્યાસની દૃઢતા સિવાય એવો કોઇ ઉપાય નથી. યમ અને નિયમ વગેરે યોગનાં અંગભૂત અનુષ્ઠાનો; અલ્પકાળ માટે, સાતત્યના અભાવવાળા અને શ્રદ્ધા-તિતિક્ષાદિ સ્વરૂપ આદર વિના કરવાથી ચિત્તની સ્થિરતા પ્રાપ્ત થતી નથી. તેથી તે અનુષ્ઠાનો લાંબા કાળ સુધી નિરંતર શ્રદ્ધાદિઆદરપૂર્વક જ કરવાં જોઇએ, જેથી અભ્યાસ દૃઢભૂમિવાળો મજબૂત બને છે, જેથી ચિત્તની એકાગ્રતા બની રહે છે. દૃઢભૂમિવાળા અભ્યાસ વિના ચિત્ત એકાગ્ર બની શકતું નથી. ||૧૧-૭||

વૈરાગ્યનું સ્વરૂપ વર્ણવાય છે–

**या वशीकारसञ्ज्ञा स्याद्, दृष्टानुश्रविकार्थयोः ।**
**वितृष्णस्यापरं तत् स्याद्, वैराग्यमनधीनता ।।११-८।।**

येति–दृष्ट इहैवोपलभ्यमानः शब्दादिः, आनुश्रविकश्च अर्थो देवलोकादिः । अनुश्रूयते गुरुमुखादित्यनुश्रवो वेदस्ततः प्रतीयमान आनुश्रविक इति व्युत्पत्तेः । तयोः परिणामविरसत्वदर्शनात् । वितृष्णस्य विगतगर्द्धस्य या वशीकारसञ्ज्ञा "ममैवैते वश्या नाहमेतेषां वश्यः" इत्येवं विमर्शात्मिका । तदपरं वक्ष्यमाणपरवैराग्यात्पाश्चात्यं वैराग्यं स्याद् । अनधीनता फलतः पराधीनताभावरूपं । तदाह–"दृष्टानुश्रविकविषयवैतृष्ण्यस्य वशीकारसञ्ज्ञा वैराग्यमिति" [१-१५] ।।११-८।।

"વિષયની તૃષ્ણાથી રહિત ચિત્તને આ લોક સંબંધી અને પરલોકસંબંધી પદાર્થોમાં જે વશીકારસંજ્ઞા છે તે અનધીનતા સ્વરૂપ અપર વૈરાગ્ય છે." - આ પ્રમાણે આઠમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે આ લોકમાં ઉપલબ્ધ - દૃષ્ટ અર્થ શબ્દ, ગંધ, રૂપ વગેરે છે અને ગુરુદેવશ્રીના મુખે સાંભળવાના હોવાથી વેદને અનુશ્રવ કહેવાય છે. તેથી તે વેદથી ઉપલબ્ધ દેવલોકાદિ આનુશ્રવિક પદાર્થો છે. એ બંન્નેમાં વિરસતાનું જ્ઞાન થવાથી તૃષ્ણાથી રહિત થયેલા ચિત્તને 'આ દૃષ્ટ અને આનુશ્રવિક અર્થ મારે જ વશ છે. હું એને વશ નથી.' આવા પ્રકારની વિમર્શસ્વરૂપ વશીકાર સંજ્ઞા પ્રાપ્ત થાય છે. આ વશીકારસંજ્ઞાને અપર

વૈરાગ્ય કહેવાય છે. આ વૈરાગ્ય; પછી થનારા પર વૈરાગ્યની પૂર્વેનો હોવાથી અપર વૈરાગ્ય છે. અપર વૈરાગ્યના કારણે પરાધીનતાનો અભાવ થાય છે. સ્વ-આત્માને છોડીને બીજા બધા પર પદાર્થોની આધીનતા રહેતી ન હોવાથી ફળની અપેક્ષાએ અપરવૈરાગ્ય અનધીનતા સ્વરૂપ છે.

આ વાત '**दृष्टानुश्रविकविषयवैतृष्ण्यस्य वशीकारसञ्ज्ञा वैराग्यम्**' ।।૧-૧૫।। આ યોગસૂત્રથી પણ સમજી લેવી જોઇએ. દૃષ્ટ(શબ્દાદિ) અને આનુશ્રવિક (દેવલોકાદિ) પદાર્થ સ્વરૂપ વિષયોની તૃષ્ણાથી રહિત થયેલાને જે વશીકાર સંજ્ઞા થાય છે તેને વૈરાગ્ય કહેવાય છે.

અહીં સમજી લેવું જોઇએ કે અપર વૈરાગ્યની પરાકાષ્ઠા એ વશીકારસંજ્ઞા છે. એના ગ્રહણથી એની પૂર્વે થનારા યતમાન, વ્યતિરેક અને એકેન્દ્રિય આ અપરવૈરાગ્યનું પણ ગ્રહણ થઇ જ જાય છે. કારણ કે એ ત્રણની પ્રાપ્તિ વિના વશીકારસંજ્ઞાની પ્રાપ્તિ થતી નથી. સંસારના પદાર્થોમાં સારાસારનો નિર્ણય કરવા પૂ. ગુરુદેવશ્રીના શ્રીમુખે શાસ્ત્રશ્રવણાદિમાં પ્રયત્ન કરવો તે, અપર વૈરાગ્યની યતમાન અવસ્થા છે. નિવૃત્ત થયેલા રાગાદિમલથી ચિત્તના બાકી રહેલા મલને ભિન્ન સ્વરૂપે જાણીને તેને દૂર કરવા તે, અપર વૈરાગ્યની વ્યતિરેક અવસ્થા છે અને જ્યારે રાગાદિ ચિત્તમલો ઇન્દ્રિયના વિષયમાં પ્રવૃત્તિ કરાવવા સમર્થ બનતા નથી; ત્યારે તે ચિત્તમાત્રમાં જ રહેલા (કાર્યરત નહીં થનારા) કોઇ કોઇ વાર સહેજ સહેજ ચિત્તને વિષયોમાં ઉત્કંઠિત કરતા રહે છે. ચિત્તની આ અવસ્થા એકેન્દ્રિય અપર વૈરાગ્યની છે. આ ત્રણ અવસ્થામાંથી પસાર થયા પછી ચિત્ત અપર વૈરાગ્યની ચોથી અવસ્થાનો અનુભવ કરે છે. ।।૧૧-૮।।

અપર વૈરાગ્યનું વર્ણન કરીને હવે પર વૈરાગ્યનું નિરૂપણ કરાય છે–

**तत्परं जातपुंख्यातेर्गुणवैतृष्ण्यसञ्ज्ञकम् ।**
**बहिर्वैमुख्यमुत्पाद्य वैराग्यमुपयुज्यते ।।११-९।।**

तदिति–जातपुंख्यातेरुत्पन्नगुणपुरुषविवेकख्यातेः । गुणवैतृष्ण्यसञ्ज्ञकं गुणेष्वपि तृष्णाभावलक्षणम् । यथार्थाभिधानं परं प्रकृष्टं तद् वैराग्यम् । तदाह–"तत्परं पुरुषख्यातेर्गुणवैतृष्ण्यमिति [१-१६]" । प्रथमं हि विषयविषयं, द्वितीयं च गुणविषयमिति

भेदः । वहिर्वाह्यविषये वैमुख्यं दोषदर्शनजत्वात् प्रवृत्त्यभावलक्षणमुत्पाद्य वैराग्यमुपयुज्यते उपकाराधायकं भवति ॥११-९॥

"ઉત્પન્ન થયું છે પુરુષખ્યાતિસ્વરૂપ જ્ઞાન જેને એવા આત્માને(ચિત્તને) ગુણોમાં પણ જે તૃષ્ણાનો અભાવ થાય છે, તે પર વૈરાગ્ય છે. બાહ્ય શબ્દાદિ વિષયોમાં વિમુખતાને ઉત્પન્ન કરી વૈરાગ્ય ચિત્તવૃત્તિના નિરોધમાં ઉપયોગી બને છે." - આ પ્રમાણે નવમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે 'પુરુષ ચેતન છે, શુદ્ધ છે, અનંત છે અને પ્રકૃતિ જડ છે, મલિન છે, સાંત છે. તેથી પ્રકૃતિ પુરુષથી ભિન્ન છે.' આ રીતે ભિન્નસ્વરૂપે પુરુષનો જે સાક્ષાત્કાર થાય છે, તેને પુંખ્યાતિ કહેવાય છે. પુરુષ અને પ્રકૃતિના વિવેકનું જે જ્ઞાન; તેને પુંખ્યાતિ કહેવાય છે. તેના કારણે ગુણોમાં પણ તૃષ્ણા રહેતી નથી. તેથી સત્ત્વાદિ ગુણોના કાર્યમાં તૃષ્ણાનો અભાવ થવાથી આ વૈરાગ્યને પર વૈરાગ્ય કહેવાય છે. વૈરાગ્યનું 'પર' નામ તેના અર્થ મુજબ છે. આ વૈરાગ્ય અપર વૈરાગ્યની અપેક્ષાએ શ્રેષ્ઠ છે. તેથી અર્થને અનુસરી તેને 'પર' તરીકે વર્ણવ્યો છે. ઔદયિક-ભાવના સુખના સાધનભૂત શબ્દાદિ વિષયોમાં જે વૈરાગ્ય છે અને કર્મજન્ય હોવાથી તેના ક્ષયોપશમભાવમાં તેમ જ તેનાથી પ્રાપ્ત થનારા અર્થમાં જે વૈરાગ્ય છે - એ બંન્નેમાં જેટલો ફરક છે એટલો ફરક અહીં અપર અને પર વૈરાગ્યમાં છે.

'**तत्परं पुरुषख्यातेर्गुणवैतृष्ण्यम्**' ॥૧-૧૬॥ આ યોગસૂત્રથી પર વૈરાગ્યનું વર્ણન કરતાં જણાવ્યું છે કે પુરુષ અને પ્રકૃતિની ભિન્નતાનું જ્ઞાન થવાથી સંસાર ઉપર જે અભાવ થાય છે; તે પર વૈરાગ્ય છે. પ્રથમ અપર વૈરાગ્ય શબ્દાદિના વિષયમાં હતો અને આ બીજો, ગુણ(સત્ત્વાદિ)ના વિષયમાં છે. આટલો ભેદ-વિશેષ છે. બાહ્યવિષયોમાં દુષ્ટતા(દોષ)નું દર્શન કરાવીને ચિત્તની વિષયસંબંધી પ્રવૃત્તિના અભાવ સ્વરૂપ વિમુખતાને ઉત્પન્ન કરવા દ્વારા વૈરાગ્ય; ચિત્તની વૃત્તિઓનો નિરોધ કરવામાં ઉપયોગી બને છે. આથી સમજી શકાશે કે વૃત્તિઓના નિરોધ માટે પ્રથમ વૈરાગ્ય અપેક્ષિત છે અને પછી અભ્યાસ ઉપયોગી બને છે. ॥૧૧-૯॥

વૃત્તિઓના નિરોધમાં વૈરાગ્ય કઇ રીતે ઉપયોગી બને છે તે જણાવીને હવે તેમાં અભ્યાસ કઇ રીતે ઉપયોગી બને છે, તે જણાવાય છે–

**निरोधे पुनरभ्यासो, जनयन् स्थिरतां दृढाम् ।**
**परमानन्दनिष्यन्दशान्तस्रोतःप्रदर्शनात् ॥११-१०॥**

निरोध इति—निरोधे चित्तवृत्तिनिरोधे । अभ्यासः पुनर्दृढामतिशयितां स्थिरतामवस्थितिलक्षणां जनयन् । परमानन्दनिष्यन्दस्यातिशयितसुखार्णवनिर्झरभूतस्य शान्तस्रोतसः शान्तरसप्रवाहस्य प्रदर्शनादुपयुज्यते इत्यन्वयः । तत्रैव सुखमग्नस्य मनसोऽन्यत्र गमनायोगाद् । इत्थं च चित्तवृत्तिनिरोध इति योगलक्षणं सोपपत्तिकं व्याख्यातम् ॥११-१०॥

"ચિત્તવૃત્તિઓના નિરોધમાં અભ્યાસ, અત્યંત સ્થિરતાને ઉત્પન્ન કરતો પરમાનંદના ઝરણાના શાંતરસના પ્રવાહનું સારી રીતે દર્શન કરાવતો હોવાથી ઉપયોગી બને છે." - આ પ્રમાણે દશમા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે ચિત્તવૃત્તિઓનો નિરોધ કરવામાં પૂર્વે જણાવેલો અભ્યાસ અત્યંત દૃઢ એવી સ્થિરતાને પ્રાપ્ત કરાવે છે.

એ વખતે શ્રેષ્ઠતમ સુખરૂપ સમુદ્રના ઝરણા સ્વરૂપ શાંતરસના પ્રવાહનું સારી રીતે દર્શન થવાથી ચિત્ત સુખમાં મગ્ન બને છે. તેથી મનને બાહ્ય વિષયો તરફ જવાનું જ બનતું નથી. જેને જ્યાં આનંદ આવે તેનાથી બીજે જવાનું તેને ન જ બને એ સમજી શકાય છે. આ રીતે ચિત્તની દૃઢ સ્થિરતા દ્વારા ચિત્તના નિરોધમાં (ચિત્તવૃત્તિનિરોધમાં) અભ્યાસ ઉપયોગી બને છે. શ્લોક નં. ૯માનું **वैराग्यमुपयुज्यते** અહીં રહેલા **उपयुज्यते** આ પદનો સંબંધ અહીં પણ સમજી લેવો.

અહીં સુધીના દશ શ્લોકોથી **चित्तवृत्तिनिरोधं तु योगमाह...** ઇત્યાદિ વાતનું નિરૂપણ તેમની માન્યતા મુજબ સારી રીતે કર્યું. તેથી **चित्तवृत्तिनिरोधः** આ યોગલક્ષણનું નિરૂપણ પૂર્ણ થયું. ॥૧૧-૧૦॥

अथ तद्दूषयन्नाह—

**चित्तवृत्तिनिरोधो योगः** - આ યોગલક્ષણ વગેરેમાં દોષ જણાવાય છે—

**न चैतद् युज्यते किञ्चिदात्मन्यपरिणामिनि ।**
**कूटस्थे स्यादसंसारोऽमोक्षो वा तत्र हि ध्रुवम् ॥११-११॥**

न चैति—न चैतत् पूर्वोक्तं किञ्चिदपरिणामिनि आत्मनि युज्यते । तत्रात्मनि हि कूटस्थे एकान्तिकस्वभावे सति । असंसारः संसाराभाव एव स्यात्, पुष्करपत्रवन्निर्लेपस्य

तस्याविचलितस्वभावत्वात् । प्रकृतितद्विकारोपहितस्वभावे च तस्मिन् संसारदशायामभ्युपगम्यमाने । ध्रुवं निश्चितममोक्षो मोक्षाभावो वा स्याद्, मुक्तिदशायां पूर्वस्वभावस्य त्यागे कौटस्थ्यहानिप्रसङ्गात् ।।११-११।।

"આ પૂર્વે જણાવેલું કાંઇ પણ; આત્મા અપરિણામી હોવાથી ઘટતું નથી. આત્મા કૂટસ્થ હોતે છતે આત્માનો અસંસાર જ માનવો પડશે. તેમ જ ચોક્કસપણે તેના મોક્ષનો અભાવ માનવો પડશે." - આ પ્રમાણે અગિયારમા શ્લોકનો સામાન્ય અર્થ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે સાંખ્યદર્શનકારોએ આત્માને અપરિણામી માન્યો છે. આત્માનો એવો કોઇ જ પરિણામ ન હોવાથી પૂર્વે જણાવ્યા મુજબની કોઇ પણ વાત સંગત થતી નથી. કારણ કે આત્માનો એકાંતે એક સ્વભાવ માનવામાં આવે તો તે સ્વરૂપ કૂટસ્થ આત્માને સંસારાભાવનો જ પ્રસંગ આવશે. પુષ્કર(કમલવિશેષ)ના પાંદડાની જેમ આત્મા (પુરુષ) સર્વથા નિર્લેપ હોવાથી આત્માના સ્વભાવમાં કોઇ પણ જાતિની વિચલિતતા નહીં આવે. તેથી આત્માનો તેવો નિર્લેપ સ્વભાવ માન્યા વિના પ્રકૃતિ અને તેના વિકાર(બુદ્ધિ વગેરે)ના ઔપાધિક સંબંધના કારણે તેનો(આત્માનો) અનાદિકાળથી સંસાર છે. અર્થાત્ અનાદિકાલીન એ ઔપાધિક સંબંધ સંસારદશામાં હોય છે એમ માનવાથી આત્માનો સંસાર સંગત છે. તેથી સંસારાભાવનો પ્રસંગ નહીં આવે. આવું યદ્યપિ કહી શકાય છે, પરંતુ તેથી આત્માનો ક્યારે પણ મોક્ષ ન થવાનો પ્રસંગ આવશે. કારણ કે મોક્ષદશામાં પૂર્વસ્વભાવનો ત્યાગ થવાથી આત્માની કૂટસ્થતાની હાનિ થશે અને તે હાનિના નિવારણ માટે સંસારદશાના સ્વભાવનો ત્યાગ માનવામાં ન આવે તો મોક્ષના અભાવનો પ્રસંગ આવશે. તેથી સ્પષ્ટ છે કે આત્માને અપરિણામી માનવાના કારણે સંસાર અને મોક્ષ સંગત નથી... ઇત્યાદિ વિચારવું. ।।૧૧-૧૧।।

સાંખ્યદર્શનમાં બીજું પણ જે અસંગત છે - તે જણાવાય છે–

**प्रकृतेरपि चैकत्वे, मुक्तिः सर्वस्य नैव वा ।**
**जडायाश्च पुमर्थस्य, कर्त्तव्यत्वमयुक्तिमत् ।।११-१२।।**

प्रकृतेरिति–प्रकृतेरपि चैकत्वेऽभ्युपगम्यमाने सर्वस्य मुक्तिः स्याद्, नैव वा कस्यचित् स्याद् । एकं प्रति विलीनोपधानायास्तस्याः सर्वान्प्रति तथात्वाद्, एकं प्रत्यताद्दश्याश्च सर्वान् प्रत्यतथात्वाद् । अन्यथा स्वभावभेदे प्रकृतिभेदप्रसङ्गात् । किं चात्मनोऽव्याप्रियमाणस्य भोगसम्पादनार्थमेव प्रकृतिः प्रवर्तत इति भवतामभ्युपगमः । तदुक्तं– "द्रष्टा द्दशिमात्रः शुद्धोऽपि प्रत्ययानुपश्यः । [२-२०] तदर्थ एव द्दश्यस्यात्मेति" [२-२१] जडायाश्च तस्याः पुमर्थस्य कर्तव्यत्वमयुक्तिमत् । "पुरुषार्थो मया कर्तव्य" इत्येवंविधाध्यवसायो हि पुरुषार्थकर्तव्यता, तत्स्वभावे च प्रकृतेर्जडत्वव्याघात इति ॥११-१२॥

"તેમ જ પ્રકૃતિને એક માનવાથી બધાની મુક્તિ થઇ જશે અથવા કોઇની પણ મુક્તિ નહીં થાય. બીજું જડ એવી પ્રકૃતિનું પુરુષના ભોગ માટેનું કર્ત્તવ્યત્વ યુક્તિસંગત નથી." - આ પ્રમાણે બારમા શ્લોકનો સામાન્ય અર્થ છે. આશય એ છે કે જેમ આત્માને અપરિણામી માનવામાં દોષ છે તેમ પ્રકૃતિને એક માનવામાં પણ દોષ છે. પ્રકૃતિને એક માનવાથી એક સાથે બધાનો મોક્ષ થઇ જશે અથવા તો કોઇનો જ મોક્ષ નહિ થાય. કારણ કે એક પુરુષની પ્રત્યે ઔપાધિક સંબંધ વિલીન થઇ ગયો હોય તો બધાની પ્રત્યે પ્રકૃતિ તાદૃશ વિલીનસંબંધવાળી જ હોવી જોઇએ અને એક પુરુષની પ્રત્યે તેવી ન હોય તો બધાની પ્રત્યે પણ તેવી ન હોવી જોઇએ. તેથી કાં તો બધાની મુક્તિ થઇ જશે અને નહિ તો કોઇની પણ મુક્તિ નહીં થાય. અન્યથા કોઇની મુક્તિ થાય અને કોઇની મુક્તિ ન થાય તો પ્રકૃતિના સ્વભાવોમાં ભેદ પડવાથી પ્રકૃતિનો પણ ભેદ માનવાનો પ્રસંગ આવશે.

યદ્યપિ પ્રકૃતિ એક હોવા છતાં જે પુરુષને વિવેક-ખ્યાતિનો ઉદય થયો છે; તેની પ્રત્યે પ્રકૃતિ કે તેના વિકારાદિ અકિંચિત્કર હોવાથી તે પુરુષની મુક્તિ થઇ જાય છે, બધાની નહિ. તેથી પ્રકૃતિને એક માનવાથી બધાનો મોક્ષ કે મોક્ષાભાવ માનવાનો પ્રસંગ નહીં આવે. પરંતુ પ્રકૃતિ જડ હોવાથી પ્રકૃતિની પુરુષ માટેની પ્રવૃત્તિ યુક્તિસંગત નથી. આશય એ છે કે સાંખ્યોની માન્યતા મુજબ આત્મા-પુરુષ સર્વથા નિષ્ક્રિય છે. તેના ભોગ(સુખદુઃખાદિનો સાક્ષાત્કાર) સંપાદન માટે જ પ્રકૃતિ કાર્યરત છે. પુરુષ ચેતન છે પણ કર્ત્તા નથી અને પ્રકૃતિ કાર્ય કરનારી છે પણ ચેતન નથી. આ વાત **'द्रष्टा दृशिमात्रः शुद्धोऽपि**

**प्रत्ययानुपश्यः**' ॥૨-૨૦॥ અને '**तदर्थ एव दृश्यस्यात्मा**' ॥૨-૨૧॥ આ યોગસૂત્રમાં જણાવી છે. એનો આશય એ છે કે દ્રષ્ટા-પુરુષ જ્ઞાનસ્વરૂપ છે. શુદ્ધ એવો પણ તે બુદ્ધિગત ઘટાદિવિષયક પ્રત્યય(વિષયાકાર પરિણત જ્ઞાન)થી બુદ્ધિ જેવો દેખાય છે. પુરુષના ભોગ માટે જ દશ્ય બુદ્ધિ વગેરેનું સ્વરૂપ છે. આ સૂત્રથી એમ જણાય છે કે જડ એવી પ્રકૃતિમાં પુરુષના અર્થનું કર્ત્તવ્યત્વ છે, પરંતુ તે યુક્તિસંગત નથી. "પુરુષનો અર્થ મારે કરવો જોઈએ" આવો અધ્યવસાય જ પુરુષાર્થકર્ત્તવ્યતા છે. પુરુષાર્થકર્ત્તવ્યત્વના અનુરોધથી પ્રકૃતિને તેવા અધ્યવસાયવાળી માની લેવાય તો પ્રકૃતિને ચેતનાસ્વરૂપ માનવાનો પ્રસંગ આવશે, જેથી પ્રકૃતિને જડ માનવાના સ્વસિદ્ધાંતનો વ્યાઘાત થશે... ઈત્યાદિ ભણાવનાર પાસેથી સમજી લેવું જોઈએ. સાંખ્યદર્શનપ્રસિદ્ધ વસ્તુનું વિસ્તારથી વર્ણન કરવાનું અહીં શક્ય નથી. ॥૧૧-૧૨॥

अत्र स्वसिद्धान्ताशयं प्रकटयन् पूर्वपक्षी शङ्कते–

આત્મા-પુરુષને અપરિણામી શા માટે મનાય છે તે જણાવવા માટે પોતાના સિદ્ધાંતના આશયને જણાવતાં પૂર્વપક્ષી(સાંખ્યાદિ) શંકા કરે છે. આશય એ છે કે આત્માને અપરિણામી માનવાથી શ્લો. નં. ૧૧માં જણાવ્યા મુજબ દોષો આવે છે - તે જણાવ્યું. તેથી આત્માને અપરિણામી શા માટે મનાય છે અને પરિણામી માનવામાં કયો દોષ છે તે જણાવવા સાંખ્યો શંકા કરે છે–

**ननु चित्तस्य वृत्तीनां, सदा ज्ञाननिबन्धनात् ।**
**चिच्छायासङ्क्रमाद्धेतोरात्मनोऽपरिणामिता ॥११-१३॥**

नन्विति–ननु चित्तस्य वृत्तीनां प्रमाणादिरूपाणां । सदा सर्वकालमेव । ज्ञाननिबन्धनात् परिच्छेदहेतोः। चिच्छायासङ्क्रमाद्धेतोर्लिङ्गादात्मनोऽपरिणामिताऽनुमीयते । इदमुक्तं भवति-पुरुषस्य चिद्रूपस्य सदैवाधिष्ठातृत्वेन सिद्धस्य यदन्तरङ्गं निर्मलं ज्ञेयं सत्त्वं तस्यापि सदैव व्यवस्थितत्वात्तद्येनार्थेनोपरक्तं भवति तथाविधस्य दृश्यस्य चिच्छायासङ्क्रान्तिसद्भावात् सदा ज्ञातृत्वं सिद्धं भवति । परिणामित्वे त्वात्मनश्चिच्छायासङ्क्रमस्यासार्वदिकत्वात् सदा ज्ञातृत्वं न स्यादिति । तदिदमुक्तं–"सदा ज्ञाताश्चित्तवृत्तयस्तत्प्रभोः पुरुषस्यापरिणामित्वादिति" [४-१८] ॥११-१३॥

"સદાને માટે ચિત્તની પ્રમાણ, ભ્રમ, વિકલ્પ... વગેરે વૃત્તિઓ જ્ઞાનની કારણ હોવાથી ચિચ્છાયાસઙ્ક્રમસ્વરૂપ લિંગ-હેતુથી આત્માની અપરિણામિતા મનાય છે." - આ પ્રમાણે તેરમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે પુરુષ ચિદ્રૂપ(ચૈતન્યસ્વરૂપ) કાયમ માટે અધિષ્ઠાતા (રહેનાર, કોઇનું પણ અધિકરણ નહિ થનાર) તરીકે સિદ્ધ છે. તેનું જ્ઞેય તરીકે સત્ત્વભૂત સદાને માટે નિર્મળ ચિત્ત છે. તે પણ સદાને માટે વ્યવસ્થિત હોવાથી તેને જાણવાનું નિરંતર ચાલતું હોય છે. એ અંતરંગ(મહત્ત્વનું) ચિત્ત; જે પણ ઘટાદિ અર્થથી ઉપરક્ત(પરિણત) બને છે, તે દૃશ્યની ચિત્ છાયામાં સંક્રાંતિ થવાથી પુરુષમાં સદાને માટે જ્ઞાતૃત્વ સિદ્ધ થાય છે. તેના અનુરોધથી આત્માને અપરિણામી મનાય છે. આત્માને જો પરિણામી માનવામાં આવે તો કોઇ વાર આત્મામાં ચિત્ છાયાના સઙ્ક્રમનો અભાવ થવાથી સદાને માટે તેમાં જ્ઞાતૃત્વ નહીં રહે. આ વાતને જણાવતાં '**सदा ज्ञाताश्चित्तवृत्तयस्तत्प्रभोः पुरुषस्यापरिणामित्वाद्**' ।।૪-૧૮।। આ યોગસૂત્રથી જણાવ્યુ છે કે વિષયાકાર ચિત્ત જ તે ચેતન-પુરુષનો વિષય હોય છે. તે ચિત્તના સ્વામી એવા પુરુષને સદા ચિત્તની વૃત્તિઓ જ્ઞાત રહે છે. કારણ કે પુરુષ અપરિણામી છે... ઇત્યાદિ સમજી લેવું જોઇએ. ।।૧૧-૧૩।।

ननु चित्तमेव सत्त्वोत्कर्षाद्यदि प्रकाशकं तदा तस्य स्वप्रकाशरूपत्वादर्थग्ये-वात्मनोऽपि प्रकाशकत्वेन व्यवहारोपपत्तौ किं ग्रहीत्रन्तरेणेत्यत आह—

આત્માને અપરિણામી જે કારણથી માનવામાં આવે છે એ કારણને જાણીને સાંખ્યોને એમ જણાવાય છે કે ચિત્તનો જ્ઞાતા આત્મા અને ઘટાદિનું ગ્રાહક (પ્રકાશક) ચિત્ત; આ પ્રમાણે બે પ્રકાશક શા માટે માનવા જોઇએ. કારણ કે સત્ત્વગુણના ઉત્કર્ષથી ચિત્ત જ જો ઘટાદિનો પ્રકાશક છે તો તે પોતે પ્રકાશસ્વરૂપ હોવાથી દીપકની જેમ પોતાનું પણ પ્રકાશક થશે. તેથી જ જ્ઞાનાદિવ્યવહાર સંગત થતા હોવાથી ચિત્તના પ્રકાશક તરીકે ગ્રહીત્રન્તર (ઘટાદિના ગ્રહીતૃ ચિત્તથી ભિન્ન ગ્રહીતા) - પુરુષની કલ્પના કરવાની આવશ્યકતા નથી. આ પ્રમાણેની શંકાના સમાધાન માટે સાંખ્યો તરફથી જણાવાય છે—

**स्वाभासं खलु नो चित्तं, दृश्यत्वेन घटादिवत् ।**
**तदन्यदृश्यतायां चानवस्थास्मृतिसङ्करौ ।।૧૧-૧૪।।**

स्वाभासमिति–चित्तं खलु नो नैव स्वाभासं स्वप्रकाश्यं किं तु द्रष्टृवेद्यं, दृश्यत्वेन दृग्विषयत्वेन घटादिवत् । यद्यद् दृश्यं तत्तद् द्रष्टृवेद्यमिति व्याप्तेस्तदिदमुक्तं–"न तत्स्वाभासं दृश्यत्वाद् [४-१९] अन्तर्बहिर्मुखव्यापारद्वयविरोधात्, तन्निष्पाद्यफलद्वयस्यासंवेदनाच्च बहिर्मुखतयैवार्थनिष्ठत्वेन चित्तस्य संवेदनादर्थनिष्ठमेव तत्फलं न स्वनिष्ठमिति राजमार्तण्डः" । तथापि चित्तान्तरदृश्यं चित्तमस्त्वित्यत आह–यदि बुद्धिर्बुद्ध्यन्तरेण वेद्येत तदा सापि बुद्धिः स्वयं बुद्ध्या बुद्ध्यन्तरं प्रकाशयितुमसमर्थेति तस्या ग्राहकं बुद्ध्यन्तरं कल्पनीयं, तस्याप्यन्यदित्यनवस्थानात् पुरुषायुषः सहस्रेणापि अर्थप्रतीतिर्न स्यात् । न हि प्रतीतावप्रतीतायामर्थः प्रतीतो भवति । तथा स्मृतिसङ्करोऽपि स्यादेकस्मिन् रूपे रसे वा समुत्पन्नायां बुद्धौ तद्ग्राहिकाणामनन्तानां बुद्धीनामुत्पत्तेस्तज्जनितसंस्कारैर्युगपद्बह्वीषु स्मृतिषूत्पन्नासु कस्मिन्नर्थे स्मृतिरियमुत्पन्नेति ज्ञातुमशक्यत्वात् । तदाह–"एकसमये चोभयानवधारणं [४-२०] । चित्तान्तरदृश्ये बुद्धिबुद्धेरतिप्रसङ्गः स्मृतिसङ्करश्चेति" [४-२१] ॥११-१४॥

"દૃશ્ય હોવાથી ઘટાદિની જેમ ચિત્ત સ્વપ્રકાશ્ય નથી. પરંતુ દ્રષ્ટા-પુરુષથી વેદ્ય(જ્ઞેય) છે. ચિત્તને પુરુષથી વેદ્ય માનવાના બદલે બીજા ચિત્તથી દૃશ્ય માનવામાં આવે તો અનવસ્થા અને સ્મૃતિસંકર નામના દોષો આવશે." - આ પ્રમાણે ચૌદમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે ઘટાદિ પદાર્થો જેમ દૃશ્ય હોવાથી સ્વભિન્ન ચિત્તથી વેદ્ય (પ્રકાશ્ય) છે, સ્વપ્રકાશ્ય નથી. તેવી જ રીતે ચિત્ત પણ પુરુષનું દૃશ્ય હોવાથી સ્વપ્રકાશ્ય નથી. પરંતુ પુરુષ-દ્રષ્ટાથી વેદ્ય છે. 'જે જે જ્ઞાનના વિષય(દૃશ્ય) છે તે તે દ્રષ્ટાથી વેદ્ય છે.' આ વ્યાપ્તિ(નિયમ)થી ચિત્તને સ્વાભાસ (સ્વપ્રકાશ્ય-સ્વયં-પ્રકાશસ્વરૂપ) મનાતું નથી. આ પ્રમાણે '**न तत्स्वाभासं दृश्यत्वात्**' ॥૪-૧૯॥ આ સૂત્રથી જણાવ્યું છે. એના આશયને સ્પષ્ટ કરતાં રાજમાર્ત્તણ્ડ વિદ્વાને જણાવ્યું છે કે એક કાલે અંતર્મુખવ્યાપાર અને બહિર્મુખવ્યાપાર એ બંન્નેનો વિરોધ હોવાથી ચિત્ત પોતાને પ્રકાશિત કરે અને ઘટાદિને પણ પ્રકાશિત કરે એ શક્ય નથી. ચિત્તના એ વ્યાપારથી ઉત્પન્ન થનારા સ્વપર વિષયના જ્ઞાન સ્વરૂપ ફળદ્વયનો અનુભવ પણ થતો નથી. તેથી બહિર્મુખવ્યાપાર વડે ઘટાદિ અર્થમાં ચિત્ત રહેલું હોવાથી ચિત્તનું ફળ સંવેદનાર્થ ઘટાદિમાં જ મનાય છે. પરંતુ ચિત્તમાં પોતામાં મનાતું નથી... ઇત્યાદિ સમજી શકાય છે.

ઉપર જણાવ્યા મુજબ ઘટાદિ અને ચિત્ત બંન્ને દશ્યના પ્રકાશક જુદા જુદા માનવાનું આવશ્યક હોય તોપણ ચિત્તને પુરુષથી વેદ્ય માનવાના બદલે ચિત્તાંતરથી વેદ્ય માનવું જોઇએ - આ પ્રમાણે કહેવાનું બરાબર નથી. કારણ કે તેથી અનવસ્થા અને સ્મૃતિસંકર નામના દોષનો પ્રસંગ આવશે. જો બુદ્ધિ (ચિત્ત), બુદ્ધ્યંતરથી વેદ્ય બને તો તે પણ બુદ્ધિ, બુદ્ધિ વડે બુદ્ધ્યંતરનું વેદન કરાવવા અસમર્થ હોવાથી તેના વેદન માટે ગ્રાહક તરીકે બુદ્ધ્યંતરની કલ્પના કરવી પડશે. ત્યાર પછી તેણીના પ્રકાશક તરીકે અન્ય બુદ્ધ્યંતરની કલ્પના કરવી પડશે, જેથી હજાર વર્ષના પણ આયુષ્યમાં પુરુષને-આત્માને અર્થની પ્રતીતિ નહીં થાય. કારણ કે પ્રતીતિમાં; બુદ્ધિ અપ્રતીત હોય તો અર્થ પ્રતીત થતો નથી તેમ જ સ્મૃતિસંકર પણ થશે.

આશય એ છે કે જ્યારે ચિત્તને ચિત્તાંતરથી વેદ્ય માનવામાં આવે ત્યારે ચિત્તથી એકાદ રૂપ કે રસને વિશે બુદ્ધિ થયે છતે તે તે બુદ્ધિને ગ્રહણ કરનારી અનંતી બુદ્ધિઓની (રસાદિગ્રાહક, રસાદિજ્ઞાનગ્રાહક, રસાદિજ્ઞાનજ્ઞાનગ્રાહક... ઇત્યાદિ બુદ્ધિઓની) ઉત્પત્તિ થવાથી તે તે બુદ્ધિઓથી અનંતા સંસ્કારોની ઉત્પત્તિ થાય છે અને એ સંસ્કારોથી એકી સાથે અનંતી સ્મૃતિઓ ઉત્પન્ન થયે છતે; કયા અર્થમાં આ સ્મૃતિ ઉત્પન્ન થઇ છે એ જાણી નહીં શકાય. આ પ્રમાણે યોગસૂત્રમાં **'एकसमये चोभयानवधारणम्'** ॥૪-૨૦॥ અને **'चित्तान्तरदृश्ये बुद्धिबुद्धेरतिप्रसङ्गः स्मृतिसङ्करश्च'** ॥૪-૨૧॥ આ સૂત્રથી જણાવ્યું છે. એનો અર્થ સ્પષ્ટ છે કે એક કાળમાં વિષયનું અને ચિત્તનું પોતાનું ગ્રહણ શક્ય નથી અને ચિત્તાંતરથી ચિત્તને દશ્ય માનવામાં બુદ્ધિથી બુદ્ધિનું ગ્રહણ થવાથી અતિપ્રસંગ (અનવસ્થા) તેમ જ સ્મૃતિસંકર દોષ આવશે, જે ઉપર જણાવ્યા છે. ॥૧૧-૧૪॥

नन्वेवं कथं विषयव्यवहार इत्यत्राह–

આ રીતે ચિત્ત સ્વાભાસ(સ્વપ્રકાશ્ય) ન હોય અને ચિત્તાંતરથી ગ્રાહ્ય ન હોય તો તે પુરુષથી પણ ગ્રાહ્ય અર્થાત્ પુરુષના ગ્રહણનો વિષય કઇ રીતે બનશે, કારણ કે ચિત્ત; જેમ વિષયની સાથે ઇન્દ્રિયો દ્વારા સંબદ્ધ થઇને વિષયભૂત ઘટાદિના આકારમાં પરિણત થાય છે અને તેથી વિષયને ગ્રહણ કરે છે તેમ પુરુષ તો અપરિણામી - અસંગ હોવાથી ચિત્તાકારમાં પરિણત નહીં થાય, તો પછી

તે (પુરુષ) ચિત્તને વિષય કઇ રીતે બનાવશે - આ શંકાનું સાંખ્યો તરફથી સમાધાન કરાય છે–

**अङ्गाङ्गिभावचाराभ्यां, चितिरप्रतिसङ्क्रमा ।**
**द्रष्टृदृश्योपरक्तं तच्चित्तं सर्वार्थगोचरम् ।।११-१५।।**

अङ्गेति–चितिः पुरुषरूपा चिच्छक्तिः । अङ्गाङ्गिभावचाराभ्यां परिणाम-परिणामिभावगमनाभ्याम् । अप्रतिसङ्क्रमा अन्येनासङ्कीर्णा । यथा हि गुणाः स्वबुद्धिगमनलक्षणे परिणामेऽङ्गिनमुपसङ्क्रामन्ति तद्रूपतामिवापद्यन्ते, यथा चा(वा) लोकपरमाणवः प्रसरन्तो विषयं व्याप्नुवन्ति, नैवं चितिशक्तिः, तस्याः सर्वदैकरूपतया स्वप्रतिष्ठितत्वेन व्यवस्थितत्वादित्यर्थः । तत्तस्माच्चित्सन्निधाने बुद्धेस्तदाकारतापत्तौ चेतनायामिवोपजायमानायां बुद्धिवृत्तिप्रतिसङ्क्रान्तायाश्च चिच्छक्तेर्बुद्ध्यविशिष्टतया सम्पत्तौ स्वसम्बुद्ध्युपपत्तेरित्यर्थः । द्रष्टृदृश्याभ्यामुपरक्तं द्रष्टृरूपतामिवापन्नं गृहीतविषया-कारपरिणामं च चित्तं सर्वार्थगोचरं सर्वविषयग्रहणसमर्थं भवति । तदुक्तं–"चितेर-प्रतिसङ्क्र(ग)मायास्तदाकारापत्तौ स्वबुद्धिसंवेदनं [४-२२] द्रष्टृदृश्योपरक्तं चित्तं सर्वार्थं [४-२३]" यथा हि निर्मलं स्फटिकदर्पणाद्येव प्रतिबिम्बग्रहणसमर्थमेवं रजस्तमोभ्यामनभिभूतं सत्त्वं शुद्धत्वाच्चिच्छायाग्रहणसमर्थं, न पुनरशुद्धत्वाद्रजस्तमसी । ततो न्यग्भूतरजस्तमो-रूपमङ्गितया सत्त्वं निश्चलप्रदीपशिखाकारं सदैवैकरूपतया परिणममानं चिच्छाया-ग्रहणसामर्थ्यादामोक्षप्राप्तेरवतिष्ठते । यथाऽयस्कान्तसन्निधाने लोहस्य चलनमाविर्भवति, एवं चिद्रूपपुरुषसन्निधाने सत्त्वस्याभिव्यङ्ग्यमभिव्यज्यते चैतन्यमिति ।।११-१५।।

"પરિણામ અને પરિણામી ભાવને પામવા વડે પુરુષની (પુરુષસ્વરૂપ) ચિત્શક્તિનો પ્રતિસઙ્ક્રમ થતો નથી. દ્રષ્ટા (પુરુષ) અને દૃશ્ય(ઘટાદિ)થી રંગાયેલું (તદાકાર બનેલું) ચિત્ત સર્વઅર્થવિષયક છે." - આ પ્રમાણે પંદરમા શ્લોકનો સામાન્ય અક્ષરાર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે પુરુષ ચિદ્રૂપ (ચેતન) છે. પુરુષસ્વરૂપ જ ચિત્ શક્તિ છે, જે; શુદ્ધ, નિર્લેપ અને સદૈવ એક સ્વરૂપ છે. તેનો કોઇ જ પરિણામ નથી. તેથી તે પરિણામી પણ નથી. પરિણામભાવ અને પરિણામિભાવમાં તેનું ગમન થતું નથી, તેથી તેવા ગમન(પ્રાપ્તિ) વડે જે પ્રતિસઙ્ક્રમ(ત્યાં જઇને તદ્રૂપતાને ધારણ કરવા સ્વરૂપ) થતો હોય છે તે પ્રતિસઙ્ક્રમ ન થવાથી ચિત્શક્તિ અપ્રતિસઙ્ક્રમા છે.

જેમ સત્ત્વ, રજસ્ અને તમસ્ ગુણો પોતાના આશ્રયભૂત બુદ્ધિના ગમન સ્વરૂપ પરિણામમાં; અગ્નિ-ઘટાદિને વિશે ઉપસઙ્ક્રમ કરે છે, અર્થાત્ તદ્રૂપજેવા બને છે તેમ જ જેમ તેજ(પ્રકાશ)ના પરમાણુઓ ફેલાઇને ઘટાદિ વિષયને વ્યાપ્ત કરે છે તેમ ચિતિશક્તિ કોઇ પણ સ્થાને જઇને તદ્રૂપતાને પામતી નથી. તેણી સર્વદા એક જ સ્વરૂપે સ્વ(પોતામાં)પ્રતિષ્ઠિત થઇને રહેલી છે. તેથી ચેતન-પુરુષના સંનિધાનમાં બુદ્ધિ જ્યારે પુરુષાકારમાં પરિણત થાય છે ત્યારે તે ચેતનાની જેમ બને છે. તેથી બુદ્ધિમાં પ્રતિબિંબિત થઇને રહેનારી ચિત્શક્તિ બુદ્ધિના જેવી જ બની જાય છે. આથી ચિત્તની બુદ્ધિ(દૃશ્યતા) ઉપપન્ન થવાથી ચિત્ત વિષય બને છે. બુદ્ધિમાં ચિત્શક્તિ પ્રતિસઙ્ક્રાંત ન બને તો ચિત્ત; ગ્રાહ્ય નહીં બને. તેથી ચિત્તને પુરુષગ્રાહ્ય મનાય છે.

આથી સમજી શકાશે કે દ્રષ્ટા અને દૃશ્ય : બંન્નેથી ચિત્ત ઉપરક્ત છે. દ્રષ્ટા-પુરુષની જેમ બનેલું અને ગ્રહણ કર્યો છે વિષય(ઘટાદિ)ના આકારનો પરિણામ જેણે એવું તે ચિત્ત સર્વ વિષયને ગ્રહણ કરવામાં સમર્થ થાય છે. **"चितेरप्रतिसङ्क्रमायास्तदाकारापत्तौ स्वबुद्धिसंवेदनम्'** ।।૪-૨૨।। અને **"द्रष्टृदृश्योपरक्तं चित्तं सर्वार्थम्"** ।।૪-૨૩।। આ યોગસૂત્રોથી ઉપર જણાવ્યા મુજબ જણાવ્યું છે. જેમ સ્વચ્છ સ્ફટિક કે દર્પણ વગેરે પ્રતિબિંબગ્રહણમાં સમર્થ હોય છે; તેમ રજોગુણ અને તમોગુણથી અભિભૂત થયેલું ચિત્ત ન હોય એવું સત્ત્વગુણમય ચિત્ત શુદ્ધ-નિર્મળ હોવાથી ચિત્છાયાને ગ્રહણ કરવા સમર્થ બને છે. પરંતુ રજોગુણ કે તમોગુણથી અભિભૂત થયેલું ચિત્ત ચિત્છાયાને ગ્રહણ કરવા સમર્થ બનતું નથી. તેથી રજોગુણ અને તમોગુણ જેના ન્યગ્ભૂત (આચ્છાદિત-અભિભૂત) થયા છે એવા ચિત્તનો જે સત્ત્વગુણ છે તે પરિણામીસ્વરૂપે નિશ્ચલ-સ્થિર દીપશિખા જેવું (સત્ત્વ); સદા એકસ્વરૂપે (ચિદ્રૂપપુરુષની છાયાને પ્રતિસઙ્ક્રાંત કરતું) પરિણામ પામતું ચિત્છાયા-ગ્રહણના સામર્થ્યથી મોક્ષની પ્રાપ્તિ થાય ત્યાં સુધી અવસ્થિત રહે છે. જેમ અયસ્કાંત(લોહચુંબક) મણિના સંનિધાનમાં લોઢાની ચંચળતા પ્રગટ થાય છે તેમ ચિદ્રૂપપુરુષના સંનિધાનમાં સત્ત્વનું અભિવ્યંગ્ય(જણાવવા યોગ્ય) ચૈતન્ય જણાય છે. અહીં યાદ રાખવું જોઇએ કે ગુણ અને ગુણીને અભેદ હોવાથી ચિત્તને ગુણસ્વરૂપ માનીને ગુણસ્વરૂપે ઉલ્લેખ કર્યો છે... ઇત્યાદિ ઉપયોગપૂર્વક વિચારવું. ।।૧૧-૧૫।।

इत्थं च द्विविधा चिच्छक्तिरित्याह–

આ રીતે ચેતન અને ચિત્તમાં રહેનારી ચિત્શક્તિ હોવાથી તે બે પ્રકારની છે, તે જણાવાય છે–

**नित्योदिता त्वभिव्यङ्ग्या, चिच्छक्तिर्द्विविधा हि नः ।**
**आद्या पुमान् द्वितीया तु, सत्त्वे तत्सन्निधानतः ।।११-१६।।**

नित्येति–नित्योदिता, तु पुनरभिव्यङ्ग्या । द्विविधा हि नोऽस्माकं चिच्छक्तिः । आद्या नित्योदिता पुमान् पुरुष एव । द्वितीयाऽभिव्यङ्ग्या तु तत्सन्निधानतः पुंसः सामीप्यात् सत्त्वे सत्त्वनिष्ठ । यद्भोजः–"अत एवास्मिन् दर्शने द्वे चिच्छक्ती नित्योदिता अभिव्यङ्ग्या च । नित्योदिता चिच्छक्तिः पुरुषः, तत्सन्निधानाभिव्यक्त्याभिष्वङ्गचैतन्यं सत्त्वमभिव्यङ्ग्या चिच्छक्तिरिति" ।।११-१६।।

"અમારે ત્યાં ચિત્શક્તિ બે પ્રકારની મનાય છે. એક નિત્યોદિતા અને બીજી અભિવ્યંગ્યા. એમાં પહેલી પુરુષમાં છે અને બીજી પુરુષના સંનિધાનમાં સત્ત્વમાં (શુદ્ધચિત્તમાં) રહેલી છે." - આ પ્રમાણે સોળમા શ્લોકનો અર્થ છે. આશય સ્પષ્ટ છે. ઉપર જણાવેલી વાતને ભોજે પણ વર્ણવી છે. - "આથી જ આ સાંખ્યદર્શનમાં બે ચિત્શક્તિ છે. નિત્યોદિતા અને અભિવ્યંગ્યા. નિત્યોદિતા (સદાને માટે એક સ્વરૂપ, સર્વથા અપરિણામિની) પુરુષસ્વરૂપ છે અને બીજી પુરુષના સંનિધાનના કારણે અભિવ્યક્ત થવાથી અભિષ્વઙ્ગ ચૈતન્યસ્વરૂપ સત્ત્વમાં રહેનારી અભિવ્યંગ્યા ચિત્શક્તિ છે"... ઇત્યાદિ સુગમ છે. ।।૧૧-૧૬।।

इत्थं च भोगोपपत्तिमप्याह–

ઉપર જણાવ્યા મુજબ માનવાથી પુરુષને ભોગની પ્રાપ્તિ પણ સંગત બને છે, તે જણાવાય છે–

**सत्त्वे पुंस्थितचिच्छायासमाऽन्या तदुपस्थितिः ।**
**प्रतिबिम्बात्मको भोगः, पुंसि भेदाग्रहादयम् ।।११-१७।।**

सत्त्व इति–सत्त्वे बुद्धेः सात्त्विकपरिणामे । पुंस्थिता या चिच्छाया तत्समा याऽन्या सा स्वकीयचिच्छाया । तस्या उपस्थितिरभिव्यक्तिः । प्रतिबिम्बात्मको भोगः । अन्यत्रापि हि प्रतिविम्वे (आदर्शे) प्रतिबिम्ब्यमानच्छायासदृशच्छायान्तरोद्भव एव प्रतिविम्बशब्देनो-

च्यते । पुंसि पुनरयं भोगो भेदाग्रहादत्यन्तसान्निध्येन विवेकाग्रहणाद्व्यपदिश्यते । यत्तु "व्यापकस्यातिनिर्मलस्य चात्मनः कथं सत्त्वे प्रतिबिम्बनमिति तन्न, व्यापकस्याप्याकाशस्य दर्पणादावपकृष्टनैर्मल्यवति च जलादावादित्यादीनां प्रतिविम्वदर्शनात्, स्वस्थितचिच्छायाभिव्यक्तिरूपस्य प्रतिबिम्बस्य प्रतिबिम्बान्तरवैलक्षण्याच्चेति भोजः" ॥११-१७॥

"બુદ્ધિના સાત્ત્વિક પરિણામમાં, પુરુષમાં રહેલી જે ચિત્ છાયા છે તેના જેવી જે પોતાની બીજી છાયા છે; તેની જે અભિવ્યક્તિ છે તે સ્વરૂપ પ્રતિબિંબાત્મક ભોગ પુરુષમાં ભેદજ્ઞાનના અભાવે મનાય છે." - આ પ્રમાણે સત્તરમા શ્લોકનો અક્ષરાર્થ છે. આશય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ રજોગુણ અને તમોગુણથી અનભિભૂત ચિત્તના શુદ્ધ સાત્ત્વિક પરિણામ સ્વરૂપ સત્ત્વમાં; પુરુષમાં રહેલી જે નિત્યોદિત ચિત્ છાયા છે, તેના જેવી જે બીજી પોતાની ચિત્ છાયા છે, તે બીજી ચિચ્છાયાની અભિવ્યક્તિ સ્વરૂપ પુરુષનું પ્રતિબિંબ છે. અન્યત્ર લોકમાં પણ પ્રતિબિંબ-દર્પણમાં પ્રતિબિંબ્યમાન ઘટાદિની છાયા જેવી છાયાંતરનો જે ઉદ્ભવ થાય છે તેને પ્રતિબિંબ શબ્દથી વર્ણવાય છે.

પુરુષમાં આ પ્રતિબિંબાત્મક ભોગ ભેદાગ્રહના કારણે છે. પુરુષ અને ચિત્તના અત્યંત સાંનિધ્યને લઈને વિવેક(ભેદ)નો ગ્રહ થયેલો ન હોવાથી પુરુષમાં ઉપર જણાવ્યા મુજબ ભોગનો વ્યપદેશ(વ્યવહાર) થાય છે, જે વાસ્તવિક નથી પરંતુ ઔપાધિક છે.

"અત્યંત નિર્મળ અને વ્યાપક એવા આત્માનું પ્રતિબિંબ સત્ત્વમાં કેવી રીતે પડે ? (અર્થાત્ ન પડે) આવું જે કહેવાય છે; તે બરાબર નથી. કારણ કે વ્યાપક એવા આકાશનું દર્પણમાં પ્રતિબિંબ પડે છે અને સામાન્યતઃ સ્વચ્છ એવા પાણી વગેરેમાં સૂર્ય વગેરેનું પ્રતિબિંબ પડતું દેખાય છે. પુરુષમાં રહેલી ચિચ્છાયાની અભિવ્યક્તિ સ્વરૂપ આ પ્રતિબિંબ લોકપ્રસિદ્ધ પ્રતિબિંબથી વિલક્ષણ હોવાથી તાદૃશ પ્રતિબિંબ પડી શકે છે..." આ પ્રમાણે ભોજ વિદ્વાન કહે છે. ॥૧૧-૧૭॥

આથી, શ્લોક નં. ૧૨ થી જણાવેલ અતિપ્રસંગનું નિવારણ થઈ જાય છે, તે જણાવાય છે–

**इत्थं प्रत्यात्मनियतं, बुद्धितत्त्वं हि शक्तिमत् ।**
**निर्वाहे लोकयात्रायास्ततः क्वातिप्रसञ्जनम् ॥११-१८॥**

इत्थमिति–इत्थमुक्तप्रकारेण । प्रत्यात्मनियतमात्मानमात्मानं प्रति नियतफलसम्पादकम् । बुद्धितत्त्वं हि लोकयात्राया लोकव्यवहारस्य । निर्वाहे व्यवस्थापने । शक्तिमत् समर्थम् । ततः क्वातिप्रसञ्जनं योगादेकस्य मुक्तावन्यस्यापि मुक्त्यापत्तिरूपम् । प्रकृतेः सर्वत्रैकत्वेऽपि बुद्धिव्यापारभेदेन भेदोपपत्तेः । तथा च सूत्रं–"कृतार्थं प्रति नष्टमप्यनष्टं तदन्यसाधारणत्वादिति" [२-२२] ॥११-१८॥

આશય એ છે કે પૂર્વે **प्रकृतेरपि चैकत्वे**... ઇત્યાદિ શ્લો. નં. ૧૨ થી પ્રકૃતિને એક માનવાથી એકની મુક્તિ થયે છતે; બધાનો મોક્ષ થઇ જશે - આ પ્રમાણે જે અતિપ્રસંગ દોષ (અમુક્તમાં મુક્તત્વ માનવાનો અતિપ્રસંગ) જણાવ્યો હતો, તે દોષ હવે આવતો નથી - એમ જણાવાય છે.

"ઉપર જણાવ્યા મુજબ દરેક આત્મનિયત બુદ્ધિતત્ત્વ; લોકવ્યવહારની વ્યવસ્થા માટે સમર્થ હોવાથી અતિપ્રસંગ ક્યાં આવે છે ?" - આ પ્રમાણે અઢારમા શ્લોકનો અર્થ છે. આશય સ્પષ્ટ છે કે દરેક આત્માને નિયત એવા ફળનું સંપાદક બુદ્ધિતત્ત્વ હોવાથી લોકવ્યવહારના વ્યવસ્થાપન માટે તે સમર્થ છે. તેથી 'યોગના કારણે એકની મુક્તિ થાય તો બધાનો મોક્ષ થઇ જશે.' આ જે અતિપ્રસંગ જણાવ્યો હતો તે હવે નહીં આવે. કારણ કે પ્રકૃતિ એક હોવા છતાં બુદ્ધિનો વ્યાપાર દરેક આત્માની પ્રત્યે જુદો જુદો હોવાથી ફળભેદ ઉપપન્ન થાય છે. આ પ્રમાણે યોગ-સૂત્રમાં "**कृतार्थं प्रति नष्टमप्यनष्टं तदन्यसाधारणत्वात्**" ॥२-२२॥ આ સૂત્રથી જણાવ્યું છે. સૂત્રનો આશય એ છે કે વિવેકખ્યાતિ(ભેદગ્રહ)થી જે પુરુષે પોતાના અર્થને સિદ્ધ કરી લીધો છે તેવા કૃતાર્થ પુરુષને માટે દશ્ય ચિત્તાદિ નષ્ટ થયેલાં હોવા છતાં તે નષ્ટ થયેલાં નથી. કારણ કે તે સર્વ-સાધારણ છે, કોઇ એક માટે નથી.

કહેવાનો આશય એ છે કે દશ્યની પ્રવૃત્તિ સર્વ-સાધારણ છે. સઘળાય પુરુષોના ભોગસંપાદન માટે બુદ્ધિ પ્રવર્ત્તે છે. કોઇ એક પુરુષ માટેની એ પ્રવૃત્તિ નથી. વિવેકખ્યાતિના ઉદયથી કોઇ પુરુષ કૃતાર્થ બની દશ્યને ગ્રહણ ન કરે એટલા માત્રથી અવિવેકી પણ એને ગ્રહણ ન કરે એ શક્ય નથી. એકની દષ્ટિએ તે નષ્ટ હોવા છતાં બધા માટે તે નષ્ટ નથી... ઇત્યાદિ વિચારવું જોઇએ. ॥૧૧-૧૮॥

यच्चोक्तं जडायाश्च पुमर्थस्येत्यादि तत्राह–

'જડ એવી પ્રકૃતિ પુરુષાર્થને કરી ના શકે'... ઇત્યાદિ જે કહેવાયું (શ્લો. નં. ૧૨માં) છે : તે અંગે જણાવાય છે–

**कर्त्तव्यत्वं पुमर्थस्यानुलोम्यप्रातिलोम्यतः ।**
**प्रकृतौ परिणामानां, शक्ती स्वाभाविके उभे ॥११-१९॥**

कर्तव्यत्वमिति–पुमर्थस्य कर्तव्यत्वं प्रकृतौ परिणामानां महदादीनाम् । आनुलोम्य-प्रातिलोम्यत उभे (स्वाभाविके) शक्ती स्वाभाविके तत्त्वतः स्वभावसिद्धे पुमर्थे सतीति शेषः । न त्वन्यत् । महदादिमहाभूतपर्यन्तः खल्वस्या बहिर्मुखतयानुलोमः परिणामः, पुनः स्वकारणानुप्रवेशद्वारेणास्मितान्तः प्रतिलोमः परिणामः, इत्थं च पुरुषस्य भोगपरिसमाप्तेः सहजशक्तिद्वयक्षयात् कृतार्था प्रकृतिः, न पुनः परिणाममारभते । एवं–विधायां च पुरुषार्थकर्तव्यतायां प्रकृतेर्जडत्वेन कर्तव्याध्यवसायाभावेऽपि न काचिदनुपपत्तिरिति ॥११-१९॥

"પ્રકૃતિમાં મહદ્ (બુદ્ધિ) વગેરે પરિણામોની આનુલોમ્ય અને પ્રાતિલોમ્યને આશ્રયીને જે બે સ્વાભાવિકી શક્તિઓ છે, તે સ્વરૂપ પુમર્થનું કર્ત્તવ્યત્વ પ્રકૃતિમાં મનાય છે." - આ પ્રમાણે ઓગણીસમા શ્લોકનો સામાન્યાર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે પુરુષના ભોગસંપાદન માટે પ્રકૃતિ મહદાદિથી માંડીને પાંચ મહાભૂતાદિ સુધીનાં પરિણામોને કરે છે. તે પરિણામને અનુકૂળ, પ્રકૃતિમાં અનુલોમશક્તિ સ્વભાવસિદ્ધ છે તેમ જ પુરુષને ભોગનું પ્રયોજન ન હોય ત્યારે અર્થાત્ વિવેકખ્યાતિના ઉદયથી પુરુષને ભોગની સમાપ્તિ થાય ત્યારે મહાભૂતોથી માંડીને અસ્મિતા સુધીનાં પરિણામો પોતપોતાના કારણમાં લીન થાય છે. તેને અનુકૂળ, પ્રકૃતિમાં પ્રતિલોમશક્તિ પણ સ્વભાવસિદ્ધ છે. આ ઉભયશક્તિ સ્વરૂપ જ પ્રકૃતિમાં પુમર્થકર્ત્તવ્યત્વ મનાય છે, બીજું કાંઇ નહિ.

આ પ્રમાણે પુરુષની વિવેકખ્યાતિને લઇને ભોગપરિસમાપ્તિ થયે છતે તે સ્વાભાવિક બંન્ને શક્તિઓનો ક્ષય થવાથી પ્રકૃતિ કૃતાર્થ બને છે. તેથી ફરીથી તે પુરુષ માટે પરિણામનો (મહદાદિનો) આરંભ કરતી નથી. આવી પુરુષાર્થકર્ત્તવ્યતા માનવાથી પ્રકૃતિ જડ હોવાથી તેણીને કર્ત્તવ્યતાનો અધ્યવસાય ન હોવા છતાં કોઇ પણ અનુપપત્તિ નથી... ઇત્યાદિ અધ્યાપક પાસેથી બરાબર સમજી લેવું જોઇએ. ॥૧૧-૧૯॥

ननु यदि प्रतिलोमशक्तिरपि सहजैव प्रधानस्यास्ति तत्किमर्थं योगिभिर्मोक्षार्थं यत्नः क्रियते ? मोक्षस्य चानर्थनीयत्वे तदुपदेशकशास्त्रस्यानर्थक्यमित्यत आह—

જો આ રીતે પ્રકૃતિની પ્રતિલોમશક્તિ પણ સહજ (સ્વભાવસિદ્ધ) જ હોય તો યોગીજનોએ મોક્ષ માટે પ્રયત્ન શા માટે કરવો જોઈએ ? મોક્ષ પ્રાર્થનાનો વિષય ન હોય તો તેનો ઉપદેશ કરનારું શાસ્ત્ર નિરર્થક બનશે - આ શંકાનું સમાધાન સાંખ્યો દ્વારા કરાય છે—

**न चैवं मोक्षशास्त्रस्य, वैयर्थ्यं प्रकृतेर्यतः ।**
**ततो दुःखनिवृत्त्यर्थं, कर्तृत्वस्मयवर्जनम् ॥११-२०॥**

न चेति—न चैवं मुक्तौ प्रकृतेरेव सामर्थ्ये मोक्षशास्त्रस्य वैयर्थ्यमानर्थक्यम् । यतो यस्मात्ततो मोक्षशास्त्राद् दुःखनिवृत्त्यर्थं दुःखनाशाय प्रकृतेः प्रधानस्य कर्तृत्वस्मयग्य कर्तृत्वाभिमानस्य वर्जनं निवृत्तिर्भवति । अनादिरेव हि प्रकृतिपुरुषयोर्भोक्तृभोग्यभाव-लक्षणः सम्वन्धः । तस्मिन् सति व्यक्तमचेतनायाः प्रकृतेः कर्तृत्वाभिमानाद् दुःखानुभवे सति कथमियं दुःखनिवृत्तिरात्यन्तिकी मम स्यादिति भवत्येवाध्यवसायः । अतो दुःखनिवृत्त्युपायोपदेशकशास्त्रोपदेशापेक्षाप्यस्य युक्तिमतीति ॥११-२०॥

"આ પ્રમાણે પ્રકૃતિની પ્રતિલોમશક્તિને સહજ માનવાથી મોક્ષપ્રતિપાદક શાસ્ત્ર વ્યર્થ બનશે - એમ કહેવાનું બરાબર નથી. કારણ કે શાસ્ત્રથી દુઃખની નિવૃત્તિ માટે કર્તૃત્વના અભિમાનનું વર્જન થાય છે." - આ પ્રમાણે વીસમા શ્લોકનો શબ્દાર્થ છે. કહેવાનો આશય એ છે કે; પ્રકૃતિની પ્રતિલોમશક્તિથી જ મોક્ષની પ્રાપ્તિ થતી હોય તો મોક્ષના ઉપાય વગેરેને જણાવનારા મોક્ષશાસ્ત્રનું કોઈ જ ફળ ન હોવાથી તે નિરર્થક બનશે : આ પ્રમાણે કહેવાનું બરાબર નથી. કારણ કે તે તે મોક્ષશાસ્ત્રથી દુઃખના નાશ માટે પ્રકૃતિને; કર્તૃત્વાભિમાનનું વર્જન થાય છે.

અહીં એ સમજી લેવું જોઈએ કે પૂર્વે જણાવ્યા મુજબ સાંખ્યદર્શનની માન્યતા મુજબ પુરુષ ચેતન છે. શુદ્ધસ્ફટિકની જેમ નિર્મળ અને અપરિણામી નિત્ય એકસ્વભાવાવસ્થિત છે. પ્રકૃતિથી બુદ્ધિ ઉત્પન્ન થાય છે. જ્ઞાન, સુખ, દુઃખ ઇત્યાદિ ગુણો બુદ્ધિના છે. પુરુષના એ ગુણો નથી. સત્ત્વ, રજસ્ અને તમસ્ આ ત્રણ ગુણવાળી બુદ્ધિ પુરુષના ભોગસંપાદન માટે સૃષ્ટિની રચનામાં તત્પર છે. અનાદિકાળથી બંન્ને વચ્ચે ભેદાગ્રહ હોવાથી પુરુષના ચૈતન્યનું અભિમાન બુદ્ધિને

છે અને બુદ્ધિના (પ્રકૃતિના) કર્તૃત્વનું અભિમાન પુરુષને છે. તેથી બુદ્ધિકૃત સુખદુઃખાદિનો ભોગ આત્મામાં ઔપચારિક છે. (પારમાર્થિક નથી.) અનાદિકાળથી પ્રકૃતિ અને પુરુષમાં ભોક્તૃભોગ્યભાવ છે. પ્રકૃતિમાં કર્તૃત્વ હોવા છતાં પુરુષના ચૈતન્યથી જ તે પ્રતીત થાય છે. 'ચેતન એવી હું કરું છું.' ઇત્યાકારક પ્રતીતિ કર્તૃત્વના અભિમાનની છે. અચેતન એવી પ્રકૃતિને કર્તૃત્વના અભિમાનથી દુઃખનો અનુભવ થયે છતે 'આ દુઃખની નિવૃત્તિ કાયમ માટે મારે કઇ રીતે થશે' આવો અધ્યવસાય વ્યક્ત થાય છે. ત્યારે દુઃખનિવૃત્તિના ઉપાયને જણાવનારા તે તે શાસ્ત્ર દ્વારા કરાતો ઉપદેશ પ્રધાન (પ્રકૃતિને) ઉપયોગી બનતો હોવાથી તેની અપેક્ષા છે... ઇત્યાદિ ભણાવનારા પાસેથી સમજી લેવું જોઇએ. સાંખ્યદર્શનના ગ્રંથોના વ્યવસ્થિત અધ્યયન વિના આ બધું સમજી શકાય એવું નથી. અહીં તો સામાન્યથી ખ્યાલ આવે એટલા પૂરતું જ જણાવ્યું છે. ।।૧૧-૨૦।।

સાંખ્યોએ જણાવેલી વાત તેમને ત્યાં ક્યાં જણાવી છે તે જણાવવાપૂર્વક તેમાં દોષ જણાવાય છે–

**व्यक्तं कैवल्यपादेऽदः, सर्वं साध्विति चेन्न तत् ।**
**इत्थं हि प्रकृतेर्मोक्षो, न पुंसस्तददो वृथा ।।११-२१।।**

व्यक्तमिति–कैवल्यपादे योगानुशासनचतुर्थपादेऽद एतत् । व्यक्तं प्रकटम् । सर्वमखिलम् । साधु निर्दोषमिति । समाधत्ते–इति चेन्न, तद् यत् प्राक् प्रपञ्चितम् । हि यत एवमुक्तरीत्या । प्रकृतेर्मोक्षः स्यात् । तस्या एव कर्तृत्वाभिमाननिवृत्त्या दुःखनिवृत्त्युपपत्तेः, न पुंसस्तस्याबद्धत्वेन मुक्त्ययोगात्, मुचेर्बन्धनविश्लेपार्थत्वात् । तत्तस्माददो वक्ष्यमाणं भवद्ग्रन्थोक्तं वृथा कण्ठशोषमात्रफलम् ।।११-२१।।

શ્લોકાર્થ સ્પષ્ટ છે. તાત્પર્ય એ છે કે આ પૂર્વે જણાવેલું બધું યોગાનુશાસનના કૈવલ્ય નામના ચોથા પાદમાં પ્રગટ છે. તેમાં કોઇ દોષ નથી. આ પ્રમાણે જે, સાંખ્યોએ જણાવ્યું છે તે બરાબર નથી. કારણ કે ઉપર જણાવ્યા મુજબ મોક્ષની પ્રાપ્તિ પ્રકૃતિને થશે. તેણીના જ કર્તૃત્વના અભિમાનની નિવૃત્તિ થવાથી દુઃખનિવૃત્તિ પણ પ્રકૃતિને સંગત છે, પુરુષને નહિ. પુરુષ બદ્ધ ન હોવાથી તે મુક્ત નહીં થાય. કારણ કે '**मुच्**' ધાતુ(ક્રિયાપદ)નો અર્થ, 'બંધનથી છૂટા થવું' તે છે. પુરુષને બંધન જ ન હોય તો તેની મુક્તિ કઇ રીતે સંગત બને ?

તેથી સાંખ્યો જે કહે છે તે (હવે પછી જણાવાય છે તે) નકામું છે. માત્ર ગળું સૂકવવાનું જ તેનું ફળ છે. ॥૧૧-૨૧॥

સાંખ્યો જે નિરર્થક જણાવે છે : તે જણાવાય છે–

**पञ्चविंशतितत्त्वज्ञो, यत्र तत्राश्रमे रतः ।**
**जटी मुण्डी शिखी वाऽपि, मुच्यते नात्र संशयः ॥११-२२॥**

पञ्चविंशतीति–अत्र हि पञ्चविंशतितत्त्वज्ञानात् पुरुषस्यैव मुक्तिरुक्ता सा च न सम्भवतीति । न च भोगव्यपदेशवन्मुक्तिव्यपदेशोऽप्युपचारादेव पुंसि सम्भवतीति वाच्यम्, एवं हि तत्र चैतन्यस्याप्युपचारेण सुवचत्वापत्तेः । बाधकाभावान्न तत्र तस्योपचार इति चेत्तत्र कृत्यादिसामानाधिकरण्यस्याप्यनुभूयमानस्य किं बाधकम् ? येन तेषां भिन्नाश्रयत्वं कल्प्यते । आत्मनः परिणामित्वापत्तिर्बाधिकेति चेन्न, तत्परिणामित्वेऽप्यन्वयानपायाद् । अन्यथा चित्तस्यापि तदनापत्तेः । प्रतिक्षणं चित्तस्य नश्वरत्वोपलब्धेः । अतीतानागतं स्वरूपतोऽस्त्यध्वभेदो ध(दाद्ध)र्माणाम् [४-१२] ते व्यक्तसूक्ष्मगुणात्मानः [४-१३] परिणामैकत्वाद्वस्तुतत्त्वमिति [४-१४] सूत्रपर्यालोचनाद्धर्मभेदेऽपि तेषामङ्गाङ्गिभावपरिणामैकत्वान्न चित्तानन्वय इति चेत्तदेतदात्मन्येव पर्यालोच्यमानं शोभते, कूटस्थत्वश्रुतेः शरीरादिभेदपरत्वेनाप्युपपत्तेरिति सम्यग्विभावनीयम् ॥११-२२॥

"જે કોઈ પણ આશ્રમ(ગૃહસ્થાશ્રમાદિ)માં રહેલો જટાધારી, મુંડન કરાવેલ અથવા માથે ચોટલી રાખનાર હોય તોપણ પુરુષ, પ્રકૃતિ... ઈત્યાદિ પચીસ તત્ત્વનો જ્ઞાતા હોય તો તે મુક્ત થાય છે, એમાં કોઈ શંકા નથી." આ પ્રમાણે બાવીસમા શ્લોકનો અર્થ છે. આ શ્લોકમાં સાંખ્યોએ જે જણાવ્યું છે, તે નિરર્થક છે. કારણ કે આ શ્લોકમાં પુરુષાદિ પચીસ તત્ત્વના જ્ઞાનથી પુરુષની જ મુક્તિ જણાવી છે. પરંતુ તે તેમને ત્યાં સંગત નથી.

પુરુષને પૂર્વે જણાવ્યા મુજબ પ્રતિબિંબસ્વરૂપ જેમ ઔપચારિક ભોગ મનાય છે, તેમ મુક્તિનો વ્યવહાર પણ ઉપચારથી થાય છે. વાસ્તવિક મુક્તિ તો પ્રકૃતિની છે - આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે એ રીતે પુરુષમાં મુક્તિ ઉપચારથી માનવામાં આવે તો પુરુષમાં ચૈતન્ય ઔપચારિક છે અને બુદ્ધિમાં તે વાસ્તવિક છે - એ પ્રમાણે પણ સારી રીતે કહી શકાશે. 'પુરુષમાં ઔપચારિક ચૈતન્ય માનવામાં બાધક છે, તેથી ચૈતન્ય વાસ્તવિક જ પુરુષમાં

મનાય છે' - આ કથન ઉચિત નથી. જ્યાં જ્ઞાન, કૃતિ વગેરે ગુણો હોય છે ત્યાં જ ચૈતન્ય પ્રતીત થાય છે. **चेतनोऽहं करोमि...** ઇત્યાદિ પ્રતીતિના કારણે કૃતિ વગેરે ગુણોના અધિકરણમાં જ ચૈતન્ય બધાને અનુભવાય છે. તો શું કારણ છે કે જેથી કૃતિ વગેરે ગુણો બુદ્ધિમાં અને ચૈતન્ય પુરુષમાં આ રીતે જુદા જુદા અધિકરણમાં મનાય છે ?

"ચૈતન્યની સાથે આત્મામાં કૃતિ વગેરે ગુણો માની લેવામાં આવે તો આત્મામાં પરિણામિત્વ માનવાનો પ્રસંગ આવશે. આ પ્રસંગ જ ચૈતન્ય અને કૃતિ વગેરે ગુણોને એક અધિકરણમાં માનવામાં બાધક છે." આ પ્રમાણે નહીં કહેવું જોઇએ. કારણ કે આત્માને પરિણામી માન્યા પછી પણ આત્મદ્રવ્યના સંબંધનો અપાય થતો નથી. અન્યથા પરિણામને માન્યા પછી પરિણામીનો સંબંધ રહેતો નથી. તેનો અપાય(અભાવ) થાય છે - એમ માની લેવામાં આવે તો ચિત્તના પણ પરિણામાંતર વખતે ચિત્તના અન્વય(સંબંધ)ના અપાયનો પ્રસંગ આવવાથી ચિત્તને પણ પરિણામી માની શકાશે નહીં. કારણ કે ચિત્તનો દરેક ક્ષણે પૂર્વપૂર્વસ્વરૂપે નાશ થતો અનુભવાય છે છતાં દરેક ક્ષણે ચિત્તનો સંબંધ તો છે જ... એ સ્પષ્ટ છે. તેથી પરિણામિત્વ માન્યા પછી પણ આત્માનો સંબંધ દરેક ક્ષણે રહી શકશે.

"**अतीताऽनागतं स्वरूपतोऽस्त्यध्वभेदाद् धर्माणाम्**" ।।૪-૧૨।।; "**ते व्यक्तसूक्ष्मा गुणात्मानः**" ।।૪-૧૩।। અને "**परिणामैकत्वाद् वस्तुतत्त्वम्**" ।।૪-૧૪।।... આ યોગસૂત્રોના અર્થની વિચારણા કરીએ તો સમજાશે કે અતીતાદિ ત્રણ કાળના ધર્મોનો ભેદ હોવા છતાં તે બધા અઙ્ગાઙ્ગિભાવમાં (એકરૂપે) પરિણત થવાથી તે બધાનો એક જ ચિત્તસ્વરૂપ પરિણામ હોવાથી ચિત્તના અન્વયના અપાયનો પ્રસંગ આવતો નથી.

કહેવાનો આશય એ છે કે યોગાનુશાસનનાં એ સૂત્રોથી એ જણાવ્યું છે કે અતીતકાલીન અને અનાગતકાલીન પરિણામ તે તે સ્વરૂપે વર્તમાન વસ્તુમાં વિદ્યમાન છે. અધ્વ-કાળભેદથી તે તે પરિણામને વસ્તુમાં રહેવામાં કોઇ વિરોધ નથી. અતીતકાલીન વસ્તુ અતીતસ્વરૂપે અને અનાગતકાલીન વસ્તુને અનાગતસ્વરૂપે વસ્તુમાં માનવામાં ન આવે તો; યોગી જનોને ત્રણે કાળના પદાર્થોનું જે પ્રત્યક્ષ થાય છે તે નહીં થાય. કારણ કે પ્રત્યક્ષની પ્રત્યે તેના વિષયની

વિદ્યમાનતા હોવી જોઇએ. અન્યથા વિષયની વિદ્યમાનતાના અભાવમાં પ્રત્યક્ષ નહીં થાય. તેથી અનાગતાદિ વસ્તુને તે તે સ્વરૂપે વર્તમાનમાં વિદ્યમાન મનાય છે. અતીતાદિ ધર્મોને વર્તમાન સ્વરૂપે માનવામાં વિરોધ છે. સ્વ-સ્વરૂપે વિદ્યમાન માનવામાં વિરોધ નથી. શાંત (અતીત), ઉદિત (વર્તમાન) અને અવ્યપદેશ્ય (અનાગત) : આ ત્રણ જે ધર્મ છે, તેમાં અનુગત (અન્વિત-સંબદ્ધ) હોવાવાળો ધર્મી છે. ભૂત, ભવિષ્યત્ અને વર્તમાન જે ઘટ આદિ ધર્મ છે, તેમાં સર્વદા અન્વિત મૃત્તિકા ધર્મી છે. તે વ્યક્ત (પ્રગટ-ઉદિત-વર્તમાન) અને સૂક્ષ્મ (અવ્યક્ત, શાંત, અવ્યપદેશ્ય) ધર્મો સત્ત્વાદિ ગુણોના જ સ્વરૂપ છે. અર્થાત્ પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ : આ પાંચ મહાભૂતો તે ગંધ, રસ, રૂપ, સ્પર્શ અને શબ્દ : આ પંચતન્માત્ર સ્વરૂપ છે. એ પંચતન્માત્ર અને અગિયાર ઈન્દ્રિયો (સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રવણેન્દ્રિય તેમ જ વાક્, પાણિ, પાદ, પાયુ અને ઉપસ્થ સ્વરૂપ કર્મેન્દ્રિયો તથા મન : આ અગિયાર) અહંકાર સ્વરૂપ છે. અહંકાર મહત્તત્ત્વસ્વરૂપ છે. મહત્તત્ત્વ પ્રધાન (પ્રકૃતિ) સ્વરૂપ છે અને પ્રધાન સત્ત્વાદિ (રજસ્, તમસ્) ત્રણ ગુણસ્વરૂપ છે. આવી રીતે આ સૃષ્ટિપ્રપંચ સાક્ષાત્ કે પરંપરાએ ગુણસ્વરૂપ છે. આથી સ્પષ્ટ છે કે અનેકોનાં પરિણામો પણ એકસ્વરૂપ હોવાથી વસ્તુતત્ત્વ પણ એકસ્વરૂપ છે. તેથી સર્વત્ર ચિત્ત અન્વિત બનતું હોવાથી ચિત્તના અનન્વયનો પ્રસંગ આવતો નથી. આ પ્રમાણે સાંખ્યોએ જણાવેલી વાત બરાબર નથી. કારણ કે આ બધું વિચારીએ તો વસ્તુતઃ આત્મામાં જ એ સંગત છે. "આત્માને કૂટસ્થ સ્વરૂપે વર્ણવનારી શ્રુતિના કારણે આત્માને પરિણામી માનતા નથી." આ પ્રમાણે કહેવાનું ઉચિત નથી. કારણ કે તેવી આત્માની અવસ્થા; શરીરનો ભેદ થયા પછી અર્થાત્ અશરીરી બન્યા પછી પ્રાપ્ત થતી હોય છે. તે અપેક્ષાએ શ્રુતિ દ્વારા આત્માની કૂટસ્થતા વર્ણવી છે. તેથી સંસારદશામાં આત્માની એ અવસ્થા ન હોવા છતાં શ્રુતિનો વિરોધ નહીં આવે... ઈત્યાદિ સારી રીતે વિચારીને તેનો નિર્ણય કરવો જોઇએ. ॥૧૧-૨૨॥

किं च–

દૂષણાંતર જણાવાય છે–

**बुद्ध्या सर्वोपपत्तौ च, मानमात्मनि मृग्यते ।**
**संहत्यकारिता मानं, पारार्थ्यनियता च न ॥११-२३॥**

बुद्ध्येति-बुद्ध्या महत्तत्त्वेन सर्वोपपत्तौ सकललोकयात्रानिर्वाहे च सति । आत्मनि मानं प्रमाणं मृग्यते । कृत्याद्याश्रयव्यतिरिक्ते आत्मनि प्रमाणमन्वेषणीयमित्यर्थः । न च पारार्थ्यनियता परार्थकत्वव्याप्या । संहत्यकारिता सम्भूयमिलितार्थक्रियाकारिता । मानमतिरिक्तात्मनि प्रमाणं यत्संहत्यार्थक्रियाकारि तत्परार्थं दृष्टं, यथा शय्याशयनासनाद्यर्थाः । सत्त्वरजस्तमांसि च चित्तलक्षणपरिणामभाञ्जि संहत्यकारीणि अतः परार्थानि । यश्च परः स पुरुष इति । तदुक्तं–"तदसङ्ख्येयवासनाभिश्चित्तमपि परार्थं संहत्यकारित्वादिति" [૪-૨૪] ॥૧૧-૨૩॥

આશય એ છે કે ઉપર જણાવ્યા મુજબ આત્માને પરિણામી માની લેવાથી કોઇ દોષ આવતો નથી. આમ છતાં ખરેખર તો બુદ્ધિને માન્યા પછી આત્મા-પુરુષને માનવાની જ આવશ્યકતા નથી. તે જણાવીને આ શ્લોકથી પુરુષની કલ્પનામાં જણાવેલા પ્રમાણનું નિરાકરણ કરાય છે.

"બુદ્ધિથી જ લોકપ્રસિદ્ધ સર્વ વ્યવહાર સંગત થતો હોય ત્યારે આત્માની કલ્પના માટે પ્રમાણ શોધવું પડે એવું છે. અર્થાત્ આત્મા-પુરુષને માનવા માટે કોઇ પ્રમાણ નથી. 'પારાર્થ્યનિયત એવી સંહત્યકારિતા પ્રમાણ છે.' આ પ્રમાણે કહી શકાશે નહીં." આ ત્રેવીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ બુદ્ધિથી જ (મહત્તત્ત્વથી જ) સકલ લોકયાત્રા(વ્યવહાર)નો નિર્વાહ થયે છતે; કૃતિ વગેરેના આશ્રયથી(બુદ્ધિથી) અતિરિક્ત આત્માની કલ્પનામાં પ્રમાણ શોધવું જોઇએ. કારણ કે કૃત્યાદિસહચરિત ચૈતન્યની પ્રતીતિ થતી હોવાથી ચૈતન્ય બુદ્ધિમાં જ માનવું જોઇએ. તેથી ચૈતન્યના આશ્રય તરીકે પુરુષને માનવાની આવશ્યકતા નથી.

પારાર્થ્યનિયત એવી સંહત્યકારિતા જ પુરુષની કલ્પનામાં પ્રમાણ છે. આશય એ છે કે **यत्र यत्र संहत्यकारिता, तत्र तत्र परार्थकत्वम् यथा शय्याशयनासनाद्यर्थाः** - આ નિયમથી બુદ્ધિમાં પરાર્થકત્વ સિદ્ધ થાય છે. એમાં જે પર છે તે જ પુરુષ છે. આ રીતે પુરુષની કલ્પનામાં અનુમાન-પ્રમાણ ઉપલબ્ધ છે. ભાવ એ છે કે અનેક કારણો ભેગા થઇને જે કાર્ય કરે છે; તે બીજા માટે હોય છે. દા.ત. શય્યા, પલંગ અને આસન વગેરે પદાર્થો અનેક કારણોથી નિષ્પન્ન હોવાથી તે તે બીજાઓ (તેને વાપરનારાઓ) માટે છે. તેમ બુદ્ધિ; સત્ત્વ, રજસ્ અને તમસ્ ગુણો સમુદાયથી અર્થક્રિયાને (તે તે કાર્યને) કરે છે, તેથી તે પર માટે છે. સત્ત્વ,

રજસ્ અને તમસ્ આ ચિત્ત સ્વરૂપ પરિણામને ધારણ કરે છે અને તે ભેગા થઈને કાર્ય કરે છે; આથી તે પર માટે છે. અહીં જેના માટે તે કાર્ય છે, તે પર પુરુષ છે. આ પ્રમાણે "**तदसङ्ख्येयवासनाभिश्चित्रमपि परार्थं संहत्यकारित्वाद्**" ।।૪-૨૪।। આ યોગસૂત્રમાં જણાવ્યું છે. આશય સ્પષ્ટ છે કે ચિત્ત જનમ-જનમના અસંખ્ય સંસ્કારોથી વાસિત હોવા છતાં તે બીજા માટે છે, સ્વાર્થ માટે નથી. કારણ કે તે; ક્લેશ, કર્મ, વાસના, વિષય, ઇન્દ્રિયોના સમુદાયથી કાર્ય કરે છે. જે સંહત્યકારી છે તે પરાર્થ છે. તેમાં જે પર છે તે અહીં પુરુષ છે. આ રીતે અનુમાનપ્રમાણ જ પુરુષની કલ્પનામાં માન(પ્રમાણ) છે. પરંતુ તે સાંખ્યોએ બતાવેલું પ્રમાણ બરાબર નથી. (તેનું કારણ ચોવીસમા શ્લોકથી જણાવાશે.) ।।૧૧-૨૩।।

कुत इत्याह–

સાંખ્યોએ દર્શાવેલ અનુમાનપ્રમાણમાં દોષ જણાવાય છે–

**सत्त्वादीनामपि स्वाङ्गिन्युपकारोपपत्तितः ।**
**बुद्धिर्नामैव पुंसस्तत्, स्याच्च तत्त्वान्तरव्ययः ।।११-२४।।**

सत्त्वादीनामिति–सत्त्वादीनां धर्माणां स्वाङ्गिन्यपि स्वाश्रयेऽपि । उपकारोपपत्तितः फलाधानसम्भवादुक्तनियमे मानाभावात्, सत्त्वादौ संहत्यकारित्वस्य विलक्षणत्वाद् । अन्यथा असंहतरूपपरासिद्धेर्धर्माणां साश्रयत्वव्याप्तेश्च बुद्ध्यैव सफलत्वाद् नैवमात्मा कश्चिदतिरिक्तः सिध्येदिति भावः । तत्तस्माद् बुद्धिः पुंसः पुरुषस्यैव नाम स्यात् । च पुनस्तत्त्वान्तरव्ययोऽहङ्कारादितत्त्वोच्छेदः स्यात् ।।११-२४।।

"સત્ત્વાદિ ધર્મોનો ઉપકાર પોતાના આશ્રયમાં પણ સંગત હોવાથી પૂર્વે જણાવેલા પરાર્થકત્વમાં કોઈ પ્રમાણ નથી. આ રીતે બુદ્ધિથી જ સર્વ સિદ્ધ થતું હોય તો આત્માનું નામ જ બુદ્ધિ છે.તેમ જ અહંકારાદિ તત્ત્વોનો પણ ઉચ્છેદ થશે. અર્થાત્ તેને માનવાની આવશ્યકતા નથી." - આ પ્રમાણે ચોવીસમા શ્લોકનો સામાન્ય અર્થ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ પુરુષની કલ્પનામાં પ્રમાણ તરીકે સંહત્યકારિતાના કારણે પરાર્થકત્વનું જે અનુમાન છે તેનો ઉલ્લેખ કર્યો હતો. પરંતુ તે બરાબર નથી. કારણ કે સત્ત્વાદિ ધર્મો પોતાના આશ્રય બુદ્ધિ ઉપર પણ ઉપકાર કરી શકે છે. અર્થાત્ ફળનું આધાન કરી શકે છે. તેથી 'સંહત્યકારી

પરાર્થક જ હોય છે' - આ નિયમમાં કોઇ પ્રમાણ નથી. "શયન, શય્યા અને આસનાદિની જેમ પરાર્થકતા સત્ત્વાદિમાં સિદ્ધ થવામાં કોઇ દોષ નથી." આ પ્રમાણે નહીં કહેવું જોઇએ. કારણ કે શયનાદિમાં જે સંહત્યકારિતા છે, તેના કરતાં વિલક્ષણ એવી સંહત્યકારિતા સત્ત્વાદિમાં છે. તેથી તેને લઇને સત્ત્વાદિમાં પરાર્થકતા સિદ્ધ નહીં થાય. અન્યથા શયનાદિની સંહત્યકારિતાથી જેમ સંહત શરીરાદિ સ્વરૂપ પરાર્થની સિદ્ધિ થાય છે તેમ સંહત પરાર્થની સિદ્ધિ થશે. અસંહત પુરુષ સ્વરૂપ પરાર્થની સિદ્ધિ નહીં થાય.

સત્ત્વાદિની સંહત્યકારિતાને લઇને સંહતપરાર્થની સિદ્ધિ થાય તો તે પરાર્થની સંહત્યકારિતાને લઇને બીજા સંહતપરાર્થની સિદ્ધિ થશે... એમ કરવાથી અનવસ્થાનો પ્રસંગ આવશે. એ અનવસ્થાના પ્રસંગભયથી સત્ત્વાદિની સંહત્યકારિતાથી અસંહતપરાર્થની જ સિદ્ધિ થશે - આ પ્રમાણે યદ્યપિ કહી શકાય છે. પરંતુ ધર્મમાત્રમાં સાશ્રયત્વનિરૂપિત વ્યાપ્તિ હોવાથી સત્ત્વાદિ ધર્મો આશ્રય માટે(બુદ્ધિ સ્વરૂપ આશ્રય માટે)ના જ મનાય છે. **यत्र धर्मत्वं तत्र साश्रयत्वम्** - આ નિયમ છે. જે જે ધર્મો છે; તે તે સાશ્રય (આશ્રયવાળા) હોય છે. આથી સમજી શકાશે કે સત્ત્વાદિ ભેગા થઇને જે જે કાર્ય કરે છે તે પોતાના આશ્રય બુદ્ધિ માટે કરે છે. પર એવા પુરુષ માટે નહીં. આ પ્રમાણે બુદ્ધિથી જ સત્ત્વાદિનું સાફલ્ય હોવાથી બુદ્ધિ વગેરેથી કોઇ અતિરિક્ત આત્મા સિદ્ધ થઇ શકશે નહીં. તેથી બુદ્ધિ એ પુરુષનું જ નામ છે. તેમ જ જેમ પુરુષને માનવાની (બુદ્ધ્યતિરિક્ત પુરુષને માનવાની) આવશ્યકતા નથી તેમ બુદ્ધિથી ઉત્પન્ન થનારા અહંકારાદિને પણ બુદ્ધિથી અતિરિક્ત માનવાની જરૂર નથી. તેથી તત્ત્વાંતરનો ઉચ્છેદ થશે. ॥૧૧-૨૪॥

तथाहि—

તત્ત્વાંતરનો વ્યય(ઉચ્છેદ) કઇ રીતે થશે : તે જણાવાય છે—

**व्यापारभेदादेकस्य, वायोः पञ्चविधत्ववत् ।**
**अहङ्कारादिसञ्ज्ञानोपपत्तिसुकरत्वतः ॥११-२५॥**

व्यापारेति—एकस्य वायोर्व्यापारभेदादूर्ध्वगमनादिव्यापारभेदात् पञ्चविधत्ववत्पञ्च वायवः प्राणापानादिभेदादिति व्यपदेशवद् । अहङ्कारादिसञ्ज्ञानानामुपपत्तेः सुकरत्वतः सौकर्यात् । तथाहि—बुद्धिरेवाहङ्कारव्यापारं जनयन्ती अहङ्कार इत्युच्यताम् । सैव च

प्रसुप्तस्वभावा साधिकारा प्रकृतिरिति व्यपदिश्यताम् । किमन्तर्गडुतत्त्वान्तरपरिकल्पनयेति ॥११-२५॥

"ઉપર જવું, નીચે જવું... ઈત્યાદિ વ્યાપાર(કર્મ)વિશેષના કારણે એક જ વાયુ; જેમ પાંચ પ્રકારનો મનાય છે તેમ અહંકારાદિ વ્યાપારવિશેષને ઉત્પન્ન કરનારી બુદ્ધિ અહંકારાદિ સંજ્ઞાને પ્રાપ્ત કરે છે. આથી અહંકારાદિ સંજ્ઞાઓની સંગતિ સરળતાથી થતી હોવાથી નિરર્થક તત્ત્વાંતર માનવાની આવશ્યકતા નથી." આ પ્રમાણે પચીસમા શ્લોકનો અર્થ છે.

આશય સ્પષ્ટ છે કે પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન - આ પાંચ પ્રકારનો વાયુ છે. મુખ અને નાસિકાથી નીકળનારા વાયુને પ્રાણવાયુ કહેવાય છે. જલાદિને શરીરના નીચેના ભાગમાં લઈ જનારા વાયુને અપાનવાયુ કહેવાય છે. ખાધેલા અન્નાદિને પચાવવા માટે જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર વાયુને સમાનવાયુ કહેવાય છે. અન્નાદિને શરીરના ઉપરના ભાગમાં લઈ જનાર વાયુને ઉદાનવાયુ કહેવાય છે અને શરીરની નાડીઓનાં મુખોને ફેલાવનાર વાયુને વ્યાન વાયુ કહેવાય છે. મુખનિર્ગમનાદિ તે તે વ્યાપારોને લઈને એક જ પ્રકારનો પણ વાયુ પાંચ પ્રકારનો વર્ણવાય છે. આવી જ રીતે બુદ્ધિમાં પણ તેણીના અહંકારાદિ વ્યાપારને લઈને તે તે અહંકારાદિ સંજ્ઞાઓની ઉપપત્તિ સારી રીતે કરી શકાય છે. જ્યારે બુદ્ધિ, અહંકાર (હું, હું... ઈત્યાદિ સ્વરૂપ અધ્યવસાય) વ્યાપારને ઉત્પન્ન કરતી હોય ત્યારે બુદ્ધિને અહંકાર કહેવી અને તે (બુદ્ધિ) જ જ્યારે પ્રસુપ્ત (કાર્ય કરવાથી વિરામ પામેલી) સ્વભાવવાળી એવી કાર્યાનુકૂલ સ્વરૂપયોગ્યતાવાળી હોય ત્યારે તેને પ્રકૃતિ તરીકે કહેવી. બુદ્ધિથી અતિરિક્ત અહંકાર કે પ્રકૃતિ વગેરે સ્વરૂપ નિરર્થક તત્ત્વાંતરની કલ્પના કરવાની આવશ્યકતા નથી. ॥૧૧-૨૫॥

સાંખ્યમતમાં દૂષણાંતર જણાવાય છે–

**पुंसश्च व्यञ्जकत्वेऽपि, कूटस्थत्वमयुक्तिमत् ।**
**अधिष्ठानत्वमेतच्चेत्तदेत्यादि निरर्थकम् ॥११-२६॥**

पुंसश्चेति–पुंसः पुरुषस्य च व्यञ्जकत्वेऽभ्युपगम्यमाने कूटस्थत्वमयुक्तिमदसङ्गतम् । अभिव्यञ्जकत्वं ह्यभिव्यक्तिजनकत्वम् । तथा च "अकारणमकार्यं च पुरुष" इति

वचनं व्याहन्येतेति भावः । अधिष्ठानत्वमभिव्यक्तिदेशाश्रयत्वमेतद्व्यञ्जकत्वं, पुरुषस्तु सदैकरूप इति चेत्तर्हि तदेत्यादि "तदा द्रष्टुः स्वरूपावस्थानमिति" [१ ३] सूत्रं निरर्थकं, तदेत्यस्य व्यवच्छेद्याभावात् । काल्पनिकत्वे चैतद्विषयस्य घटादिव्यवहारविषयस्यापि तथात्वापत्तौ शून्यवादिमतप्रवेश इति भावः ।।११-२६।।

પુરુષને વ્યઞ્જક માનવામાં પણ કૂટસ્થત્વ(અપરિણામિતા) અયુક્ત બને છે. તેથી તેને અધિષ્ઠાન સ્વરૂપ જ વ્યઞ્જક માની લેવામાં આવે તો 'યોગાનુશાસન'ના (૧-૩) સૂત્રમાં **तदा**... ઇત્યાદિ જે લખ્યું છે, તે નિરર્થક બનશે. આ પ્રમાણે છવ્વીસમા શ્લોકનો અક્ષરાર્થ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ બુદ્ધિ દ્વારા ગ્રહણ કરાયેલા ઘટાદિની અભિવ્યક્તિ પુરુષના પ્રતિબિંબના કારણે થાય છે. તેથી પુરુષ વસ્તુતઃ જ્ઞાતા નથી પરંતુ અભિવ્યઞ્જક છે. અભિવ્યઞ્જક તેને કહેવાય છે કે જે અભિવ્યક્તિનો જનક છે. આ રીતે પુરુષમાં અભિવ્યક્તિનું જનકત્વ આવવાથી **अकारणमकार्यं च पुरुषः** આ વચનનો વ્યાઘાત થશે. કારણ કે પુરુષને કોઇનું પણ; કારણ કે કાર્ય માનવામાં આવતું નથી અને પુરુષને અભિવ્યક્તિનો જનક માનવાનો પ્રસંગ આવે છે. આથી સમજી શકાશે કે પુરુષમાં વ્યઞ્જકત્વ માનવાથી અકારણ અને અકાર્યમાં રહેવાવાળું કૂટસ્થત્વ માનવાનું યુક્તિમત્ નથી.

"પુરુષ, સદાને માટે એક જ સ્વરૂપવાળો હોવાથી અભિવ્યક્તિજનકત્વ સ્વરૂપ અભિવ્યઞ્જકત્વ નથી મનાતું પરંતુ અભિવ્યક્તિદેશાશ્રયત્વ સ્વરૂપ અધિષ્ઠાનત્વ જ અભિવ્યઞ્જકત્વ મનાય છે. ઘટાદિ વિષયોની જે અભિવ્યક્તિ થાય છે તે પુરુષમાં થાય છે. તે પ્રતિબિંબાત્મક દેશનું આશ્રયત્વ પુરુષમાં હોવાથી તાદશ અભિવ્યઞ્જકત્વ સંગત બને છે." - આ પ્રમાણે નહીં કહેવું જોઇએ. કારણ કે તેથી "**तदा द्रष्टुः स्वरूपावस्थानम्**' ।।१-३।। - આ યોગસૂત્ર નિરર્થક બનશે. 'ચિત્તવૃત્તિઓનો નિરોધ થાય ત્યારે પુરુષનું સ્વરૂપમાં અવસ્થાન હોય છે.' આ અર્થને જણાવનારું એ સૂત્ર છે. પરંતુ પુરુષ સદાને માટે એક જ સ્વરૂપમાં રહેતો હોય તો 'ત્યારે (**तदा**)' આ પ્રમાણે જણાવવાનો કોઇ જ અર્થ નથી. કોઇ પણ સમયે પુરુષનું સ્વરૂપમાં અવસ્થાન ન હોય તો; તે પ્રમાણે જણાવવાનું બરાબર ગણાય. સૂત્રમાં **तदा** પદનું ગ્રહણ કર્યું છે; પણ તેનું વ્યાવર્ત્ય (વ્યવચ્છેદ્ય) કોઇ નથી. યદ્યપિ પૂર્વે જણાવ્યા મુજબ અતાત્ત્વિકરૂપે જ પુરુષને ચિત્તની વૃત્તિઓનું

ગ્રહણ છે. વિવેકખ્યાતિની અનુદિત અવસ્થામાં ચિત્તવૃત્તિઓનું સાદૃશ્ય હોવાથી કાલ્પનિક જ સ્વરૂપાનવસ્થાન છે અને ત્યાર પછી વિવેકખ્યાતિ ઉદિત થવાથી ચિત્તવૃત્તિઓનો નિરોધ થવાથી પુરુષનું સ્વરૂપાવસ્થાન પણ કાલ્પનિક છે. તેથી તેની અપેક્ષાએ **तदा...** ઇત્યાદિ સૂત્ર નિરર્થક નથી. પરંતુ આ રીતે સૂત્રના વિષયને કાલ્પનિક માની લેવામાં આવે તો સર્વજનપ્રસિદ્ધ ઘટાદિવ્યવહારના વિષયને પણ કાલ્પનિક માનવાનો પ્રસંગ આવશે, જેથી શૂન્યવાદીઓના (બૌદ્ધોના) મતમાં પ્રવેશ થશે. ॥૧૧-૨૬॥

સાંખ્યમતમાં જ અનુપપત્ત્યંતર જણાવાય છે–

**निमित्तत्वेऽपि कौटस्थ्यमथास्यापरिणामतः ।**
**स्याद् भेदो धर्मभेदेन, तथापि भवमोक्षयोः ॥११-२७॥**

निमित्तत्वेऽपीति–अथास्यात्मनो निमित्तत्वेऽपि सत्त्वनिष्ठमभिव्यङ्ग्यां चिच्छक्तिं प्रति । अपरिणामतः परिणामाभावात् । कौटस्थ्यमकारणमित्यस्यानुपादानकारणमित्यर्थादुपादानकारणस्यैव परिणामित्वात् परिणामस्य चावस्थान्तरगमनलक्षणत्वादिति भावः । तथापि भवमोक्षयोः संसारापवर्गयोः । धर्मभेदेन भोगनिमित्तानिमित्तत्वधर्मभेदेन स्यात् कथञ्चिद्भेद आवश्यकः । मोक्षेऽपि पूर्वस्वभावसत्त्वे कारणान्तराभावान्न भोग इति को भेद इति चेत् सौम्य ! कथं तर्हि न भवमोक्षोभयस्वभावे विरोधः ? । उभयैकस्वभावत्वान्नायमिति चेद्भङ्ग्यन्तरेणायमेव स्याद्वाद इति किं वृथा खिद्यसे ॥११-२७॥

"પુરુષમાં નિમિત્તકારણત્વ માનવા છતાં તેની અપરિણામિતાના કારણે કૌટસ્થ્ય પુરુષમાં મનાય છે, તોપણ ધર્મના ભેદથી ભવ અને મોક્ષમાં ભેદ થશે." - આ પ્રમાણે સત્તાવીશમા શ્લોકનો અક્ષરાર્થ છે. આશય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ શૂન્યવાદનો પ્રસંગ ન આવે એ માટે પુરુષને અધિષ્ઠાનસ્વરૂપ માનવાને બદલે નિમિત્તકારણ મનાય છે. તેથી સત્ત્વ(બુદ્ધિ)નિષ્ઠ અભિવ્યંગ્ય એવી ચિત્શક્તિની પ્રત્યે પુરુષ નિમિત્તકારણ છે. તે પરિણામી ન હોવાથી તે કૂટસ્થ કહેવાય છે. પુરુષને જે **अकारण** મનાય છે, તે ઉપાદાનકારણને લઈને મનાય છે. ઘટનું જેમ ઉપાદાનકારણ માટી છે, પટનું જેમ ઉપાદાનકારણ તંતુ છે તેમ પુરુષ કોઈનું ઉપાદાનકારણ નથી. ઉપાદાનકારણ જ પરિણામી હોય છે અને પરિણામ અવસ્થાંતરને પ્રાપ્ત કરવા સ્વરૂપ છે. માટી ઘટસ્વરૂપે પરિણમે છે. પોતાની

પૂર્વાવસ્થાથી(આકારાદિથી) ભિન્ન એવી ઘટાદિ અવસ્થાને માટી પ્રાપ્ત કરે છે. તેથી ઘટાદિ માટીનો પરિણામ છે અને તે પરિણામવાળી માટી પરિણામિની છે. આથી સમજી શકાશે કે છવ્વીશમા શ્લોકમાં જણાવ્યા મુજબ **तदा**... ઇત્યાદિ નિરર્થક નહીં બને. આ પ્રમાણે પૂર્વોક્ત દોષનું નિવારણ કરવા છતાં સાંખ્યોના મતમાં દોષ તો છે જ. એ **स्याद् भेदो**... ઇત્યાદિ શ્લોકાર્ધથી જણાવ્યું છે.

એનો આશય એ છે કે **तदा**... ઇત્યાદિ સૂત્રાંશ નિરર્થક ન પણ બને તો ય ભોગનિમિત્તત્વ અને ભોગનિમિત્તત્વાભાવ આ ધર્મના ભેદ(વિશેષ)થી સંસાર અને મોક્ષમાં ભેદ થશે અર્થાત્ એ બંન્નેમાં કથઞ્ચિદ્ ભેદ માનવાનું આવશ્યક છે. "મોક્ષમાં પણ સંસારાવસ્થાની જેમ ભોગનિમિત્તત્વ સ્વરૂપ પૂર્વસ્વભાવ તો છે પરંતુ ભોગનાં કારણોનો અભાવ હોવાથી ભોગની પ્રવૃત્તિ નથી. તેથી સંસાર અને મોક્ષમાં ભેદ કયો છે ?" આ પ્રમાણે કહીને કથઞ્ચિદ્ ભેદ માનવાનું યદ્યપિ નિવારી શકાય છે. પરંતુ આ રીતે માનવાથી એક જ પુરુષમાં ભવ અને મોક્ષ : આ ઉભય સ્વભાવમાં વિરોધ આવશે. તેના પરિહાર માટે એમ કહેવામાં આવે કે 'પુરુષમાં બે સ્વભાવ નથી પરંતુ ઉભયનો એક જ સ્વભાવ છે.' તો આ રીતે પ્રકારાંતરથી સ્યાદ્વાદને જ માની લેવાનો પ્રસંગ આવશે. ખરી રીતે તો તેનો સ્વીકાર કરી લેવો જોઇએ. વ્યર્થ ખેદ કરવાથી કોઇ જ લાભ નથી. ||૧૧-૨૭||

સાંખ્યોએ શ્લો.નં. ૧૮માં જણાવ્યા મુજબ જે અતિપ્રસંગનું નિવારણ કર્યું હતું - તે શક્ય નથી, તે જણાવાય છે–

**प्रसङ्गतादवस्थ्यं च, बुद्धेर्भेदेऽपि तत्त्वतः ।**
**प्रकृत्यन्ते लये मुक्तेर्न चेदव्याप्यवृत्तिता ।।११-२८।।**

प्रसङ्गेति–बुद्धेर्भेदेऽपि प्रत्यात्मनियतत्वेऽप्यभ्युपगम्यमाने । तत्त्वतः परमार्थतः । प्रकृत्यन्ते प्रकृतिविश्रान्ते लये दुःखध्वंसे सति । प्रसङ्गतादवस्थ्यमेकस्य मुक्तावन्यस्यापि तदापत्तिरित्यस्यापरिहार एव, प्रकृतेरेव मुक्तेरभ्युपगम्यमानत्वात्, तस्याश्च मुक्तत्वामुक्तत्वोभयविरोधाद् । एकत्र वृक्षे संयोगतदभावयोरिव प्रकृतौ विभिन्नबुद्ध्यवच्छेदेन न मुक्तत्वामुक्तत्वयोर्विरोध इत्यत आह–चेद्यदि मुक्तेरव्याप्यवृत्तिता नाभ्युपगम्यत इति शेषः । तदभ्युपगमे च मुक्तेऽप्यमुक्तत्वव्यवहारापत्तिरेव दूषणम् ।

किं चैवं मुक्तस्याप्यात्मनो भवस्थशरीरावच्छेदेन भोगापत्तिरिति तत्प्रकृतिनिवृत्तिरवश्यमभ्युपेयेति द्रष्टव्यम् ।।११-२८।।

"દરેક આત્માની પ્રત્યે બુદ્ધિનો ભેદ માન્યા પછી પણ પ્રકૃતિની વિશ્રાન્તાવસ્થામાં દુઃખનો ધ્વંસ થયે છતે; એક આત્માની મુક્તિથી બધાની મુક્તિ થવાનો પ્રસંગ વિદ્યમાન છે જ. કારણ કે મુક્તિને અવ્યાપ્યવૃત્તિ (આંશિક) માનતા નથી." - આ રીતે અઠ્ઠાવીશમા શ્લોકનો યથાશ્રુતાર્થ સમજી શકાય છે.

તાત્પર્ય એ છે કે અઢારમા શ્લોકમાં જણાવ્યા મુજબ બુદ્ધિ એક હોવા છતાં દરેક આત્મા માટે તે નિયત છે; કોઇ એક માટે નથી. વિવેકખ્યાતિના(ભેદજ્ઞાનના) ઉદયથી તે તે પુરુષની ચિત્તવૃત્તિઓનો નિરોધ થવાથી કૈવલ્યપ્રાપ્તિ પછી તે તે પુરુષની પ્રત્યે પ્રકૃતિ વિશ્રાંત બની ફરીથી તે તે પુરુષની પ્રત્યે પરિણામને આરંભતી નથી. તેથી એક પુરુષની મુક્તિ થવાથી અન્ય બધાની મુક્તિનો પ્રસંગ યદ્યપિ આવતો નથી. પરંતુ એ મુજબ પ્રત્યાત્મનિયત બુદ્ધિનો ભેદ સ્વીકારવા છતાં; પ્રકૃતિની વિશ્રાંત (સ્વકાર્યથી વિરામ પામવું) અવસ્થા સ્વરૂપ દુઃખધ્વંસ થયે છતે એકની મુક્તિ થવાથી બીજા બધાની પણ મુક્તિ થવાનો પ્રસંગ છે જ. કારણ કે પ્રકૃતિની જ ખરેખર તો મુક્તિ માનવામાં આવી છે. એકની અપેક્ષાએ મુક્ત અને બીજાની અપેક્ષાએ અમુક્ત આવો; મુક્તત્વ અને અમુક્તત્વનો વિરોધ હોવાથી એક પ્રકૃતિમાં વ્યવહાર શક્ય નથી.

"એક જ વૃક્ષમાં જેમ શાખાવચ્છેદેન (શાખાના દેશમાં) સંયોગ[કપિ(વાંદરો)સંયોગ] હોય છે અને મૂલાવચ્છેદેન તેનો અભાવ હોય છે તેમ તે તે પુરુષનિયતબુદ્ધ્યવચ્છેદેન પ્રકૃતિમાં મુક્તત્વ અને અમુક્તત્વનો વિરોધ નથી." - આ પ્રમાણે નહીં કહેવું જોઇએ. કારણ કે સંયોગની જેમ મુક્તિ(મુક્તત્વ)ને અવ્યાપ્યવૃત્તિ માનતા નથી. અન્યથા મુક્તત્વને સંયોગની જેમ અવ્યાપ્યવૃત્તિ [દેશતઃ વૃત્તિ (રહેવું તે) અને દેશતઃ તેનો અભાવ] માનવામાં આવે તો મુક્તમાં પણ અમુક્તત્વના વ્યવહારનો પ્રસંગ આવશે. પ્રકૃતિમાં તે તે પુરુષની અપેક્ષાએ મુક્તત્વ અને અમુક્તત્વનો વ્યવહાર યદ્યપિ ઇષ્ટ છે, પરંતુ પ્રકૃતિની નિવૃત્તિ માનવામાં ન આવે તો મુક્ત બનેલા પુરુષ-આત્માને ભવસ્થ શરીરને લઇને ભોગનો (પ્રતિબિંબાત્મક ભોગનો) પ્રસંગ આવશે. તેથી પ્રકૃતિની સર્વથા નિવૃત્તિ માનવાનું આવશ્યક છે. ।।૧૧-૨૮।।

ઉપર જણાવ્યા મુજબ એકની મુક્તિમાં બધાની મુક્તિ માનવાની આપત્તિના પરિહાર માટે બુદ્ધિને અનેક માનવામાં આવે તો જે દોષ પ્રાપ્ત થશે તે જણાવાય છે—

**प्रधानभेदे चैतत्स्यात्कर्म बुद्धिगुणः पुमान् ।**
**स्याद् ध्रुवश्चाध्रुवश्चेति, जयताज्जैनदर्शनम् ।।११-२९।।**

प्रधानेति—उक्तदोषभिया प्रधानभेदे चाभ्युपगम्यमाने । आत्मभोगापवर्गनिर्वाहकमेतत् कर्म स्यात् । पुमान् पुरुषः बुद्धिगुणः स्यात् । बुद्धिलब्धिज्ञानानामनर्थान्तरत्वात् । स्यात् कथञ्चिद् ध्रुवश्च द्रव्यतोऽध्रुवश्च पर्यायत इत्येवं जैनदर्शनं जयतात् । दोषलवस्याप्यस्पर्शात् । ननु च पुंसो विषयग्रहणसमर्थत्वेनैव चिद्रूपत्वं व्यवतिष्ठत इति विकल्पात्मकबुद्धिगुणत्वं न युक्तम् , अन्तर्बहिर्मुखव्यापारद्वयविरोधादिति चेन्न, अनुभूयमानक्रमिकैकोपयोगस्वभावत्वेन तदविरोधादिति ।।११-२९।।

"પ્રધાન-પ્રકૃતિને ભિન્ન ભિન્ન (અનેક) માનવામાં આવે તો તે કર્મસ્વરૂપ જ થશે અને તેથી બુદ્ધિ જેનો ગુણ છે એવો પુરુષ થશે, જે કથંચિદ્ ધ્રુવ (નિત્ય) અને કથંચિદ્ અધ્રુવ છે. આ રીતે જૈનદર્શન જ જય પામે છે." - આ પ્રમાણે ઓગણત્રીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે એકની મુક્તિથી બધાની મુક્તિ માનવાની આપત્તિના પરિહાર માટે પ્રતિ-આત્મનિયત પ્રકૃતિને ભિન્ન માનવામાં આવે તો તે આત્માના ભોગ અને અપવર્ગ(મોક્ષ)નું નિર્વાહક કર્મ જ હશે. પુરુષનો ગુણ બુદ્ધિ છે. બુદ્ધિ, લબ્ધિ અને જ્ઞાન આ બધાનો એક અર્થ છે.

બુદ્ધિગુણવાળો પુરુષ કથંચિદ્ ધ્રુવ અને અધ્રુવ છે. દ્રવ્યને આશ્રયીને તે ધ્રુવ (નિત્ય) છે અને પર્યાય(પરિણામ)ને આશ્રયીને તે અધ્રુવ-અનિત્ય છે. આ રીતે જૈનદર્શન જય પામે છે. કારણ કે તેમાં દોષના લેશ(અંશ)નો પણ સ્પર્શ થતો નથી. "વિષય ગ્રહણ કરવા માટે સમર્થ હોવાથી પુરુષ ચિદ્રૂપ છે અને બુદ્ધિ વિકલ્પ (સંકલ્પ-વિકલ્પ-વિચાર) સ્વરૂપ હોવાથી તે ગુણવાળો પુરુષ કઇ રીતે હોઇ શકે ? કારણ કે અંતર્મુખવ્યાપાર અને બહિર્મુખવ્યાપાર : આ બંન્નેમાં વિરોધ છે." - આવી શંકા નહીં કરવી જોઇએ. કારણ કે એ બંન્ને વ્યાપાર ક્રમે કરીને (એક સમયમાં નહીં) અનુભવાય છે તેથી ક્રમિક અનુભવના વિષયના એક

ઉપયોગના સ્વભાવમાં કોઈ વિરોધ ન હોવાથી પુરુષને બુદ્ધિગુણવાળો માનવામાં કોઈ બાધ નથી. ||૧૧-૨૯||

જૈનદર્શનનો જય સિદ્ધ થવાથી પતંજલિએ જણાવેલા યોગલક્ષણમાં અવ્યાપ્તિદોષને જણાવાય છે–

**तथा च कायरोधादावव्याप्तं प्रोक्तलक्षणम् ।**
**एकाग्रतावधौ रोधे, वाच्ये च प्राचि चेतसि ||११-३०||**

तथा चेति–तथा च जैनदर्शनजयसिद्धौ च । प्रोक्तलक्षणं पतञ्जल्युक्तयोगलक्षणम् । कायरोधादावव्याप्तम्, आदिना वाग्निरोधादिग्रहः । एकाग्रतावधावेकाग्रतानिरोधमात्र-साधारणे च रोधे वाच्ये । प्राचि एकाग्रतायाः पृष्ठभाविनि । चेतस्यध्यात्मादिशुद्धेऽव्याप्तम् ||११-३०||

આશય એ છે કે ઉપર જણાવ્યા મુજબ જૈનદર્શનની માન્યતામાં દોષનો લવ(અંશ) પણ ન હોવાથી એ દર્શનપ્રસિદ્ધ યોગ પણ વાસ્તવિક છે. પતંજલિએ જણાવેલું યોગનું લક્ષણ તે યોગમાં સંગત થતું ન હોવાથી અવ્યાપ્તિ આવે છે - તે જણાવાય છે. શ્લોકાર્થ સ્પષ્ટ છે કે "ચિત્તવૃત્તિનો નિરોધ" આ યોગનું લક્ષણ કાયાના નિરોધાદિ સ્વરૂપ યોગમાં સંગત થતું ન હોવાથી તેમાં અવ્યાપ્તિ આવે છે. એકાગ્ર અને નિરુદ્ધ ચિત્તની વૃત્તિઓના નિરોધને જ યોગ કહેવામાં આવે તો તેની પૂર્વાવસ્થામાં થનારી ચિત્તવૃત્તિઓના નિરોધસ્વરૂપ અવસ્થામાં લક્ષણ-સમન્વય ન થવાથી અવ્યાપ્તિ આવશે."

કહેવાનું તાત્પર્ય એ છે કે જૈનદર્શનની માન્યતા મુજબ મોક્ષની સાથે જોડી આપનાર આત્મવ્યાપારમાત્રને યોગ કહેવાય છે. તેથી મન, વચન, કાયાના અશુભ યોગોના નિરોધને પણ યોગ કહેવાય છે. માત્ર ચિત્તવૃત્તિઓના નિરોધને જ યોગ કહેવામાં આવે તો કાયનિરોધ અને વાગ્નિરોધમાં લક્ષણ સંગત ન થવાથી અવ્યાપ્તિ આવે છે. તેના નિવારણ માટે એમ કહેવામાં આવે કે 'એકાગ્રતા અને નિરોધ માત્ર સાધારણ ચિત્તવૃત્તિઓનો નિરોધ જ યોગ છે.' તો કાયનિરોધાદિ લક્ષ્ય ન હોવાથી તેને લઈને અવ્યાપ્તિ નહીં આવે. પરંતુ તેથી એકાગ્રતાની પૂર્વેની અવસ્થામાં (વિક્ષિપ્તાવસ્થામાં) અધ્યાત્માદિથી શુદ્ધ થયેલા ચિત્તને લઈને અવ્યાપ્તિ આવે છે. ||૧૧-૩૦||

એકાગ્રતાની પૂર્વેની અવસ્થામાં અધ્યાત્મ અને ભાવનાદિથી શુદ્ધ બનેલા ચિત્તને લઇને આવતી અવ્યાપ્તિના નિવારણ માટે સાંખ્યો કહે છે–

**योगारम्भोऽथ विक्षिप्ते, व्युत्थानं क्षिप्तमूढयोः ।**
**एकाग्रे च निरुद्धे च, समाधिरिति चेन्न तत् ।।११-३१।।**

योगेति–अथ विक्षिप्ते चित्ते योगारम्भः, क्षिप्तमूढयोश्चित्तयोर्व्युत्थानम् । एकाग्रे च निरुद्धे च चित्ते समाधिरिति एकाग्रतापृष्ठभाविनश्चित्तस्यालक्ष्यत्वादेव न तत्राव्याप्तिः । क्षिप्तं हि रजस उद्रेकादस्थिरं बहिर्मुखतया सुखदुःखादिविषयेषु कल्पितेषु सन्निहितेषु वा रजसा प्रेरितं, तच्च सदैव दैत्यदानवादीनाम् । मूढं तमस उद्रेकात् कृत्याकृत्यविभागा-मङ्गतं क्रोधादिभिर्विरुद्धकृत्येष्वेव नियमितं, तच्च सदैव रक्षःपिशाचादीनाम् । विक्षिप्तं तु सत्त्वोद्रेकात् परिहृतदुःखसाधनेष्वेव शब्दादिषु प्रवृत्तं, तच्च सदैव देवानाम् । एतास्तिस्रश्चित्तावस्था न समाधावुपयोगिन्यः । एकाग्रतानिरुद्धरूपे द्वे एव सत्त्वोत्कर्षाद्य-थोत्तरमवस्थितत्वाच्च समाधावुपयोगं भजेते इति चेन्न तत् ।।११-३१।।

"વિક્ષિપ્ત ચિત્ત હોય ત્યારે યોગનો આરંભ થાય છે. એ ચિત્ત, ક્ષિપ્ત કે મૂઢ હોય છે ત્યારે વ્યુત્થાન થાય છે અને એકાગ્ર અને નિરુદ્ધ ચિત્ત હોય ત્યારે સમાધિ પ્રાપ્ત થાય છે. (આ પ્રમાણે માની લેવાથી અવ્યાપ્તિ આવતી નથી.) આ મુજબ કહેવાનું બરાબર નથી. (તેનું કારણ હવે પછી જણાવાય છે." - આ પ્રમાણે એકત્રીસમા શ્લોકનો અર્થ છે.

એનો આશય સ્પષ્ટ છે કે વિક્ષિપ્ત ચિત્ત હોતે છતે યોગનો આરંભ થાય છે. ત્યારે યોગની પ્રાપ્તિ થતી નથી. તેમ જ ક્ષિપ્ત કે મૂઢ ચિત્ત હોય ત્યારે વ્યુત્થાન હોય છે, યોગનો આરંભ પણ નથી હોતો. એકાગ્ર કે નિરુદ્ધ ચિત્ત હોય ત્યારે સમાધિ (યોગ) હોય છે. આથી સમજી શકાશે કે એકાગ્ર ચિત્તની અવસ્થાની પૂર્વેની ત્રણ અવસ્થાઓમાં યોગનો અભાવ હોવાથી તે લક્ષ્ય જ નથી. તેથી અવ્યાપ્તિ આવતી નથી.

રજોગુણની ઉદ્રિક્ત અવસ્થાના કારણે ચિત્ત અસ્થિર હોય છે. બહિર્મુખ પ્રવૃત્તિને લઇને કલ્પિત એવા સુખદુઃખાદિ વિષયોમાં રજોગુણથી પ્રેરણા પામેલું એ ક્ષિપ્ત ચિત્ત હંમેશને માટે દૈત્ય અને દાનવોનું હોય છે. તમોગુણની ઉદ્રિક્ત અવસ્થાના કારણે કૃત્ય અને અકૃત્યનો વિભાગ કરવામાં અસંગત અને ક્રોધાદિ

કષાયોના કારણે અકૃત્યમાં જ નિયમિત થયેલું ચિત્ત મૂઢ કહેવાય છે. સદાને માટે રાક્ષસ અને પિશાચ વગેરેનું મૂઢ ચિત્ત હોય છે. સત્ત્વગુણના ઉદ્રેકથી દુઃખના સાધનનો પરિહાર કરવાપૂર્વક શબ્દાદિ વિષયોમાં પ્રવૃત્ત ચિત્ત વિક્ષિપ્ત કહેવાય છે. સદાને માટે તે ચિત્ત દેવોનું હોય છે. આ ચિત્તની ત્રણેય અવસ્થાઓ સમાધિ(યોગ)માં ઉપયોગી બનતી નથી. એકાગ્રતા અને નિરુદ્ધ સ્વરૂપ બે અવસ્થાઓ જ સમાધિમાં ઉપયોગિની છે, જે સત્ત્વગુણના ઉત્કર્ષથી ક્રમશઃ અવસ્થિત બને છે. ઉદ્રિક્ત અવસ્થા અપ્રશસ્ત સ્વરૂપવાળી હોય છે અને ઉત્કર્ષ પ્રશસ્તાવસ્થાપન્ન હોય છે. ઉદ્રિક્તમાં અતિરેક હોય છે અને ઉત્કર્ષમાં પ્રાચુર્ય હોય છે.

ઉપર જણાવ્યા મુજબ સાંખ્યોએ જે કહ્યું તે બરાબર નથી. ॥૧૧-૩૧॥

સાંખ્યોના એ કથનમાં અનુપપત્તિ જણાવાય છે–

**योगारम्भेऽपि योगस्य, निश्चयेनोपपादनात् ।**
**मदुक्तं लक्षणं तस्मात्, परमानन्दकृत् सताम् ॥११-३२॥**

योगेति–योगारम्भेऽपि योगप्रारम्भकालेऽपि । निश्चयेन निश्चयनयेन । योगस्योपपादनाद्व्यवस्थापनात् । क्रियमाणं कृतमिति तदभ्युपगमाद् । आद्यसमये तदनुत्पत्तावग्रिमसमयेष्वपि तदनुत्पत्त्यापत्तेः । वस्तुतो योगविशेषप्रारम्भकालेऽपि कर्मक्षयरूपफलान्यथानुपपत्त्या व्यवहारेणापि योगसामान्यसद्भावोऽवश्याभ्युपेय इति प्रागुक्ताव्याप्तिर्वज्रलेपायितैव । तस्मान्मदुक्तं लक्षणं मोक्षमुख्यहेतुव्यापार इत्येवंरूपं सतां व्युत्पन्नानामदुष्टत्वप्रतिपत्तिद्वारा परमानन्दकृत् ॥११-३२॥

"યોગના પ્રારંભકાળમાં પણ નિશ્ચયનયની અપેક્ષાએ યોગનું વ્યવસ્થાપન કર્યું છે, તેથી મેં વર્ણવેલું યોગનું લક્ષણ વ્યુત્પન્ન આત્માઓને પરમાનંદને કરનારું છે." - આ પ્રમાણે બત્રીસમા શ્લોકનો અક્ષરાર્થ છે. આશય સ્પષ્ટ છે કે નિશ્ચયનયની અપેક્ષાએ '**क्रियमाणं कृतम्**' અર્થાત્ કરાતું કરાયેલું છે. આ સિદ્ધાંત સ્વીકૃત છે. આદ્ય સમયમાં જેની અનુત્પત્તિ છે, તેની ઉત્પત્તિ આગળના સમયમાં પણ શક્ય નથી. આથી સમજી શકાશે કે નિશ્ચયનયની અપેક્ષાએ યોગના પ્રારંભકાળમાં પણ યોગનું અસ્તિત્વ છે. 'આ નિશ્ચયનયની વાત છે. લોકવ્યવહારમાં એ પ્રસિદ્ધ નથી.' - આ પ્રમાણે નહીં કહેવું જોઇએ. કારણ કે વાસ્તવિક રીતે યોગવિશેષના પ્રારંભકાળમાં પણ કર્મક્ષય(નિર્જરા)સ્વરૂપ ફળની

પ્રાપ્તિ થાય છે. તેના અનુરોધથી ત્યાં યોગસામાન્યનો સદ્ભાવ માનવાનું આવશ્યક છે. અન્યથા યોગનો સદ્ભાવ ત્યાં ન હોય તો કર્મનિર્જરા સ્વરૂપ ફળની ઉપપત્તિ નહીં થાય. તેથી વ્યવહારનયની અપેક્ષાએ પણ યોગના પ્રારંભકાળમાં યોગ-સામાન્યનું અસ્તિત્વ છે.

આ રીતે નિશ્ચય અને વ્યવહાર નયની અપેક્ષાએ યોગના પ્રારંભકાળમાં પણ યોગ છે. પતંજલિ દ્વારા વર્ણવાયેલું યોગનું લક્ષણ યોગપ્રારંભકાળને લઇને ત્યાં સંગત થતું ન હોવાથી અવ્યાપ્તિ અનિવાર્ય જ છે. તેથી મેં કહેલું (અર્થાત્ ગ્રંથકારશ્રીએ જણાવેલું) યોગનું લક્ષણ જ બરાબર છે. મોક્ષનું મુખ્ય કારણભૂત જે કોઇ પણ અનુષ્ઠાન છે, તેને યોગ કહેવાય છે. 'મોક્ષમુખ્યકારણભૂત આત્મવ્યાપાર' યોગના પ્રારંભકાળમાં પણ હોવાથી તે વખતના યોગમાં લક્ષણ સંગત થાય છે. તેથી 'આ લક્ષણ અદુષ્ટ-નિર્દોષ છે.' એમ માનીને વ્યુત્પન્ન (સદસદ્નો વિવેક કરવામાં સમર્થ) આત્માઓને પરમાનંદની પ્રાપ્તિ થાય છે. આ રીતે નિર્દોષ લક્ષણ વ્યુત્પન્ન જનોને પરમાનંદસ્વરૂપ મોક્ષનું કારણ બને છે. અંતે યોગના લક્ષણમાં સદસદ્નો વિવેક કરી સદ્ભૂત લક્ષણની પ્રતિપત્તિ દ્વારા પરમાનંદના ભાજન બની રહીએ એ જ એક અભ્યર્થના. ॥૧૧-૩૨॥

**॥ इति श्रीद्वात्रिंशद्द्वात्रिंशिकायां पातञ्जलयोगलक्षणविचारद्वात्रिंशिका ॥**

**अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।**
**व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥**

# પરિશીલનની પૂર્વે

યોગસાધના માટે સાધકે કેટલીક પાયાની લાયકાત મેળવવાની હોય છે. પૂર્વસેવા તરીકે ઓળખાતી એ લાયકાતનું વર્ણન આ પ્રસ્તુત ગ્રંથમાં કરવામાં આવ્યું છે. આ પૂર્વસેવાને આત્મસાત્ કર્યા વિના સાચી યોગસાધના થતી નથી. અહીં યોગસાધનાની વાત કરતાં પહેલાં આપણે, 'યોગ એટલે શું ?' આ પ્રશ્નનો ઉત્તર આપણાં શાસ્ત્રોમાંથી મેળવી લેવાની જરૂર છે અને એ માટે આપણે કલિકાલસર્વજ્ઞ આચાર્યદેવ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ અને પ્રસ્તુત ગ્રંથના રચયિતા મહામહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજાએ ફરમાવેલા કેટલાક શ્લોકો જોઇએ :

**पुमर्था इह चत्वारः, कामार्थौ तत्र जन्मिनाम् ।**
**अर्थभूतौ नामधेयादनर्थौ परमार्थतः ॥**
**अर्थस्तु मोक्ष एवैको, धर्मस्तस्य च कारणम् ।**
**संयमादिर्दशविधः, संसाराम्भोधितारणः ॥ (त्रिषष्टि० पर्व १०)**

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ : આ ચાર પુરુષાર્થ કહેવાય છે. આમાં અર્થ અને કામ તો પરમાર્થથી અનર્થભૂત હોવાથી માત્ર નામથી જ પુરુષાર્થ છે. સાચો પુરુષાર્થ તો એકમાત્ર મોક્ષ જ છે અને એ મોક્ષનું કારણ (સાધન), સંસારસાગરથી તારનારો એવો સંયમાદિ દસ પ્રકારનો ધર્મ છે. (તેથી તે પણ પુરુષાર્થ છે.)

**दुर्गतिप्रपतत्प्राणिधारणाद् धर्म उच्यते ।**
**संयमादिर्दशविधः सर्वज्ञोक्तो विमुक्तये ॥** (યોગશાસ્ત્ર-પ્રકાશ-૨)

દુર્ગતિમાં પડતા પ્રાણીને આધાર આપનાર હોવાથી ધર્મ કહેવાય છે. તે સંયમાદિ દસ પ્રકારનો સર્વજ્ઞોએ ફરમાવેલો ધર્મ મોક્ષને માટે છે.

**चतुर्वर्गेऽग्रणीर्मोक्षो, योगस्तस्य च कारणम् ।**
**ज्ञानश्रद्धानचारित्र-रूपं रत्नत्रयं च सः ॥** (યોગશાસ્ત્ર-પ્રકાશ-૧)

ચાર પુરુષાર્થમાં પ્રધાન મોક્ષપુરુષાર્થ છે. તે મોક્ષનું કારણ (સાધન) યોગ છે અને તે યોગ; જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ રત્નત્રયી છે.

**मोक्षेण योजनाद् योगः सर्वोऽप्याचार इष्यते ।** (જ્ઞાનસાર, યોગાષ્ટક)

આત્માને મોક્ષની સાથે જોડી દેનાર હોવાથી, બધો ય (સાધુધર્મ અને શ્રાવકધર્મ સ્વરૂપ) આચાર યોગ તરીકે ઇષ્ટ (સ્વીકાર્ય) છે...

આ શાસ્ત્રાધારોના પ્રકાશમાં જોઇએ તો મોક્ષ મેળવવાના એકમાત્ર લક્ષ્યથી અને શુદ્ધવિધિથી આરાધાતો ધર્મ એ જ સાચો યોગ હોવાનું સ્પષ્ટ થઇ જાય છે.

વર્તમાનમાં યોગના નામે આચારશૂન્ય, વિવેકશૂન્ય અને અર્થશૂન્ય એવી અનેક વાતો અને પ્રવૃત્તિઓ ચાલી રહી છે. મન, વચન અને કાયાને જરાય કષ્ટ ન આપવું; મન, વચન અને કાયાને ગમતી બધી જ મોહાધીન પ્રવૃત્તિઓ કર્યે જવી અને 'સાક્ષીભાવ', 'અનાસક્તિભાવ', 'નિર્લેપભાવ' વગેરે જેવા શબ્દો સમજ્યા-સમજાવ્યા વિના રમાડ્યે જવા-આવું તો ઘણું બધું અત્યારે યોગના નામે ચાલી રહ્યું છે. યોગસાધના એ ધર્મારાધના કરતાં કોઇ તદ્દન જુદી અને ઊંચી ચીજ હોય - એવી ભ્રમણા ઊભી કરાતી હોય છે. આપણે એ બધી લાંબી ચર્ચામાં ઊતરવું નથી. પણ એવી બધી વાતોમાં આવી જઇને આપણે એવા દંભયોગી ન બની જઇએ એટલી સાવચેતી ખાતર જ આપણે ઉપરના શાસ્ત્રપાઠો યાદ રાખવાના છે. આપણી નાનામાં નાની અનુકૂળતા મેળવવા માટે બીજા અનેક જીવોને મરણ સુધીની પીડા આપવી જ પડે અને આપણી નાનામાં નાની પ્રતિકૂળતા કાઢવા માટે બીજા અનેક જીવોની અનુકૂળતા ઝૂંટવી જ લેવી પડે - એ સંસારના સુખની એકમાત્ર લાક્ષણિકતા છે. આવા સુખના ત્યાગ વગર ધર્મની - યોગની - સાધનાનો વિચાર પણ થઇ ન શકે. આવા સુખના ત્યાગ સ્વરૂપ ધર્મ પણ, ભવિષ્યમાં એવા વધુ સુખની પ્રાપ્તિ માટે થતો હોય તો એ ધર્મ પણ અનર્થભૂત જ છે. માટે માત્ર સુખના ત્યાગસ્વરૂપે થતો ધર્મ નહિ, પણ સુખના રાગના ત્યાગસ્વરૂપે થતો ધર્મ જ શુદ્ધ ધર્મ છે. સારા આશયથી કરાતો ધર્મ પણ ભગવાનની આજ્ઞા મુજબનો ન હોય તો નિરર્થક છે. ઉપરના શાસ્ત્રપાઠમાંની 'મોક્ષના કારણ' અને 'સર્વજ્ઞોક્ત' એવા ધર્મની વાત યાદ રાખીએ તો, મોક્ષના એકમાત્ર લક્ષ્યથી અને જ્ઞાનીઓએ ફરમાવેલી વિધિથી થતો નાનો પણ ધર્મ જ સાચો ધર્મ છે, તે સિવાયનો ગમે તેટલો મોટો ધર્મ પણ અધર્મ જ છે - આ વાતમાં કશી શંકા રહેતી નથી. આ વાતને 'એકાન્તવાદ'

કહેનારા અનેકાન્તની આશાતના કરી રહ્યા છે. યોગ અને ધર્મ વસ્તુતઃ એક જ છે - એ વાત આપણે શરૂમાં જ વિચારી આવ્યા. ધર્મારાધના કે યોગસાધના માટે સાધકે જે યોગ્યતા મેળવવાની, કેળવવાની અને જાળવવાની છે તેને પૂર્વસેવા કહેવાય છે. પ્રસ્તુત ગ્રંથમાં તે પૂર્વસેવાનું જે સ્વરૂપ બતાવવામાં આવ્યું છે તે વાંચતાં સ્પષ્ટ સમજાશે કે સુખના રાગીનું આમાં કામ નથી. સુખનો રાગ અને દુઃખનો દ્વેષ : આ બંન્ને તરફ દ્વેષ જાગે તો જ આ પૂર્વસેવા જીવનમાં ઊતરે તેવી છે. આ પૂર્વસેવાને સેવ્યા વિના યોગી બની ગયેલાઓના યોગ, પોતાને અને બીજાઓને ઠગનારા દંભ સિવાય બીજું કશું જ નથી. આ પૂર્વસેવાની અપૂર્વ-અત્યાર સુધી ક્યારેય કોઇની ન કરી હોય તેવી - સેવા કરીશું તો જ સાચા યોગી બનીશું. આવા યોગી ક્રિયામાર્ગના વિરોધી ન હોય. વિરોધ અશુદ્ધ ક્રિયાનો હોય, શુદ્ધ ક્રિયા તો યોગસાધનાનું અવિભાજ્ય અંગ છે, તેની ઉપાસના વિના યોગ સિદ્ધ ન થાય. યોગમાર્ગના સાચા જ્ઞાનના અભાવે આજે યોગ, ધ્યાન, સાધના વગેરેના નામે નરી સુખશીલતા પોષાઇ રહી છે. આપણે એ બધી ગરબડમાં પડવું નથી.

આ પૂર્વસેવા જ્ઞાનીઓની દૃષ્ટિએ તો સાધનામાં પ્રવેશવા માટેની સાવ પ્રાથમિક કક્ષાની યોગ્યતા છે. જ્ઞાનીઓની દૃષ્ટિએ યોગી કે ધર્મી બનવા માટે તો ઘણી સાધના કરવાની બાકી રહે છે. પરંતુ આપણી કક્ષા એટલી નીચી છે કે આવી પ્રાથમિક યોગ્યતા પણ આપણા માટે ઘણી ઊંચી લાગે છે. જ્ઞાનીઓની દૃષ્ટિએ યોગી-ધર્મી તરીકેનું પ્રમાણપત્ર મેળવવાની વાત તો આપણા માટે ઘણી અઘરી છે. પણ એ પરીક્ષામાં બેસવા માટેના પ્રવેશપત્ર જેવી આ પૂર્વસેવા ય પામી શકીએ તો આપણા માટે મોટી વાત છે. જ્ઞાનીઓની દૃષ્ટિએ સારી શરૂઆત છે. આ ભવમાં આવી સારી શરૂઆત થઇ જાય અને પછી વહેલી તકે સાચા સાધક બનીને સિદ્ધ થઇએ એ જ એક શુભાભિલાષા...

**- આ.વિ. ચન્દ્રગુપ્તસૂરિ**

વિ.સં. ૨૦૫૬
પોષ વદ-૬, બુધવાર
છાપરીયા શેરી, સુરત

इत्थं विचारितलक्षणस्य योगस्य प्रथमोपायभूतां पूर्वसेवामाह–

આ પૂર્વે અગિયારમી બત્રીશીમાં જેનું લક્ષણ-સ્વરૂપ વિચારાયું છે તે યોગની પ્રાપ્તિ માટે પ્રથમ ઉપાય સ્વરૂપ પૂર્વસેવાનું વર્ણન કરાય છે–

**पूर्वसेवा तु योगस्य, गुरुदेवादिपूजनम् ।**
**सदाचारस्तपो मुक्त्यद्वेषश्चेति प्रकीर्त्तिताः ।।१२-१।।**

पूर्वसेवा त्विति–स्पष्टः ।।१२-१।।

"ગુરુ-દેવાદિનું પૂજન; સદાચાર; તપ અને મુક્તિ પ્રત્યેનો અદ્વેષ - એને યોગની પૂર્વસેવા તરીકે વર્ણવ્યા છે." આ પ્રમાણે પહેલા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે આ પૂર્વે યોગનું લક્ષણસ્વરૂપ વર્ણવતી વખતે અગિયારમી બત્રીશીમાં વર્ણવ્યું છે કે, મોક્ષની સાથે આત્માનો યોગ કરાવી આપનાર મુખ્ય કારણ સ્વરૂપ આત્મવ્યાપારને યોગ કહેવાય છે. આ મોક્ષસાધક યોગને પ્રાપ્ત કરવા માટેના જે ઉપાય છે; તેને અહીં મોક્ષસાધક યોગની પૂર્વસેવા તરીકે વર્ણવ્યા છે.

શ્રીવીતરાગપરમાત્માએ પ્રરૂપેલા મોક્ષસાધક યોગો અસંખ્ય છે. એને પ્રાપ્ત કરવાના ઉપાયો પણ અસંખ્ય છે - એ સમજી શકાય છે. અસંખ્ય યોગની પૂર્વસેવા સ્વરૂપ એ ઉપાયોમાંથી માત્ર ચાર જ ઉપાયોનું વર્ણન આ બત્રીશીમાં કર્યું છે. ખૂબ જ સંક્ષેપથી પણ માર્મિક રીતે વર્ણવેલા એ ઉપાયોનો વિચાર અહીં કરવાનો છે. અનંતદુઃખમય આ સંસારથી મુક્ત બનવા માટે યોગ વિના બીજો કોઇ ઉપાય નથી - એનો જેને ખ્યાલ છે એવા મુમુક્ષુઓને યોગ સિવાય બીજું કશું જ પામવા જેવું લાગતું નથી. યોગની પ્રાપ્તિ માટેનો તેમનો પુરુષાર્થ વ્યર્થ બને નહિ અને સફળ બની રહે - એ માટે આ બત્રીશીમાં ગ્રંથકાર પરમર્ષિએ યોગની પ્રાપ્તિના પ્રાથમિક ઉપાય તરીકે મુમુક્ષુ જનોને પૂર્વસેવા ઉપદેશી છે. એને પ્રાપ્ત કર્યા વિના; યોગ માટે કરેલો પુરુષાર્થ ફળની પ્રાપ્તિ સુધી નહિ પહોંચાડે.

કારણ ગમે તે હોય પરંતુ આજે આ જાતની પ્રાથમિક યોગ્યતાની ખૂબ જ ઉપેક્ષા સેવાય છે - એ માન્યા વિના ચાલે એવું નથી. આપણી અવદશાનું નિદાન વર્ષો પૂર્વે અનેક ગ્રંથકારપરમર્ષિઓએ ખૂબ જ ચોક્કસપણે કરી લીધું

છે. કોઇ પણ જાતના ખચકાટ વિના એનો સ્વીકાર કરી આપણી અવદશાનાં એ કારણોને દૂર કર્યા વિના છૂટકો જ નથી. આત્માની વિશિષ્ટ યોગ્યતાને લઇને કોઇને એકાએક યોગની પ્રાપ્તિ થાય - એથી એવા દૃષ્ટાંતને લઇને યોગની યોગ્યતા સ્વરૂપ પૂર્વસેવાની ઉપેક્ષા કરવાનું હિતાવહ નથી. દુનિયાના કોઇ પણ ક્ષેત્રમાં તે તે વિષયમાં યોગ્યતાની ઉપેક્ષા કરાતી નથી. માત્ર ધાર્મિક ક્ષેત્રમાં એવી ઉપેક્ષા કેમ સેવાય છે - એ સમજાતું નથી. જો સંસારથી મુક્ત થવું હોય અને મોક્ષે જવું હોય તો યોગની પૂર્વસેવાની ઉપેક્ષા કરવાનું કોઇ કારણ જ નથી. અનંતજ્ઞાનીઓની દૃષ્ટિએ યોગપૂર્વસેવાની ઉપેક્ષાનું વાસ્તવિક કારણ; ભવના ઉચ્છેદની ભાવનાનો અભાવ છે. 'ભવ દુઃખથી ગહન છે, એનો ઉચ્છેદ કઇ રીતે થાય' - આવો વાસ્તવિક પરિણામ જ યોગની પૂર્વસેવાને પ્રાપ્ત કરાવે છે.

યોગની પૂર્વસેવાને આત્મસાત્ કર્યા પછી યોગની પ્રાપ્તિ ખૂબ જ સરળ રીતે થાય છે, પ્રાપ્ત યોગ સ્થિર બને છે, સ્થિર યોગ વિશુદ્ધ બને છે અને વિશુદ્ધ યોગ આત્માને પરમપદે બિરાજમાન કરે છે; જેના પ્રારંભમાં આ રીતે યોગની પૂર્વસેવા છે - એ સમજી શકાય છે. એ પૂર્વસેવાના અસંખ્ય ભેદમાંથી અહીં ગુરુદેવાદિપૂજન, સદાચાર, તપ અને મુક્તિ પ્રત્યેનો અદ્વેષ - આ ચારનું જ આ બત્રીશીમાં વર્ણન કર્યું છે. એનો વિચાર કરવાથી સમજાશે કે યોગપ્રાપ્તિની વાત તો દૂર રહી; પરંતુ યોગની પૂર્વસેવાને પામવાનું પણ કપરું છે. આ સંસારના ઉચ્છેદની ભાવના તીવ્ર ન બને તો પૂર્વસેવા પામવાનું કોઇ રીતે શક્ય નથી. ભવના ઉચ્છેદની ભાવના વિનાનાને તો આ પૂર્વસેવાની વાત સમજવાનું પણ અઘરું છે. ॥૧૨-૧॥

ગુરુદેવાદિ-પૂજન સ્વરૂપ યોગપૂર્વસેવાનું વર્ણન કરવા માટે બીજા શ્લોકમાં ગુરુવર્ગ જણાવાય છે–

**माता पिता कलाचार्य, एतेषां ज्ञातयस्तथा ।**
**वृद्धा धर्मोपदेष्टारो, गुरुवर्गः सतां मतः ॥१२-२॥**

मातेति–वृद्धाः श्रुतवयोवृद्धलक्षणाः । गुरुवर्गो गौरववल्लोकसमुदायः ॥१२-२॥

માતા, પિતા, કલાચાર્ય, તેમના ભાઇ-બહેન વગેરે જ્ઞાતિજનો અને ધર્મનો ઉપદેશ આપનારા એવા વૃદ્ધજનો - આ બધાને શિષ્ટ પુરુષોએ ગુરુવર્ગ

તરીકે માન્યો છે. - આ પ્રમાણે બીજા શ્લોકનો અર્થ છે. આશય ખૂબ જ સ્પષ્ટપણે સમજી શકાય છે કે જેમનું પૂજન કરવાનું યોગની પૂર્વસેવામાં વર્ણવ્યું છે; તે ગુરુવર્ગ માતા, પિતા અને કલાચાર્ય વગેરે સ્વરૂપ છે.

યોગની પ્રાપ્તિ માટે યોગની પૂર્વસેવા છે. યોગની પ્રાપ્તિ પૂર્ણપણે ગુરુદેવશ્રીને આધીન છે. ચાલુ વ્યવહારમાં પણ તે તે વસ્તુની પ્રાપ્તિ ગુરુને આધીન છે. ગુરુકૃપા સર્વસિદ્ધિનું મૂળ છે. સર્વસાવદ્ય યોગથી વિરામ પામ્યા વિના વાસ્તવિક રીતે યોગની પ્રાપ્તિ થતી નથી. એ સર્વવિરતિધર્મની આરાધનામાં પૂ. ગુરુદેવશ્રીના પારતંત્ર્યનું કેટલું મહત્ત્વ છે એ સૌ કોઇ ખૂબ જ સારી રીતે જાણે છે. કોઇને એ અંગે સમજાવવાની ખરેખર જ આવશ્યકતા નથી. પરંતુ આજે ગુરુપારતંત્ર્ય લગભગ ગૌણ બની ગયું છે - એમ કહીએ તો એમાં કશું ખોટું નથી. ગ્રંથકારપરમર્ષિએ યોગની પૂર્વસેવાના નિરૂપણનો પ્રારંભ 'ગુરુપૂજન'થી કર્યો છે. એનો થોડો વિચાર કરીએ તો ચોક્કસ સમજાશે કે ગુરુપારતંત્ર્યની પ્રાપ્તિ માટે અહીં વર્ણવાતા ગુરુપૂજન સિવાય બીજો કોઇ જ ઉપાય નથી. ભવનિસ્તારક પૂ. ગુરુદેવશ્રીની ઉપાસનાથી જેમ પરમતારક પરમગુરુ શ્રી અરિહંતપરમાત્માનો સદ્યોગ પ્રાપ્ત થાય છે, તેમ ઉપકારી માતાપિતાની સેવાથી (વિનયાદિસ્વરૂપ સેવાથી) ભવનિસ્તારક ગુરુદેવશ્રીનું પારતંત્ર્ય પ્રાપ્ત થાય છે, જે સર્વવિરતિધર્મસ્વરૂપ યોગનું મુખ્ય અંગ છે. એ અંગ વિના યોગની બધી જ સાધના સાધ્યસિદ્ધિનું અંગ બનતી નથી.

યોગની પૂર્વસેવાને કર્યા વિના યોગની સાધના માટે કોઇ પણ જાતની યોગ્યતા પ્રાપ્ત થતી નથી. યોગ્યતારહિત માણસો ગમે તેટલી ઉચ્ચ કક્ષાની આરાધના કરે; તોપણ તેઓ સિદ્ધિથી વંચિત જ રહેવાના. અનધિકારીઓને કોઇ ફળ મળે - એ વાતમાં તથ્ય નથી. માટે કોઇ વાર યોગની સાધનાનો પ્રારંભ કરતાં પૂર્વે યોગની પૂર્વસેવાનો પ્રયત્ન કર્યો ન હોય; ત્યારે તેવા સાધકોએ પોતાની એ નબળાઇને સતત ખ્યાલમાં રાખીને જ યોગમાર્ગમાં ચાલવું જોઇએ. ચાલવા માટે પગ જેવું કોઇ જ સાધન નથી. એ સશક્ત હોય તો જ ખરેખર તો ચાલવું જોઇએ. પરંતુ સંયોગવશ પગ અશક્ત-અસમર્થ હોય તોપણ ચાલવું પડતું હોય છે. પણ એ વખતે ચાલનારને પોતાની એ નબળાઇનો સંપૂર્ણ ખ્યાલ હોવાથી ધીમે ધીમે સાચવી-સાચવીને ચાલવા દ્વારા તે વિલંબે પણ ઇષ્ટ સ્થાને

પહોંચે છે. યોગની પૂર્વસેવાને આરાધ્યા વિના યોગની આરાધનાને કરનારાએ પોતાની એ ખામીનો ખ્યાલ રાખી એને દૂર કરવા ઉત્કટ પ્રયત્ન કરવો જોઇએ. સાધન ખરાબ નથી, અપૂર્ણ છે. એનો ત્યાગ કરવાની જરૂર નથી, એને પૂર્ણ અને સમર્થ બનાવવાની જ જરૂર છે. અશક્ત પગ પણ લાકડી વગેરેના ટેકાથી કાર્યસાધક બનતા હોય છે.

માતા, પિતા, કલાચાર્ય, તેઓના ભાઇ-બહેન વગેરે અને જ્ઞાનથી કે ઉંમરથી વૃદ્ધ(મોટા) એવા ધર્મના ઉપદેશકો - આ ગુરુવર્ગ છે. તેમણે આપણી ઉપર કઇ જાતનો ઉપકાર કર્યો છે - એ વિચારવાના બદલે કઇ જાતનો ઉપકાર તેમણે આપણી ઉપર કર્યો નથી; એ વિચારવું જોઇએ. આપણી ગર્ભાવસ્થા; જન્મસ્થિતિ; શિશુઅવસ્થા અને બાલ્યાવસ્થા કેવી અજ્ઞાનમયી હતી ? એ ઘોર અંધકારમાંથી પ્રકાશને ઝીલવાની પાત્રતા પ્રાપ્ત કરાવીને આપણાં માતાપિતાએ આપણી ઉપર કયો ઉપકાર કર્યો નથી ? આપણી એ પાત્રતાને જોઇને કલાચાર્યે સમયોચિત અક્ષરાદિ-જ્ઞાનના પ્રદાન દ્વારા આપણા જીવનને જ નહિ આપણા આત્માને પ્રકાશમય બનાવવા અથાગ પ્રયત્નો કર્યા છે. એ પ્રયત્નો સાથે વિવિધ કલાઓના જ્ઞાનનું પ્રદાન કરતાં કરતાં આપણા હિતની પણ ચિંતા તેઓએ કરી છે. આજની આપણી જે કાંઇ પણ થોડી સારી સ્થિતિ છે તે તેઓના ઉપકારનું જ ફળ છે ને ? આવી જ રીતે મામા, માસી, કાકા, ફોઇ... ઇત્યાદિ જ્ઞાતિજનો(સ્વજનો)એ પણ અવસરે અવસરે આપણી સારસંભાળ લઇને આપણા જીવનના પ્રવાહને અવિરતપણે વહેતો રાખવા પૂરતો પ્રયત્ન કર્યો છે. તે બધાએ કરેલા ઉપકારો અગણિત છે. આપણા વિવેકહીન વર્ત્તનને જોયા પછી અને જાણ્યા પછી પણ તેઓએ એ ઉપકારનું ઝરણું વહેતું જ રાખ્યું છે. એના અચિંત્ય સામર્થ્યથી, દિશાપૂર્ણ બનેલા આપણા જીવનને જોઇને આપણા પરલોકની ચિંતામાં વ્યગ્ર એવા પૂ. ધર્મોપદેશકોએ પણ આપણી ઉપર ખૂબ જ અનુગ્રહ કર્યો છે. પરલોકના હિતથી સર્વથા અનભિજ્ઞ(અજાણ) એવા આપણને; હેય, ઉપાદેય અને સદસદ્ વગેરેનો વિવેક તેઓશ્રીની કૃપાથી જ પ્રાપ્ત થયો છે ને ? સ્વપ્ને પણ આપણને જેની કલ્પના ન હતી એવા હિતાહિતાદિને સમજાવી આપણા જીવનને વિવેકપૂર્ણજ્ઞાનથી ભરી દેવાનો પ્રયત્ન તેઓશ્રીએ કર્યો છે. ઉંમરથી નાના પણ જ્ઞાનથી મોટા એવા શ્રુત(જ્ઞાન)વૃદ્ધ અને ઉંમરથી અધિક એવા

વયોવૃદ્ધ પુરુષોએ કરેલા અનુગ્રહને આપણે ક્યારે પણ વીસરી નહીં શકીએ. યોગની પૂર્વસેવાની જયાંથી શરૂઆત કરવાની છે એ ગુરુપૂજન માટેના ગુરુવર્ગને આ શ્લોકથી જણાવ્યો છે. ॥૧૨-૨॥

હવે ત્રીજા શ્લોકથી ગુરુવર્ગના પૂજનનું વર્ણન કરાય છે–

**पूजनं चाऽस्य नमनं, त्रिसन्ध्यं पर्युपासनम् ।**
**अवर्णाश्रवणं नामश्लाघोत्थानासनार्पणे ॥१२-३॥**

पूजनमिति–नमनं कदाचिद् द्रव्यतस्तदभावेऽपि भावतो मनस्यारोपणेन । नाम्नः श्लाघा स्थानास्थानग्रहणाग्रहणाभ्याम् । उत्थानासनार्पणे अभ्युत्थानासनप्रदाने आगतस्येति गम्यम् ॥१२-३॥

"આ ગુરુવર્ગનું પૂજન; ત્રણ સંધ્યાએ નમસ્કાર કરવો, પર્યુપાસના કરવી, અવર્ણવાદનું શ્રવણ ન કરવું, નામની શ્લાઘા(ગૌરવપૂર્વક બોલવું), ઊભા થવું અને આસન આપવા સ્વરૂપ છે." - આ પ્રમાણે ત્રીજા શ્લોકનો સામાન્યાર્થ છે.

કહેવાનો આશય એ છે કે માતા, પિતા વગેરે ગુરુવર્ગને દરરોજ સવારે, બપોરે અને સાંજે ત્રણ વાર પ્રણામ કરવો જોઈએ. સવારે છ વાગ્યાની આસપાસ, બપોરે બાર વાગ્યાની આસપાસ અને સાંજે છ વાગ્યાની આસપાસના સમયને સામાન્યથી સંધ્યાસમય કહેવાય છે. ત્રણ સંધ્યાએ માતા, પિતા, કલાચાર્ય, તેમના જ્ઞાતિજનો અને વૃદ્ધધર્મોપદેશકો - આ ગુરુવર્ગને પ્રણામ કરવો જોઈએ. કોઈ વાર ગુરુવર્ગ ઉપસ્થિત ન હોય અથવા તો આપણે તેમની પાસે ન હોઈએ તો આવા અવસરે દ્રવ્યથી તેઓ વિદ્યમાન ન હોવાથી સાક્ષાત્ પ્રણામ કરવાનું ન બને તોપણ ત્રણે સંધ્યાએ ભાવથી મનમાં તેમનું સ્મરણ કરી આરોપણ કરવા દ્વારા પ્રણામ કરવો જોઈએ. આ રીતે માતા-પિતાદિને પ્રણામ કરવાનું ધાર્યા કરતાં ઘણું જ અઘરું છે. વર્તમાનમાં લગભગ આ આચાર નાશ પામ્યો છે. જે પણ થોડા માણસો એ આચારને પાળે છે તેમને; ઘણા માણસો તેમ કરતા ન હોવાથી વિચિત્ર લાગે છે. એમાં પણ મોટી ઉંમર થયા પછી કે સમાજમાં સ્થાન પામ્યા પછી ખૂબ જ વિષમતા સર્જાય છે. આવા સંયોગોમાં એ વિચારવું જોઈએ કે આપણે ગમે તેટલા મોટા-મહાન થઈએ પરંતુ

આ ભવમાં માતા, પિતા કે કલાચાર્યાદિ ગુરુવર્ગની અપેક્ષાએ આપણે મહાન નહિ જ થઇએ. માતાપિતાદિ ગુરુવર્ગને પ્રણામ કરવાનું બંધ થવાથી મર્યાદાનું પાલન લગભગ નષ્ટ થયું. ગુરુવર્ગ ગુરુવર્ગ છે એટલું જ જોતા રહ્યા હોત તો આજની સ્થિતિ જોવા મળત નહિ. માતા માતા છે; પિતા પિતા છે અને કલાચાર્ય કલાચાર્ય છે - આ સિવાય બીજી કોઇ વાતનો વિચાર કરવાની આવશ્યકતા જ હતી નહિ. માત્ર એ એક જ વિશેષતાને આંખ સામે રાખીને તેમને પ્રણામ કરવાનો હતો પરંતુ તેમના સ્વભાવાદિને જોવાથી યોગની આ પૂર્વસેવાથી આપણે દૂર થયા.

આજે તો માતાપિતાદિ ગુરુવર્ગને પ્રણામ કરવાનું જણાવી શકાય એવી સ્થિતિ જ નથી. કારણ કે સંયુક્ત કુટુંબની પદ્ધતિનો ઉચ્છેદ થવાથી એ શક્ય બનતું નથી. જ્યાં પણ માતાપિતાની સાથે રહેતા હોય છે; ત્યાં પણ હું માતા-પિતાની સાથે રહું છું એમ માનવાના બદલે મારી સાથે માતાપિતા રહે છે - એમ માનવામાં આવે છે. આવી સ્થિતિમાં માતાપિતા પ્રત્યે બહુમાન કે આદરભાવ ન જ હોય તે સમજી શકાય છે. કલાચાર્યની તો વાત કરવાની જ રહેતી નથી. તેમની અવજ્ઞા ન કરે તો સારું ! એમ જ કહેવાનો પ્રસંગ છે. તેમને પ્રણામ કરવાની વાત તો માંડી જ વાળવી પડશે. આજથી પચાશ વર્ષ પૂર્વે કલાચાર્ય પ્રત્યે જે આદર અને બહુમાનાદિ હતા તે આજે નથી. બેરિસ્ટર થયા પછી પણ પ્રાથમિક માસ્તરને કાદવવાળી જગ્યા હોય તોપણ સાષ્ટાંગ પ્રણામ કરનારા એ વખતે જૈનેતરોમાં જોવા મળતા. જોતજોતામાં આ બધું અદૃશ્ય થતું ગયું. એની અસર અમારે ત્યાં સાધુજીવનમાં પણ પડી છે. વંદનની બાબતમાં હવે બહુ આગ્રહ જેવું રહ્યું નથી. સમયની અને સંયોગની અનુકૂળતા હોય તો વંદન કરવાનું, નહિ તો કાંઇ નહિ ! કલાચાર્યની તો ઘણી અવજ્ઞા થતી હોય છે. ભણાવનારા આપણી ઉપર ઉપકાર કરે છે - એવી માન્યતા લુપ્ત થતી ચાલી છે. એમને આવડે છે માટે ભણાવવું જ જોઇએ, એમાં વળી ઉપકાર શાનો ? લગભગ આવી માન્યતા દૃઢ થતી ચાલી છે. માતા, પિતા કે કલાચાર્યોની આ રીતે ઉપેક્ષા થતી હોય ત્યારે તેમના જ્ઞાતિજનો માટે કશું જ કહેવાનું રહેતું નથી. આ બધામાં ધર્માચાર્યોના પ્રણામ અંગે શું કહેવું તે સમજાતું નથી. જ્ઞાન કે ઉંમરથી વૃદ્ધ એવા ધર્મોપદેશકોને પ્રણામ કરવાનું; ધર્મના ઉત્કટ અર્થી બન્યા વિના શક્ય

નહીં બને. યોગની પૂર્વસેવાનો પ્રારંભ માતાપિતાદિના પૂજનથી થાય છે; અને તેનો પ્રારંભ માતા-પિતાદિને ત્રિકાળ પ્રણામ કરવાથી થાય છે - એ યોગના અર્થીએ યાદ રાખવું જોઇએ.

ઉપર જણાવ્યા મુજબ માતાપિતાદિ ગુરુવર્ગને ત્રણ સંધ્યાએ પ્રણામ કરીને તુરત જ જતા રહેવાનું નથી. થોડી વાર તેમની પાસે બેસીને વાતચીત કરી તેમને કોઇ કામ હોય તો તે અંગે પૂછવું, આપણા કાર્ય અંગે તેમનું માર્ગદર્શન મેળવવું... વગેરે સ્વરૂપ તેમની પર્યુપાસના કરવી. આ રીતે પર્યુપાસના કરવાથી ગુરુવર્ગ પ્રત્યે બહુમાન વધે અને આપણી કોઇ ભૂલ થતી હોય તો તે દૂર થાય.

શ્લોકના ઉત્તરાર્ધમાં ગ્રંથકારશ્રી જણાવે છે કે ગુરુવર્ગના અવર્ણવાદ(નિંદા વગેરે)નું શ્રવણ કરવું નહિ. કોઇ વાર કાર્યવશ એવા સ્થાને જવાનું થાય ત્યારે ત્યાં આપણાં માતા-પિતાદિની નિંદા થતી હોય તો તે સાંભળવી નહીં. ત્યાંથી ચાલ્યા જવું જોઇએ. એ અંગે કોઇ પૂછે તો હિંમતથી જણાવવું કે મારા ગુરુવર્ગની નિંદા-અવર્ણવાદ સાંભળવા હું આવ્યો નથી. - આ પ્રમાણે કરવાના કારણે ગુરુવર્ગ પ્રત્યેનું બહુમાનાદિ ટકી રહે છે. આ રીતે અવર્ણવાદ સાંભળવાનો ત્યાગ કરવાથી એના ફળ સ્વરૂપે ગુરુવર્ગના અવર્ણવાદ બોલવાથી સર્વથા દૂર રહી શકાય છે. વર્તમાનમાં પોતાના ગુરુવર્ગના અવર્ણવાદ બોલવાનું દૂષણ ખૂબ જ વ્યાપક બનતું ચાલ્યું છે. એ દૂષણ થોડાઘણા અંશે સાધુ-સાધ્વીઓમાં પ્રવેશ પામેલું જોવા મળે છે, જે; યોગની પૂર્વસેવાથી પણ દૂર રાખનારું છે. સામાન્ય શિષ્ટાચાર એ છે કે કોઇના પણ અવર્ણવાદ કરવા નહિ. એનો વિચાર કરીએ તો સમજાશે કે માતાપિતાદિ ઉપકારી ગુરુવર્ગના અવર્ણવાદની પ્રવૃત્તિ કેટલી ખરાબ છે. આવી દુષ્ટ પ્રવૃત્તિથી સર્વથા દૂર રહેવા માટે અવર્ણવાદનું અશ્રવણ ખૂબ જ આવશ્યક છે.

માતાપિતાદિ ગુરુવર્ગનું નામ યોગ્ય-પવિત્ર સ્થાને અવશ્ય બોલવું પરંતુ મૂત્ર-મલાદિ-પરિત્યાગાદિના અપવિત્ર સ્થાને કોઇ પણ રીતે તેમનું નામ બોલવું નહિ - આ વસ્તુને **नामश्लाघा** પદથી અહીં જણાવી છે. પૂજ્યપુરુષોની જેમ જ તેમનું નામ પણ પરમપવિત્ર હોય છે. તેથી પવિત્ર સ્થાને-અવસરે વિવેકપૂર્વક તેમનું નામગ્રહણ કરવું. પરંતુ અશુચિ-અપવિત્ર સ્થાનમાં તેમનું નામ ન લેવું. આથી ઉપકારી જનો પ્રત્યેનો પૂજ્યભાવ જળવાય છે.

માતાપિતાદિ ગુરુજનો બહારથી આવે ત્યારે તેમને જોતાંની સાથે જ ઊભા થવું; તેમને બેસવા માટે આસન આપવું અને બેઠા પછી તેમની પાસે બેસવું... વગેરે પણ એક જાતનું ગુરુપૂજન છે. તેઓ જાય ત્યારે થોડે સુધી તેમની પાછળ જવું. તેઓ આવે ત્યારે તેમને લેવા માટે સામે જવું... વગેરે સ્વરૂપ અનેક પ્રકારનો 'વિનય' પણ અહીં ગુરુવર્ગના પૂજનમાં સમજી લેવાનો છે. આ રીતે આ શ્લોકમાં નમન; પર્યુપાસન; અવર્ણાશ્રવણ; નામશ્લાઘા; ઉત્થાન અને આસનાર્પણ સ્વરૂપ ગુરુપૂજન જણાવ્યું છે. ll૧૨-૩ll

ગુરુપૂજનના જ બીજા પ્રકારો જણાવાય છે–

**सर्वदा तदनिष्टेष्टत्यागोपादाननिष्ठता ।**
**स्वपुमर्थमनाबाध्य, साराणां च निवेदनम् ।।१२-४।।**

सर्वदेति–स्वपुमर्थं धर्मादिकमनाबाध्यानतिक्रम्य । यदि च तदनिष्टेभ्यो निवृत्तौ तदिष्टेषु च प्रवृत्तौ धर्मादयः पुरुषार्था बाध्यन्ते तदा न तदनुवृत्तिपरेण भाव्यम् । किं तु पुरुषार्थाराधनपरेण, अतिदुर्लभत्वात् पुरुषार्थाराधनकालस्येत्यर्थः । साराणामुत्कृष्टानामलङ्कारादीनां निवेदनं समर्पणम् ।।१२-४।।

'પોતાના ધર્માદિ પુરુષાર્થને હાનિ ન પહોંચે એ રીતે; માતા-પિતાદિ ગુરુજનોને જે અનિષ્ટ છે તેની નિવૃત્તિમાં અને જે ઇષ્ટ છે તેની પ્રવૃત્તિમાં તત્પર બનવું અને પોતાને પ્રાપ્ત થયેલા સારભૂત એવા અલંકારાદિનું તેમને સમર્પણ કરવું.' - આ પ્રમાણે ચોથા શ્લોકનો સામાન્ય અર્થ છે.

આશય એ છે કે માતાપિતાદિ ગુરુવર્ગને પૂર્વે જણાવ્યા મુજબ નિત્ય ત્રણ વાર પ્રણામાદિ કરવા માત્રથી ગુરુપૂજન થતું નથી. પરંતુ તે માટે બીજું પણ જે કરવાનું છે તે જણાવતાં આ શ્લોકમાં ફરમાવ્યું છે કે પૂ. માતાપિતાદિ ગુરુજનોને જે ઇષ્ટ નથી (અનિષ્ટ છે) તેનો ત્યાગ કરવો જોઇએ. આમ જોઇએ તો વાત ખૂબ જ નાની છે. પરંતુ તે મુજબ વર્ત્તવાનું ઘણું જ આકરું છે. માતાપિતાદિને જે ગમતું ન હોય તે કરવું નહિ - આ નિયમનું ચોક્કસપણે પાલન કરવા માટે સૌથી પહેલાં પોતાની ઇચ્છા મુજબ વર્તવાનું બંધ કરવું પડે. ગુરુજનો પ્રત્યે સદ્ભાવ હોય તોપણ આપણી ઇચ્છાના કારણે એ સદ્ભાવ એક વખત તો દૂર જ થતો હોય છે. ગમે તેટલું દુઃખ હોય તો ય આપણી ઇચ્છા હોય તો મજેથી

વેઠી લેવાય. પરંતુ આપણી ઈચ્છા ન હોય તો સુખમાં ય મજા ન આવે. ઈચ્છા મુજબ જીવવા મળતું નથી - એ જ મોટામાં મોટું દુઃખ છે. શરીર કે મન સંબંધી દુઃખો તો સાધુપણામાં જ આવે છે અને ગૃહસ્થાપણામાં આવતાં જ નથી - એવું નથી. બંન્ને સ્થાને દુઃખ તો આવતાં જ હોય છે. પરંતુ સાધુપણામાં પોતાની ઈચ્છા મુજબ જિવાતું નથી અને ગૃહસ્થપણામાં તો થોડીઘણી રીતે ઈચ્છા મુજબ જીવી શકાય છે - આવી સુદઢ માન્યતાના કારણે કંઈ - કેટલાય આત્માઓ ચારિત્રધર્મનો સ્વીકાર કરતાં અચકાય છે. આ રીતે સમ્યક્ચારિત્રની પ્રાપ્તિમાં અવરોધ કરનારી, ઈચ્છા મુજબ જીવવાની આપણી મનોદશા છે. તે દૂર કરવાની શરૂઆત; યોગની પૂર્વસેવામાં ન થાય તો યોગની સાધનામાં કોઈ ભલીવાર આવે - એ શક્ય નથી. યોગની પૂર્વસેવાના અંગભૂત ગુરુપૂજનમાં આ રીતે ઈચ્છા મુજબ જીવવાની વૃત્તિમાં થોડો કાપ મુકાય છે. ગુરુજનો આપણા અહિતને ઈચ્છતા નથી. આપણા હિત માટે સર્વદા તત્પર એવા ગુરુજનોને જે ગમતું નથી તે આપણા હિતનું કારણ નથી - એમ માનીને ગુરુજનને અનિષ્ટ એવી પ્રવૃત્તિથી આપણે દૂર રહીએ એમાં જ આપણું હિત છે. જાણે-અજાણે પણ અહિતની આપણને પ્રાપ્તિ ન થાય એ માટે ખૂબ જ ઉપયોગપૂર્વક ગુરુજનોના અનિષ્ટની પ્રવૃત્તિનો ત્યાગ કરવો જોઈએ, જેથી સ્વચ્છંદતાનો અંશતઃ પણ નાશ થઈ શકશે.

ઉપર જણાવ્યા મુજબ ગુરુવર્ગના અનિષ્ટની પ્રવૃત્તિનો ત્યાગ કર્યા પછી તેમને જે ઈષ્ટ છે; તેની પ્રવૃત્તિમાં એકનિષ્ઠ બનવાનું આ શ્લોકમાં ફરમાવ્યું છે. માતાપિતાદિને જે ઈષ્ટ છે તે કોઈ પણ રીતે કરી લેવાનું પણ સહેલું તો નથી જ. તેમને જે ન ગમે, તે ના કરીએ પણ તેમને જે ગમે તે તેઓ કરે, આપણે શા માટે એ કરવાનું... વગેરે વિચારો તો સતત આવ્યા જ કરતા હોય છે. આવા સંયોગોમાં ગુરુજનોને જે ઈષ્ટ છે તે કરવામાં તત્પર બનવાનું, પ્રમાણમાં ઘણું જ અઘરું બને છે. કોઈને પ્રતિકૂળ બનવાનું ટાળી શકાય, પરંતુ કોઈને અનુકૂળ બનવાનું લગભગ શક્ય બનતું નથી. એ માટે યોગ્યતાવિશેષની આવશ્યકતા હોય છે. ચારિત્રસ્વરૂપ યોગની આરાધના પ્રસંગે પૂ. ભવનિસ્તારક ગુરુદેવશ્રીને અનુકૂળ બનવાનું અસહ્ય થઈ પડતું હોય છે. કોઈને પણ પીડા ન પહોંચાડવી અને કોઈને અનુકૂળ બની શાતા આપવી - એ બેમાં જે અંતર છે, એવું જ અંતર ગુરુજનોના અનિષ્ટત્યાગમાં અને ઈષ્ટોપાદાનમાં છે. દ્વેષ ન હોય તો સામા

માણસને જે અનિષ્ટ છે, તેનો ત્યાગ કરી લેવાય, પરંતુ સામા માણસ પ્રત્યે બહુમાન ન હોય તો તેને જે ઇષ્ટ છે તેનું ઉપાદાન શક્ય નહિ બને. માતાપિતાદિ ગુરુજનોના અનુગ્રહનું નિરંતર સ્મરણ કરી તેમની પ્રત્યે ચિકાર બહુમાન કેળવી લેવું જોઇએ. અન્યથા તેમને જે ઇષ્ટ છે તેનું ઉપાદાન કરી શકાશે નહીં. માતાપિતાદિ ગુરુજનો કરતાં વર્તમાનમાં આપણે ગમે તેટલી ઉચ્ચ ભૂમિકામાં હોઇએ તોપણ ભૂતકાળમાં જે અનુગ્રહ ગુરુજનોએ કર્યો છે તેને યાદ રાખ્યા વિના છૂટકો નથી. કારણ કે એ અનુગ્રહનું જ ફળ વર્તમાનની સ્થિતિ છે, એમનો અનુગ્રહ પ્રાપ્ત થયો ન હોત તો આપણને વર્તમાન જોવા પણ ન મળત.

માતાપિતાદિ ગુરુજનોને જે અનિષ્ટ છે તેનો ત્યાગ કરતી વખતે અને તેમને જે ઇષ્ટ છે તેનું ઉપાદાન કરતી વખતે જે ધ્યાનમાં રાખવાનું છે તે જણાવતાં શ્લોકના ઉત્તરાર્દ્ધમાં જણાવ્યું છે કે ધર્મ અને મોક્ષ પુરુષાર્થને બાધા ન પહોંચે એ રીતે વર્તવું જોઇએ. ગુરુજનોના અનિષ્ટ કે ઇષ્ટના ત્યાગ કે ઉપાદાનથી પોતાના ધર્માદિ પુરુષાર્થની હાનિ ન થાય - એ જોવું જોઇએ. આવા વખતે ધર્માદિ પુરુષાર્થની આરાધનામાં તત્પર બનવું જોઇએ. ગુરુજનોને અનુસરવાનું એ વખતે નહિ કરવું. કારણ કે ધર્માદિ પુરુષાર્થની આરાધનાનો અવસર અતિ દુર્લભ છે. મહામુસીબતે ધર્માદિ પુરુષાર્થની આરાધનાની તક પ્રાપ્ત થતી હોય છે. માતાપિતાદિને અનુસરવાથી એ તક સરી જતી હોય તો માતાપિતાદિ ગુરુજનોને અનુસર્યા વિના એ તકને સાધી લેવાનું ખૂબ જ આવશ્યક છે. અર્થ અને કામ માટે પોતાનાં માતાપિતાદિના ઇષ્ટ કે અનિષ્ટનો વિચાર નહિ કરનારાની સંખ્યા આજે ઘણી છે. આવા લોકો પણ ધર્મ કે મોક્ષ પુરુષાર્થની આરાધનામાં માતાપિતાદિના ઇષ્ટાનિષ્ટનો વિચાર કર્યા કરે - એ તો કોઇ પણ રીતે ઉચિત નથી. અર્થ અને કામ તો નામથી જ પુરુષાર્થ છે. પારમાર્થિક રીતે તો તે અનર્થભૂત જ છે. અનર્થસ્વરૂપ એ પુરુષાર્થ માટે માતાપિતાદિના ઇષ્ટ-અનિષ્ટનો વિચાર ન કરે તો આજે એમાં કશું અનૌચિત્ય જણાતું નથી. પરંતુ ધર્મ કે મોક્ષ પુરુષાર્થની આરાધનાના વિષયમાં તુરત જ અનૌચિત્ય જણાતું હોય છે. ખૂબ જ વિચિત્ર મનોદશા છે ને ? પોતાના ગુરુજનોના ઇષ્ટાનિષ્ટનો વિચાર કરી ધર્મ અને મોક્ષ સ્વરૂપ પુરુષાર્થની આરાધનામાં બાધા ન પહોંચે તો કોઇ પણ રીતે ગુરુજનોના અનિષ્ટના પરિહારમાં અને ઇષ્ટના સંપાદનમાં તત્પર

બનવું જ જોઇએ. પરંતુ એવી તત્પરતામાં ધર્માદિ પુરુષાર્થની આરાધનામાં બાધા પહોંચતી હોય તો કોઇ પણ રીતે ધર્માદિ પુરુષાર્થની આરાધનાને બાધ આવે નહિ - એ રીતે વર્તી લેવું જોઇએ. ગુરુજનોનો અનુગ્રહ ધર્માદિ પુરુષાર્થની સાધનાના અવસર કરતાં તો મહાન નથી જ - એ યાદ રાખવું જોઇએ. આ વિષયમાં અનેક પ્રશ્નો ઊભા થઇ શકે છે. કોઇ પણ જાતનો કદાગ્રહ રાખ્યા વિના અને ધર્માદિ પુરુષાર્થની મહત્તા સમજી લેવાથી; સરળતાથી એ પ્રશ્નોનું સમાધાન કરી શકાશે. અજ્ઞાનની જેમ કદાગ્રહ પણ પ્રશ્નોનું ઉદ્ભવસ્થાન છે.

ઉપર જણાવ્યા મુજબ ધર્માદિ પુરુષાર્થને બાધા ન પહોંચે એ રીતે માતાપિતાદિ ગુરુજનોને જે ઇષ્ટ કે અનિષ્ટ છે તેનું ઉપાદાન કે તેનો ત્યાગ કરવો જોઇએ - એ જણાવીને પોતાને જે સારભૂત છે એવા ઉત્કૃષ્ટ અલંકારાદિને માતા-પિતાદિ ગુરુજનને આપી દેવાનું આ શ્લોકના અંતભાગથી જણાવ્યું છે. સામા માણસને પ્રતિકૂળ કરવું નહિ અને અનુકૂળ બનવાનું, એની અપેક્ષાએ પણ પોતાની પાસેની સારભૂત વસ્તુનું અર્પણ કરવાનું થોડું વધારે અઘરું છે. માતાપિતાદિને જે અનિષ્ટ હોય તે ના કરીએ, તેમને જે અનુકૂળ હોય તે પણ કરીએ અને તેમની અપેક્ષા મુજબ તેમને બધું આપી પણ દઇએ; પરંતુ આપણને જે વ્યાપારાદિ દ્વારા પ્રાપ્ત થયું હોય તે બધું માતાપિતાદિને આપી દેવાનું અને તેમાંથી તેઓ જે આપે તે આપણે લેવાનું - આવું શા માટે કરવાનું... વગેરે વિચારો તો આવ્યા જ કરતા હોય છે. તેથી આપણે મેળવેલાં વસ્ત્ર, પાત્ર કે અલંકારાદિ તેમને આપી દેવાનું મન થતું નથી. "મને મળેલું કે મેં મેળવેલું પણ ગુરુજનોનું જ છે." - એવો ભાવ આવ્યા વિના - આ રીતે સારભૂત વસ્તુનું નિવેદન - સમર્પણ શક્ય નથી.

પોતાને મળેલી કે પોતે મેળવેલી વસ્તુઓ પોતાની પાસે જ રાખવાની વૃત્તિ સંયમજીવનમાં પરિણામે ગુરુ-અદત્તાદાનના પાપનું ભાજન બનાવનારી છે. પોતાને મળેલાં વસ્ત્ર, પાત્રાદિ કે શિષ્ય વગેરેની માલિકી પૂ. ભવનિસ્તારક ગુરુદેવશ્રીની છે - આ વાત લગભગ સ્મૃતિપથમાંથી આજે ચાલી ગઇ છે. એના મૂળમાં '**साराणां च निवेदनम्**' થી જણાવેલી યોગપૂર્વસેવાની ખામી કારણ છે. ભવનિસ્તારક ગુરુદેવશ્રીથી કશું જ છાનું રાખવામાં ન આવે તો કંઇ-કેટલાંય પાપ આજે જીવનમાંથી નાબૂદ થાય. યોગપૂર્વસેવાના અભાવે ખરેખર જ યોગની

પ્રાપ્તિ દુષ્કર છે. ગૃહસ્થપણામાં ખૂબ જ ઉપયોગપૂર્વક યોગની પૂર્વસેવાને આત્મસાત્ કરી લેવાથી યોગની આરાધના શ્રીવીતરાગપરમાત્માની આજ્ઞા મુજબ કરી શકાશે. ॥૧૨-૪॥

ગુરુપૂજનના જ પ્રકારાંતર જણાવાય છે–

**तद्वित्तयोजनं तीर्थे, तन्मृत्यनुमतेर्भिया ।**
**तदासनाद्यभोगश्च, तद्बिम्बस्थापनार्चने ॥१२-५॥**

तद्वित्तेति–तद्वित्तस्य गुरुवर्गालङ्कारादिद्रव्यस्य । योजनं नियोगः । तीर्थे देवतायतनादौ । तन्मृत्यनुमतेस्तन्मरणानुमोदनाद्भिया भयेन । तत्सङ्ग्रहे तन्मरणानुमतिप्रसङ्गात् । तस्यासनादीनामासनशयनभोजनपात्रादीनामभोगोऽपरिभोगः । तद्बिम्बस्य स्थापनार्चने विन्यासपूजे ॥१२-५॥

"ગુરુવર્ગના મરણની અનુમોદનાના ભયને લઇને તેમના વિત્તનો તીર્થસ્થાનમાં વ્યય કરવો જોઇએ. તેમના આસન વગેરેનો પરિભોગ ન કરવો અને તેમના બિંબ(ફોટા વગેરે)ની સ્થાપના કરી તેની પૂજા કરવી." - આ પ્રમાણે પાંચમા શ્લોકનો અર્થ છે.

કહેવાનો આશય ખૂબ જ સ્પષ્ટ છે કે માતાપિતાદિ ગુરુજનોના મૃત્યુ પછી તેમના અલંકાર વગેરે જે વિદ્યમાન હોય તે સઘળાંય વિત્ત-ધનનો તીર્થસ્થાનમાં તેમના નામે વ્યય કરવો જોઇએ. અન્યથા તે દ્રવ્યનો આપણે ઉપયોગ કરીએ તો તેમના મૃત્યુની આપણે જાણે રાહ જોઇને જ બેઠા હોઇએ તેમ જણાશે અને તેથી તેમના(ગુરુવર્ગના) મરણની અનુમોદનાનો પ્રસંગ આવશે. ગુરુવર્ગના ધનની કોઇ પણ જાતની ઇચ્છા કર્યા વિના તેમની હયાતી બાદ તેમનું સઘળું ય વિત્ત તીર્થસ્થાનમાં ખર્ચી નાખવું. આવું ના કરીએ અને તેનો ઉપયોગ આપણા પરિભોગ માટે કરીએ તો તેમના મરણની અનુમોદનાનો પ્રસંગ આવશે. કારણ કે ગુરુજનોની હયાતીમાં અત્યાર સુધી તેનો ઉપયોગ આપણે આપણા પરિભોગમાં ન કર્યો અને હવે તેમની હયાતી બાદ તેનો એ રીતે ઉપયોગ કરીએ તો તેમના મૃત્યુની આપણે રાહ જોઇને જ બેઠા હોઇએ - એમ લાગ્યા વિના નહિ રહે. આપણે ગમે તેવી વિષમસ્થિતિમાં હોઇએ પરંતુ ગુરુજનોના વિત્તની અપેક્ષા રાખ્યા વિના તે વિત્તનો તીર્થસ્થાનમાં વિનિયોગ કરી લેવો જોઇએ.

માતાપિતાદિ ગુરુજનોએ આપણને જે સંસ્કારમય જીવન જીવતાં શીખવ્યું છે તે જ મોટામાં મોટો ઉપકાર છે. એ પછી પણ તેમના વિત્તની અપેક્ષા રાખવી એ ઉચિત નથી. અનંતજ્ઞાનીઓની પરમતારક આજ્ઞા મુજબ ગુરુજનોનું સઘળું ય વિત્ત તેમના ગયા પછી જેમ બને તેમ તુરત તીર્થસ્થાનમાં વાપરી નાખવું જોઇએ. એ સંપત્તિ ઉપર પોતાનો હક જમાવવો; એ માટે યાચના કરવી અને જરૂર પડે કોર્ટે જવું વગેરે ગુરુપૂજનની વિરુદ્ધ પ્રવૃત્તિ છે. યોગની પૂર્વસેવાના અર્થી જનોએ કોઇ પણ સંયોગોમા એવી પ્રવૃત્તિથી દૂર રહેવું જોઇએ. શક્ય પ્રયત્ને તો ગુરુજનોની હયાતીમાં તેમને જણાવવું જોઇએ કે - 'આપના હાથે જ આપનું વિત્ત તીર્થસ્થાનમાં આપ વાપરી નાંખો, મારે એની આવશ્યકતા નથી.' આમ છતાં કોઇ વાર ગુરુજનોની હયાતી બાદ તેમનું વિત્ત આપણને મળે તો તે ઉપર જણાવ્યા મુજબ વિવેકપૂર્વક તીર્થસ્થાનમાં વાપરી નાંખવું. આજે જે રીતે તીર્થસ્થાનોમાં ભૌતિક સગવડો ઊભી કરાય છે અને એને ધાર્મિક સ્વરૂપ અપાય છે - એ જોતાં માતા-પિતાદિ ગુરુજનોના વિત્તનો તીર્થસ્થાનમાં વિનિયોગ કરતી વખતે નવેસરથી વિચારવાનું આવશ્યક બને છે. પોતાના ઘરમાં પણ જે અનુકૂળતા નથી એવી અનુકૂળતા ધર્મના નામે જ્યાં અપાય છે ત્યાં ધાર્મિક દૃષ્ટિએ વિત્ત વાપરવાનો કોઇ જ અર્થ નથી. માટે ગુરુજનોના વિત્તનો વિનિયોગ કરતી વખતે ખૂબ જ વિવેકપૂર્વક વર્તવું જોઇએ. અવિવેકવાળી પ્રવૃત્તિથી આજે પરમતારક તીર્થોની પવિત્રતામાં હાનિ થતી આવી છે. પવિત્રતાને હાનિ પહોંચાડવાની લગભગ આજે સ્પર્ધા ચાલી છે. એવી સ્પર્ધામાં આપણે ભાગ લેવાની આવશ્યકતા નથી. તીર્થસ્થાનમાં પૂ. સુવિહિત ગીતાર્થ ગુરુભગવંતના માર્ગદર્શન મુજબ માતાપિતાદિના વિત્તનો તેમના જ નામે વિનિયોગ કરી લેવો જોઇએ. જેથી તેમના મરણની અનુમોદનાનો પ્રસંગ નહીં આવે. અન્યથા તે વિત્તનો સંગ્રહ કરવાથી તેમના મરણની અનુમોદનાનો પ્રસંગ આવશે.

આ પાંચમા શ્લોકના ઉત્તરાર્ધમાં ગુરુપૂજનનું વર્ણન કરતાં જણાવ્યું છે કે ગુરુજનોનું આસન; શય્યા અને ભોજન માટેનાં પાત્ર વગેરેનો ઉપયોગ નહીં કરવો જોઇએ. ગુરુવર્ગના આસનાદિને પગ લાગે તોપણ ગુરુવર્ગનો અવિનય કરવા સ્વરૂપ દોષ લાગે છે - આનો જેને ખ્યાલ છે તેમને ગુરુવર્ગના આસનાદિનો ઉપયોગ કરવાથી અવિનય કરવા સ્વરૂપ દોષ લાગે - એ સમજાવવાની જરૂર

નથી. સામાન્ય રીતે થોડો ઉપયોગ રાખીએ તો ખૂબ જ સારી રીતે આ અવિનયના દોષથી દૂર રહી શકાય. માતાપિતાદિ ગુરુજનોની પ્રત્યે બહુમાનપૂર્વક વિનયનું વર્ત્તન કરવા માટે અવિનયનો ત્યાગ કરવાનું આવશ્યક છે. લોકોત્તર ધર્મની આરાધનાને કરનારા મુમુક્ષુ આત્માઓને ભવનિસ્તારક પૂ. ગુરુદેવાદિ રત્નાધિકોનો આ રીતે અવિનય દૂર કરવાનું સરળ બને છે. ગૃહસ્થ - અવસ્થામાં આ રીતે ગુરુજનોનો અવિનય દૂર કર્યો ન હોય તો ભવિષ્યમાં સાધુપણાની આરાધના વખતે રત્નાધિકોનો અવિનય ટાળવાનું કપરું બને છે

યોગની પૂર્વસેવાને પ્રાપ્ત કરવા ગુરુવર્ગની પૂજાના વિષયમાં આ શ્લોકના અંતે ફરમાવ્યું છે કે માતાપિતાદિ ગુરુજનોનાં બિંબ(પ્રતિકૃતિ ફોટા વગેરે)ની સ્થાપના કરી તેની પુષ્પ અને ધૂપાદિ દ્વારા અર્ચા-પૂજા કરવી જોઇએ. અહીં યાદ રાખવું જોઇએ કે આ રીતે કરાતું ગુરુવર્ગનું પૂજન બહુમાનગર્ભિત હોવું જોઇએ. જીવનભર જેણે ગુરુવર્ગની ઉપર જણાવ્યા મુજબ પૂજા કરી હોય તેઓ ગુરુવર્ગની હયાતી બાદ તેમની(ગુરુવર્ગની) પ્રતિકૃતિ વગેરેની સ્થાપના, અર્ચા કરે તો બરાબર છે. ગુરુવર્ગના નામે પોતાની સ્વાર્થવૃત્તિ સાધવાની ઇચ્છાથી કરાતી સ્થાપના, અર્ચા બરાબર નથી. આ પ્રવૃત્તિ કરતી વખતે ખૂબ જ વિવેકપૂર્વક વર્ત્તવું જોઇએ. આપણા ગુરુવર્ગ પ્રત્યે જેમને બહુમાનાદિ ન હોય એવા લોકો તેમને ઉપેક્ષાદિનો વિષય બનાવે નહિ તે જોવું જોઇએ. '**तद्बिम्बस्थापनार्चने**' - આ પદથી જણાવેલી વાતને યોગબિંદુમાં '**तद्बिम्बन्याससंस्कारः**' આ પદથી ૧૧૫મા શ્લોકમાં જણાવી છે. કેટલાક વિદ્વાનો એનો એ અર્થ કરે છે કે ગુરુવર્ગે કરેલો જે બિંબન્યાસ છે એટલે કે તેઓએ જે દેવ વગેરેની પ્રતિમા સ્થાપી હોય તેની પુષ્પાદિ પૂજા કરવી જોઇએ. આ પણ એક ગુરુપૂજનનો પ્રકાર છે.

ત્રિકાળ પ્રણામ; પર્યુપાસના; અવર્ણનું અશ્રવણ; યોગ્ય સ્થાને નામગ્રહણ; અયોગ્ય સ્થાને નામાગ્રહણ, આસનપ્રદાન; પુરુષાર્થને બાધા ન પહોંચે તે રીતે અનિષ્ટનો ત્યાગ અને ઇષ્ટનું ઉપાદાન; સારભૂત વસ્તુનું સમર્પણ; તીર્થસ્થાનમાં તેમના વિત્તનો વિનિયોગ; તેમના આસનાદિનો અપરિભોગ અને તેમના બિંબની સ્થાપના-અર્ચા... ઇત્યાદિ સ્વરૂપ ગુરુપૂજન છે. ॥૧૨-૫॥

યોગની પૂર્વસેવા સ્વરૂપે વર્ણવેલા ગુરુદેવાદિપૂજનમાં ગુરુપૂજનનું વર્ણન કરીને હવે દેવપૂજન વર્ણવાય છે–

**देवानां पूजनं ज्ञेयं, शौचश्रद्धादिपूर्वकम् ।**
**पुष्पै र्विलेपनै र्धूपै, र्नैवेद्यैः शोभनैः स्तवैः ॥१२-६॥**

देवानामिति–व्यक्तः ॥१२-६॥

"શૌચ, શ્રદ્ધા વગેરે પૂર્વક પુષ્પ, વિલેપન, ધૂપ, નૈવેદ્ય અને શોભન સ્તોત્રો દ્વારા દેવોનું પૂજન યોગની પૂર્વસેવા સ્વરૂપે જાણવું." - આ પ્રમાણે છઠ્ઠા શ્લોકનો અર્થ છે. આશય સ્પષ્ટ છે કે ગુરુવર્ગ કરતાં પણ શ્રેષ્ઠ એવા દેવો આરાધ્યતમ છે. તેમની પૂજા; સુગંધી વિકસિત અને સુંદર જાતિનાં પુષ્પોથી; સુગંધી ચંદનાદિ વિલેપનોથી; બહુમૂલ્ય દશાંગાદિ ધૂપોથી અને ઉત્તમ જાતિનાં પક્વાન્નાદિ નૈવેદ્યોથી કરવી જોઇએ; તેમ જ અર્થગંભીર; પૂર્વાચાર્યોએ રચેલાં ભાવાવવાહી સ્તોત્રોથી ભાવપૂજા કરવી જોઇએ.

વર્તમાનમાં પૂજા કરનારાને પુષ્પાદિદ્રવ્યો કઇ જાતનાં હોવાં જોઇએ - તે સમજાવવાનું દુષ્કર છે. સર્વાતિશાયીને દેવ તરીકે માન્યા પછી એ આરાધ્યતમની પૂજા માટે કેવાં દ્રવ્ય વપરાય છે - એનું વર્ણન થાય એવું નથી. દેવની પ્રત્યે પૂજ્યભાવ ઉત્કટ કોટિનો બને તો જ શાસ્ત્રમાં જણાવ્યા મુજબની પૂજા કરી શકાશે. આ દેવપૂજન શૌચ અને શ્રદ્ધાદિ પૂર્વક કરવાનું છે. શરીર, વસ્ત્ર, દ્રવ્ય અને વ્યવહારની શુદ્ધિને શૌચ કહેવાય છે. પૂજા કરવા માટે શાસ્ત્રમાં જણાવ્યા મુજબ ખુલ્લી જગ્યા વગેરેમાં સ્નાનાદિથી શરીરને શુદ્ધ કરવા સ્વરૂપ શરીરનું શૌચ છે. શક્તિ અનુસાર બહુમૂલ્ય અત્યંત સ્વચ્છ અને ધૂપ વગેરેથી વાસિત કરેલાં જે પૂજા માટેનાં વસ્ત્રો છે તેનો જ ઉપયોગ કરવા સ્વરૂપ વસ્ત્રનું શૌચ છે. ઉત્તમ જાતિનાં પરમપવિત્ર દ્રવ્યોનો જ પૂજામાં ઉપયોગ કરવો તે દ્રવ્યનું શૌચ છે. અને ન્યાયથી પ્રાપ્ત વિત્તનો વ્યય કરીને મેળવેલી સામગ્રીનો જ પૂજામાં ઉપયોગ કરવા વગેરે સ્વરૂપ વ્યવહારશુદ્ધિ છે. સામાન્ય રીતે દેવપૂજા કરતી વખતે આપણી પૂજા; નિંદાને પાત્ર ન બને તે રીતે વર્ત્તવા સ્વરૂપ અહીં વ્યવહાર-શુદ્ધિ છે. શરીર, વસ્ત્ર, દ્રવ્ય અને વ્યવહારની શુદ્ધિ સ્વરૂપ શૌચપૂર્વક દેવપૂજા કરવી જોઇએ. તેમ જ શ્રદ્ધા-બહુમાન અને પ્રણિધાનાદિ-પૂર્વક દેવપૂજા કરવી જોઇએ.

સુંદર સ્તોત્રો દ્વારા દેવની ભાવપૂજા કરવી જોઇએ. સ્તોત્રની શોભનતા-સુંદરતાનું વર્ણન કરતી વખતે 'યોગબિંદુ'ની ટીકામાં જણાવ્યું છે કે આદરપૂર્ણ

જે સ્તોત્ર છે તે સુંદર છે. પૂર્વાચાર્યોએ રચેલાં અર્થગંભીર સ્તોત્ર પણ જો આદરપૂર્વક નહીં બોલાય તો તે સ્તોત્ર આપણા માટે સુંદર નહીં બને. વીતરાગપરમાત્માદિ દેવની સ્તવના કરવા માટે આપણી પાસે શબ્દો ન હતા. શ્રી ગણધરભગવંતાદિએ તે તે સ્તોત્રોની રચના કરી આપણી ઉપર મોટો અનુગ્રહ કર્યો છે, જેથી તેઓશ્રીના શબ્દોથી દેવની પૂજા આપણે કરી શકીએ છીએ. તે સ્તોત્રો બોલતી વખતે તે સ્તોત્રોમાં આદરની પૂર્તિ આપણે કરી શકીએ તો તે સ્તોત્ર આપણા માટે શોભન બની રહેશે. બોલાતા શબ્દોની શુદ્ધિ; દેવની પરમારાધ્યતા અને સ્તોત્રના અર્થનો ઉપયોગ વગેરે પરમાદરનું કારણ છે. આદરથી પૂર્ણ એવાં શોભન સ્તોત્રોથી દેવપૂજા કરવી જોઇએ. ॥૧૨-૬॥

ઉપર જણાવ્યા મુજબનું દેવપૂજન બધા દેવોનું છે કે કોઇ એક દેવનું છે - આવી શંકાનું સમાધાન કરતાં જણાવાય છે–

**अधिमुक्तिवशान्मान्या, अविशेषेण वा सदा ।**
**अनिर्णीतविशेषाणां, सर्वे देवा महात्मनाम् ॥१२-७॥**

अधिमुक्तीति–अनिर्णीतः कुतोऽपि मतिमोहादनिश्चितो विशेष इतरदेवतापेक्षोऽतिशयो यैस्तेषाम् । महात्मनां परलोकसाधनप्रधानतया प्रशस्तात्मनां गृहिणाम् । सर्वे देवाः सदाऽविशेषेण पारगतहरिहरहिरण्यगर्भादिसाधारणवृत्त्या मान्या । वा अथवा अधिमुक्तिवशादतिशयितश्रद्धानुसारेण ॥१२-७॥

"કોઇ દેવવિશેષમાં બીજા દેવોની અપેક્ષાએ કોઇ પણ જાતની વિશેષતાનો નિર્ણય જેમણે કર્યો નથી, એવા મહાત્મા-ગૃહસ્થો માટે સામાન્યથી અથવા શ્રદ્ધાતિશયના અનુસારે બધા જ દેવો માન્ય છે." - આ પ્રમાણે સાતમા શ્લોકનો અર્થ છે.

અહીં એ યાદ રાખવું જોઇએ કે યોગની પૂર્વસેવા મુખ્યપણે મંદમિથ્યાત્વની સ્થિતિમાં હોય છે. એ સ્થિતિમાં દેવ, ગુરુ કે ધર્મનું સામાન્ય જ્ઞાન હોય છે. સામાન્યથી એ આત્માઓને એટલી જ ખબર હોય છે કે સર્વ દોષથી વિનિર્મુક્ત પુરુષવિશેષ દેવ છે. પરમતારક મોક્ષમાર્ગનો ઉપદેશ આપનારા ભવનિસ્તારક ગુરુભગવંત છે અને સર્વપાપથી રહિત એવો; સકલકર્મક્ષયનું કારણ ધર્મ છે. આ આત્માઓને એવી સમજણ નથી હોતી કે; અરિહંતપરમાત્મા જ દેવ છે અને બુદ્ધ,

શંકર, બ્રહ્મા અને વિષ્ણુ વગેરે દેવ નથી. અરિહંતપરમાત્માની આજ્ઞા મુજબ આરાધના કરનારા નિર્ગ્રંથ મહાત્માઓ જ ગુરુભગવંત છે અને શાક્યાદિ પરિવ્રાજકો ગુરુભગવંત નથી. તેમ જ અરિહંતપરમાત્માએ ઉપદેશેલો જ ધર્મ છે અને બુદ્ધાદિએ ઉપદેશેલો ધર્મ નથી. સામાન્યપણે કહીએ તો દેવ, ગુરુ અને ધર્મના સ્વરૂપમાં કોઇ જ વિવાદ નથી. પરંતુ તેનું વ્યક્તિવિશેષમાં વિવેકપૂર્ણ જ્ઞાન નથી. આવી સ્થિતિમાં આવા ગૃહસ્થો સામાન્યથી બધા જ દેવને દેવ તરીકે માની તેમની પૂજા કરે છે. અથવા 'આ મોક્ષપ્રાપક છે' - આવી જાતની શ્રદ્ધાને લઇને બધા જ દેવની ગૃહસ્થો પૂજા કરે છે. આ રીતે યોગની પૂર્વસેવા કરનારા ગૃહસ્થોને મહાત્મા તરીકે વર્ણવ્યા છે. પરલોકની સાધનામાં પ્રાધાન્ય આપવાથી તેઓ પ્રશસ્તસ્વરૂપવાળા છે; માટે તેમને અહીં મહાત્મા તરીકે વર્ણવ્યા છે. યોગના અર્થી અને યોગની પૂર્વસેવાને કરનારા આ ગૃહસ્થો મતિમોહના કારણે કોઇ એક દેવમાં બીજા દેવોની અપેક્ષાએ વિશેષનો નિર્ણય કરી શકતા નથી, જેથી સર્વજ્ઞ તરીકે શ્રી અરિહંતપરમાત્માદિ સર્વ દેવને એકસ્વરૂપે તેઓ માને છે. ચોથી દૃષ્ટિ સુધી આવી અવસ્થા હોય છે. પાંચમી દૃષ્ટિમાં તો શ્રી અરિહંતપરમાત્મા સિવાય બીજા કોઇ દેવ-સર્વજ્ઞ નથી, એવું સ્પષ્ટ જ્ઞાન થાય છે. એ પૂર્વે ચોથી દૃષ્ટિ સુધી પણ બધા દેવોમાં દેવત્વના કારણ તરીકે સર્વજ્ઞતા અને મોક્ષમાર્ગની દેશકતાને જ તેઓ માનતા હોય છે. સુખાદિફળને આપનારા તરીકે તેમાં દેવત્વને તેઓ માનતા નથી... ઇત્યાદિ સ્પષ્ટ રીતે સમજી લેવું. ॥૧૨-૭॥

યોગની પૂર્વસેવાને કરનારા ગૃહસ્થો સામાન્યથી બધા જ દેવોને દેવ તરીકે માને છે - તે તેમની પ્રવૃત્તિથી સ્પષ્ટ જણાવાય છે–

**सर्वान् देवान् नमस्यन्ति, नैकं देवं समाश्रिताः ।**
**जितेन्द्रिया जितक्रोधा, दुर्गाण्यतितरन्ति ते ॥१२-८॥**

सर्वानिति–सर्वान् देवान् नमस्यन्ति नमस्कुर्वते । नैकं कञ्चन देवं समाश्रिताः स्वमत्यभिनिवेशेन प्रतिपन्नवन्तः । जितेन्द्रिया निगृहीतहृषीकाः । जितक्रोधा अभिभूतकोपाः । दुर्गाणि नरकपातादीनि व्यसनानि । अतितरन्ति अतिक्रामन्ति ते सर्वदेवनमस्कर्तारः ॥१२-८॥

"તેઓ સર્વ દેવોને નમસ્કાર કરે છે; કોઇ એક દેવને આશ્રયીને તેઓ રહેલા નથી. જિતેન્દ્રિય અને જિતક્રોધ એવા તે સર્વ દેવોને નમસ્કાર કરનારા નરકાદિગમન વગેરે સંકટોને પાર કરી જાય છે." - આ પ્રમાણે આઠમી ગાથાનો અર્થ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે સામાન્ય રીતે યોગની પૂર્વસેવા સ્વરૂપે ગૃહસ્થ જનો બધા જ દેવોને નમસ્કાર કરે છે. 'આ જ મારા દેવ છે' - આવા પ્રકારનો તેમને મતિનો અભિનિવેશ ન હોવાથી તેઓ કોઇ એક દેવને આશ્રયીને રહેલા નથી. તેથી બધા જ દેવોને સર્વસાધારણ રીતે દેવ તરીકે માને છે. બધા દેવોને દેવ તરીકે માનનારા આ મહાત્માઓ ઇન્દ્રિયો અને કષાયને જીતીને દુર્ગોને તરી જાય છે. નરકાદિ દુર્ગતિમાં જવા સ્વરૂપ અહીં દુર્ગ છે. ઇન્દ્રિયોનો નિગ્રહ કરનારા અને કષાયોનો અભિભવ કરનારાને નરકાદિગતિમાં જવું પડતું નથી. વિષય-કષાયની તીવ્ર પરિણતિના કારણે નરકાદિમાં ગમન થાય છે. પરંતુ ઇન્દ્રિયો અને કષાયોનો નિગ્રહ કરવાથી, બધા દેવોને નમસ્કાર કરનારા એ દુર્ગોને તરી જાય છે. ઇન્દ્રિયો અને કષાયોનો નિગ્રહ નરકાદિગમનને દૂર કરનારો છે. બધા ય દેવોને નમસ્કાર કરવા છતાં ઇન્દ્રિયોના નિગ્રહ વિના અને કોપાદિ કષાયોના અભિભવ વિના દુર્ગોનું અતિક્રમણ શક્ય નથી - એનો ખ્યાલ, યોગની પૂર્વસેવા કરનારે અવશ્ય રાખવો જોઇએ. ॥૧૨-૮॥

ननु सर्वेऽपि न मुक्तिप्रदायिन इति कथमविशेषेण नमस्करणीया इत्यत आह–

બધા દેવો મુક્તિને આપનારા નથી તો સામાન્ય રીતે બધા દેવોને નમસ્કાર કેમ કરવાનો - આ શંકાનું સમાધાન કરાય છે–

**चारिसञ्जीविनीचारन्यायादेवं फलोदयः ।**
**मार्गप्रवेशरूपः स्याद्, विशेषेणादिकर्मणाम् ॥१२-९॥**

चारीति–चारिसञ्जीविनीचारन्यायात्प्रागुपदर्शिताद् । एवं सर्वदेवनमस्कारेऽनुषङ्गत इष्टप्राप्तौ, तत एव शुभाध्यवसायविशेषात् । मार्गप्रवेशरूपः शुद्धदेवभक्त्यादिलक्षणः । फलोदयः स्यात् । विशेषेणानुषङ्गप्राप्तवीतरागगुणाधिक्यपरिज्ञानेन । आदिकर्मणां प्रथममेवारब्धस्थूलधर्माचाराणाम् । ते ह्यत्यन्तमुग्धतया कञ्चन देवताविशेषमजानाना विशेषवृत्तेरद्यापि न योग्याः, किं तु सामान्यरूपाया एवेति ॥१२-९॥

"આ રીતે ચારિસંજીવ(વિ)નીચારન્યાયે આદિધાર્મિક જીવોને વિશેષરૂપે માર્ગપ્રવેશસ્વરૂપ ફળની પ્રાપ્તિ થાય છે." - આ પ્રમાણે નવમા શ્લોકનો સામાન્ય અર્થ છે. આશય એ છે કે આ રીતે બધા દેવોને નમસ્કાર કરવામાં અનુષંગથી મુક્તિને આપનારા દેવને નમસ્કાર કરવા સ્વરૂપ ઇષ્ટની પ્રાપ્તિ થાય છે. તેથી જ શુભ અધ્યવસાય - વિશેષને લઈને શુદ્ધદેવની ભક્તિ વગેરે સ્વરૂપ માર્ગપ્રવેશાત્મક ફળની પ્રાપ્તિ થાય છે. પ્રથમવાર જ જે આત્માઓ આ રીતે ધર્મની આરાધનાનો આરંભ કરતા હોય છે; તે આદિધાર્મિક જીવોને બધા દેવોને નમસ્કાર કરવાથી બધા દેવોમાં રહેલા મોક્ષપ્રાપક શુદ્ધદેવને પણ નમસ્કારાદિ કરવાનો પ્રસંગ; અનુષંગથી(ગૌણ સ્વરૂપે-નિસર્ગથી જ) પ્રાપ્ત થાય છે. શુદ્ધદેવનો પરિચય થાય નહીં ત્યાં સુધી કોઇ પણ દેવને નમસ્કાર ન કરે તો તે આત્માઓને શુદ્ધદેવની ભક્તિ વગેરે કરવાનો અવસર જ નહિ આવે. બધા દેવની સાથે શુદ્ધદેવની ભક્તિ વગેરે કરવાથી કાલાંતરે શ્રીવીતરાગપરમાત્મા સ્વરૂપ શુદ્ધદેવની ગુણાધિકતાનો સારી રીતે પરિચય થાય છે; અને તેથી મોક્ષમાર્ગમાં આદિધાર્મિક જીવોનો પ્રવેશ થાય છે. આદિધાર્મિક(ધર્મકર્મવાળા) જીવો અત્યંત મુગ્ધ હોવાથી કોઇ એકને વિશેષે કરી દેવ તરીકે જાણતા નથી, તેથી વિશેષવૃત્તિએ કોઇ એક શુદ્ધદેવને આરાધવા માટે તેઓ હજુ યોગ્ય નથી. પરંતુ સામાન્યથી જ ઉપર જણાવ્યા મુજબ આનુષંગિકપણે શુદ્ધદેવની આરાધના માટે તેઓ યોગ્ય છે, જે નીચે જણાવ્યા મુજબ 'ચારિસંજીવનીચાર'ના ન્યાયથી સ્પષ્ટપણે સમજી શકાશે.

કોઇ એક નગરીમાં એક બ્રાહ્મણની પુત્રી હતી. તેણી પ્રત્યે નિરવધિ પ્રેમને ધારણ કરનારી તેણીની એક સખી હતી. એ બંન્નેને લગ્નના કારણે કાલાંતરે જુદા જુદા સ્થાને રહેવાનું થયું. એક વખત બ્રાહ્મણની પુત્રીને પોતાની સખીની ચિંતા થઇ કે સખી કેવી રીતે રહેતી હશે ! તેથી તે બ્રાહ્મણની પુત્રી પોતાની સખીને ત્યાં ગઇ. પોતાની સખીને ત્યારે વિષાદસમુદ્રમાં ડૂબી ગયેલી જોઇને તેણીએ સખીને પૂછ્યું કે તારું મુખ નિસ્તેજ કેમ છે. જવાબમાં સખીએ કહ્યું કે હું પાપનું ભાજન બની છું. મારા પતિની પ્રત્યે હું દુર્ભાગ્યને પામી છું. એ મુજબ સાંભળીને બ્રાહ્મણની પુત્રીએ સખીને કહ્યું. 'હે સખી ! વિષાદ ના કરતી. વિષમાં અને વિષાદમાં કોઇ વિશેષતા નથી. બંન્ને અંતે તો મારનારા છે. હું તારા પતિને

જડીબુટ્ટીના સામર્થ્યથી બળદ બનાવી દઇશ.' આ પ્રમાણે કહીને બ્રાહ્મણની પુત્રી પોતાની સખીને મૂલિકા(જડી-બુટ્ટી) આપીને પોતાના ઘરે જતી રહી.

આ બાજુ બ્રાહ્મણપુત્રીની સખીએ પોતાના પતિ પ્રત્યેનો પ્રેમ જતો રહ્યો હોવાથી પતિને તે મૂલિકા ખવરાવી દીધી. ખાવાની સાથે જ પતિ ઉન્નત સ્કંધવાળો બળદ થયો. તુરંત જ તેણીને વિચાર આવ્યો કે કોઇ પણ કાર્ય કરવા માટે અસમર્થ આ શું કરશે ? આથી ગોવૃંદમાં રહેતા એવા તેને તે ચારો ચરાવવા માટે દરરોજ જવા લાગી. એક વાર આ બળદ એક વડના વૃક્ષ નીચે વિસામો લેતો હતો ત્યારે કોઇ વિદ્યાધરનું યુગલ પણ ત્યાં આવ્યું. એ યુગલમાંના પુરુષે પોતાની પત્નીને એ બળદને જોઇને કહ્યું કે આ બળદ સ્વાભાવિક નથી, પરંતુ કૃત્રિમ છે. તે સાંભળીને વિદ્યાધરી-પત્નીએ પોતાના પતિને પૂછ્યું કે તો આ બળદ કઇ રીતે પાછો મૂળ સ્વરૂપને પ્રાપ્ત કરશે ? જવાબમાં વિદ્યાધરે કહ્યું કે આ વૃક્ષ નીચે સંજીવની(વનસ્પતિવિશેષ) છે તેનો ઉપયોગ કરવાથી આ બળદ ફરી પાછો મૂળ સ્વભાવને પામશે. એ વાત સાંભળીને બળદની પત્નીએ સંજીવનીને જાણતી ન હોવાથી એ વડના વૃક્ષ નીચેનો બધો ચારો બળદને ચરાવવાનું શરૂ કર્યું. એમાં એક દિવસે ચારામાં સંજીવની ભેગી આવી અને એના ઉપયોગથી એ બળદ; બળદ મટીને પુરુષ થયો - 'આ ચારિસંજીવનીચારન્યાય છે.'

અહીં પેલી સ્ત્રીને સંજીવનીવિશેષનું જ્ઞાન ન હોવાથી સંજીવની સાથેનો ચારો ચરાવવાના કારણે બળદને જેમ સંજીવની પ્રાપ્ત કરવાનું ફળ પ્રાપ્ત થાય છે તેમ આદિધાર્મિક જીવો; અત્યંત મુગ્ધ હોવાથી શુદ્ધ દેવોને જાણતા ન હોવાના કારણે બધા દેવોને નમસ્કાર કરે છે. તેના પરિણામે તેમને શુદ્ધદેવની ભક્તિ વગેરે કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થાય છે. આવી રીતે ધર્મગુરુ પશુજેવા શિષ્યને દેવપૂજાદિ કાર્યોમાં વિશેષપણે પ્રવૃત્તિ કરવા અસમર્થ જાણીને વિશિષ્ટ સાધ્ય-(માર્ગપ્રવેશ)ની સિદ્ધિ માટે સામાન્યપણે બધા દેવોની પૂજા વગેરે કરાવે તોપણ કોઇ દોષ નથી. અહીં એ યાદ રાખવાનું આવશ્યક છે કે આદિધાર્મિક જીવોને તેમની અત્યંત મુગ્ધાવસ્થાના કારણે આ પ્રમાણે સામાન્યથી સર્વ દેવોની પૂજા કરાવાય છે. શુદ્ધ દેવાદિને નહિ જાણનારા એવા જીવોને અહીં મુગ્ધ તરીકે વર્ણવ્યા છે. સંસારસુખના અર્થી જનોને મુગ્ધ તરીકે વર્ણવ્યા નથી. શુદ્ધદેવાદિની વિશેષતાને જાણતા ન હોવા છતાં મુગ્ધ જીવો મોક્ષના અર્થી છે. તેમની પશુતુલ્ય

અજ્ઞાનદશાને દૂર કરવા માટેનો આ ન્યાય છે, જે બળદમાંથી પુરુષ બનાવે છે. પુરુષને બળદ બનાવવા માટેનો આ ન્યાય નથી. મુગ્ધ જીવોનું હિત હૈયે વસ્યું હોય તો શક્ય પ્રયત્ને તેમની અજ્ઞાનદશાને દૂર કરવાનું જ વિચારવું જોઈએ. ॥૧૨-૯॥

ઉપર જણાવ્યા મુજબ સામાન્યથી સર્વ દેવોની પૂજા આદિધાર્મિક જીવોને આશ્રયીને છે તો; વિશેષરૂપે પૂજા ક્યારે છે - એ શંકાના સમાધાનમાં જણાવાય છે–

**अधिज्ञातविशेषाणां, विशेषेऽप्येतदिष्यते ।**
**स्वस्य वृत्तविशेषेऽपि, परेषु द्वेषवर्जनात् ॥१२-१०॥**

अधीति–अधिज्ञातो विशेषो गुणाधिक्यं यैस्तेषाम् । विशेषेऽप्यर्हदादौ । एतत्पूजनमिष्यते । परेषु पूज्यमानव्यतिरिक्तेषु । द्वेषस्य मत्सरस्य वर्जनात् । स्वस्यात्मनः । वृत्तविशेषेऽप्याचाराधिक्येऽपि सति । देवतान्तराणि प्रतीत्य ॥१२-१०॥

"શ્રી અરિહંતપરમાત્માદિ દેવવિશેષમાં બીજા દેવો કરતાં કોઈ વિશેષનું જ્ઞાન જેમને પ્રાપ્ત થયું છે; તે જીવો બધા દેવોની પૂજા કરવાના બદલે વિશેષ દેવની જ પૂજા કરે. પરંતુ આવા વખતે દેવતાંતરની અપેક્ષાએ પોતાનો આચાર અધિક હોવા છતાં બીજા દેવોની પ્રત્યે દ્વેષ નહિ રાખવો જોઈએ." - આ પ્રમાણે દશમા શ્લોકનો અર્થ છે.

આશય એ છે કે બધા દેવોને દેવસ્વરૂપે માન્યા પછી પણ કોઈ એક દેવમાં વીતરાગતાદિવિશેષનું પરિજ્ઞાન થવાથી તે જીવો શ્રી અરિહંતપરમાત્માદિ-વિશેષની વિશેષે કરી પૂજા કરે તે બરાબર છે, કારણ કે તે વખતે તે જીવને શ્રી અરિહંતપરમાત્માદિને છોડીને બીજા દેવો પ્રત્યે દ્વેષ નથી. બીજા દેવો પ્રત્યે તે વખતે તેનું જે વર્તન છે તેની અપેક્ષાએ શ્રી અરિહંતપરમાત્મા પ્રત્યે તેનો ભક્તિભાવાદિ આચાર અધિક હોવા છતાં બીજા પ્રત્યે દ્વેષ નથી. આથી એવા જીવોને કોઈ દેવવિશેષની વિશેષતાને જાણીને એ રીતે વિશેષ પૂજન કરવાનું ઉચિત જ છે. દેવવિશેષનું પૂજન કરે અને બીજા દેવોની પ્રત્યે દ્વેષ ધારણ કરે તો તે કોઈ પણ રીતે ઉચિત નથી. ગુણાધિક્યનું પરિજ્ઞાન ન હતું તેથી તે વખતે બધા દેવોની સામાન્ય રીતે પૂજા કરવાનું બને અને ગુણની અધિકતાનું જ્ઞાન કોઈ એક દેવમાં થવાથી વિશેષદેવની વિશેષ રીતે પૂજા કરે એ સમજી શકાય છે. પરંતુ એનો

અર્થ એ નથી કે ત્યારે તે બીજાની પ્રત્યે દ્વેષ ધારણ કરે. ગુણસંપન્નોની પૂજાઅર્ચા જેટલી કરીએ તેટલી ઓછી જ છે. પરંતુ જેઓ ગુણસંપન્ન નથી તેમની પ્રત્યે દ્વેષ રાખવાથી કોઈ જ લાભ નથી. સામાન્ય રીતે કોઈની પણ પ્રત્યે દ્વેષ રાખવાનો નથી. આજ સુધી (ગુણાધિક્યનું પરિજ્ઞાન ન હતું ત્યાં સુધી) જેમને દેવ માનીને પૂજ્યા, હવે તેમની પ્રત્યે દ્વેષ રાખીએ તો તે કેટલું વિચિત્ર છે, એ આપણે સમજી શકીએ છીએ. તેથી શ્રી અરિહંતપરમાત્માદિ દેવવિશેષમાં વિશેષતાનું પરિજ્ઞાન થયા પછી તેઓશ્રીનું વિશેષ પૂજન કરતી વખતે પણ બીજા દેવોની પ્રત્યે દ્વેષનું વર્જન હોવાથી તે સ્વરૂપે તેમનું સામાન્ય પૂજન છે. ॥૧૨-૧૦॥

આ પ્રમાણે **गुरुदेवादिपूजन** સ્વરૂપ યોગની પૂર્વસેવામાં ગુરુ અને દેવના પૂજનનું વર્ણન કરીને હવે **आदि** પદથી જણાવાયેલા દીનાદિવર્ગના પૂજનનું નિરૂપણ કરાય છે–

**नातुरापथ्यतुल्यं यद्, दानं तदपि चेष्यते ।**
**पात्रे दीनादिवर्गे च, पोष्यवर्गाविरोधतः ॥१२-११॥**

नेति–यदातुरापथ्यतुल्यं ज्वरादिरोगविधुरस्य घृतादिदानसदृशं मुशलादिदानं दायकग्राहकयोरपकारि न भवति तद्दानमपि चेष्यते पात्रे दीनादिवर्गे च पोष्यवर्गस्य मातापित्रादिपोषणीयलोकस्याविरोधतो वृत्तेरनुच्छेदात् ॥१२-११॥

'જ્વરાદિ(તાવ વગેરે) રોગથી ગ્રસ્ત માણસને ઘી વગેરે અપથ્યના દાન જેવું જે દાન ન હોય; તે દાન પાત્રને અને દીનાદિવર્ગને, પોષ્યવર્ગનો વિરોધ ન આવે તે રીતે આપવું જોઈએ.' - આ પ્રમાણે અગિયારમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે યોગની પૂર્વસેવાને પ્રાપ્ત કરનારા જીવોએ ગુરુપૂજન અને દેવપૂજનની જેમ પાત્રને અને દીનાદિ જનોને પણ દાન આપવું જોઈએ. દીનાદિને દાન આપતી વખતે એ દાન કેવું હોવું જોઈએ એ જણાવતાં ખૂબ જ સ્પષ્ટપણે જણાવ્યું છે કે; તાવ વગેરે રોગથી પીડાતા માણસને જેમ ઘી વગેરે અપથ્ય અપાય નહિ, તેમ દીનાદિને મુશલ... વગેરે અનર્થદંડનાં સાધનોનું દાન અપાય નહિ. જે દાન, દાતા અને ગ્રાહક - બંન્નેને ઉપકારક બને એવું હોય તેવું જ દાન દીનાદિને આપવાનું છે. રોગીને અપાતા અપથ્યના દાન જેવું દાન; દીનાદિને અપાય નહિ.

આ દાન પણ એ રીતે આપવાનું છે કે જેથી માતા, પિતા વગેરે પોષ્યવર્ગ(ગૃહજનો)નો વિરોધ આવે નહિ. અર્થાત્ માતા, પિતા, ભાઇ, બહેન વગેરેના જીવનના નિર્વાહમાં બાધા પહોંચે - એ રીતે દીનાદિવર્ગને દાન આપવાનું નથી. એમનો જીવનનિર્વાહ બરાબર ચાલે અને ત્યાર પછી પોતાની પાસે જે હોય તે દીનાદિવર્ગને આપવાનું છે. પૂર્વકાળમાં આ રીતે દીનાદિને આપવાની પ્રવૃત્તિ લગભગ ઘરે ઘરે હતી. સુખી ઘરો એ પ્રવૃત્તિથી ઓળખાતાં. આજની વાત તદ્દન જુદી છે. બારણે ઊભા રહેલા ભૈયા વગેરેથી જ આજે સુખી ઘરોને ઓળખવાં પડે. મંદિરાદિ ધર્મસ્થાનોની બહાર પણ દીનાદિને હવે ઊભા રહેવા દેવામાં આવતા નથી. જોતજોતાંમાં ખૂબ જ ઝડપથી આ બધું બદલાતું ચાલ્યું છે. ધાર્મિક અનુષ્ઠાનોમાં પણ આજે એ અંગે ધ્યાન અપાતું નથી. શક્તિ ન હોય તો આપવાનું નથી. જે છે તે આપવાનું છે. પોતાના બધા માટે રાખીને આપવાનું છે. આપવા માટે મેળવવાનું નથી. છતાં દીનાદિને દાન આપવાના વિષયમાં ખૂબ જ ઉપેક્ષા સેવાય છે. અનુકંપા-દયા ધર્મનો પ્રાણ છે. એની રક્ષા માટે દરરોજ શક્તિ અનુસાર યોગના અર્થીએ દીનાદિવર્ગને દાન આપવું જોઇએ.

જ્યાં પણ અલ્પાંશે આ પ્રવૃત્તિ ચાલે છે તે વિધિ મુજબની નથી. મોટા ભાગે દીનાદિ ઉપર ઉપકાર કરતા હોય તે રીતે જ દાન અપાય છે. જોઇતી ના હોય, નકામી હોય અને ફેંકી દેવાની હોય - એવી જ વસ્તુ દીનાદિને અપાતી હોય છે. એ એક અવિધિ છે. 'છે અને છોડવું છે.' - આવી એકમાત્ર ભાવનાથી જ દાન અપાય તો મૂર્ચ્છા ઊતર્યા વિના નહીં રહે. બહુમૂલ્ય વસ્તુ ના આપીએ; પરંતુ નાખી દેવાનું કઇ રીતે અપાય ? એઠું કઇ રીતે અપાય ? ઊતરેલું કઇ રીતે અપાય ? એ વિચારવાની ખૂબ જ આવશ્યકતા છે. દીનાદિવર્ગને દાન આપવાની પ્રવૃત્તિ; યોગની પૂર્વસેવાનું એક અંગ છે - એ કોઇ પણ રીતે વિસ્મરણીય નથી. ॥૧૨-૧૧॥

પાત્ર અને દીનાદિવર્ગનું વર્ણન કરાય છે–

**लिङ्गिनः पात्रमपचा, विशिष्य स्वक्रियाकृतः ।**
**दीनान्धकृपणादीनां, वर्गः कार्यान्तराक्षमः ॥१२-१२॥**

लिङ्गिन इति–लिङ्गिनो व्रतसूचकतथाविधनेपथ्यवन्तः सामान्यतः पात्रमादिधार्मिकस्य । विशिष्य विशेषतोऽपचाः स्वयमपाचकाः, उपलक्षणात् परैरपाचयितारः पच्यमानाननुमन्तारश्च । स्वक्रियाकृतः स्वशास्त्रोक्तानुष्ठानाप्रमत्ताः । तदुक्तं "व्रतस्था लिङ्गिनः पात्रमपचास्तु विशेषतः । स्वसिद्धान्ताविरोधेन वर्तन्ते ये सदैव हि ।।१।।" दीनान्धकृपणादीनां वर्गः समुदायः कार्यान्तराक्षमो भिक्षातिरिक्तनिर्वाहहेतुव्यापारासमर्थः । यत उक्तं–"दीनान्धकृपणा ये तु व्याधिग्रस्ता विशेषतः । निःस्वाः क्रियान्तराशक्ता एतद्वर्गो हि मीलकः ।।१।।" इति । दीनाः क्षीणसकलपुरुषार्थशक्तयः, अन्धा नयनरहिताः, कृपणाः स्वभावत एव सतां कृपास्थानम् । व्याधिग्रस्ताः कुष्ट्याद्यभिभूताः । निःस्वा निर्धनाः ।।१२-१२।।

"સામાન્યથી વ્રતસૂચક વસ્ત્રને ધારણ કરનારા અને વિશેષે કરી પોતાના માટે નહિ રાંધનારા, પોતાની ક્રિયાને કરનારા પાત્ર છે તેમ જ દીન, અંધ અને કૃપણ વગેરેનો ભિક્ષા સિવાય બીજું કોઇ કાર્ય કરવા માટે અસમર્થ એવો વર્ગ છે." - આ પ્રમાણે બારમા શ્લોકનો શબ્દશઃ અર્થ છે. આશય એ છે કે અહિંસાદિવ્રતના પાલકને જણાવનારાં વસ્ત્રાદિના ધારકને લિંગી કહેવાય છે. આ પૂર્વે જણાવ્યા મુજબના આદિધાર્મિક જીવો મુગ્ધ હોવાથી વસ્ત્રાદિ બાહ્ય લિંગોને જોઇને તે લિંગને ધરનારાને તેઓ સામાન્યથી સાધુ માનતા હોય છે. પૂર્વ શ્લોકમાં દાન આપવાના પાત્ર તરીકે દીનાદિવર્ગને જણાવ્યો છે. તેમાં આદિધાર્મિક જીવોને આશ્રયીને સામાન્યથી લિંગીઓનો સમાવેશ છે. વિશેષે કરીને; જેઓ પોતે રાંધતા નથી, રંધાવતા નથી અને રાંધતા કે રંધાવતાને સારા માનતા નથી તેમ જ પોતાના શાસ્ત્રમાં વર્ણવેલી તે તે વિહિત ક્રિયાઓ કરવામાં પ્રમાદ કરતા નથી તેવા લિંગીઓનો સમાવેશ છે. યોગબિંદુમાં એ વસ્તુને જણાવતાં ફરમાવ્યું છે કે - જે વ્રતધારી લિંગીઓ છે, તેઓ સામાન્યથી પાત્ર (દાન દેવા યોગ્ય) છે અને વિશેષે કરી પોતે નહિ રાંધતા, બીજાની પાસે નહિ રંધાવતા અને રાંધનારાદિની અનુમોદનાને નહિ કરનારા, સદાને માટે પોતાના શાસ્ત્રમાં વિહિત એવી ક્રિયાઓનો વિરોધ આવે નહિ તે રીતે વર્તનારા પાત્ર છે.

દીન, અંધ અને કૃપણ વગેરેનો જે સમુદાય છે કે જે ભિક્ષા વિના બીજું કાંઇ કરી શકે એમ નથી; તે દીનાદિવર્ગ અહીં પાત્ર છે. આ વસ્તુને સમજાવતાં પણ યોગબિંદુ ગ્રંથમાં જણાવ્યું છે કે, "દીન, અંધ, કૃપણ, વ્યાધિગ્રસ્ત, અત્યંત

દરિદ્ર કે જેઓ ભિક્ષા વિના બીજું કાંઇ જ કરી શકવા શક્તિમાન નથી, તે બધાનો સમુદાય તેમનો(દીનાદિનો) વર્ગ છે.'' ધર્મ, અર્થ, કામ અને મોક્ષ - આ ચાર પુરુષાર્થને સાધવા માટેની શક્તિ (સામર્થ્ય) જેમની ક્ષીણ થયેલી છે તેમને દીન કહેવાય છે. નયન(આંખ)રહિત અંધ છે. નિસર્ગથી જ સારા માણસોના કૃપાસ્થાનને કૃપણ(બિચારા) કહેવાય છે. કોઢ વગેરેથી પીડાતા વ્યાધિગ્રસ્ત છે અને નિર્ધન માણસને નિઃસ્વદરિદ્ર કહેવાય છે. દીનાદિવર્ગને માતાપિતાદિ પોષ્યવર્ગનો વિરોધ ન આવે એ રીતે દરરોજ દાન આપવું જોઇએ. આ રીતે યોગની પૂર્વસેવામાં 'ગુરુદેવાદિપૂજન' આ પ્રથમ ભેદની વિચારણા પૂર્ણ થઇ. ॥૧૨-૧૨॥

**पूर्वसेवा तु योगस्य**... આ પ્રથમ શ્લોકમાં (૧૨-૧માં) જણાવેલ **गुरुदेवादिपूजन** નું વર્ણન કરીને હવે સદાચારનું વર્ણન કરાય છે–

**सुदाक्षिण्यं दयालुत्वं, दीनोद्धारः कृतज्ञता ।**
**जनापवादभीरुत्वं, सदाचाराः प्रकीर्त्तिताः ॥१२-१३॥**

सुदाक्षिण्यमिति–सुदाक्षिण्यं गम्भीरधीरचेतसः प्रकृत्यैव परकृत्याभियोगपरता । दयालुत्वं निरुपधिपरदुःखप्रहाणेच्छा । दीनोद्धारो दीनोपकारयत्नः । कृतज्ञता परकृतोपकारपरिज्ञानम् । जनापवादान्मरणान्निर्विशिष्यमाणाद्भीरुत्वं भीतभावः ॥१२-१३॥

'સુદાક્ષિણ્ય, દયાળુતા, દીનોદ્ધાર, કૃતજ્ઞતા અને જનાપવાદનો ભય - એ સદાચાર છે.' - આ પ્રમાણે તેરમા શ્લોકનો અર્થ છે. આશય સ્પષ્ટ છે કે યોગને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળાએ યોગની પૂર્વસેવાને આરાધવા માટે દરરોજ ગુરુદેવાદિનું જેમ પૂજન કરવું જોઇએ; તેમ પોતાના જીવનને સદાચારમય બનાવવું જોઇએ. જે સદાચારોથી પોતાના જીવનને સદાચારમય બનાવવાનું છે, એ સઘળાય સદાચારોનું વર્ણન કરવાનું અહીં કોઇ પણ રીતે શક્ય નથી. પરંતુ એમાંના કેટલાક જ આચારો ચાર શ્લોકથી વર્ણવ્યા છે. તેથી આ શ્લોકમાંનું **सदाचाराः प्रकीर्त्तिताः** - આ પદનો સંબંધ હવે પછીના ત્રણેય શ્લોકમાં સમજી લેવાનો છે.

યોગની પૂર્વસેવામાં ગુરુદેવાદિપૂજનથી જેમ પવિત્ર પુરુષો પ્રત્યે આદર-બહુમાન પ્રાપ્ત કરાય છે, તેમ સદાચારથી પોતાના આત્માને પવિત્ર કરાય છે. યોગની આરાધના પ્રસંગે જે લોકોત્તર આચારોથી આત્માને પરમાત્મસ્વરૂપ

બનાવવાનો છે તેની પૂર્વે યોગની પૂર્વસેવામાં સદાચારોથી આત્માને પવિત્ર બનાવવાનો છે. સદાચારો અને લોકોત્તર આચારો - એ બેમાં ઘણો ફરક છે. લોકોત્તર આચારોનું પાલન તો દુષ્કર છે જ. પરંતુ અહીં વર્ણવેલા સુદાક્ષિણ્ય વગેરે સદાચારોનું પાલન પણ દુષ્કર છે. મોક્ષસાધક યોગના અર્થીપણા વિના એ સદાચારોનું પાલન શક્ય નથી.

'સુદાક્ષિણ્ય'ને પહેલા સદાચાર તરીકે વર્ણવ્યું છે. ગંભીર અને ધીર એવા ચિત્તને ધારણ કરનારની સ્વભાવથી જ બીજાનું કામ કરી આપવાની તત્પરતાને 'સુદાક્ષિણ્ય' કહેવાય છે. સામાન્ય રીતે આપણે જેની સાથે રહેતા હોઇએ; આપણો જેમને થોડોઘણો પરિચય છે એવા માણસો જ મોટા ભાગે આપણને કામ કરવાનું કહેતા હોય છે. શક્ય રીતે તો તેઓ પોતાનું કામ પોતે જાતે કરતા હોય છે. પરંતુ કોઇ વાર પરિસ્થિતિ વિષમ બને તો તેઓ આપણને કામ કરવાનું જણાવે ત્યારે તેમનું કામ કરી આપવું જોઇએ. સ્વભાવથી જ એ ગુણ આપણામાં હોવો જોઇએ. લાજે, શરમે, પરાણે કે 'કોણ ના પાડે ? અવસરે આપણને પણ તેમનું કામ પડે'... વગેરે વિચારીને બીજાનું કામ કરવાથી દાક્ષિણ્ય પ્રાપ્ત થતું નથી. નિસર્ગથી જ બીજાનું કામ કરવાની તત્પરતા હોવી જોઇએ. આ ગુણનું વર્ણન કરતાં ગ્રંથકાર પરમર્ષિએ **परकृत्याभियोगपरता** આ પ્રમાણે જણાવ્યું છે. ત્યાંનું '**अभियोग**' પદ જે અર્થને જણાવે છે તે અર્થ યાદ રાખવાનું ખૂબ જ જરૂરી છે. પરકૃત્યમાં અભિયોગ રાખીને તત્પરતા કેળવવાની છે. કોઇને ત્યાં નોકરી કરતા હોઇએ ત્યારે તેમનું કામ ચોક્કસપણે કરવું જ પડે છે અને નોકરની જેમ કરવું પડે છે - તે અભિયોગ છે. આવી રીતે પરકૃત્યમાં અભિયોગ રાખી તત્પરતા દાખવવી જોઇએ. સામી વ્યક્તિ પ્રત્યે ઉપકાર કરવાની વૃત્તિએ કામ કરવાથી દાક્ષિણ્ય પ્રાપ્ત થતું નથી.

ઉપર જણાવ્યા મુજબ સ્વભાવથી જ પરકૃત્યના અભિયોગમાં તત્પરતા પ્રાપ્ત કરનારે ગંભીર અને ધીર ચિત્તવાળા બનવું જોઇએ. બીજાનું કામ કરતી વખતે ધીરજ રહેતી નથી અને કામ કર્યા પછી ગંભીરતા રખાતી નથી - એ લગભગ અનુભવવા મળે છે. બીજાનું કામ ધીરજપૂર્વક અને ગંભીરતા સાથે થતું ક્વચિત જ જોવા મળે છે. સુદાક્ષિણ્ય-આચારથી સંપન્ન આત્મા; ગંભીર અને ધીર ચિત્તથી યુક્ત હોય છે. ચિત્તની ધીરતા હોય તો બીજાનું કામ કરતી વખતે

ગમે તેટલું કષ્ટ પડે તોપણ બીજાના કાર્યને સારી રીતે પૂર્ણ કરી શકાય છે. અને ચિત્તની ગંભીરતા હોય તો કામ કરતાં પહેલાં અને પછી મૌન જાળવી શકાય છે. બીજાનું કામ કરવાનું શરૂ કરીએ એટલે પોતાના સમય આદિનો ભોગ તો આપવો જ પડતો હોય છે. એ વખતે કોઇ પણ રીતે અકળાયા વિના એ કાર્ય સારી રીતે પૂર્ણ કરવા મનની ધીરતા ખૂબ જ આવશ્યક છે. અન્યથા મનની ધીરતા વિના પરકૃત્ય કરવાનું આરંભીએ તો વેઠ ઉતારવાનું બનશે અને તેથી બીજી વાર કોઇ કામ કરવા નહિ દે. આવી જ રીતે, 'મારે બીજાનું કામ કરવાનું છે; મેં બીજાનું કામ કરી આપ્યું; આપણે કોઇને ના પાડતા નથી, કામ કરી આપવામાં શું ? થોડા ઘસાઇ જઇએ ?'... વગેરે બોલી-બોલીને બીજાનું કામ કરીએ તો તેને શરમાવા જેવું થાય, સંકોચ થાય અને નીચું જોવા જેવું થાય. તેથી આવા અગંભીર-તુચ્છ માણસને કોઇ કામ ચીંધે નહિ. માટે બીજાનું કામ કરતી વખતે ગંભીરતા કેળવવી જોઇએ. સામાન્ય રીતે પરકૃત્યમાં આવી ગંભીરતા ન હોવાથી લોકોત્તર માર્ગની આરાધનામાં પણ એવી ગંભીરતા રહેતી નથી. પૂ. ગુરુદેવાદિસંબંધી ગોચરી, પાણી, ઓઘા વગેરેની પ્રતિલેખના અને કાપ(વસ્ત્ર-પ્રક્ષાલન) વગેરે કાર્ય કરતાં પૂર્વે અને કાર્ય કર્યા પછી પણ એવી ગંભીરતા રખાતી નથી. કામ કરીએ અને એની બીજાને જાણ ન થાય તો કામ કરવામાં મજા જ ન આવે - એ સ્પષ્ટ રીતે આજે જોવા મળે. આ બધાના મૂળમાં વાસ્તવિક રીતે સુદાક્ષિણ્યગુણનો અભાવ છે. યોગની પૂર્વસેવામાં જ ભલીવાર ના હોય તો યોગની સાધનામાં ભલીવાર ન જ હોય - એ સમજી શકાય છે.

યોગની પૂર્વસેવામાં બીજા સદાચાર તરીકે 'દયાલુત્વ'ને વર્ણવ્યો છે. કોઇ પણ જાતની માયા વિના બીજાના દુઃખને દૂર કરવાની ઇચ્છાને દયાળુતા કહેવાય છે. દયાળુતા-દયા આજ સુધી આપણે કરતા જ આવ્યા છીએ. પરંતુ એ સદાચારરૂપે પરિણમી છે કે નહિ - તે વિચારવું જોઇએ. સામી વ્યક્તિ પાસેથી કોઇ પણ વસ્તુના લાભની અપેક્ષાને રાખીને મોટા ભાગે બીજાના દુઃખને દૂર કરવાની ઇચ્છા સેવાય છે. ભાવના ખરેખર તો પોતાના દુઃખને દૂર કરવાની હોય છે. પરંતુ દેખાવ બીજાના દુઃખને દૂર કરવાનો થતો હોય છે. જીવજંતુને કોઇ મારી નાખે નહિ તેથી તેને સુરક્ષિત સ્થાને રાખતી વખતે ભાવ તો લગભગ તે આપણને કરડે નહિ - તેનો હોય તો દયાનો પરિણામ વાસ્તવિક નથી,

માયાપૂર્વકનો છે. સાચી દયાળુતા પણ સરળતાથી પ્રાપ્ત કરી શકાય એવી નથી. અનાદિકાળથી દૃઢ થયેલા કુસંસ્કારો ભૂંસાય નહિ તો સદાચારસ્વરૂપ દયાને પ્રાપ્ત કરવાનું શક્ય નહિ બને. ગમે ત્યાંથી ગમે તે રીતે પણ લાભ મેળવવાની વૃત્તિ જ ખરેખર તો માણસને માયાવી બનાવે છે. માયાથી રહિત એવી બીજાના દુઃખને દૂર કરવાની ઇચ્છાને અહીં દયાલુત્વ સ્વરૂપ સદાચાર તરીકે વર્ણવી છે. શક્તિ કે સંયોગો ન હોય તો બીજાના દુઃખને દૂર કરવાનું શક્ય ન બને તોપણ એ વિષયની ઇચ્છા અશક્ય નથી. એવી ઇચ્છાને સેવતી વખતે માયા ન કરીએ તો દયાસ્વરૂપ બીજો સદાચાર સરળતાથી પામી શકાય છે.

દીનોદ્ધાર સ્વરૂપ ત્રીજા આચારનું વર્ણન કરતાં ગ્રંથકારશ્રીએ જણાવ્યું છે કે દીનના ઉપકાર માટે પ્રયત્ન કરવો. અહીં 'દીન' પદથી દીન, અનાથ, દરિદ્ર, પંગુ અને અંધ વગેરે જીવો સમજવાના છે. દીન, અનાથ વગેરે જીવોને ઉપકારનું કારણ બની શકે એવી પ્રવૃત્તિમાં પ્રયત્ન કરવા સ્વરૂપ અહીં દીનોદ્ધાર છે. દીનાદિ ઉપર ઉપકાર કરવાની બુદ્ધિથી આ પ્રયત્ન નથી. આ પ્રયત્ન એવો છે કે જેથી દીનાદિ જીવોને ઉપકારનું એ કારણ બને છે. ઉપકાર કરવા માટે પ્રવૃત્તિ કરવી અને પ્રવૃત્તિથી ઉપકાર થવો - એ બંન્નેમાં જે ફરક છે તેને યાદ રાખવો જોઇએ. અહીં યોગની પૂર્વસેવામાં વર્ણવાતા સદાચારો કોઇની ઉપર ઉપકાર કરવા માટે વિહિત નથી. યોગની પ્રાપ્તિ દ્વારા પોતાના કલ્યાણ માટે તે વિહિત છે. તેથી દીનાદિનો ઉદ્ધાર પણ તેમની ઉપર ઉપકાર કરતા હોઇએ તે રીતે કરવાનો નથી. યોગની પ્રાપ્તિ માટેની એ એક અપૂર્વ સાધના છે - એમ સમજીને સદાચારો સેવવા જોઇએ.

'કૃતજ્ઞતા' - એ ચોથો સદાચાર છે. બીજાએ આપણી ઉપર કરેલા ઉપકારના પરિજ્ઞાનને કૃતજ્ઞતા કહેવાય છે. આજ સુધીના આપણા જીવનને યાદ કરીએ તો સમજાશે કે કંઇ-કેટલાય આત્માઓએ આપણી ઉપર અનેક જાતના ઉપકાર કર્યા છે - એનું નિરંતર સ્મરણ કરવું જોઇએ. આપણા વર્તમાન જીવનના અસ્તિત્વમાં એમણે કરેલા ઉપકારો સમાયેલા છે - તેનું વિસ્મરણ કરવાનું ઉચિત નથી. બીજાની ઉપર આપણે કરેલા ઉપકારો આપણને નિરંતર યાદ રહે એમાં પણ મોટાભાગના ઉપકારો આપણા સ્વાર્થમૂલક હોય; ખરી રીતે તો એને ઉપકાર કહેવાનું શક્ય જ નથી, છતાં એને આપણે વારંવાર ગાયા કરીએ અને બીજાએ કરેલા ઉપકારોને ભૂલી જઇએ - એ કૃતજ્ઞતા નથી. લોકોત્તર ધર્મની સિદ્ધિના

લિંગ તરીકે જણાવેલી કૃતજ્ઞતા લોકોત્તર કોટીની છે. પરમકૃપાળુ શ્રી અરિહંતપરમાત્માએ અને ભવનિસ્તારક પૂ. ગુરુભગવંતાદિએ કરેલા અનુગ્રહને યાદ કરીએ તો ચોક્કસ જ પાપની પ્રવૃત્તિ ઉપર પૂર્ણવિરામ મૂકી શકાશે. પરંતુ લોકોત્તર કોટીની આ કૃતજ્ઞતાને પ્રાપ્ત કરવાનું સરળ તો નથી જ; પણ એ માટે લૌકિક 'કૃતજ્ઞતા' સ્વરૂપ સદાચારને પ્રાપ્ત કરવાથી એ સરળ બની શકે છે.

આ તેરમા શ્લોકમાં પાંચમા સદાચાર તરીકે 'જનાપવાદભીરુત્વ'ને વર્ણવ્યું છે. લોકોની નિંદાને પાત્ર એવા વર્ત્તનથી ભય પામવો - એને જનાપવાદભીરુત્વ કહેવાય છે. સારા ગણાતા માણસો આપણા વર્ત્તનની નિંદા કરે એવા વર્ત્તનનો આપણને ભય હોવો જોઇએ. 'લોકો તો ગાંડા છે, ગમે તેમ બોલે, આપણને જે ઉચિત લાગે તે કરવું...' આવું વિચાર્યા વિના દુર્વર્ત્તનથી દૂર રહેવું જોઇએ. યોગમાર્ગની આરાધના વખતે સર્વ પાપથી દૂર રહેવાનું છે, જે; પાપભીરુત્વ વિના શક્ય નહીં બને. પાપભીરુત્વને પામવા માટે યોગની પૂર્વસેવામાં જનાપવાદની ભીરુતા(ભય)ને પ્રાપ્ત કર્યા વિના ચાલે એવું નથી. સામાન્ય લોકો જેને પાપ તરીકે ગણતા નથી એવા પણ પાપથી દૂર રહેવા માટે યોગની પૂર્વસેવામાં લોકો જેને પાપ માને છે એનો પણ ભય ન હોય - એ ચાલે એવું નથી. લોકની નજરે જે દુર્વર્ત્તન છે એવા દુર્વર્ત્તનનો સતત ભય હોવો જોઇએ. ગ્રંથકાર પરમર્ષિએ આ વસ્તુને સમજાવતાં આ શ્લોકની ટીકામાં જણાવ્યું છે કે જનાપવાદ અને મરણ - એ બેમાં કોઇ જ વિશેષતા નથી - અર્થાત્ જેટલો ભય આપણને મરણનો છે તેટલો જ ભય જનાપવાદનો હોવો જોઇએ. મરણ થશે - એમ સમજીને જેમ મરણનાં નિમિત્તોથી આપણે દૂર રહીએ છીએ, તેમ જનાપવાદ (લોકમાં નિંદા) થશે - એમ સમજીને લોકમાં નિંદાના કારણભૂત દ્યૂતાદિ વ્યસનોથી દૂર રહેવું જોઇએ - એ પાંચમો સદાચાર છે. અનંતજ્ઞાનીઓ જેને પાપ તરીકે વર્ણવે છે એ પાપના ભયની પ્રાપ્તિ માટે જનાપવાદના ભય સ્વરૂપ સદાચાર અનિવાર્ય છે. ॥૧૨-૧૩॥

બીજા સદાચારોનું જ વર્ણન કરાય છે–

**रागो गुणिनि सर्वत्र, निन्दात्यागस्तथाऽऽपदि ।**
**अदैन्यं सत्प्रतिज्ञत्वं, सम्पत्तावपि नम्रता ॥१२-१४॥**

राग इति–गुणिनि गुणवति पुंसि रागः । सर्वत्र जघन्यमध्यमोत्तमेषु निन्दात्यागः परिवादापनोदः । तथा आपदि विपत्तौ अदैन्यमदीनभावः । सत्प्रतिज्ञत्वं प्रतिपन्नक्रिया-निर्वाहणम् । सम्पत्तावपि विभवसमागमेऽपि नम्रता औचित्येन नमनशीलता ।।१२-१४।।

"ગુણવાન પુરુષોમાં રાગ; સર્વત્ર નિંદાનો ત્યાગ; આપત્તિમાં અદીનતા, પ્રતિજ્ઞાનું પાલન અને સંપત્તિમાં પણ નમ્રતા - આ સદાચાર છે." આ પ્રમાણે ચૌદમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે સુદાક્ષિણ્ય વગેરેની જેમ જ ગુણવાન પુરુષોમાં રાગ વગેરે, ઉપર જણાવેલા પણ સદાચારો છે. ગુણવાન પુરુષોની પ્રત્યે જે રાગ છે - તેને છઠ્ઠા સદાચારસ્વરૂપે અહીં વર્ણવ્યો છે. જ્ઞાનાદિગુણસંપન્ન પુરુષો પ્રત્યે રાગ ધરવો જોઇએ. આ અપારસંસારથી પાર ઊતરવા માટે જ્ઞાનાદિગુણોની પ્રાપ્તિ વિના બીજો કોઇ ઉપાય નથી. એ ગુણોને પ્રાપ્ત કરવા માટે ગુણસંપન્ન પુરુષોનું સાંનિધ્ય નિરંતર હોવું જોઇએ. કારણ કે જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિ તે પુણ્યપુરુષોને આધીન છે. ગુણવાન પુરુષો; વિના સ્વાર્થે પોતાના સાંનિધ્યમાં રહેનારા જીવોને ગુણસંપન્ન બનાવવામાં પ્રયત્નશીલ હોય છે. આજ સુધીની આપણી નિર્ગુણ અવસ્થાનો વિચાર કરીએ તો સમજાશે કે ગુણસંપન્ન પુરુષોનું સાંનિધ્ય આપણે પ્રાપ્ત કર્યું ન હોવાથી એ નિર્ગુણ-અવસ્થા છે, અને ગુણસંપન્ન આત્માઓ પ્રત્યે રાગ ન રાખવાથી ગુણીજનોનું સાંનિધ્ય આપણે મેળવી શક્યા નહિ. અનાદિકાળના કુસંસ્કારોના કારણે લગભગ દુષ્ટ પુરુષોની પ્રત્યે જ રાગ કરવાનું બનતું આવ્યું છે. ગુણ અને ગુણીજનો પ્રત્યે રાગ કેળવવાનું ખૂબ કપરું છે. દોષ પ્રત્યે દ્વેષ જાગે અને ગુણની ઉત્કટ ઇચ્છા જાગે તો ગુણવાન પુરુષો પ્રત્યે રાગ જન્મે. ગુણીજનોની સંખ્યા ખૂબ જ અલ્પ છે. ગુણીજનોનો સમાગમ મહામુસીબતે થતો હોય છે અને એ વખતે તેમની પ્રત્યે રાગ થાય - એવું ભાગ્યે જ બનતું હોય છે. યોગના અર્થી જનોને લોકોત્તર ગુણસંપન્ન આત્માઓના સાંનિધ્યમાં રહેતી વખતે તેઓશ્રીની પ્રત્યે જો રાગ ન હોય તો ભારે કરુણ પ્રસંગ સર્જાય, તેથી યોગની પૂર્વસેવામાં ગુણીજનો પ્રત્યે રાગ કેળવી લેવાનું ખૂબ જ આવશ્યક છે.

આ રીતે ગુણવાન પુરુષો પ્રત્યે જેમ રાગ રાખવાનો છે તેમ જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ કોટિના જીવો પ્રત્યે નિંદાનો ત્યાગ કરવાનો છે. સર્વત્ર (જીવમાત્રમાં) નિંદાત્યાગ સ્વરૂપ સાતમો સદાચાર છે. આ સદાચારનું પાલન

કરવાનું લગભગ અશક્ય છે. બીજાના અવર્ણવાદ સ્વરૂપ નિંદાનું દૂષણ ક્યાં નથી - એ શોધવા નીકળવું પડે એવું છે. જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ એવા કોઇ પણ માણસની નિંદા ન કરવી - એ યોગની પૂર્વસેવાવિશેષ છે. લોકોત્તર માર્ગની જેઓ આરાધના કરી રહ્યા છે - એવા આત્માઓ માટે પણ આ સદાચારનું પાલન આજે જરૂરી હોય એવું લાગતું નથી. શાસનના હિતની ચિંતાના નામે શાસનના આરાધકોમાં આ દૂષણ આજે એવું ફેલાયું છે કે જેની વાત કરી શકાય - એમ નથી. કર્મપરવશ જીવો છે. કોઇને કોઇ ખામી રહેવાની. એને જોયા કરશું અને ગાયા કરશું તો નિંદાનું વર્જન કઇ રીતે થશે ? દોષ(પરદોષ)ની ઉપેક્ષા કરવામાં નહિ આવે ત્યાં સુધી નિંદાનો ત્યાગ થઇ શકશે નહિ. યોગની પૂર્વસેવામાં સર્વત્ર નિંદાનો ત્યાગ કરવાનો છે. એના બદલે આજે ગુણવાનની પણ નિંદા મજેથી કરાતી હોય છે, તે યોગની પૂર્વસેવાને અનુરૂપ નથી. યોગની પૂર્વસેવામાં બાધક બનનારી આ નિંદાનું વર્જન કર્યા વિના ચાલે એવું નથી. જે દૂષણ યોગની શરૂઆત કરતાં પૂર્વે પણ ન હોવું જોઇએ તે દૂષણ યોગની આરાધનામાંથી પણ દૂર ન થાય તો કેવી સ્થિતિનું નિર્માણ થાય - તે આપણે જોઇ રહ્યા છીએ. ઉપકારીઓની પણ નિંદા સુધી પહોંચી ગયેલા આ દૂષણનો ત્યાગ કરવાથી ગુણીજનોનું આપણને નિરંતર સાંનિધ્ય પ્રાપ્ત થતું હોય છે. અન્યથા નિંદાની પ્રવૃત્તિ કરવાથી ગુણવાન પુરુષો આપણી ઉપર વિશ્વાસ નહિ રાખે.

યોગની પૂર્વસેવાના સદાચારમાંના આઠમા આચારનું વર્ણન કરતાં 'આપત્તિમાં દીનતાના અભાવ'ને વર્ણવ્યો છે. એનો આશય સ્પષ્ટ છે કે ગમે તેવો દુઃખનો પ્રસંગ પ્રાપ્ત થાય તોપણ કોઇ પણ જાતની દીનતા નહીં રાખવી જોઇએ. ધર્મના અર્થી જનોને જ્યારે સર્વવિરતિધર્મની આરાધના કરવાનો પ્રસંગ પ્રાપ્ત થશે ત્યારે તે યોગની સાધનામાં પરીસહાદિને દીનતા વિના સહન કરવાના હોવાથી ધર્માર્થીઓએ યોગની પૂર્વસેવામાં ગૃહસ્થજીવનમાં આ રીતે દીનતાનો અભાવ કેળવી લેવો જોઇએ. મુનિજીવનમાં જ્યારે પણ અશુભ કર્મના ઉદયથી આપત્તિ આવતી હોય છે, ત્યારે સામાન્યથી તેનો પ્રતિકાર કર્યા વિના અદીનપણે તેને સહી લેવાની હોય છે. આવા પ્રસંગે દીનતાનો પરિહાર કરવાનું શક્ય બને નહિ; તો આપત્તિનો પ્રતિકાર કરવો જ પડશે. યોગની પૂર્વસેવામાં આપત્તિમાં દીનતાનો પરિહાર કરવાથી યોગની સાધના દરમ્યાન આપત્તિનો પ્રતિકાર કરવો

નહિ પડે. પૂર્વે કરેલાં હિંસાદિ પાપોને લઈને જ્યારે પણ દુઃખ(આપત્તિ) આવે ત્યારે તેને દૂર કરવા પ્રાર્થનાદિ કરવાની વૃત્તિને દીનતા કહેવાય છે. કોઇ વાર આપત્તિને દૂર કરનારાં નિમિત્તો મળે અને આપત્તિને દૂર કરી પણ લઈએ; પરંતુ કર્મની વિષમતાએ કોઇ વાર એવા સંયોગો ન મળે ત્યારે દરેકની પાસે આપત્તિને દૂર કરવા વિનંતી, પ્રાર્થના કે આજીજી કરવાની જરૂર નથી. તેમ જ કોઇની પાસે દુઃખને રોવાની પણ જરૂર નથી. કરેલાં કર્મનાં ફળ ભોગવ્યા વિના છૂટકો નથી - એમ સમજીને ખૂબ જ સમતાપૂર્વક આપણા હિત માટે આપત્તિ વેઠી લેવી જોઇએ. સહન નહિ કરવાની વૃત્તિ જ દીનતાનું કારણ છે. દીનતાના પરિહાર માટે સહનશીલતા મેળવવા સિવાય બીજો કોઇ જ ઉપાય નથી.

નવમા સદાચાર તરીકે 'સત્પ્રતિજ્ઞત્વ'ને વર્ણવ્યું છે. અંગીકાર કરેલી પ્રતિજ્ઞાનો સારી રીતે નિર્વાહ કરવો તેને સત્પ્રતિજ્ઞત્વ કહેવાય છે. યોગની પૂર્વસેવામાં સામાન્ય રીતે દેવદર્શન-પૂજન, ગુરુવંદન, ધર્મશ્રવણ અને દાનાદિ સંબંધી પ્રતિજ્ઞાઓ કરાતી હોય છે. મહાવ્રતો સંબંધી પ્રતિજ્ઞાઓની અપેક્ષાએ એ પ્રતિજ્ઞાઓ ખૂબ જ નાની છે. પરંતુ આજ સુધીના પ્રતિજ્ઞાવિહીન જીવનની અપેક્ષાએ, એ પ્રતિજ્ઞાઓ ઘણી જ મોટી છે. કોઇ પણ જાતના અપવાદ વિના એ પ્રતિજ્ઞાઓનું પાલન કરવાનું ખૂબ જ કષ્ટકારક બનતું હોય છે. ફળની ઉત્કટ ઇચ્છા અને ફળને પ્રાપ્ત કરવા માટેનું વિશિષ્ટ સત્ત્વ ન હોય તો પ્રતિજ્ઞાનું પાલન શક્ય નથી. સદ્ગુરુભગવંતના પરિચયે પ્રતિજ્ઞાનું મહત્ત્વ સમજીને એનો યથાર્થ રીતે નિર્વાહ કરવો - એ એક જાતનો સદાચાર છે. પ્રતિજ્ઞા કઇ છે એની અપેક્ષાએ પ્રતિજ્ઞા કઇ રીતે પળાય છે - એનું પરિભાવન કરવાનું ખૂબ જ આવશ્યક છે. શ્રી વંકચૂલાદિએ જે પ્રતિજ્ઞાઓ લીધી હતી; એ પ્રતિજ્ઞાઓ તો મજેથી લઇ શકાય છે પરંતુ તેઓએ તે પ્રતિજ્ઞાઓનું પાલન જે રીતે કર્યું હતું; તે રીતે એ પ્રતિજ્ઞાઓનું પાલન આપણા માટે કેટલું શક્ય છે - એ વિચારવાથી સમજાશે કે 'સત્પ્રતિજ્ઞત્વ' આ સદાચાર પણ સરળ નથી. પહેલાં તો પ્રતિજ્ઞા-નિયમ લેવાનું જ લગભગ મન થતું નથી. આ વિશ્વમાં કંઇ કેટલી ય એવી વસ્તુઓ છે કે જેનો આપણે ઉપયોગ જ કરવાના નથી. આપણા ઘરમાં પણ એવી વસ્તુઓ છે કે જેનો આપણે ઉપયોગ કરવાના નથી. પરંતુ એના ત્યાગનો આપણને નિયમ નથી. એટલું જ નહિ, સ્વપ્ને પણ જેની ઇચ્છા નથી એવી પ્રવૃત્તિઓના પણ

ત્યાગનો આપણને નિયમ નથી. અવિરતિ(નિયમ નહિ કરવો)ના કારણે જે પાપબંધ થાય છે તેની ખરેખર જ આપણને કલ્પના નથી. અન્યથા એ પાપથી વિરામ પામવા પ્રતિજ્ઞાનો સ્વીકાર કરી શકાયો હોત. જ્યાં નિયમ અંગે જ આવી સ્થિતિ હોય ત્યાં તેના પાલન અંગે કેવી દશા હોય તે આપણે સારી રીતે સમજી શકીએ છીએ. યોગની પૂર્વસેવામાં એવી સ્થિતિ હોતી નથી. ગ્રહણ કરેલી પ્રતિજ્ઞાનો પ્રાણના ભોગે પણ નિર્વાહ કરાતો હોય છે. આ રીતે નાના પણ નિયમોનો નિરપવાદ વહન કરવાનો અભ્યાસ યોગની સાધનામાં મહાવ્રતોના પાલન માટે ખૂબ જ ઉપયોગી બને છે.

સદાચારોનું વર્ણન કરતાં આ ચૌદમા શ્લોકમાં દશમા સદાચાર તરીકે 'સંપત્તિમાં નમ્રતા'નું વર્ણન કરાયું છે. એનો આશય એ છે કે ગૃહસ્થજીવનમાં કોઇ વાર ભૂતકાળના વિશિષ્ટ પુણ્યોદયે સંપત્તિ-વિભવની પ્રાપ્તિ થાય તો અહંકાર-ગર્વ કર્યા વિના નમ્રતા ધારણ કરવી જોઇએ. સંપત્તિની પ્રાપ્તિ થવાથી પોતાની જાતને મહાન માનવાથી અહંકાર જન્મે છે. પોતાના આત્માના જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિ થવાથી પણ જ્યાં ગર્વ કરવાનો નિષેધ છે, ત્યાં પુણ્યના ઉદયથી પ્રાપ્ત થનારી પૌદ્ગલિક સંપત્તિની પ્રાપ્તિથી ગર્વ કરવાનું ખૂબ જ અનુચિત છે - તે સમજી શકાય છે. અહીં નમ્રતાનું વર્ણન કરતી વખતે ગ્રંથકારશ્રીએ ફરમાવ્યું છે કે 'ઔચિત્યથી નમવાના સ્વભાવ'ને નમ્રતા કહેવાય છે. દરેક સ્થાને નમવું - એ પણ નમ્રતા નથી અને માયાપૂર્વક નમવું - એ પણ નમ્રતા નથી. કોઇ પણ સ્થાને નમવું નહિ અને બધાની અપેક્ષાએ હું મહાન છું - એવું માનવું - એ તો અહંકાર છે જ. એનો અર્થ એ નથી કે ગમે તેને નમતા બેસવું. નમવાની પ્રવૃત્તિમાં સામી વ્યક્તિ કેવી છે - તેનો વિચાર કરવો જોઇએ અને પછી ઔચિત્યપૂર્વક સ્વભાવથી જ નમવું જોઇએ. કોઇ પણ જાતની માયાને સેવ્યા વિના નમ્રતા રાખવી - એ સદાચાર છે. એકાંતે હિતકર એવા આચારો પણ વિવેક વિના અહિતકર બને છે. કોઇ પણ ગુણને ગુણાભાસમાં રૂપાંતરિત કરવાનું કાર્ય અવિવેક કરે છે. યોગની પૂર્વસેવામાં સદાચારસ્વરૂપે પ્રાપ્ત કરેલી નમ્રતાથી; ભવિષ્યમાં યોગની પ્રાપ્તિમાં જ્ઞાનાદિગુણો પ્રાપ્ત કર્યા પછી પણ આત્માને અહંકારથી દૂર રાખવાનું સરળ થાય છે. ॥૧૨-૧૪॥

સદાચારોનું જ વર્ણન કરાય છે–

**अविरुद्धकुलाचारपालनं मितभाषिता ।**
**अपि कण्ठगतैः प्राणैरप्रवृत्तिश्च गर्हिते ॥१२-१५॥**

अविरुद्धेति–अविरुद्धस्य धर्माद्यप्रतिपन्थिनः कुलाचारस्य पालनमनुवर्तनम् । मितभाषिता प्रस्तावे स्तोकहितजल्पनशीलता । कण्ठगतैरपि प्राणैर्गर्हिते लोकनिन्दिते कर्मण्यप्रवृत्तिश्च ॥१२-१५॥

"અવિરુદ્ધ કુલાચારનું પાલન, થોડું બોલવું અને પ્રાણ કંઠે આવ્યા હોય તોપણ લોકમાં નિંદાને પાત્ર એવા કામમાં પ્રવૃત્તિ ન કરવી." - આ પ્રમાણે પંદરમા શ્લોકનો સામાન્ય અર્થ છે. આશય સ્પષ્ટ છે કે યોગની પૂર્વસેવામાં જે સદાચારો વર્ણવ્યા છે તેમાં અગિયારમો સદાચાર 'અવિરુદ્ધ કુલાચારનું પાલન' છે. ધર્માદિનો બાધ ન થતો હોય તો પોતાના કુલાચારનું પાલન યોગની પૂર્વસેવામાં કરવું જોઇએ. અનંતજ્ઞાનીઓએ જણાવેલા પરમ પવિત્ર આચારો એકાંતે કલ્યાણના કારણ હોવા છતાં શરૂઆતથી જ એને સરળતાથી પાળવાનું સત્ત્વ દરેક જીવને હોતું નથી. એ પરમતારક આચારોનું નિરતિચારપણે પાલન કર્યા વિના શ્રીસિદ્ધપદની પ્રાપ્તિ થતી નથી - એનો ખ્યાલ હોવાથી યોગના અર્થી આત્માઓ એ સત્ત્વ પામવા માટે યોગની સેવામાં અવિરુદ્ધકુલાચારનું પાલન કરતા હોય છે. ભવિષ્યમાં અનંતજ્ઞાનીઓની દૃષ્ટિએ જે આચરવા યોગ્ય છે એવા આચારોમાં જ્યારે પ્રવૃત્ત થવાનું છે, ત્યારે એ માટેનો અભ્યાસ અવિરુદ્ધ કુલાચારના પાલનથી શરૂ કરાય છે. જે લોકો પોતાના કુળના પણ અવિરુદ્ધ આચારોનું પાલન કરે નહિ તો તેઓ અનંતજ્ઞાનીઓએ ઉપદેશેલા આચારોનું પાલન કઇ રીતે કરી શકશે ? આજે પોતાના કુલાચારોનું પાલન પણ અઘરું લાગ્યા કરે છે. આહાર-પાણીમાં, વેષ-પરિધાનમાં અને જીવનશૈલી વગેરેમાં ઝડપથી પરિવર્તન આવવા માંડ્યું છે - એ જોતાં પોતાના કુલાચારોનું પાલન સ્વપ્નવત્ બન્યું છે. ધર્માદિના અવિરોધી હોવા છતાં પોતાના કુલાચારોનો ત્યાગ કરી ધર્માદિના પ્રગટ વિરોધી એવા આચારો (?) જે ઝડપથી આવી રહ્યા છે - એનો વિચાર કરતાં એમ લાગે છે કે આ યોગની પૂર્વસેવા કરવાનું હવે અશક્ય છે. યોગના અર્થી જીવોએ કોઇ પણ રીતે યોગની પૂર્વસેવામાં પ્રયત્ન કરી લેવો જોઇએ.

આ શ્લોકમાં બારમા સદાચાર તરીકે 'મિતભાષિતા' જણાવી છે. એનું વર્ણન કરતાં ગ્રંથકારશ્રી ફરમાવે છે કે અવસરે હિતકારક પણ થોડું બોલવું. સામી વ્યક્તિ પ્રત્યે આપણને હિતની બુદ્ધિ હોય તોપણ યોગ્ય અવસરે જ કહેવાયોગ્ય કહેવું જોઇએ. અવસર વિના કહેવાથી આપણી હિતકર એવી પણ વાતથી કોઇ જ લાભ થતો નથી. ઉપરથી કોઇ વાર એવું પણ બનતું હોય છે કે કાયમ માટે હિતકર એવી વાત કહેવાનો અવસર જ પ્રાપ્ત થતો નથી. અવસરે પણ વાત કરવી પડે તો તે સામા જીવના હિતની હોય તો જ કરવી. કોઇ પણ સંયોગોમાં સામી વ્યક્તિના અહિતનું કારણ બનનારી વાત કહેવાથી દૂર રહેવું જોઇએ. અવસરે હિતની પણ વાત સંક્ષેપથી થોડા શબ્દોમાં કરવી. બહુ બોલ બોલ કરવાથી હિતકારિણી વાતની પણ ઉપેક્ષા થતી હોય છે. યોગની સાધના દરમ્યાન બિનજરૂરી બોલવાની પ્રવૃત્તિથી દૂર રહેવા માટે મિતભાષિતાનો સ્વભાવ ખૂબ જ ઉપયોગી બને છે. સામાન્ય રીતે હિતાહિતનો ભેદ સમજવાનું સરળ નથી. જ્યાં સુધી યથાર્થ રીતે એ ભેદ સમજાય નહિ; ત્યાં સુધી બોલવાનું બંધ રાખવું જોઇએ. અનિવાર્ય સંયોગોમાં બોલવાનો અવસર જ આવે તો ચોક્કસપણે જે હિતકર હોય તે થોડું બોલવું. અવસર, હિત અને અલ્પપ્રમાણ - એ ત્રણનો ખ્યાલ રાખી વિવેકપૂર્વક બોલવું - એ બારમો સદાચાર છે.

પ્રાણ કંઠે આવે તોપણ; લોકમાં નિંદાને પાત્ર એવા કર્મ-કાર્યમાં પ્રવૃત્તિ ન કરવી એ તેરમો સદાચાર છે. યોગની આરાધના પ્રસંગે અનંતજ્ઞાનીઓની દૃષ્ટિએ જે નિંદાને પાત્ર છે તે સર્વ સાવદ્ય (પાપ) પ્રવૃત્તિનો ત્યાગ કરવાનો છે. એ માટે યોગની પૂર્વસેવામાં લોકોની દૃષ્ટિએ નિંદનીય મનાતા એવા કોઇ પણ કામમાં પ્રવૃત્ત ન થવું જોઇએ. આ સદાચારની અનિવાર્યતા **अपि कण्ठगतैः प्राणैः** આ પદથી સમજી શકાય છે. મરણાંત કષ્ટ આવે તોપણ કુળને દુષ્ટ કરનારા અનાચારાદિમાં પ્રવૃત્તિ કરવી ના જોઇએ. નિંદનીય કામની પ્રવૃત્તિના ત્યાગનું મહત્ત્વ સમજાય તો પ્રાણના ભોગે પણ એ ગર્હણીય પ્રવૃત્તિથી આત્માને સર્વથા દૂર કરી શકાશે. અન્યથા એ શક્ય નહિ બને. ॥૧૨-૧૫॥

બાકીના કેટલાક આચારો જણાવાય છે–

**प्रधानकार्यनिर्बन्धः, सद्व्ययोऽसद्व्ययोज्झनम् ।**
**लोकानुवृत्तिरुचिता प्रमादस्य च वर्जनम् ॥१२-१६॥**

प्रधानेति–प्रधानकार्ये विशिष्टफलदायिनि प्रयोजने निर्बन्ध आग्रहः । सद्व्ययः पुरुषार्थोपयोगी वित्तविनियोगः । असद्व्ययस्य तद्विपरीतस्योज्झनं त्यागः । लोकानुवृत्तिर्लोकचित्ताराधना । उचिता धर्माविरुद्धा । प्रमादस्य मद्यपानादिरूपस्य च वर्जनम् ।।१२-१६।।

"વિશિષ્ટ ફળને આપનારા કાર્યમાં આગ્રહ; સદ્વ્યય; અસદ્વ્યયનો ત્યાગ; ઉચિત એવું લોકાનુસરણ અને પ્રમાદનું વર્જન - આ સદાચારો છે." - આ પ્રમાણે સોળમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે પ્રધાન કાર્યમાં આગ્રહ રાખવો - એ ચૌદમો સદાચાર છે. સામાન્ય રીતે ગૃહસ્થપણામાં અનેક જાતનાં સ્વ-પરનાં કાર્યો કરવાના પ્રસંગો ઊભા થતા હોય છે. આવા પ્રસંગે જે કાર્ય કરવાથી વિશિષ્ટ ફળની પ્રાપ્તિ થતી હોય એવાં કાર્ય જ કરવાનો આગ્રહ રાખવો જોઇએ. મહેનત વધારે અને ફલમાં કોઇ વિશેષ નહિ - એવી પ્રવૃત્તિમાં આગ્રહ નહિ રાખવો જોઇએ. આ લોકમાં અને પરલોકમાં હિતકર એવું વિશિષ્ટ ફળ જેનાથી પ્રાપ્ત થતું હોય એવા કાર્યને પ્રધાન કાર્ય કહેવાય છે. બુદ્ધિમાન પુરુષોએ એવા જ કાર્ય માટે આગ્રહ સેવવો જોઇએ, જેથી અલ્પ પ્રયત્ને અધિક ફળને પ્રાપ્ત કરી શકાય.

પંદરમો સદાચાર 'સદ્વ્યય' છે. પુરુષાર્થની સાધના માટે ઉપયોગી બને એવો ધનનો વ્યય કરવો જોઇએ. અન્ય ગ્રંથોમાં સદ્વ્યયનો અર્થ જણાવતાં ફરમાવ્યું છે કે દેવપૂજાદિ ધર્માનુષ્ઠાનોમાં જે ધનનો ઉપયોગ થાય છે - તે સદ્વ્યય છે. સામાન્ય રીતે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ : આ ચાર પુરુષાર્થ છે. પરમાર્થથી મોક્ષ એક જ પુરુષાર્થ છે. મોક્ષનું કારણ શુદ્ધ ધર્મ હોવાથી તે કારણસ્વરૂપ પુરુષાર્થ છે. અર્થ અને કામ તો પુરુષની ઇચ્છાના વિષય બનતા હોવાથી તે પુરુષાર્થ કહેવાય છે. પરંતુ પરમાર્થથી અનર્થભૂત છે. મોક્ષમાં બાધક ન બને એ રીતે પોતાના ધનનો ધર્માદિમાં વ્યય કરવો જોઇએ. પુણ્યથી મળેલા ધનનો વ્યય એવી રીતે તો ન જ કરાય કે જેથી પરિણામે મોક્ષપ્રાપ્તિમાં બાધક બને.

ઉપર જણાવ્યા મુજબ પુણ્યથી મળેલા ધનનો જેમ સદ્વ્યય કરવો જોઇએ તેમ અસદ્વ્યયનો ત્યાગ કરવો જોઇએ - એ પણ સદાચાર છે. સોળમા એ સદાચારનો આશય ખૂબ જ સ્પષ્ટ છે. અર્થની અનર્થકારિતાનો પ્રારંભ જ આ અસદ્વ્યયમાંથી થતો હોય છે. અસદ્વ્યય સ્વરૂપ અનાચારનું દૂષણ આજે ખૂબ જ વિસ્તર્યું છે. ધર્મી ગણાતા વર્ગમાં પણ એ ઠીક ઠીક પ્રમાણમાં જોવા મળે છે.

વિષયની અત્યંત આસક્તિ અસદ્‌વ્યય કરાવે છે અને તે અનર્થદંડનું કારણ બને છે. ગૃહસ્થપણામાં પાપની કોઈ સીમા નથી. સર્વથા પાપથી વિરામ પામવાની ભાવનાવાળાએ પોતાની ભાવના સફળ બનાવવી હોય તો અસદ્‌વ્યયના પરિત્યાગથી પ્રારંભ કરવો જોઈએ. જેથી ખૂબ જ સરળતાપૂર્વક અનર્થદંડથી વિરામ પામી શકાશે.

સત્તરમા સદાચાર તરીકે ઉચિત એવી લોકાનુવૃત્તિને વર્ણવી છે. ધર્મમાં વિરોધ ન આવે તે રીતે લોકોના ચિત્તની આરાધના કરવી; તે લોકાનુવૃત્તિ છે. લોકમાં જે આચારો પ્રસિદ્ધ છે, તે જો ધર્મના વિરોધી ન બનતા હોય તો તેનું પાલન કરવું જોઈએ. દરેક ધર્માત્માને લોકની નિશ્રાએ ધર્મ કરવાનો છે. પોતાના ધર્મના વિરોધી ન હોય એવા લોકપ્રસિદ્ધ આચારોના પાલનથી લોકના ચિત્તની આરાધના થાય છે. આગળ જતાં આ અભ્યાસ ભવનિસ્તારક પૂ. ગુરુદેવાદિના ચિત્તની આરાધના માટે ઉપયોગી બને છે.

અઢારમો સદાચાર પ્રમાદના વર્જન સ્વરૂપ છે. મદ્યપાનાદિ સ્વરૂપ પ્રમાદનો ત્યાગ કરવો; એ પણ એક સદાચાર છે. નિદ્રા, વિકથા, મદિરા, વિષય અને કષાય - આ પાંચ પ્રમાદ છે. પરમપુણ્યોદયે પ્રાપ્ત ધર્માદિના અવસરે પ્રમાદના યોગે એ અવસરો નિરર્થક બનતા હોય છે. સર્વવિરતિધર્મની આરાધના કરનારા મહાત્માઓને પણ પ્રમાદના કારણે કેવી સ્થિતિનો અનુભવ કરવો પડે છે - એ આપણે બરાબર જાણીએ છીએ. ચૌદ પૂર્વધરોને પણ નિગોદમાં જવું પડે એવી સ્થિતિ આ પ્રમાદને લઈને ઊભી થાય છે. નિદ્રા-વિકથાદિ પ્રમાદનો ત્યાગ કરવાનું ઘણું જ કપરું છે. જીવની અનાદિકાળથી જે સુખશીલતાની પરિણતિ છે; તે પરિણતિના કારણે પ્રમાદપ્રિયતાની પ્રાપ્તિ થાય છે. અને તેથી પ્રમાદનો ત્યાગ કરવાનું શક્ય બનતું નથી. સાધનાની પૂર્ણતાના આરે આવેલાને પણ સાધનાથી દૂર-સુદૂર લઈ જનાર આ પ્રમાદ છે. યોગના અર્થીએ પ્રમાદનું વર્જન કરી સાધનાનો મંગલ પ્રારંભ યોગની પૂર્વસેવાથી કરવો જોઈએ - આ રીતે યોગની પૂર્વસેવામાં સદાચારનું વર્ણન પૂર્ણ થયું. ॥૧૨-૧૬॥

હવે યોગની પૂર્વસેવાંતર્ગત 'તપ'નું નિરૂપણ કરાય છે—

**तपश्चान्द्रायणं कृच्छ्रं, मृत्युघ्नं पापसूदनम् ।**
**आदिधार्मिकयोग्यं स्यादपि लौकिकमुत्तमम् ॥१२-१७॥**

तप इति–लौकिकमपि लोकसिद्धमपि । अपिर्लोकोत्तरं सञ्चिनोति । उत्तमं स्वभूमिकोचितशुभाध्यवसायपोपकम् ॥१२-१७॥

“ધર્મનો પ્રારંભ કરનારા જીવોને; પોતાની ભૂમિકાનુસાર અધ્યવસાયને પુષ્ટ બનાવનારું લૌકિક તપ પણ યોગ્ય છે; જે ચાંદ્રાયણ, કૃચ્છ્ર, મૃત્યુઘ્ન અને પાપસૂદન - આ ચાર પ્રકારનું છે.” - આ પ્રમાણે સત્તરમા શ્લોકનો અર્થ છે. તેનો આશય ખૂબ જ સ્પષ્ટ છે કે; શક્તિ અનુસાર પાપને તપાવનાર તપને કર્યા વિના પૂર્વકૃત કર્મનો ક્ષય શક્ય નથી. અને કર્મક્ષય વિના મોક્ષની પ્રાપ્તિ શક્ય નથી. સંસારની અસારતાનું પરિભાવન કરી સંસારનો ઉચ્છેદ કરવા અને સર્વકર્મના ક્ષય સ્વરૂપ મોક્ષને પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ બનેલા મુમુક્ષુ આત્માઓને તપ કર્યા વિના ચાલે એવું જ નથી.

સામાન્ય રીતે તપનું વર્ણન કરતાં તેના જાણકારોએ; કર્મને તપાવે તેને તપ કહેવાય છે - એ પ્રમાણે વર્ણવ્યું છે. કર્મના ક્ષય માટે વિહિત તપની આરાધનાથી કર્મ તપે નહિ - એ બનવાજોગ નથી. યોગની પૂર્વસેવામાં સામાન્યથી લૌકિક અને લોકોત્તર તપ ઉચિત છે. લોકોત્તર તપ તો જીવમાત્રને કલ્યાણનું કારણ બને છે. પરંતુ ધર્મની શરૂઆત કરનારા આદિધાર્મિક જીવોને આશ્રયીને લોકમાં પ્રસિદ્ધ તપ પણ યોગ્ય છે. આહારની નિરીહતા (ઇચ્છાનો અભાવ) એ વાસ્તવિક તપ છે. બાહ્ય અને અભ્યંતર ભેદથી બે પ્રકારના તપના અનશનાદિ બાર પ્રકાર છે. એ લોકોત્તર તપનું વર્ણન અન્યત્ર વિસ્તારથી કર્યું છે. તપની આરાધના કરનારાએ યાદ રાખવું જોઈએ કે માત્ર કર્મને તપાવવા માટે તપ છે. બીજાને તપાવવા(સંતાપવા) માટે તપ નથી. અનુકૂળતાનો ત્યાગ કરી તપને કરનારા તપ કરતી વખતે અનુકૂળતા શોધે તો તપની આરાધના વાસ્તવિક રીતે કરી શકશે નહિ. આજે જે રીતે તપ કરાય છે અને કરાવાય છે, એ જોતાં તપનું સ્વરૂપ સમજાવવાનું લગભગ શક્ય નથી. ખરી રીતે તો આજે તપનો અભ્યાસ કરતાં પૂર્વે ખાવું કેમ - તે શીખવાની જરૂર છે. એની સમજણાદિના અભાવે તપ વાસ્તવિક રીતે કર્મનિર્જરાનું કારણ બનતો નથી. ધર્મના નામે આજે અનુકૂળતા પ્રાપ્ત કરવાનાં વ્યવસ્થિત આયોજન ચાલી રહ્યાં છે - એમ લાગ્યા વિના રહેતું નથી.

લૌકિક તપ પણ; લોકોત્તર તપના જ્ઞાનના અભાવે આદિધાર્મિક જનો માટે યોગ્ય છે. એમાં મુખ્યપણે આહારની નિરીહતાનો ભાવ પામવાનો આશય રહેલો હોય છે. પોતાની ભૂમિકા મુજબના તે તે અધ્યવસાયને એ તપ પુષ્ટ-મજબૂત બનાવતો હોવાથી તેની ઉત્તમતા છે. અન્યથા તે તપ પણ ઉત્તમ નથી. આ શ્લોકમાં ચાંદ્રાયણ, કૃચ્છ્ર, મૃત્યુઘ્ન અને પાપસૂદન - આ ચાર પ્રકારના તપનાં નામો જ વર્ણવ્યાં છે. તેનું સ્વરૂપ હવે પછી વર્ણવાશે. ।।૧૨-૧૭।।

પૂર્વોક્ત ચાંદ્રાયણ તપનો વિધિ જણાવાય છે–

**एकैकं वर्द्धयेद् ग्रासं, शुक्ले कृष्णे च हापयेत् ।**
**भुञ्जीत नामावास्यायामेष चान्द्रायणो विधिः ।।१२-१८।।**

एकैकमिति–एकैकं वर्धयेद्ग्रासं कवलम् । शुल्के पक्षे प्रतिपत्तिथेरारभ्य यावत् पौर्णमास्यां पञ्चदश कवलाः । कृष्णे च पक्षे हापयेद् हीनं कुर्यादेकैकं कवलम् । ततो भुञ्जीत न अमावास्यायां, तस्यां सकलकवलक्षयाद् । एष चान्द्रायणश्चन्द्रेण वृद्धिभाजा क्षयभाजा च सहेयते गम्यते यत्तच्चन्द्रायणं तस्यायं विधिः करणप्रकार इति ।।१२-१८।।

"શુક્લપક્ષમાં એક એક કોળિયો વધારવો અને કૃષ્ણપક્ષમાં એક એક કોળિયો ઓછો કરવો. તે મુજબ અમાસે વાપરવું નહિ. આ ચાંદ્રાયણ તપનો વિધિ છે." - આ પ્રમાણે અઢારમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે ચાંદ્રાયણ તપ કઈ રીતે કરવો; તે આ શ્લોકમાં જણાવ્યું છે. સુદ પક્ષની એકમે એક કોળિયો જ આહારનો લેવાનો. તેથી વધારે નહિ લેવાનો. આવી રીતે સુદ બીજ, ત્રીજ, ચોથ... વગેરે તિથિએ અનુક્રમે બે, ત્રણ, ચાર વગેરે કોળિયા આહાર લેવાનો, જેથી પૂનમે પંદર કોળિયાથી વધારે આહાર લેવાનું નહિ બને. ત્યાર બાદ વદ એકમ, બીજ, ત્રીજ... વગેરે તિથિએ એક એક કોળિયો ઓછો કરવાથી અનુક્રમે ચૌદ, તેર, બાર વગેરે કોળિયા જેટલો આહાર ગ્રહણ કરવાનો. અને તેથી અમાસના દિવસે એક પણ કોળિયો આહાર લેવાનો ન હોવાથી ઉપવાસ થાય, વાપરવાનું ન બને. આ પ્રમાણે ચાંદ્રાયણ તપનો વિધિ (કરવાની રીત) છે. ચંદ્રની વૃદ્ધિ અને હાનિના કાળની સાથે તેનો સંબંધ જણાય છે. તેથી તે તપને ચાંદ્રાયણ તપ કહેવાય છે. આ તપમાં ક્ષય પામેલા અને વૃદ્ધિ પામેલા

ચંદ્રની સાથે અયન(આહાર લેવાની પ્રવૃત્તિ) છે. માટે આ તપ ચાંદ્રાયણ છે. ॥૧૨-૧૮॥

'કૃચ્છ્ર' તપનું સ્વરૂપ જણાવાય છે–

**सन्तापनादिभेदेन, कृच्छ्रमुक्तमनेकधा ।**
**अकृच्छ्रादतिकृच्छ्रेषु, हन्त सन्तारणं परम् ॥१२-१९॥**

सन्तापनादीति–सन्तापनादिभेदेन कृच्छ्रं कृच्छ्रनामकं तपोऽनेकधोक्तम् । आदिना पादसम्पूर्णकृच्छ्रग्रहः । तत्र सन्तापनकृच्छ्रं यथा–"त्र्यहमुष्णं पिबेदम्बु त्र्यहमुष्णं घृतं पिबेत् । त्र्यहमुष्णं पिबेन्मूत्रं त्र्यहमुष्णं पिबेत्पयः ॥१॥" इति । पादकृच्छ्रं त्वेतद् "एकभक्तेन नक्तेन तथैवायाचितेन च । उपवासेन चैकेन पादकृच्छ्रं विधीयते ॥१॥" इति सम्पूर्णकृच्छ्रं पुनरेतदेव चतुर्गुणितमिति । अकृच्छ्रादकष्टाद् । अतिकृच्छ्रेषु नरकादिपातफलेषु अपराधेषु । हन्तेति प्रत्यवधारणे । सन्तारणं सन्तरणहेतुः । परं प्रकृष्टं प्राणिनाम् ॥१२-१९॥

"સંતાપન વગેરે પ્રકારે કૃચ્છ્ર તપ અનેક પ્રકારનું છે. વિના કષ્ટે અત્યંત કષ્ટ સ્વરૂપ નરકાદિગતિમાં જવા માટેના કારણભૂત અપરાધોને વિશે જીવોને તારનારું આ પરમ સાધન છે." આ પ્રમાણે ઓગણીશમા શ્લોકનો સામાન્યાર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે સંતાપન કૃચ્છ્ર, પાદ કૃચ્છ્ર અને સંપૂર્ણ કૃચ્છ્ર... વગેરે પ્રકારથી કૃચ્છ્ર તપ અનેક પ્રકારનું છે. જે અપરાધ (નિષિદ્ધ હિંસાદિ પાપો)ના કારણે પ્રાણીઓને અત્યંત કષ્ટમય નરકાદિમાં જઈને પાપનું ફળ ભોગવવું પડે છે એવા અતિકૃચ્છ્ર અપરાધો થયે છતે તે તે અપરાધોના પ્રાયશ્ચિત્ત સ્વરૂપે પ્રાણીઓને આ 'કૃચ્છ્ર' તપ શ્રેષ્ઠ એવો તરવાનો ઉપાય છે, જે; નારકીના જીવોની અપેક્ષાએ કષ્ટ વિના સંતારણ (તારનારું સાધન) બને છે. આ કૃચ્છ્ર તપના સંતાપનકૃચ્છ્ર, પાદકૃચ્છ્ર અને સંપૂર્ણકૃચ્છ્ર વગેરે અનેક પ્રકાર છે.

"ત્રણ દિવસ ગરમ પાણી, ત્રણ દિવસ ગરમ ઘી, ત્રણ દિવસ મૂત્ર અને ત્રણ દિવસ દૂધ પીવાનું." - આ પ્રમાણે બાર દિવસે સંતાપન કૃચ્છ્રતપ પૂર્ણ થાય છે. માગ્યા વગર દિવસમાં એક વાર (એકાશન જેવું) જ વાપરવાનું અને બીજે દિવસે ઉપવાસ કરવાનો. આ રીતે પાદકૃચ્છ્ર તપ થાય છે. તેમ જ ચાર વાર પાદકૃચ્છ્ર તપના વિધાનથી સંપૂર્ણ કૃચ્છ્ર તપ પૂર્ણ થાય છે. અલ્પ કષ્ટે મહાકષ્ટથી

આ તપ તારનારું છે, તે આશ્ચર્ય છે - એ જણાવવા માટે અહીં શ્લોકમાં '**हन्त**' આ પદનો પ્રયોગ છે. તે પ્રત્યવધારણ - આશ્ચર્ય અર્થને જણાવે છે. મહાકષ્ટથી તરવું હોય તો અધિક કષ્ટ વેઠવું પડે, તેના બદલે અલ્પકષ્ટને સહન કરીને આ કૃચ્છ્ર તપને કરવાથી મહાકષ્ટથી તરી જવાય છે - એ દેખીતી રીતે વિરુદ્ધ-અવધારણ (નિશ્ચય) છે - એ સમજી શકાય છે. ॥૧૨-૧૯॥

હવે મૃત્યુંજય તપનું વર્ણન કરાય છે–

**मासोपवासमित्याहु मृत्युघ्नं तु तपोधनाः ।**
**मृत्युञ्जयजपोपेतं, परिशुद्धं विधानतः ॥१२-२०॥**

मासेति–मासं यावदुपवासो यत्र तत्तथा । इत्येतदाहुः । मृत्युघ्नं तु मृत्युघ्ननामकं तु । तपोधनास्तपःप्रधाना मुनयः । मृत्युञ्जयजपेन परमेष्ठिनमस्कारेणोपेतं सहितम् । परिशुद्धमिहलोकाशंसादिपरिहारेण । विधानतः कषायनिरोधब्रह्मचर्यदेवपूजादिरूपाद्विधानात् ॥१२-२०॥

"મૃત્યુંજય જપ(નમસ્કારમંત્રજાપ)થી યુક્ત અને કષાયોનો નિરોધ વગેરેના વિધાનથી પરિશુદ્ધ એવા એક મહિના સુધીના ઉપવાસ સ્વરૂપ તપને; તપોધન એવા મુનિભગવંતો 'મૃત્યુઘ્ન' (મૃત્યુંજય) નામનું તપ કહે છે." - આ પ્રમાણે વીસમી ગાથાનો અર્થ છે. આશય એ છે કે મૃત્યુઘ્ન-મૃત્યુંજય તપમાં એક મહિના સુધી નિરંતર ઉપવાસ કરવાના છે. એ વખતે યથાશક્ય પંચપરમેષ્ઠી નમસ્કારમંત્રનો જાપ કરવાનો હોય છે. તપની સાથે દરરોજ કષાયોનો નિરોધ, બ્રહ્મચર્યનું પાલન, શ્રી જિનપૂજા અને શ્રી જિનવાણીનું શ્રવણ વગેરે દૈનિક કૃત્યો કરવાં જોઈએ. આ તપ પણ આ લોક કે પરલોકાદિ સંબંધી ફળની આંશસા(ઇચ્છા)થી રહિત પરિશુદ્ધ હોવું જોઈએ. આવા તપને; તપની પ્રધાનતાવાળા મુનિભગવંતો મૃત્યુઘ્ન તપ તરીકે વર્ણવે છે.

આ શ્લોકમાંના **विधानतः** અને **परिशुद्धं** - આ બંન્ને પદો તપની આરાધના કરનારાએ સારી રીતે વિચારવાં જોઈએ. એક મહિનાના ઉપવાસના કાળમાં પણ દેવપૂજાદિ દૈનિક કૃત્યો નિયમિતપણે કરવાં જોઈએ. અને સાથે સાથે કષાયોનો ત્યાગ વગેરે પણ કરવો જોઈએ. આટલું કષ્ઠ વેઠ્યા પછી આ લોક કે પરલોક સંબંધી કોઈ પણ ફલની ઈચ્છા નહિ સેવવી. આવી સ્થિતિમાં જ એક મહિનાના ઉપવાસને

મૃત્યુઘ્ન તપ કહેવાય છે. માત્ર એક મહિનાના ઉપવાસ કરવાથી મૃત્યુઘ્ન તપ કહેવાતો નથી. ઉપર જણાવ્યા મુજબ તપની સાથે દેવપૂજાદિ વિધાનોનું જ્યાં પાલન છે અને કષાયોનો નિરોધ છે - તે આશંસારહિત તપ જ શુદ્ધ તપ છે, જે કર્મનિર્જરાનું પરમ કારણ બને છે. કષ્ટ સહન કરતી વખતે ચોક્કસ રીતે કર્મનિર્જરાનું ધ્યેય હોય તો શુદ્ધ તપ સારી રીતે આરાધી શકાય. માત્ર કરી નાખવા માટે તપ કરવાનો કોઈ અર્થ નથી. આત્માના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ માટે વિહિત તપ; અજ્ઞાનાદિના કારણે નિરર્થક ન બને - એ જોવું જોઈએ. ॥૧૨-૨૦॥

પાપસૂદન તપનું સ્વરૂપ જણાવાય છે–

**पापसूदनमप्येवं, तत्तत्पापाद्यपेक्षया ।**
**चित्रमन्त्रजपप्रायं, प्रत्यापत्तिविशोधितम् ॥१२-२१॥**

पापेति–पापसूदनमप्येवं परिशुद्धं विधानतश्च ज्ञेयम् । तत्तच्चित्ररूपं यत्पापादि साधुद्रोहादि तदपेक्षया । यथार्य(यमुन)मुनिराजस्याङ्गीकृतप्रव्रज्यस्य साधुवधस्मरणे तद्दिनप्रतिपन्नाभोजनाभिग्रहस्य पण्मासान् यावज्जातव्रतपर्यायस्य सम्यक्सम्पन्नाराधनस्य किल न क्वचिद्दिने भोजनमजनीति चित्रो नानाविधः "ॐ ह्रीं असिआउसा नम" इत्यादिमन्त्रस्मरणरूपो मन्त्रजपः प्रायो बहुलो यत्र तत् प्रत्यापत्तिस्तत्तदपराधस्थानान्महता संवेगेन प्रतिक्रान्तिस्तया विशोधितं विशुद्धिमानीतम् ॥१२-२१॥

"આ પ્રમાણે તે તે પાપાદિની અપેક્ષાએ; જુદા જુદા મંત્રનો જાપ જેમાં પ્રાયઃ છે; તે પ્રત્યાપત્તિથી (પાપથી પાછા ફરવાની પ્રવૃત્તિથી) વિશુદ્ધ બનાવેલું પાપસૂદન તપ છે." - આ પ્રમાણે એકવીસમા શ્લોકનો અર્થ છે. એનો કહેવાનો આશય એ છે કે પૂર્વ શ્લોકમાં જણાવ્યા મુજબ પાપસૂદન તપ પણ દેવપૂજા, બ્રહ્મચર્યનું પાલન, વગેરે દૈનિક કૃત્યના વિધાનપૂર્વક અને આ લોકાદિ સંબંધી કોઈ પણ જાતના ફળની આશંસા વિના કરવાનો છે.

તે તે પાપવિશેષને આશ્રયીને આ તપ અનેક જાતનો છે. દા.ત. સાધુવધનું પાપ (ડંડા અનગારને મારી નાખવાનું પાપ) કર્યા પછી તેના પશ્ચાત્તાપથી દીક્ષાનો સ્વીકાર કરનાર યમુન રાજર્ષિએ જ્યારે સાધુવધનું પાપ યાદ આવે ત્યારે તે દિવસે ભોજન નહિ કરવાનો અભિગ્રહ ધારણ કર્યો હતો. પોતાના છ મહિનાના દીક્ષાપર્યાયમાં સારી રીતે આરાધનાને પ્રાપ્ત કરનારા તેઓશ્રીને એક પણ દિવસ

ભોજન કરવાનો પ્રસંગ ન આવ્યો. આ રીતે છ મહિનાના ઉપવાસનો તપ થયો. આ પ્રમાણે તે તે પાપની અપેક્ષાએ આ પાપસૂદન(પાપના નાશને કરનાર) તપ અનેકાનેક પ્રકારનો છે. **ॐ ह्रीं अ सि आ उ सा नमः...** ઇત્યાદિ મંત્રોનો જાપ પણ આ તપમાં મોટા ભાગે કરવાનો હોય છે. જે પાપ-અપરાધને લઇને આ તપનો સ્વીકાર કર્યો હોય તે અપરાધથી, ખૂબ જ ઉત્કટ કોટિના સંવેગ(મોક્ષાભિલાષ)પૂર્વક પાછા ફરવાના કારણે આ તપ વિશુદ્ધ બનાવાય છે. 'ભૂતકાળમાં જે પાપ કર્યું તે કર્યું, હવે એ પાપ કરવું નથી.' આવા પ્રકારના અધ્યવસાયને પાપની પ્રત્યાપત્તિ-પ્રતિક્રાંતિ કહેવાય છે, જે; પાપના પ્રતિક્રમણ સ્વરૂપ છે. પાપના પ્રાયશ્ચિત્ત સ્વરૂપે જ્યારે આ પાપસૂદનતપનો સ્વીકાર કરવામાં આવે છે ત્યારે ચોક્કસ રીતે એનો ખ્યાલ રાખવો જોઇએ કે એ પાપ જીવનમાં ફરીથી ન થાય. શાસ્ત્રીય પરિભાષામાં એને પાપાકરણનિયમ કહેવાય છે. પાપનું પ્રાયશ્ચિત્ત, ફરીથી પાપ નહિ કરવાની શરતે હોવું જોઇએ. અન્યથા પાપની વિશુદ્ધિ શક્ય નહિ બને. ગૃહસ્થજીવનમાં સર્વથા પાપની પ્રવૃત્તિ ટાળવાનું શક્ય બનતું ન હોવા છતાં શરૂઆતમાં જે પરિણામે પાપ કર્યું હતું, તેની અપેક્ષાએ દિવસે દિવસે તે જ પાપની પ્રવૃત્તિ વખતે એવા પરિણામ નથી હોતા. અનુક્રમે તે પરિણામો મંદ, મંદતર અને મંદતમ થતા હોય છે. પ્રવૃત્તિ પણ ન ટળે અને પરિણામ પણ ન ટળે તો આ પાપસૂદન તપ; પાપનો નાશ નહિ કરે. તેથી ઉપર જણાવ્યા મુજબ પ્રત્યાપત્તિથી વિશુદ્ધ જ પાપસૂદન તપ કરવો જોઇએ.

**प्रत्यापत्तिविशोधितम्** આ પદના પરમાર્થને સમજાવતાં ગ્રંથકારશ્રીએ જણાવેલી વાતને દરેક યોગના અર્થીએ નિરંતર યાદ રાખવી જોઇએ. **तत्तदपराधस्थानान्महता संवेगेन प्रतिक्रान्तिः प्रत्यापत्तिः** પાપની પ્રત્યાપત્તિનું વિવેચન કરતાં તેઓશ્રી ફરમાવે છે કે તે તે અપરાધસ્થાનથી; મહાન-ઉત્કટ એવા સંવેગપૂર્વક પાછા ફરવું તેને પ્રત્યાપત્તિ કહેવાય છે. એનો આશય એ છે કે - આપણે જે કોઇ અપરાધ કર્યો હોય તેની આલોચના સ્વરૂપે જ્યારે તપ વગેરે કરવાનો સ્વીકાર કરીએ ત્યારે તેને પ્રત્યાપત્તિથી વિશુદ્ધ બનાવવું જોઇએ. અન્યથા તે તપથી પાપની વિશુદ્ધિ થતી નથી. પાપનું પ્રક્ષાલન કરનાર પાપસૂદન તપ; જે પ્રત્યાપત્તિથી વિશુદ્ધ બને છે; તે પ્રત્યાપત્તિ ઉત્કટ એવા સંવેગપૂર્વક કરવાની છે. મોક્ષની અભિલાષાને સંવેગ કહેવાય છે. એ ઉત્કટ અભિલાષાના

કારણે પાપથી પાછા ફરવાનું છે. પાપથી મોક્ષ અટકે છે અને પાપથી દુઃખ આવે છે - આ બંન્ને વાત સાચી છે, પરંતુ મોટા ભાગે દુઃખથી બચવા માટે પાપ નહિ કરવાની વૃત્તિ હોય છે. 'પાપ કરીશ તો મોક્ષ નહિ મળે' - આવો ભાવ કોઈ વાર આવી જાય તોપણ તે સ્થિર બનતો નથી. એની અપેક્ષાએ 'પાપ કરીશ તો દુઃખી થઈશ' આવો પરિણામ ખૂબ જ મજબૂત બનતો જાય છે. 'દુઃખથી દૂર થઈએ કે ના થઈએ પરંતુ મોક્ષથી દૂર ના થઈએ' આવો પરિણામ કેળવી લેવો જોઈએ. અન્યથા માત્ર દુઃખથી બચવાના ઈરાદે પાપની પ્રવૃત્તિ ટાળવાથી મોક્ષની પ્રાપ્તિ નહિ થાય. યોગની પૂર્વસેવામાં જણાવેલી આ વાત નિરંતર યાદ રાખવી જોઈએ. દુઃખની ચિંતા જેટલી છે એટલી ચિંતા મોક્ષના અવરોધની છે કે નહીં તે પ્રામાણિક રીતે વિચારવું જોઈએ. ||૧૨-૨૧||

આ રીતે યોગની પૂર્વસેવામાં ત્રણ પ્રકારનું વર્ણન કરીને ચોથા પ્રકાર 'મુક્ત્યદ્વેષ'નું વર્ણન કરાય છે–

**मोक्षः कर्मक्षयो नाम, भोगसङ्क्लेशवर्जितः ।**
**तत्र द्वेषो दृढाज्ञानादनिष्टप्रतिपत्तितः ॥१२-२२॥**

मोक्ष इति–दृढाज्ञानादबाध्यमिथ्याज्ञानात् । भवाभिष्वङ्गाभावेनानिष्टाननुबन्धिन्यपि मोक्षेऽनिष्टानुबन्धित्वेनानिष्टप्रतिपत्तेः ॥१२-२२॥

"સકલ કર્મના ક્ષય સ્વરૂપ મોક્ષ છે, જે (પાંચ ઈન્દ્રિયના વિષયના પરિભોગ સ્વરૂપ) ભોગની આસક્તિરૂપ સંક્લેશથી રહિત છે. આવા મોક્ષને વિશે, અત્યંત અજ્ઞાનના કારણે તેને અનિષ્ટ માનવાથી દ્વેષ થાય છે." - આ પ્રમાણે બાવીસમા શ્લોકનો સામાન્ય અર્થ છે.

આશય એ છે કે યોગની પૂર્વસેવાને ઈચ્છનારે મુક્તિ પ્રત્યે દ્વેષ નહિ કરવો જોઈએ; એ જણાવતાં પૂર્વે આ શ્લોકમાં મોક્ષનું સ્વરૂપ વર્ણવ્યું છે અને ત્યાર બાદ તેની પ્રત્યે દ્વેષ થવાનું જે કારણ છે તે જણાવ્યું છે. સકલ કર્મનો ક્ષય થવાથી આત્માને મોક્ષની પ્રાપ્તિ થાય છે. પાંચ ઈન્દ્રિયોના વિષયોના ભોગની આસક્તિ સ્વરૂપ સંક્લેશથી સર્વથા રહિત મોક્ષ છે. સામાન્ય રીતે રાગ-દ્વેષના પરિણામને સંક્લેશ કહેવાય છે. એમાં પણ રાગની પરિણતિ સ્વરૂપ સંક્લેશની મુખ્યતા છે. કારણ કે એ પરિણતિ; દુઃખ પ્રત્યેના દ્વેષની પરિણતિનું મુખ્ય કારણ છે. ભોગની

આસક્તિ, એ બધાં જ દુઃખનું કારણ હોવાથી તેને સર્વ સંક્લેશરૂપે અહીં વર્ણવી છે. જીવના સંસારનું એ એકમાત્ર કારણ છે. મોક્ષમાં આ સંક્લેશનો લેશ પણ નથી. અનંતજ્ઞાનીઓએ વર્ણવેલા આ મોક્ષસ્વરૂપની શ્રદ્ધાને પ્રાપ્ત કરવાનું પણ ઘણું જ અઘરું છે. ભોગના સંક્લેશની પીડાનો અનુભવ થાય તો ચોક્કસ જ મોક્ષનું સ્વરૂપ હૈયે વસી જાય એવું છે. દુઃખની પીડાનો અનુભવ; ભોગની આસક્તિના દુઃખને અનુભવવા દે - એ વાતમાં કોઈ જ તથ્ય નથી.

મોક્ષની એકાંતે પરમસુખમય સ્વરૂપ અવસ્થા હોવા છતાં એમાં દ્વેષ દૃઢ અજ્ઞાનના કારણે થાય છે. બાધ્ય ન બની શકે એવા મિથ્યાજ્ઞાનને દૃઢ અજ્ઞાન કહેવાય છે. અનંતજ્ઞાનીઓ યુક્તિ પ્રયુક્તિઓથી મોક્ષની અનંતસુખમયતા અને સંસારની અનંતદુઃખમયતા ગમે તેટલી વાર સમજાવે તોપણ જે મિથ્યા(વિપરીત) જ્ઞાનને દૂર કરી ન શકાય, એ મિથ્યાજ્ઞાન દૃઢ અજ્ઞાન છે. એ દૃઢ અજ્ઞાનને લઈને મોક્ષમાં અનિષ્ટરૂપે જ્ઞાન થાય છે. મોક્ષ વાસ્તવિક રીતે અનિષ્ટ તો નથી જ પરંતુ અનિષ્ટનો અનુબંધી પણ નથી. સંસારનાં સુખો ઈષ્ટ હોય તોપણ અનિષ્ટના અનુબંધી છે. એવું મોક્ષનું સ્વરૂપ નથી. મોક્ષ પરમેષ્ટ છે અને અનિષ્ટનો અનનુબંધી છે (અનુબંધી નથી). આમ છતાં મોક્ષને દૃઢ અજ્ઞાનના કારણે અનિષ્ટ માનવાનું બને છે. તેથી મોક્ષ પ્રત્યે દ્વેષ ઉત્પન્ન થાય છે. મોક્ષ પ્રત્યેનો દ્વેષ યોગની પૂર્વસેવામાં નથી હોતો. મુક્તિ પ્રત્યેનો દ્વેષ યોગની પૂર્વસેવામાં બાધક છે.

પુણ્યથી મળતાં સુખો જે રીતે ઈષ્ટ લાગે છે તે રીતે મોક્ષ ઈષ્ટ લાગે છે કે નહિ - આ પ્રશ્નનો જવાબ મેળવવાનું ખૂબ જ કપરું છે. મોક્ષ અનિષ્ટ જણાય તો તેની પ્રત્યે દ્વેષ થશે જ. પુણ્યથી મળતાં સુખોના ત્યાગ વિના મોક્ષ પ્રાપ્ત થતો નથી. પુણ્યથી મળનારા સુખના રાગે, મોક્ષ તે સુખનો બાધક જણાયાથી મોક્ષ અનિષ્ટ લાગે - તે સમજી શકાય છે. પરમેષ્ટ અનિષ્ટ સ્વરૂપે સ્વીકારાય તો મોક્ષની સાધનાનો પ્રારંભ પણ કઈ રીતે થાય ? વર્તમાનમાં આપણી આરાધનામાં ક્યાંય મોક્ષના દ્વેષની છાયા તો પડી નથી ને - એ વિચારવાની જરૂર છે. કારણ કે વાતવાતમાં અટકી પડતી અને અસ્તવ્યસ્ત થતી મોક્ષની સાધનાનું બીજું કોઈ કારણ દેખાતું નથી. મોક્ષનો દ્વેષ દૂર કરવા મોક્ષના પારમાર્થિક સ્વરૂપનું વારંવાર પરિશીલન કરવું પડશે અને પુણ્યથી મળતા સુખની

અસારતાદિનું પરિભાવન કરવું પડશે. વિષયોની ભયંકરતાનું દૃઢજ્ઞાન જ; મોક્ષના દ્વેષના કારણભૂત દૃઢ અજ્ઞાનને દૂર કરે છે. ॥૧૨-૨૨॥

અનંતસુખની ખાણ તુલ્ય મોક્ષમાં અનિષ્ટની પ્રતિપત્તિ કોને થાય છે અને કયા કારણે થાય છે - તે જણાવવા પૂર્વક 'પરમ રમણીય એવા મોક્ષ પ્રત્યે કોઈને દ્વેષનો સંભવ જ નથી' - આવી શંકાનું નિરાકરણ કરાય છે–

**भवाभिनन्दिनां सा च, भवशर्मोत्कटेच्छया ।**
**श्रूयन्ते चैतदालापा, लोके शास्त्रेऽप्यसुन्दराः ॥१२-२३॥**

भवेति–सा च मोक्षेऽनिष्टप्रतिपत्तिश्च । भवाभिनन्दिनामुक्तलक्षणानाम् । भवशर्मणो विषयसुखस्योत्कटेच्छया भवति, द्वयोरेकदोषजन्यत्वात् ॥१२-२३॥

"મોક્ષના વિષયમાં અનિષ્ટની પ્રતિપત્તિ; ભવશર્મ-વિષયસુખની ઉત્કટ ઈચ્છાને લઈને ભવાભિનંદી જીવોને થાય છે. મોક્ષના વિષયમાં તે તે જીવોને થયેલી અનિષ્ટપ્રતિપત્તિને જણાવનારાં એ અહિતકર વચનો લોકમાં અને શાસ્ત્રમાં પણ સંભળાય છે." - આ પ્રમાણે ત્રેવીસમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે મોક્ષ પ્રત્યે અનિષ્ટ - પ્રતિપત્તિ (અરુચિ) થવાનું કારણ વિષય - સુખની ઉત્કટ ઈચ્છા છે. મોક્ષમાં સર્વથા ઈચ્છાનો અભાવ છે. તેથી વિષયસુખની ઉત્કટ ઈચ્છાના કારણે તે તે જીવોને મોક્ષ અનિષ્ટ લાગે છે. એ જીવોને શાસ્ત્રમાં ભવાભિનંદી તરીકે વર્ણવ્યા છે. ભવાભિનંદી જીવોને; વિષયસુખની ઉત્કટ ઈચ્છા અને મોક્ષ પ્રત્યે અનિષ્ટની પ્રતિપત્તિ : બંન્ને તેમના ભવાભિનંદિપણાના કારણે છે.

કૃપણ; માંગવાના સ્વભાવવાળો, દીન, બીજાના કલ્યાણમાં દુઃખી, માયાવી અને મૂર્ખ જીવો ભવાભિનંદી છે. તેઓ સદાને માટે નિષ્ફળ એવી ક્રિયાને કરતા હોય છે. "દૂધ, દહીં, મુખવાસ, પુષ્પ અને સ્ત્રી વગેરેના અસ્તિત્વના કારણે; અસાર એવો પણ આ સંસાર સારભૂત જણાય છે..." ઈત્યાદિ વચનો દ્વારા સંસારમાં આનંદ પામવાના સ્વભાવવાળા જીવોને મોક્ષના વિષયમાં અનિષ્ટની પ્રતિપત્તિ થાય - એ સમજી શકાય છે.

આવું એકાંતે પરમકલ્યાણમય સ્વરૂપ હોય તો મોક્ષમાં 'અનિષ્ટત્વનું' જ્ઞાન થાય જ કેવી રીતે ? - આવી શંકાનો પ્રત્યુત્તર તો ઉપર જણાવ્યો છે. આ શ્લોકના

ઉત્તરાર્ધથી (ત્રીજા-ચોથા પાદથી) એ શંકા અસ્થાને છે. તે જણાવવા માટે લોક અને તેમના શાસ્ત્રનાં વચનોનો આધાર છે; તે સામાન્યથી જણાવાયું છે. મોક્ષની અનિષ્ટતાને જણાવનારાં લોકવચનો અને શાસ્ત્રો(કુશાસ્ત્રો)નાં વચનો સંભળાતાં હોવાથી મોક્ષની અનિષ્ટતા સ્પષ્ટપણે થતી જોવા મળે છે. તેથી મોક્ષમાં અનિષ્ટતાની પ્રતિપત્તિનો સંભવ જ નથી - એ કહેવાનું સર્વથા અનુચિત છે. ॥૧૨-૨૩॥

મોક્ષના વિષયમાં થતી અનિષ્ટપ્રતિપત્તિને જણાવનાર લોકવાક્યને જણાવાય છે–

**मदिराक्षी न यत्राऽस्ति, तारुण्यमदविह्वला ।**
**जडस्तं मोक्षमाचष्टे, प्रिया स इति नो मतम् ॥१२-२४॥**

मदिराक्षीति–लोकालापोऽयम् ॥१२-२४॥

"જયાં યુવાવસ્થાના મદથી વિહ્વળ બનેલી અને મદિરાના ઘેનથી ઘેરાયેલાં નેત્રોવાળી સ્ત્રીઓ નથી તેને મૂર્ખ માણસ મોક્ષ કહે છે. પરંતુ અમારી માન્યતા એ છે કે તે પ્રિયા જ મોક્ષ છે." - આ પ્રમાણે ચોવીશમા શ્લોકનો અર્થ છે. એનો આશય ખૂબ જ સ્પષ્ટ છે. અત્યંત વિષયની આસક્તિ જીવને કેવી વિષમ સ્થિતિમાં મૂકે છે - તેનો ખ્યાલ ઉપરના શ્લોકથી સારી રીતે આવે છે. અનાદિ-કાળના વિષયના આ સંસ્કારો મોક્ષને પામવા તો દેતા જ નથી પણ માનવા પણ દેતા નથી. આવા ભવાભિનંદી જીવો આ પ્રમાણે બોલીને કંઇ-કેટલા ય આત્માઓને મોક્ષ અને મોક્ષની શ્રદ્ધાથી દૂર રાખે છે, જે; પરિણામે મોક્ષ પ્રત્યેના દ્વેષમાં પરિણમે છે. ॥૧૨-૨૪॥

આ પ્રમાણે ઉપર જણાવ્યા મુજબ મોક્ષ પ્રત્યેના દ્વેષને જણાવનારા લોકપ્રલાપને જણાવીને તે વિષયના શાસ્ત્રવચનને જણાવાય છે–

**वरं वृन्दावने रम्ये, क्रोष्टुत्वमभिवाञ्छितम् ।**
**न त्वेवाविषयो मोक्षः, कदाचिदपि गौतम ! ॥१२-२५॥**

वरमिति–गौतमेति गालवस्य शिष्यामन्त्रणम् । ऋषिवचनमिदमिति शास्त्रालापोऽयम् ॥१२-२५॥

શ્લોકાર્થ સ્પષ્ટ છે. ગાલવ નામના ઋષિ પોતાના શિષ્ય ગૌતમને જણાવે છે કે; 'ગૌતમ ! યમુના નદીના કિનારે રમણીય મથુરાના ઉપવન(બગીચો) વિશેષ સ્વરૂપ વૃંદાવનમાં પોતાની ઇચ્છા મુજબ જીવી શકાય એવું શિયાળનું જીવન સારું; પરંતુ સર્વથા કોઇ પણ જાતની પ્રવૃત્તિના અભાવવાળો વિષયશૂન્ય મોક્ષ કોઇ પણ અવસ્થામાં સારો નહિ.' મોક્ષ કરતાં તિર્યંચપણું સારું, આ પ્રમાણે સ્પષ્ટપણે જણાવનાર એ શાસ્ત્રવાક્ય, મોક્ષ પ્રત્યેના ભારોભાર દ્વેષને વ્યક્ત કરે છે. સ્વચ્છંદીપણું અને વિષયનો ઉપભોગ - એ બંન્નેની તીવ્ર આસક્તિ પશુ-જીવનને પણ સારું મનાવનારી છે. ગમે તેવી અવસ્થામાં પણ મોક્ષની અવસ્થા સારી નહિ અને ઇચ્છા મુજબ જીવવા મળે તો શિયાળપણું સારું - એ પ્રમાણે જણાવીને મોક્ષ પ્રત્યે ચિક્કાર દ્વેષ ઠાલવ્યો છે.

આ શ્લોકમાં જણાવેલી વાતનો વિચાર કરવાથી સમજાશે કે સ્વચ્છંદીપણાનો પ્રેમ કેટલો ભયંકર છે. ઇચ્છા મુજબ જીવવા મળે તો માણસ ગમે તેવાં દુઃખો વેઠવા તૈયાર થાય છે. પરંતુ મોક્ષ માનવા પણ તૈયાર થતો નથી. ગૃહસ્થજીવનમાં અને સાધુજીવનમાં લગભગ આવી મનોદશા જોવા મળે છે. ઇચ્છા માટે દુઃખ વેઠાય પણ આજ્ઞા માટે ન વેઠાય - આવી વૃત્તિ લગભગ ધર્મીવર્ગમાં પણ પૂરતા પ્રમાણમાં જોવા મળે. ગૃહસ્થવર્ગમાં માતા-પિતાદિથી જુદા રહેનારાને; તકલીફો ઘણી હોવા છતાં, 'પોતાની ઇચ્છા મુજબ રહેવા મળે છે, કોઇની પણ ટકટક નહીં, આપણે આપણી રીતે જીવી શકીએ'... વગેરે વિચારોથી ઇચ્છા મુજબ વર્ત્તન થવાથી આનંદ થતો હોય છે. આવી જ સ્થિતિ લગભગ ધર્મ કરનારાની છે. ઇચ્છા મુજબ જીવવા મળે તો મોક્ષ યાદ પણ આવે નહિ ! ઇચ્છાઓનો નિરોધ કરી મોક્ષ મેળવવા આરંભેલી સાધનામાં આથી વધારે ખરાબ સ્થિતિ કઇ હોય ? યોગના અર્થીએ ખૂબ જ ગંભીરતાપૂર્વક એ સ્થિતિને ધ્યાનમાં લેવી જોઇએ. એ અંગેની ઉપેક્ષા; મોક્ષ પ્રત્યેના દ્વેષને લઇ આવે એ પૂર્વે જ તેને દૂર કરી લેવાની આવશ્યકતા છે. યોગની પરાકાષ્ઠાએ પહોંચાડનારી સાધનામાં યોગની પૂર્વસેવામાં પણ ન રહેવા દે એવો મુક્તિદ્વેષ છે. મોક્ષની સમગ્ર ગુણમયતા અને સંસારની નિર્ગુણતાનું નિરંતર પરિભાવન કરીને પૂર્ણ પ્રયત્ને મુક્તિ પ્રત્યેના દ્વેષને દૂર કરવો જોઇએ. ॥૧૨-૨૫॥

મુક્તિ પ્રત્યેના દ્વેષનું ફળ જણાવવા પૂર્વક મુક્તિ પ્રત્યેના અદ્વેષનો ઉપાય જણાવાય છે–

**द्वेषोऽयमत्यनर्थाय, तदभावस्तु देहिनाम् ।**
**भवानुत्कटरागेण, सहजाल्पमलत्वतः ।।१२-२६।।**

द्वेष इति–अयं मुक्तिविषयो द्वेषोऽत्यनर्थाय बहुलसंसारवृद्धये । तदभावस्तु मुक्तिद्वेषाभावः पुनर्देहिनां प्राणिनाम् । भवानुत्कटरागेण भवोत्कटेच्छाभावेन । सहजं स्वाभाविकं यदल्पमलत्वं ततः । मोक्षरागजनकगुणाभावेन तदभावेऽपि गाढतरमिथ्यात्व-दोषाभावेन तद्द्वेषाभावो भवतीत्यर्थः ।।१२-२६।।

"મુક્તિ પ્રત્યેનો દ્વેષ અત્યંત અનર્થ માટે થાય છે. પ્રાણીઓને તેનો અભાવ ભવના અનુત્કટ રાગથી સ્વાભાવિક રીતે થયેલી કર્મમલની અલ્પતાથી થાય છે." - આ પ્રમાણે છવ્વીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે ઉપર જણાવ્યા મુજબ મુક્તિના વિષયમાં થતો આ દ્વેષ અત્યંત અનર્થનું કારણ બને છે. અત્યંત અનર્થનું સ્વરૂપ સમજાવતાં ગ્રંથકારશ્રીએ ફરમાવ્યું છે કે બહુલ સંસારની વૃદ્ધિ સ્વરૂપ અત્યંત અનર્થ છે. સંસાર સ્વયં અનર્થસ્વરૂપ છે. પુણ્યયોગે સારો દેખાતો પણ સંસાર પરમાર્થથી અનર્થસ્વરૂપ છે. મુક્તિ પ્રત્યે દ્વેષ કરવાથી ઘણો સંસાર વધે છે. સામાન્ય રીતે પાપ કરવાથી દુઃખની પ્રાપ્તિ થાય છે : એ માન્યતા આપણા મનમાં વસેલી છે, પરંતુ પાપ કરવાથી સંસાર વધે છે - એવો વિચાર બહુ જ ઓછો આવતો હોય છે. પ્રસિદ્ધ સઘળા ય અનર્થોનું મૂળ આ સંસાર છે. તેમાં પરિભ્રમણ કરવું પડે છે - એ જ મોટામાં મોટો અનર્થ છે. ઘણા કાળ સુધી સંસારમાં ભટકવું પડે છે, એનું મુખ્ય કારણ મુક્તિ પ્રત્યેનો દ્વેષ છે.

મોક્ષના વિષયમાં થનારા દ્વેષની મહાનર્થકારિતાને જણાવીને **तदभावस्तु देहिनाम्**... ઈત્યાદિ પદોથી મોક્ષના વિષયમાં દ્વેષનો અભાવ પ્રાપ્ત કરવાનો ઉપાય જણાવ્યો છે. ભવ-સંસાર પ્રત્યેની ઉત્કટ ઈચ્છાના અભાવથી સહજપણે જે કર્મમલની અલ્પતા થાય છે; તેથી પ્રાણીઓને મુક્તિના વિષયમાં દ્વેષ થતો નથી. મોક્ષ પ્રત્યે રાગને ઉત્પન્ન કરી શકે એવા જ્ઞાનાદિ ગુણોનો અભાવ હોવાથી; મોક્ષ પ્રત્યે રાગનો અભાવ હોવા છતાં અત્યંત ગાઢ એવા મિથ્યાત્વનો અભાવ હોવાથી મોક્ષ પ્રત્યે દ્વેષ થતો નથી. પ્રગાઢ મિથ્યાત્વસ્વરૂપ દોષના કારણે મોક્ષ

પ્રત્યે દ્વેષ થાય છે. એ દોષ, કર્મમલની સહજ અલ્પતાના કારણે ન હોવાથી મુક્ત્યદ્વેષ (મોક્ષના દ્વેષનો અભાવ) થાય છે - એ સમજી શકાય છે. ||૧૨-૨૬||

ઉપરના શ્લોકમાં મુક્ત્યદ્વેષના કારણ તરીકે સહજ અલ્પમલતાને જણાવી છે. ત્યાં મલ કોને કહેવાય છે - એ શંકાનું સમાધાન જણાવાય છે—

**मलस्तु योग्यता योगकषायाख्यात्मनो मता ।**
**अन्यथाऽतिप्रसङ्गः स्याज्जीवत्वस्याविशेषतः ॥१२-२७॥**

मलस्त्विति-मलस्तु योगकषायाख्यात्मनो योग्यता मता । तस्या एव बहुत्वाल्पत्वाभ्यां दोषोत्कर्षापकर्षोपपत्तेः । अन्यथा जीवत्वस्याविशेषतः सर्वत्र साधारणत्वादतिप्रसङ्गो मुक्तेष्वपि बन्धापत्तिलक्षणः स्यात् ॥१२-२७॥

"આત્માની કર્મબંધ માટેની યોગ-કષાય નામની જે યોગ્યતા છે, તેને મલ કહેવાય છે. આવી યોગ્યતા માનવામાં આવે નહિ તો બધાનું જીવત્વ(આત્માનું સ્વરૂપ) એકસરખું હોવાથી અર્થાત્ જીવત્વમાં કોઇ વિશેષતા ન હોવાથી શ્રી સિદ્ધપરમાત્માને પણ કર્મબંધનો પ્રસંગ આવશે." - આ પ્રમાણે સત્તાવીશમા શ્લોકનો અર્થ છે.

આશય એ છે કે અનાદિકાળથી સમયે સમયે આત્મા કર્મબંધ કરે છે. સામાન્ય રીતે દરેક સંસારી આત્માને કર્મબંધ થતો હોવા છતાં તે કર્મબંધ દરેક જીવને એકસરખો હોતો નથી. દરેક જીવને પોતપોતાની યોગ્યતા (ભૂમિકા) મુજબ કર્મબંધ થાય છે. અને યોગ્યતા ક્ષીણ થવાથી શ્રી સિદ્ધપરમાત્માને કર્મબંધ થતો નથી. કર્મબંધના સામાન્ય રીતે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ કારણ છે. એમાંથી મિથ્યાત્વ અને અવિરતિને રાગ-દ્વેષ સ્વરૂપ કષાયમાં સમાવી લેવાથી કર્મબંધના મુખ્ય કારણ કષાય અને યોગ છે. જ્યાં સુધી કષાયોનો ઉદય છે ત્યાં સુધી આત્મા કષાયને લઇને કર્મબંધનું ભાજન બને છે. અને જ્યાં સુધી આત્માના મન-વચન-કાયાના યોગો ચાલુ છે - ત્યાં સુધી આત્માને યોગના કારણે કર્મબંધ થાય છે. આથી સમજી શકાશે કે આત્માની કષાયસ્વરૂપ અને યોગસ્વરૂપ અવસ્થા આત્માને કર્મબંધનું કારણ બનતી હોય છે. આત્મા, કષાય અને યોગથી રહિત બને તો તેમાં કર્મબંધની યોગ્યતા રહેતી નથી. આત્માને

કર્મબંધની યોગ્યતા કષાય કે યોગને લઈને છે, તેથી તે સ્વરૂપે આત્મા કર્મબંધ માટે યોગ્ય છે અને તેની તે યોગ્યતા કષાય અને યોગ સ્વરૂપ છે.

યોગ અને કષાય નામની આ કર્મબંધની યોગ્યતાને મલ કહેવાય છે. તેની બહુલતાએ દોષોનો ઉત્કર્ષ(વૃદ્ધિ) થાય છે અને તે મલની અલ્પતાએ દોષોનો અપકર્ષ(હાનિ) થાય છે. કર્મબંધની યોગ્યતાની અલ્પતા કે બહુલતાને ન માનીએ તો દોષોનો અપકર્ષ કે ઉત્કર્ષ શક્ય નહીં બને. કારણ કે બધાનું આત્મતત્ત્વ સમાન હોવાથી બધા આત્માઓને એકસરખો જ કર્મબંધ થશે, સિદ્ધાત્માઓને પણ કર્મબંધનો પ્રસંગ આવશે. ॥૧૨-૨૭॥

ઉપર જણાવ્યા મુજબ કર્મબંધની યોગકષાયસ્વરૂપ યોગ્યતાને ન માનીએ તો શ્રી સિદ્ધપરમાત્માને પણ કર્મબંધનો અનિષ્ટ પ્રસંગ આવે છે. તેને દૂર કરવા ઉપાય જણાવનારની શંકા જણાવવાપૂર્વક તેનું નિરાકરણ કરાય છે–

**प्रागबन्धान्न बन्धश्चेत्, किं तत्रैव नियामकम् ।**
**योग्यतां तु फलोन्नेयां, बाधते दूषणं न तत् ॥१२-२८॥**

प्रागिति–प्राक् पूर्वमबन्धाद् बन्धाभावाज्जीवत्वरूपाविशेषेऽपि न बन्धो मुक्तस्य चेत् । किं तत्रैव प्रागबन्धे एव नियामकं योग्यताक्षयं विना । योग्यतां तु फलोन्नेयां फलबलकल्पनीयां तद्दूषणं न बाधते 'तत्र कुतो न योग्यता ?' इत्यत्र फलाभावस्यैवोत्तरत्वात् । युक्तं चैतद् बन्धस्य बध्यमानयोग्यतापेक्षत्वनियमाद्वस्त्रादीनां मञ्जिष्ठादिरागरूपबन्धने तथादर्शनात्, तद्वैचित्र्येण फलभेदोपपत्तेस्तस्या अन्तरङ्गत्वात्तत्परिपाकार्थमेव हेत्वन्तरापेक्षणादित्याचार्याः ॥१२-२८॥

"પૂર્વે બન્ધ ન હોવાથી મુક્તાત્માઓને કર્મબંધ થતો નથી. મુક્તાત્માઓને પૂર્વે કર્મબંધ થયો ન હતો તેમાં કોણ નિયામક (કારણ) છે ? 'સિદ્ધાત્માઓમાં કર્મબંધની યોગ્યતા નથી-' આ પ્રમાણે કહેવામાં પણ કોણ નિયામક છે ? આ પ્રમાણે કહેવાનો જે દૂષણનો પ્રસંગ આવે છે, તે યોગ્યતાનું બાધક નથી. કારણ કે યોગ્યતાનું અનુમાન તેના ફળથી થાય છે." - આ પ્રમાણે અઠ્ઠાવીશમા શ્લોકનો શબ્દાર્થ છે.

તેનો ભાવાર્થ એ છે કે - જીવની દરેકની યોગકષાયસ્વરૂપ કર્મબંધની યોગ્યતા જુદી જુદી હોવાથી જ દરેક જીવને કર્મબંધ જુદો જુદો થાય છે. આ

રીતે યોગ્યતાને માનીએ નહિ તો બધાનું જીવતત્ત્વ એકસ્વરૂપ હોવાથી જીવત્વને લઇને જ શ્રી સિદ્ધપરમાત્માઓને પણ કર્મબંધનો પ્રસંગ આવશે. એ પ્રસંગને દૂર કરતા આ શ્લોકના પ્રારંભમાં શંકાકાર એમ જણાવે છે કે શ્રી સિદ્ધપરમાત્માઓ સર્વથા કર્મબંધ ટાળીને શ્રી સિદ્ધપદને પામ્યા છે. તેથી શ્રી સિદ્ધપદની પ્રાપ્તિ પૂર્વે તેમને કર્મબંધનો અભાવ હોવાથી જીવત્વમાં કોઇ વિશેષ ન હોવા છતાં તેઓશ્રીને કર્મબંધનો પ્રસંગ આવતો નથી. સંસારી જીવોને તો કર્મબંધનો અભાવ ન હોવાથી કર્મબંધ થાય છે જ. તેથી ઉપર જણાવ્યા મુજબ યોગ્યતા માનવાની જરૂર નથી.

પરંતુ શંકા કરનારાની એ વાત બરાબર નથી. કારણ કે મુક્તાત્માઓને પૂર્વે કર્મબંધનો અભાવ છે, એમાં કયું કારણ છે ? તેઓશ્રીની કર્મબંધની યોગ્યતાનો ક્ષય થયો છે તેથી જ તો તેઓશ્રીને કર્મબંધ થતો નથી. માટે કર્મબંધની યોગકષાયસ્વરૂપ યોગ્યતાને માન્યા વિના છૂટકો નથી. "આ યોગ્યતામાં પણ કોણ કારણ છે ? શ્રી સિદ્ધપરમાત્માઓની કર્મબંધની યોગ્યતાનો ક્ષય થયો છે - એમાં શું પ્રમાણ છે ?" - આવી શંકા કરવી ના જોઇએ. કારણ કે શ્રી સિદ્ધપરમાત્માઓને કર્મબંધનો અભાવ હોવાથી એના અનુરોધથી જ ત્યાં યોગ્યતાના અભાવનું અનુમાન થાય છે. શ્રી સિદ્ધપરમાત્માઓના કર્મબંધના અભાવ સ્વરૂપ ફળના કારણે કર્મબંધની યોગ્યતાના અભાવના પ્રતિયોગી (જેનો અભાવ છે તેને પ્રતિયોગી કહેવાય છે. યોગ્યતાના અભાવનો પ્રતિયોગી યોગ્યતા છે.) સ્વરૂપે યોગ્યતાનું અનુમાન કરી શકાય છે. અર્થાત્ શ્રી સિદ્ધપરમાત્માઓને કર્મબંધની યોગ્યતા કેમ નથી ? - આ પ્રશ્નના ઉત્તરમાં, તેઓશ્રીને કર્મબંધનો (યોગ્યતાના ફળનો) અભાવ છે - એ પ્રમાણે જણાવી શકાય છે. તેથી મુક્તાત્માઓને પૂર્વે બંધ નથી એમાં શું પ્રમાણ છે - આ પ્રમાણે જણાવીને જે દોષ જણાવ્યો હતો તે દોષ યોગ્યતાના વિષયમાં નથી.

આ પ્રમાણે કર્મબંધની પ્રત્યે યોગ્યતા માનવાનું યુક્ત જ છે. બંધ, બધ્યમાન(કર્મ વગેરે)ની યોગ્યતા સાપેક્ષ છે. વસ્ત્ર વગેરે પણ મંજિષ્ઠાદિના રાગથી(રંગથી) ત્યારે જ રંગાય છે; (બંધાય છે;) કે જ્યારે તેમાં તેવી જાતની યોગ્યતા હોય છે. વસ્ત્રાદિની યોગ્યતાવિશેષને લઇને તેના રંગાદિ ફળમાં પણ વિશેષતા અનુભવાય છે. વસ્ત્રાદિની તેવા પ્રકારની રંગાદિને ધારણ કરવાની

યોગ્યતા અંતરંગ (સ્થૂલ દૃષ્ટિએ ન જણાય) હોવાથી તેના પરિપાક માટે બાહ્ય કારણોની અપેક્ષા રહેતી હોય છે. આ પ્રમાણે શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાદિ આચાર્યભગવંતો ફરમાવે છે. ॥૧૨-૨૮॥

કર્મબંધ માટેની યોગ્યતાને પ્રકારાંતરથી અન્યદર્શનીઓએ પણ સ્વીકારી છે - એ જણાવાય છે. અર્થાત્ તે તે દર્શનકારોની પણ તેવા પ્રકારની યોગ્યતાને માનવામાં સંમતિ જણાવાય છે–

**दिदृक्षा भवबीजं चाविद्या चानादिवासना ।**
**भङ्ग्येषैवाश्रिता साङ्ख्यशैववेदान्तिसौगतैः ॥१२-२९॥**

दिदृक्षेति–पुरुषस्य प्रकृतिविकारान् द्रष्टुमिच्छा दिदृक्षा सैवेयमिति साङ्ख्याः । भवबीजमिति शैवाः । अविद्येति वेदान्तिका अनादिवासनेति सौगताः ॥१२-२९॥

"આ સંસારમાં બદ્ધાવસ્થાના કારણ તરીકે સાંખ્યોએ દિદૃક્ષાને માની છે. શૈવોએ ભવબીજ માન્યું છે. વેદાંતીઓએ અવિદ્યાને માની છે અને બૌદ્ધોએ અનાદિવાસનાને માની છે. પ્રકારાંતરે આ રીતે કર્મબંધની યોગ્યતાને જ તે બધાએ માની છે." આ પ્રમાણે "**दिदृक्षा...**' આ શ્લોકનો અર્થ છે.

કહેવાનો આશય એ છે કે આધિ, વ્યાધિ અને ઉપાધિથી ગ્રસ્ત આ સંસારથી મુક્ત બનવાના ઉપાયો દર્શાવતાં પૂર્વે દરેક દર્શનકારોએ સામાન્યથી સંસારમાં આત્માના અસ્તિત્વનાં કારણો પણ જણાવ્યાં છે. પરમતારક શ્રી વીતરાગપરમાત્માએ પ્રરૂપેલા શ્રી જૈનશાસનમાં આ સંસારમાં આપણા આત્માના અસ્તિત્વનું એકમાત્ર કારણ; આપણા આત્માની કર્મબંધની યોગકષાયસ્વરૂપ યોગ્યતા છે. સાંખ્યદર્શનકારોએ દિદૃક્ષાને તે કારણ તરીકે વર્ણવી છે. તેમની માન્યતા મુજબ પુરુષ (આત્મા) શુદ્ધ, બુદ્ધ, નિરંજન અને નિરાકાર છે. તેનામાં તલના ફોતરાના ત્રીજા ભાગ જેટલું પણ પરિવર્તન આવતું નથી. નિત્ય વિકૃતિને ધારણ કરનારી પ્રકૃતિના અનાદિના સંયોગથી પુરુષને પ્રકૃતિના વિકારોને જોવાની જે ઇચ્છા છે તેને દિદૃક્ષા કહેવાય છે. તેને લઈને જીવને(પુરુષને) આ સંસારમાં રહેવું પડે છે. શૈવોએ આત્માના સંસારમાં અસ્તિત્વના કારણ તરીકે ભવબીજને વર્ણવ્યું છે. તેના નામથી જ તેના સ્વરૂપનો સ્પષ્ટપણે ખ્યાલ મળી રહે છે. આ કારણ(ભવકારણ)નું વર્ણન કરતાં વેદાંતદર્શનકારોએ અવિદ્યા-અજ્ઞાન

(મિથ્યાજ્ઞાન)ને વર્ણવ્યું છે, જે ખૂબ જ સરળતાથી સમજી શકાય છે. બૌદ્ધોએ આ સ્થાને અનાદિવાસનાને જણાવી છે, જે રાગાદિના અનાદિકાળના સંસ્કાર સ્વરૂપ છે. એ સંસ્કારોને લઇને આત્માનું આ સંસારમાં પરિભ્રમણ છે.

આ બધા દાર્શનિકોની માન્યતાઓનું ચોક્કસ જ્ઞાન મેળવવા માટે તે તે દર્શનના ગ્રંથોનું વ્યવસ્થિત અધ્યયન કરવું જોઇએ. અહીં એ બધું સમજાવવાનું શક્ય નથી. મોક્ષના અર્થી બન્યા પછી, જગતને મોક્ષનો માર્ગ બતાવનારા પણ પોતે અજ્ઞાનમાં કેવી રીતે અટવાતા હોય છે તેનો સાચો પરિચય, તેમના તે તે ગ્રંથોના પરિશીલનથી પ્રાપ્ત થાય છે. જગતના અજ્ઞાનને દૂર કરવા માટે રાત-દિવસ કાર્યરત બનનારા પણ પોતાના અજ્ઞાનને દૂર કરી ના શક્યા. ભારે વિષમતા છે આ મિથ્યાત્વની ! આપણા સદ્ભાગ્યની કોઇ અવધિ નથી. નૈસર્ગિક રીતે જ આપણને શુદ્ધ માર્ગપ્રરૂપક અને શુદ્ધ માર્ગની પ્રાપ્તિ થઇ. એની એકાંતે કલ્યાણકારિતાને સમજીને કર્મબંધની યોગ્યતાને દૂર કરવા પ્રયત્નશીલ બનવું જોઇએ. ॥૧૨-૨૯॥

ઉપર જણાવ્યા મુજબ દરેક આત્માની યોગકષાયસ્વરૂપ કર્મની(કર્મબંધની) યોગ્યતા જુદી જુદી છે - એ સિદ્ધ થાય છે, તેથી યોગ્યતાનો ક્રમે કરી હ્રાસ થયે છતે આત્માનું કલ્યાણ થાય છે - તે જણાવાય છે—

**प्रत्यावर्तं व्ययोऽप्यस्यास्तदल्पत्वेऽस्य सम्भवः ।**
**अतोऽपि श्रेयसां श्रेणी, किं पुनर्मुक्तिरागतः ॥१२-३०॥**

प्रत्यावर्तमिति—प्रत्यावर्तं प्रतिपुद्गलावर्तम् । व्ययोऽपि अपगमोऽपि । अस्या योग्यतायाः । दोषाणां क्रमह्रासं विना भव्यस्य मुक्तिगमनाद्यनुपपत्तेः । तदल्पत्वे योग्यताल्पत्वे । अस्य मुक्त्यद्वेषस्य । सम्भव उपपत्तिः । तदुक्तं—"एवं चापगमोऽप्यस्याः प्रत्यावर्तं सुनीतितः । स्थित एव तदल्पत्वे भावशुद्धिरपि ध्रुवा ॥१॥" अतोऽपि मुक्त्यद्वेषादपि । श्रेयसां श्रेणी कुशलानुबन्धसन्ततिः । किं पुनर्वाच्यं मुक्तिरागतस्तदुपपत्तौ ॥१२-३०॥

"પ્રત્યેક પુદ્ગલપરાવર્ત્તને આશ્રયીને આ કર્મબંધની યોગ્યતાનો વ્યય-નાશ પણ થાય છે. આવી જાતની યોગ્યતાની અલ્પતા થયે છતે મુક્તિ પ્રત્યે અદ્વેષ થાય છે.

આ મુક્ત્યદ્વેષથી પણ કલ્યાણની પરંપરા સર્જાય છે, તો મુક્ત્યનુરાગથી શું પૂછવું ?" - આ પ્રમાણે ત્રીશમી ગાથાનો અર્થ છે.

કહેવાનો આશય એ છે કે અનાદિકાળથી જીવને, કર્મબંધની યોગકષાયસ્વરૂપ યોગ્યતાના કારણે સમયે સમયે કર્મબંધ ચાલુ છે. આવી રીતે આજ સુધી અનંતાનંત પુદ્ગલપરાવર્તો વ્યતીત થયા છે. અનંતી ઉત્સર્પિણી અને અવસર્પિણીઓના કાળને એક પુદ્ગલપરાવર્ત્ત કાળ કહેવાય છે. દરેક પુદ્ગલપરાવર્ત્તે એ યોગ્યતાનો ક્રમિક હ્રાસ-વ્યય થાય છે. અન્યથા કષાયાદિ દોષોનો ક્રમિક હ્રાસ ન થાય તો ભવ્યાત્મા મોક્ષે જઇ શકશે નહિ. યોગ્યતાની અલ્પતાથી મુક્તિ પ્રત્યેના દ્વેષનો અભાવ ઉપપન્ન બને છે. આ વાત યોગબિંદુ ગ્રંથના એકસો સિત્તેરમા શ્લોકમાં પણ જણાવી છે. આ રીતે આ કર્મબંધની યોગ્યતા હોતે છતે દોષોના ક્રમિક હ્રાસની સુનીતિથી દરેક આવર્તે મલની અલ્પતા પ્રાપ્ત થયે ચોક્કસપણે ભાવશુદ્ધિ પણ થાય છે. અન્યથા મલના અપગમનો જ અભાવ થશે. આ પ્રમાણે યોગ્યતાની અલ્પતાએ થયેલા મુક્ત્યદ્વેષથી કુશલ અનુબંધની પરંપરા થાય છે. તો પછી મુક્તિના અનુરાગથી કુશલ અનુબંધની ઉપપત્તિ થાય - એમાં કહેવાનું જ શું હોય ? અર્થાત્ મુક્તિના અનુરાગથી કુશલનો અનુબંધ થાય - એમાં કોઇ આશ્ચર્ય નથી. ।।૧૨-૩૦।।

ઉપર જણાવ્યા મુજબ મુક્ત્યદ્વેષથી અને મુક્ત્યનુરાગથી કલ્યાણની પરંપરાની ઉપપત્તિ થાય છે - એ તો સમજી શકાય છે. પરંતુ મુક્ત્યદ્વેષ સ્વરૂપ જ મુક્તિરાગ છે, તેથી **किं पुनर्मुक्तिरागतः** આ ગ્રંથ સંગત કઇ રીતે બને ? આ શંકા કરવાપૂર્વક તેનું નિરાકરણ કરાય છે—

**न चायमेव रागः स्यान्मृदुमध्याधिकत्वतः ।**
**तत्रोपाये च नवधा, योगिभेदप्रदर्शनात् ।।१२-३१।।**

न चेति—न चायमेव मुक्त्यद्वेष एव रागः स्याद् मुक्तिरागो भवेदिति वाच्यम् । मृदुमध्यादिकत्वतो जघन्यमध्यमोत्कृष्टभावात् । तत्र मुक्तिरागे उपाये च मुक्त्युपाये च नवधा नवभिः प्रकारैर्योगिभेदस्य प्रदर्शनादुपवर्णनात् । तथाहि-मृदूपायो मृदुसंवेगः, मध्योपायो मृदुसंवेगः, अध्युपायो मृदुसंवेगः । मृदूपायो मध्यसंवेगः, मध्योपायो

मध्यसंवेगः, अध्युपायो मध्यसंवेगः । मृदूपायो अधिसंवेगः, मध्योपायोऽधिसंवेगः, अध्युपायोऽधिसंवेगश्चेति नवधा योगिन इति योगाचार्याः ।।१२-३१।।

"મુક્ત્યદ્વેષસ્વરૂપ જ મુક્તિરાગ છે : આ પ્રમાણે માનવાનું ઉચિત નથી. કારણ કે મુક્તિના રાગના વિષયમાં અને મુક્તિના ઉપાયના વિષયમાં મૃદુ, મધ્યમ અને અધિકતાને આશ્રયીને યોગીઓના પ્રકાર નવ રીતે બતાવ્યા છે." - આ પ્રમાણે એકત્રીશમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે મુક્તિના અદ્વેષને જ મુક્તિનો રાગ માનવાનું યોગ્ય નથી. કારણ કે જઘન્ય(મૃદુ) મધ્યમ(મધ્ય) અને ઉત્કૃષ્ટ(અધિક) સ્વરૂપે મુક્તિનો રાગ અને મુક્તિનો ઉપાય - એ બંન્નેને આશ્રયીને યોગી જનોના નવ પ્રકાર વર્ણવ્યા છે. મુક્તિનો અદ્વેષ, મુક્તિ પ્રત્યેના દ્વેષના સામાન્યાભાવ સ્વરૂપ હોવાથી એક જ પ્રકારનો છે. આવા મુક્ત્યદ્વેષને મુક્ત્યનુરાગસ્વરૂપ માની લેવામાં આવે તો તેને આશ્રયીને યોગી જનોના નવ પ્રકારનું નિરૂપણ સંગત નહિ બને. તેથી યોગી જનોના નવ પ્રકારના વર્ણનના અનુરોધથી મુક્ત્યદ્વેષને મુક્ત્યનુરાગસ્વરૂપ માનવાનું ઉચિત નથી. મોક્ષનો અનુરાગ સંવેગસ્વરૂપ છે અને સમ્યગ્જ્ઞાનાદિ મોક્ષના ઉપાય છે. તેને આશ્રયીને નીચે જણાવ્યા મુજબ યોગી જનોના નવ પ્રકાર છે.

મૃદૂપાય મૃદુસંવેગ, મધ્યોપાય મૃદુસંવેગ, અધ્યુપાય મૃદુસંવેગ - આ ત્રણ પ્રકાર જઘન્ય મોક્ષરાગને આશ્રયીને છે. મૃદૂપાય મધ્યસંવેગ, મધ્યોપાય મધ્યસંવેગ, અધ્યુપાય મધ્યસંવેગ - આ ત્રણ પ્રકાર મધ્યમ પ્રકારના મોક્ષરાગને આશ્રયીને છે. અને મૃદૂપાય અધિસંવેગ, મધ્યોપાય અધિસંવેગ, અધ્યુપાય અધિસંવેગ - આ ત્રણ પ્રકાર ઉત્કૃષ્ટ મોક્ષરાગને આશ્રયીને છે. આ રીતે યોગીઓ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ મોક્ષરાગ તથા મોક્ષોપાયને આશ્રયીને નવ પ્રકારના છે. એ નવ પ્રકાર, એક જ પ્રકારના મુક્ત્યદ્વેષને લઈને કોઈ પણ રીતે સંગત નહીં બને, તેથી મુક્તિ પ્રત્યેનો અદ્વેષ અને મુક્તિ પ્રત્યેનો રાગ : એ બંન્ને એક નથી - એ સમજી શકાય છે. ।।૧૨-૩૧।।

મુક્તિ પ્રત્યેનો અદ્વેષ - એ મુક્તિ પ્રત્યેના રાગ સ્વરૂપ નથી - તેમાં કારણ જણાવાય છે—

**द्वेषस्याभावरूपत्वाददद्वेषश्चैक एव हि ।**
**रागात् क्षिप्रं क्रमाच्चातः परमानन्दसम्भवः ।।१२-३२।।**

द्वेषस्येति–अद्वेषश्च द्वेषस्याभावरूपत्वादेक एव हि । अतो न तेन योगिभेदोपपत्तिरित्यर्थः । फलभेदेनापि भेदमुपपादयति-ततो मुक्तिरागात् क्षिप्रमनतिव्यवधानेन, अतो मुक्त्यद्वेषाक्रमेण मुक्तिरागापेक्षया बहुद्वारपरम्परालक्षणेन परमानन्दस्य निर्वाणसुखस्य सम्भवः ॥१२-३२॥

"અદ્વેષ દ્વેષના અભાવ સ્વરૂપ હોવાથી તે એકસ્વરૂપ જ છે (જેથી તેના કારણે યોગીઓના નવ પ્રકાર સંગત નહિ થાય) તેમ જ મુક્તિના રાગથી શીઘ્ર અને મુક્ત્યદ્વેષથી ક્રમે કરી પરમાનંદનો સંભવ છે." - આ પ્રમાણે બત્રીશમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે; પૂર્વે જણાવ્યા મુજબ મુક્ત્યદ્વેષ, દ્વેષ(મુક્તિ પ્રત્યેના દ્વેષ)ના અભાવ સ્વરૂપ હોવાથી તે એકસ્વરૂપ છે. તેથી તે એકના કારણે યોગીઓના ભેદ નહીં થાય. યોગીઓના નવ ભેદ (પ્રકાર) યોગાચાર્યોએ જણાવ્યા છે, તે મુક્તિના રાગની અપેક્ષાએ પૂર્વે જણાવ્યા મુજબ સંગત થઇ શકે છે. તેથી મુક્ત્યદ્વેષસ્વરૂપ મુક્તિનો રાગ નથી. એ બંન્ને પરસ્પર ભિન્ન છે.

મુક્ત્યદ્વેષ અને મુક્તિનો રાગ - એ બેના ફળમાં પણ વિશેષતા છે. તેને લઇને એ બેમાં પણ ભેદ છે - એ શ્લોકના ઉત્તરાર્દ્ધથી જણાવાયું છે. મોક્ષના રાગથી શીઘ્ર એટલે કે બહુ વ્યવધાન (વિલંબ) વિના મોક્ષની પ્રાપ્તિ થાય છે. એ અપેક્ષાએ મુક્ત્યદ્વેષથી ક્રમે કરીને એટલે કે ઘણાં વ્યવધાન(વધારે ભવના વિલંબ)થી મોક્ષની પ્રાપ્તિ થાય છે. આ રીતે પરમાનંદસ્વરૂપ મોક્ષ ફળની પ્રાપ્તિના વિલંબ અને અવિલંબના કારણે પણ મુક્ત્યદ્વેષ અને મુક્તિના રાગમાં ભેદ છે. જેના કાર્યમાં વિશેષતા છે તે કારણમાં પણ વિશેષતા છે, એ સમજી શકાય છે. આથી સ્પષ્ટ છે કે મુક્ત્યદ્વેષ અને મુક્તિનો રાગ બંન્ને એક નથી. બંન્નેમાં ઘણું અંતર છે. મુક્ત્યદ્વેષના કારણે મોક્ષપ્રાપ્તિમાં અનેક ભવોનું વ્યવધાન થાય છે અને મુક્તિ પ્રત્યે રાગ હોય તો મોક્ષની પ્રાપ્તિમાં તેવું વ્યવધાન થતું નથી.

યોગની પૂર્વસેવા બત્રીશીના બત્રીશમા-છેલ્લા શ્લોકમાં જણાવેલી વાતને ખૂબ જ ગંભીરતાથી વિચારવી જોઇએ. મુક્તિ પ્રત્યેનો અદ્વેષ પણ કાલાંતરે પરમાનંદ-મોક્ષનું કારણ બને છે - એ જાણ્યા પછી મુમુક્ષુ આત્માએ પળે પળે યાદ રાખવું જોઇએ કે કોઇ પણ રીતે મોક્ષ પ્રત્યે દ્વેષ ન થવો જોઇએ. મોક્ષ પ્રત્યે રાગ જન્મે તો ઘણી સારી વાત છે. પરંતુ જ્યાં સુધી એ ન બને ત્યાં સુધી મોક્ષ પ્રત્યે દ્વેષ ન થાય - એનો સતત ખ્યાલ રાખ્યા વિના ચાલે એવું નથી. વર્તમાનની

આપણી પ્રવૃત્તિ ઉપર એક નજર માંડીને આપણને મોક્ષ પ્રત્યે રાગ છે કે દ્વેષ છે - એ પ્રશ્નનો ઉત્તર, કોઈ પણ જાતની માયા સેવ્યા વિના મેળવી લેવો જોઈએ. એ પ્રશ્નનો વાસ્તવિક ઉત્તર મેળવી લેવા માટે યોગબિંદુમાં જણાવેલી વાતને ધ્યાનમાં રાખવી જોઈએ. ત્યાં તે (૨૪૦મા) શ્લોકમાં જણાવ્યું છે કે, "આગમના આધારે પ્રવૃત્તિ કરનારા આગમનું ઉલ્લંઘન કરી જેઓ પ્રવૃત્તિ કરે છે, તે જડ માણસો આગમના અર્થને (પ્રવૃત્તિ-નિવૃત્તિ) કરનારા હોવા છતાં નિયમે કરી તે તે અર્થના તેઓ દ્વેષી હોય છે." આગમમાં જણાવેલા વિધિથી નિરપેક્ષપણે આગમમાં જણાવેલા અનુષ્ઠાનને કરતાં હોવા છતાં તેઓ આગમ પ્રત્યે ભક્તિભાવવાળા નથી. પરંતુ આગમ પ્રત્યે તેઓ દ્વેષવાળા જ છે. કારણ કે આગમ પ્રત્યેના દ્વેષ વિના આગમાર્થનું ઉલ્લંઘન શક્ય નથી. આપણા દ્વેષને ઓળખી લેવા માટે યોગબિંદુમાં જણાવેલી વાત પરિપૂર્ણ છે. એનો વિચાર કરવાથી આપણને આપણી સ્થિતિનો સ્પષ્ટ ખ્યાલ આવી શકે છે. મોક્ષની સાધનાનો પ્રારંભ કરી ચૂકેલા અને મોક્ષની સાધનાનો પ્રારંભ કરવાની ઈચ્છાવાળા મુમુક્ષુ જનો પોતાના આત્માને, મોક્ષ પ્રત્યેના દ્વેષથી રહિત બનાવે અને યોગની પ્રાપ્તિ દ્વારા વહેલામાં વહેલી તકે પરમાત્મા બનાવે એ જ એકની એક શુભાભિલાષા. ॥૧૨-૩૨॥

**॥ इति योगपूर्वसेवा-द्वात्रिंशिका ॥**

**अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।**
**व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥**

# પરિશીલનની પૂર્વે

'યોગપૂર્વસેવા' બત્રીશીમાં ગુરુદેવાદિપૂજા, સદાચાર, તપ અને મુક્ત્યદ્વેષનું વર્ણન કર્યું. આ બત્રીશીમાં મુક્તિ પ્રત્યેના અદ્વેષનું પ્રાધાન્ય વર્ણવાય છે. કારણ કે મુક્ત્યદ્વેષને લઇને જ ગુરુદેવાદિપૂજા, સદાચાર અને તપ વગેરે અનુષ્ઠાનો યોગનાં અંગ બને છે. મુક્ત્યદ્વેષના અભાવમાં ગુરુદેવાદિપૂજા... વગેરે યોગનાં અંગ થતાં નથી.

મુક્તિ પ્રત્યે દ્વેષ ન કરવા સ્વરૂપ અવસ્થાને મુક્ત્યદ્વેષ કહેવાય છે. 'મુક્ત્યદ્વેષ' આ શબ્દ કાને પડે ત્યારે તો એમ જ થાય કે આપણને મુક્તિ પ્રત્યે અદ્વેષ છે જ. પરંતુ એ વિષયમાં થોડી વિચારણા કરીએ તો સમજાય કે સાવ એવું તો નથી. ઊંડે ઊંડે થોડો દ્વેષ લાગે છે. દૃઢ અજ્ઞાનના આવેશથી મોક્ષ પ્રત્યે દ્વેષ થાય છે.

અનંતજ્ઞાનીઓનાં પરમતારક વચનોથી પણ જે અજ્ઞાન દૂર થતું નથી, તે દૃઢ અજ્ઞાન છે. એવું અજ્ઞાન જ્યારે કાર્યરત બને છે; ત્યારે તેનો આવેશ હોય છે અને એ આવેશથી મોક્ષ પ્રત્યે દ્વેષ જાગે છે. આ સંસારને અનંતદુઃખમય વર્ણવીને મોક્ષની અનંતસુખમયતાને વર્ણવવામાં શાસ્ત્રકાર પરમર્ષિઓએ કોઇ જ કચાશ રાખી નથી. પરંતુ સંસારમાં પ્રાપ્ત થતા સુખની ભયંકર આસક્તિના કારણે મોક્ષ ઇષ્ટ લાગતો નથી. જે અનિષ્ટ લાગે તેની પ્રત્યે દ્વેષ હોય - એ સ્વાભાવિક છે. આપણને મોક્ષ ઇષ્ટ છે કે સંસાર ઇષ્ટ છે ? આ પ્રશ્નનો ઉત્તર માયા વિના આપવાનું ખૂબ જ અઘરું પડે એવું છે. ગમે તે રીતે સંસારની આસક્તિ ઓછી કરીને મોક્ષની પ્રત્યે રાગ ન કેળવાય ત્યાં સુધી મોક્ષ પ્રત્યેનો દ્વેષ ટાળવા પ્રયત્નશીલ બનવું જોઇએ.

આ બત્રીશીમાં મુક્તિ પ્રત્યેના અદ્વેષનું પ્રાધાન્ય મુખ્યપણે વર્ણવ્યું છે. યોગની પૂર્વસેવા યોગની પ્રાપ્તિનું ત્યારે જ કારણ બની શકે છે કે જ્યારે તે મુક્ત્યદ્વેષથી સહિત હોય છે. અભવ્યોના આત્માઓ તેમ જ અચરમાવર્ત્તવર્ત્તી ભવ્યાત્માઓ શુદ્ધ શ્રમણપણાની ક્રિયાઓ દ્વારા નવમા ગ્રૈવેયકનાં સુખો પામે છે, તેમાં પણ મુક્તિ પ્રત્યેનો અદ્વેષ જ મુખ્ય છે. માત્ર શુદ્ધ દ્રવ્યશ્રામણ્યક્રિયાઓ તેમાં કારણ નથી. દુષ્ટ રીતે ગ્રહણ કરેલા અગ્નિ, શસ્ત્ર અને સર્પ જેમ મારક બને છે,

તેમ સંસારના સુખની ઇચ્છાથી કરેલી તે તે દ્રવ્ય-શ્રામણ્ય-ક્રિયા પણ તે અભવ્યાદિના આત્માઓ માટે દુષ્ટ બને છે. એવી ક્રિયાઓને કોઇએ પણ કરવાયોગ્ય ગણી નથી. જેમાં મુક્ત્યદ્વેષનું પ્રાધાન્ય છે; એવી ક્રિયાને સંસારસુખ માટે ગ્રંથકારશ્રીએ કરવાનું જણાવ્યું નથી. પરંતુ તેને ઉપર જણાવ્યા મુજબ અગ્નિ, શસ્ત્ર અને સર્પ વગેરેની જેમ મહાભયંકર વર્ણવી છે. માત્ર આવી ક્રિયાઓથી પ્રાપ્ત થનારા લાભ, ખ્યાતિ કે દેવલોકનાં સુખાદિ પ્રત્યે નજર રાખી એ માટે ધર્મ કરવાનું ઉચિત નથી. તેમ જ એ માટે ધર્મનો ઉપદેશ કરવાનું પણ ઉચિત નથી.

આ બત્રીશીના વાંચનાદિથી સ્પષ્ટપણે સમજાશે કે મુક્તિ પ્રત્યેનો અદ્વેષસામાન્ય મુખ્ય તરીકે ઇષ્ટ નથી. તદ્હેતુ અનુષ્ઠાન(સદનુષ્ઠાન)ના રાગનો પ્રયોજક જે મુક્ત્યદ્વેષ છે, તે વિશેષ જ મુક્ત્યદ્વેષ પ્રધાન છે. કારણ કે અભવ્યાદિના આત્માઓને પણ મુક્ત્યદ્વેષ હોવા છતાં તેમને યોગની પૂર્વસેવા પણ પ્રાપ્ત થતી નથી. અનંતી વાર મુક્ત્યદ્વેષાદિથી ગ્રૈવેયકનાં સુખોને પ્રાપ્ત કરનારા, એક વાર પણ યોગની પૂર્વસેવા પામી શકતા નથી. આથી સમજી શકાશે કે એવા મુક્ત્યદ્વેષનું કોઇ જ મહત્ત્વ નથી. તેમના દ્રવ્યશ્રામણ્યની ક્રિયાનું તો કોઇ જ મહત્ત્વ નથી પરંતુ તેમના મુક્ત્યદ્વેષનું પણ કોઇ જ મહત્ત્વ નથી. માત્ર સંસારનાં સુખોની પ્રાપ્તિ કરાવે અને યોગની પૂર્વસેવાને પણ પ્રાપ્ત ન કરાવે તેનું મહત્ત્વ ન જ હોય એ યાદ રાખવું જોઇએ. વર્તમાનમાં સંસારના સુખ માટે ધર્મ કરવાનો ઉપદેશ; પ્રવચનો અને પુસ્તકો દ્વારા ચિકાર અપાય છે. તે કેટલું ઉચિત છે એનો પૂરતો ખ્યાલ આ બત્રીશીના અધ્યયનથી આવે છે.

સદનુષ્ઠાનના રાગનું જે કારણ બને છે તે મુક્ત્યદ્વેષનું પ્રાધાન્ય વર્ણવીને પાંચ અનુષ્ઠાનોનું સ્પષ્ટ વર્ણન અહીં કરાયું છે. ચરમાવર્ત્ત અને અચરમાવર્ત્ત કાળમાં રહેલા તે તે કર્ત્તાઓની ભિન્નતાએ એક જ અનુષ્ઠાનના આશયભેદે પાંચ પાંચ પ્રકાર પડે છે. તેમાંનાં વિષાનુષ્ઠાન, ગરાનુષ્ઠાન અને અનનુષ્ઠાન : આ ત્રણેય અનુષ્ઠાનો અસદનુષ્ઠાન છે. માત્ર તદ્હેતુ અનુષ્ઠાન તથા અમૃતાનુષ્ઠાન : આ બે જ અનુષ્ઠાન સદનુષ્ઠાન છે. અચરમાવર્ત્તકાળમાં નિયમે કરી અસદનુષ્ઠાન જ હોય છે. છેલ્લાં બે સદનુષ્ઠાન ચરમાવર્ત્તકાળમાં જ હોય છે : આ પ્રમાણે પાંચેય અનુષ્ઠાનો ચરમાવર્ત્તકાળમાં હોઇ શકે છે. 'ચરમાવર્ત્તકાળમાં છેલ્લાં બે જ અનુષ્ઠાનો હોય છે' - આ પ્રમાણેની પ્રરૂપણા શાસ્ત્રાનુસારિણી નથી.

ચરમાવર્ત્તકાળમાં પણ ધર્મની પ્રારંભકાળની અવસ્થામાં મુક્ત્યદ્વેષમાત્રથી સદનુષ્ઠાનનો રાગ ઉત્પન્ન થતો નથી. પરંતુ સંસારના સુખની ઇચ્છા બાધિત થાય તો તેથી મુક્ત્યદ્વેષને લઇને સદનુષ્ઠાનની પ્રત્યે રાગ જન્મે છે. એ સુખની ઇચ્છા પૂ. ગુરુદેવશ્રીની પ્રજ્ઞાપનાથી બાધિત થતી હોય છે. જો કોઇ પણ સંયોગમાં આ ફલેચ્છા (ઇહલૌકિકાદિફલેચ્છા) બાધિત ન બને તો મુક્ત્યદ્વેષથી સદનુષ્ઠાન પ્રત્યે રાગ નહીં થાય. આ રીતે મુક્ત્યદ્વેષની પ્રધાનતા સદનુષ્ઠાનના રાગના હેતુસ્વરૂપે છે, એ સ્પષ્ટ છે. તેથી કોઇ આત્માએ સંસારસુખ માટે ધર્મ કર્યા પછી પૂ. ગુરુદેવાદિના ઉપદેશથી એ ઇચ્છા બાધિત થવાથી તે આત્માને સદનુષ્ઠાનની પ્રાપ્તિ થતી હોય છે તેમ જ કોઇ કોઇને સદનુષ્ઠાનના રાગના અભાવે મુક્ત્યદ્વેષ હોવા છતાં તે તે ક્રિયાઓથી ભવભ્રમણ અટકતું નથી... ઇત્યાદિ વસ્તુઓનું વર્ણન કરીને છેલ્લા આઠ શ્લોકોથી મુક્ત્યદ્વેષનો મહિમા વર્ણવ્યો છે.

શ્રી વીતરાગપરમાત્માએ ઉપદેશેલી બધી ક્રિયાઓને ફલપ્રદાયિની બનાવવાનું કાર્ય મુક્ત્યદ્વેષ કરે છે. કારણ કે એના અભાવમાં કોઇ પણ ક્રિયા પોતાના ફળને પ્રાપ્ત કરાવી શકતી નથી. અત્યાર સુધી અતત્ત્વનો જે આગ્રહ હતો તેની નિવૃત્તિ થવાથી મનની વિશુદ્ધિ દ્વારા મુક્ત્યદ્વેષથી શુભ ભાવની ધારા પ્રગટે છે. મુક્તિની પ્રાપ્તિ નજીકમાં જ હોવાથી મુમુક્ષુજનોને કોઇ જ ભય નથી. આથી મુક્ત્યદ્વેપને લઇને મન આનંદથી પરિપૂર્ણ બને છે, ક્રિયામાં સહેજ પણ પીડાને અનુભવ્યા વિના ખૂબ જ રક્ત બને છે અને સતત કર્તવ્યશેષની સ્મૃતિથી ચિત્ત સમન્વિત બને છે - આ બધાં લક્ષણો મુક્ત્યદ્વેષનાં છે. એનો વિચાર કરવાથી આપણને મુક્તિ પ્રત્યે અદ્વેષ છે કે નહિ તેનો સ્પષ્ટ ખ્યાલ આવશે... અંતે કોઇ પણ રીતે મુક્ત્યદ્વેષને પ્રાપ્ત કરી યોગની યોગ્યતાને પ્રાપ્ત કરવા આપણે પ્રયત્નશીલ બની રહીએ એ જ એકની એક સદા માટેની શુભાભિલાષા...

**- આ.વિ. ચન્દ્રગુપ્તસૂરિ**

નૂતન ઉપાશ્રય-છાપરીયા શેરી
સુરત : શ્રા.સુ. ૧૧
વિ.સં. ૨૦૫૮

# अथ प्रारभ्यते मुक्त्यद्वेष-प्राधान्यद्वात्रिंशिका ।

उक्तेषु पूर्वसेवाभेदेषु मुक्त्यद्वेषं प्राधान्येन पुरस्कुर्वन्नाह–

આ પૂર્વેની પૂર્વસેવાબત્રીશીમાં જણાવેલા ગુરુદેવાદિપૂજન, સદાચાર, તપ અને મુક્ત્યદ્વેષ : પૂર્વસેવાના એ ચાર પ્રકારમાંથી પ્રધાન(મુખ્ય)રૂપે મુક્ત્યદ્વેષનું નિરૂપણ કરાય છે–

**उक्तभेदेषु योगीन्द्रैर्मुक्त्यद्वेषः प्रशस्यते ।**
**मुक्त्युपायेषु नो चेष्टा, मलनायैव यत्ततः ।।१३-१।।**

उक्तभेदेष्विति–मलनायैव विनाशनिमित्तमेव तद्धि भवोपायोत्कटेच्छया स्यात् । सा च न मुक्त्यद्वेष इति मुक्त्युपायमलनाभावप्रयोजकोऽयम् ।।१३-१।।

"ગુરુદેવાદિપૂજન, સદાચાર, તપ અને મુક્ત્યદ્વેષ : આ ચાર ભેદોમાં (પ્રકારોમાં) યોગીન્દ્ર પુરુષોએ મુક્ત્યદ્વેષ પ્રશંસ્યો છે. કારણ કે મુક્ત્યુપાયને વિશે તેથી ચેષ્ટા વિનાશનું નિમિત્ત બનતી નથી." - આ પ્રમાણે પ્રથમ શ્લોકનો અર્થ છે. આશય એ છે કે આ પૂર્વે યોગની પૂર્વસેવા બત્રીશીમાં ગુરુદેવાદિપૂજનાદિ ચાર પ્રકારની પૂર્વસેવાનું વર્ણન કર્યું છે. એ ચાર પ્રકારમાં મુક્ત્યદ્વેષ મુખ્ય છે. આ બત્રીશીમાં તે સ્વરૂપે તેનું વર્ણન કર્યું છે.

યોગીઓમાં ઇન્દ્ર સમાન શ્રી તીર્થંકરપરમાત્માએ મુક્ત્યદ્વેષને પૂર્વસેવામાં શ્રેષ્ઠ તરીકે વર્ણવ્યો છે. કારણ કે મુક્તિના ઉપાય સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને વિશે મન, વચન, કાયાની ચેષ્ટા-પ્રવૃત્તિ મલન માટે એટલે કે વિનાશનું નિમિત્ત બનતી નથી. ભવની ઉત્કટ ઇચ્છા મુક્ત્યુપાયને વિશે વિનાશનું નિમિત્ત બને છે. મુક્તિ પ્રત્યે અદ્વેષ હોવાથી ભવની ઉત્કટ ઇચ્છા થતી નથી. તેથી મુક્તિના ઉપાયોના વિનાશના નિમિત્તાભાવનો પ્રયોજક મુક્તિ પ્રત્યેનો અદ્વેષ છે - એ સ્પષ્ટ છે. ।।૧૩-૧।।

'મલનાભાવનું પ્રયોજકત્વ મુક્ત્યદ્વેષમાં છે'; ત્યાં મલનનું સ્વરૂપ જણાવાય છે–

**विषान्नतृप्तिसदृशं, तद् यतो व्रतदुर्ग्रहः ।**
**उक्तः शास्त्रेषु शस्त्राग्निव्यालदुर्ग्रहसन्निभः ।।१३-२।।**

विषेति–तन्मुक्त्युपायमलनं विषान्नतृप्तिसदृशमापाततः सुखाभासहेतुत्वेऽपि बहुतरदुःखानुबन्धित्वात् । यद्यस्माद् व्रतानां दुर्ग्रहोऽसम्यगङ्गीकार उक्तः शास्त्रेषु योगस्वरूपनिरूपकग्रन्थेषु शस्त्राग्निव्यालानां यो दुर्ग्रहो दुर्गृहीतत्वं तेन सन्निभः सदृशोऽसुन्दरपरिणामत्वात् ।।१३-२।।

"તે મુક્ત્યુપાયનું મલન વિષથી યુક્ત અન્ન ખાવાથી થનારી તૃપ્તિ જેવું છે, જેથી વ્રતોનો દુર્ગ્રહ; શસ્ત્ર, અગ્નિ અને સર્પના દુર્ગ્રહ જેવો શાસ્ત્રોમાં વર્ણવ્યો છે." - આ પ્રમાણે બીજા શ્લોકનો અર્થ છે. એનો આશય સ્પષ્ટ છે કે - તે મુક્તિના ઉપાયના વિનાશનું નિમિત્ત; વિષથી યુક્ત એવા અન્નના ભક્ષણથી થનારી તૃપ્તિ જેવું છે. વિષયુક્ત અન્નના ભક્ષણથી પેટ તો ભરાય અને થોડો સ્વાદ પણ આવે; પરંતુ પરિણામે મરણનો પ્રસંગ આવે. વિષમિશ્રિત અન્ન આપાતથી સુખાભાસનું કારણ હોવા છતાં ક્ષુધાદિ દુ:ખો કરતાં ઘણાં બધાં દુ:ખોનું તે અનુબંધી છે. આવી જ રીતે જે મન, વચન, કાયાની ચેષ્ટા મુક્ત્યુપાયનું મલન કરે છે તે મલનવાળી પ્રવૃત્તિ વિષમિશ્રિત અન્નની જેમ આપાતથી પુણ્યનું કારણ બની સુખાભાસનું કારણ બને છે અને પરિણામે પાપનો અનુબંધ થવાથી ભયંકર દુ:ખનું કારણ બને છે. સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર : આ મોક્ષોપાય છે. એની આરાધના ભવની ઉત્કટ ઇચ્છાથી કરવામાં આવે તો તે મુક્ત્યુપાયોની મુક્તિનિમિત્તતાનો વિનાશ થાય છે. તેથી તેવા પ્રકારનું મલન (મલના) વિષયુક્ત અન્ન જેવું છે.

આથી જ હિંસાદિ આશ્રવોથી વિરામ પામવા સ્વરૂપ વ્રતોનો દુર્ગ્રહ (એટલે કે સારી રીતે સ્વીકાર કરવાના બદલે ભવની ઉત્કટ ઇચ્છાથી સ્વીકાર કરવા સ્વરૂપ વ્રતગ્રહ); યોગનું સ્વરૂપ જેમાં વર્ણવ્યું છે એવાં શાસ્ત્રોમાં શસ્ત્ર, અગ્નિ અને સર્પના દુર્ગ્રહ જેવો વર્ણવ્યો છે. ધારની બાજુથી શસ્ત્ર ગ્રહણ કરાય; ચીપિયાદિ વિના સીધો અગ્નિ ગ્રહણ કરાય અને ડંખ મારે એ રીતે સર્પને ગ્રહણ કરાય તો કેવી દશા થાય તે આપણે કલ્પી શકીએ છીએ. ભવની ઉત્કટ ઇચ્છાથી વ્રત ગ્રહણ કરાય તો કેવી દશા થાય તેની કલ્પના આ શ્લોકથી આપવામાં આવી છે. આવી રીતે ભવની ઉત્કટ ઇચ્છાથી કરાયેલ વ્રતનો સ્વીકાર સુંદર પરિણામવાળો બનતો નથી. પરંતુ ખરાબ પરિણામનું જ કારણ બને છે. દુષ્ટ રીતે ગ્રહણ કરેલા શસ્ત્રાદિ જેમ મારક બને છે તેમ દુષ્ટ રીતે (ભવની ઉત્કટ ઇચ્છા સ્વરૂપ દુષ્ટ આશયથી) ગ્રહણ કરાયેલ વ્રતનું પરિણામ પણ સારું આવતું નથી. ॥૧૩-૨॥

ननु दुर्गृहीतादपि श्रामण्यात्सुरलोकलाभः केषाञ्चिद्भवतीति कथमत्रासुन्दरतेत्यत्राह–

'ભવની ઉત્કટ ઇચ્છા સ્વરૂપ દુષ્ટ આશયથી પણ ગ્રહણ કરેલા શ્રમણપણાથી (મહાવ્રતોથી) કેટલાક જીવોને દેવલોકની પ્રાપ્તિ થઇ છે, તો દુર્ગૃહીત વ્રતોની અસુંદરતા કઇ રીતે ?' આ શંકાનું સમાધાન કરાય છે–

**ग्रैवेयकाप्तिरप्यस्माद्, विपाकविरसाऽहिता ।**
**मुक्त्यद्वेषश्च तत्राऽपि, कारणं न क्रियैव हि ।।१३-३।।**

ग्रैवेयकाप्तिरिति–अस्माद् व्रतदुर्ग्रहात् । ग्रैवेयकाप्तिरपि शुद्धसमाचारवत्सु साधुपु चक्रवर्त्यादिभिः पूज्यमानेषु दृष्टेषु सम्पन्नतत्पूजास्पृहाणां तथाविधान्यकारणवतां च केषाञ्चिद्व्यापन्नदर्शनानामपि प्राणिनां नवमग्रैवेयकप्राप्तिरपि विपाकविरसा बहुतरदुःखानुबन्धबीजत्वेन परिणतिविरसा अहिता अनिष्टा तत्त्वतश्चौर्यार्जितबहुविभूतिवदिति द्रष्टव्यं । तत्रापि नवमग्रैवेयकप्राप्तावपि च मुक्त्यद्वेषः कारणं, न केवला क्रियैव हि अखण्डद्रव्यश्रामण्यपरिपालनलक्षणा । तदुक्तं–"अनेनापि प्रकारेण द्वेषाभावोऽत्र तत्त्वतः । हितस्तु यत्तदेतेऽपि तथाकल्याणभागिनः ।।१।।" इति ।।१३-३।।

"આ મહાવ્રતોના દુર્ગ્રહથી કેટલાક જીવોને નવમા ગ્રૈવેયકની જે પ્રાપ્તિ થાય છે તે પરિણામે વિરસ છે અને અહિતને કરનારી છે. આ દેવલોકની પ્રાપ્તિમાં પણ મુક્ત્યદ્વેષ કારણ છે. માત્ર દ્રવ્યસાધુપણાની નિરવદ્ય ક્રિયા કારણ નથી." - આ પ્રમાણે ત્રીજા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે - કેટલીક વાર ચક્રવર્તી વગેરે દ્વારા શુદ્ધચારિત્રવંત, સાધુમહાત્માને પૂજાતા જોઇને; 'તેવી પૂજા મને પણ પ્રાપ્ત થાય' - આવી સ્પૃહા થવાથી તેમ જ તેવા પ્રકારના બીજા કોઇ પણ પ્રયોજનના કારણે સમ્યગ્દર્શન જેમનું નષ્ટ થયું છે એવા કેટલાક આત્માઓને નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિ પણ થાય છે. પરંતુ તે ઘણા બધા દુઃખના અનુબંધનું બીજ હોવાથી પરિણામમાં વિરસ હોય છે અને અનિષ્ટ બને છે. વાસ્તવિક રીતે; ચોરીથી ઉપાર્જન કરેલી ઘણી બધી વિભૂતિની જેમ નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિ હિતકારિણી નથી.

કેટલાક જીવોને આ રીતે નવમા ગ્રૈવેયકની જે પ્રાપ્તિ થાય છે; તેમાં પણ મુક્ત્યદ્વેષ કારણ છે, માત્ર અખંડ (નિરતિચાર) દ્રવ્યશ્રામણ્યના પરિપાલન સ્વરૂપ

ક્રિયા જ કારણ નથી. આ વાતને ફરમાવતાં યોગબિંદુમાં જણાવ્યું છે કે "આ રીતે પૂજા વગેરેની સ્પૃહાથી પણ દ્રવ્યસાધુપણાના પરિપાલનમાં વાસ્તવિક રીતે મુક્તિ પ્રત્યે દ્વેષનો અભાવ હિતનું કારણ બને છે, દ્રવ્યક્રિયા માત્ર નહીં. કારણ કે એ મુક્ત્યદ્વેષને લઈને દ્રવ્યશ્રમણપણાને ધારણ કરનારા પણ નવમા ગ્રૈવેયકાદિની પ્રાપ્તિ સ્વરૂપ કલ્યાણના ભાજન બને છે." આથી સમજી શકાશે કે મુક્તિ પ્રત્યેના અદ્વેષના કારણે એવા આત્માઓને નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિ થાય છે. તે ઉપર જણાવ્યા મુજબ વિપાકમાં (ફલતઃ) વિરસ હોવાથી અનિષ્ટ જ છે. તેથી દુર્ગૃહીત મહાવ્રતોની અસુંદરતામાં કોઈ જ વિરોધ નથી. જેનું પરિણામ હિતકર નથી એવી ક્રિયા સુંદર નથી : એ સ્પષ્ટ છે. સંસારમાં ગમે તેટલું ઊંચામાં ઊંચું ફળ મળે પરંતુ તેનું પરિણામ સારું આવવાનું ન હોય અને તેથી ભયંકર દુ:ખ જ ભવિષ્યમાં મળવાનું હોય તો તે ફળને આપવાવાળી ક્રિયા સારી મનાય નહીં. તેને અસુંદર જ માનવી પડે... ઇત્યાદિ સમજી લેવું જોઈએ. ॥૧૩-૩॥

ઉપર જણાવ્યા મુજબ દ્રવ્યથી શ્રમણપણાનું પરિપાલન કરનારાને દેવલોકાદિની સ્પૃહા હોય તો તે વખતે તેમને મોક્ષ પ્રત્યે દ્વેષ હોવો જોઈએ; તેના બદલે તેમને મુક્તિ પ્રત્યે અદ્વેષ કઇ રીતે સંભવે ? - આ શંકાનું સમાધાન કરાય છે—

**लाभाद्यर्थितयोपाये, फले चाऽप्रतिपत्तितः ।**
**व्यापन्नदर्शनानां हि, न द्वेषो द्रव्यलिङ्गिनाम् ॥१३-४॥**

लाभेति—व्यापन्नदर्शनानां हि द्रव्यलिङ्गिनामुपाये चारित्रक्रियादौ लाभाद्यर्थितयैव न द्वेषो, रागसामग्र्यां द्वेषानवकाशात् । फले च मोक्षरूपेऽप्रतिपत्तित एव न द्वेषः । न हि ते मोक्षं स्वर्गादिसुखाद्भिन्नं प्रतीयन्ति यत्र द्वेषावकाशः स्यात् । स्वर्गादिसुखाभिन्नत्वेन प्रतीयमाने तु तत्र तेषां राग एव । वस्तुतो भिन्नस्य तस्य प्रतीतावपि स्वेष्टविघातशङ्कया तत्र द्वेषो न स्यादिति द्रष्टव्यम् ॥१३-४॥

"જેમનું સમ્યગ્દર્શન નાશ પામ્યું છે; એવા દ્રવ્યથી શ્રમણપણાના લિંગને ધરનારાઓને; તેઓ લાભાદિના અર્થી હોવાથી તેના ઉપાયમાં અને ફળને માનતા ન હોવાથી ફળ-મોક્ષમાં દ્વેષનો સંભવ હોતો નથી." - આ પ્રમાણે ચોથા શ્લોકનો સામાન્ય અર્થ છે.

આશય સ્પષ્ટ છે કે વ્યાપન્નદર્શનવાળા (મિથ્યાત્વને પામેલા) દ્રવ્યથી શ્રમણપણાનું અખંડ પાલન કરનારાને તેઓ લાભના (પૂજાદિના) અર્થી હોવાથી જ તેના ઉપાયભૂત ચારિત્રક્રિયા વગેરેમાં દ્વેષ થતો નથી. કારણ કે રાગની સામગ્રીમાં દ્વેષનો સંભવ નથી અને ચારિત્રના ફળ સ્વરૂપ મોક્ષને તેઓ સ્વીકારતા નથી; તેથી જ તેમાં તેમને દ્વેષ થતો નથી. તેઓ સ્વર્ગાદિસુખને છોડીને બીજું કોઈ મોક્ષતત્ત્વ માનતા નથી કે જેથી તેમાં તેમને દ્વેષનો અવકાશ રહે. ઉપરથી સ્વર્ગાદિસુખથી અભિન્ન એવા મોક્ષને માનવાથી તો તેમાં તેમને રાગ જ થાય છે. આ રીતે તો સ્વર્ગાદિસુખોથી અતિરિક્ત મોક્ષને ન માનવાથી મુક્તિ પ્રત્યે અદ્વેષ થતો હોવાથી; તે દ્વેષ અજ્ઞાનમૂલક છે. એવો મુક્ત્યદ્વેષ તો ઘણાને હોય છે. તેથી તે બધાને નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિનો પ્રસંગ આવશે. તેના નિવારણ માટે અખંડ શ્રામણ્યક્રિયાના પાલનને જ નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિમાં મુખ્ય કારણ માનવું જોઈએ. તેથી **वस्तुतो**... ઈત્યાદિ ગ્રંથ છે. તેનો આશય સ્પષ્ટ છે કે, પૂજાદિના લાભ માટે દ્રવ્યથી શ્રમણપણાનું પરિપાલન કરનારને એનો ખ્યાલ છે કે પોતાને જે ઈષ્ટ છે તેની પ્રાપ્તિ; મોક્ષ પ્રત્યે દ્વેષ કરવાથી તો નહીં જ થાય. તેથી મોક્ષ પ્રત્યેનો દ્વેષ પોતાના ઈષ્ટનો વિઘાત કરનારો છે... એમ સમજીને તેઓ મોક્ષ પ્રત્યે દ્વેષ કરતા નથી... ઈત્યાદિ વિચારવું જોઈએ. ॥૧૩-૪॥

'મુક્ત્યદ્વેષ'ની પ્રશંસાનું કારણ જણાવાય છે–

**मुक्तौ च मुक्त्युपाये च, मुक्त्यर्थं प्रस्थिते पुनः ।**
**यस्य द्वेषो न तस्यैव, न्याय्यं गुर्वादिपूजनम् ॥१३-५॥**

मुक्तौ चेति–स्पष्टः ॥१३-५॥

કહેવાનું તાત્પર્ય એ છે કે ગુરુદેવાદિપૂજન, સદાચાર, તપ અને મુક્તિ પ્રત્યે અદ્વેષ : આ ચાર સ્વરૂપ યોગની પૂર્વસેવા; આ પૂર્વે વર્ણવી છે. આ ચારમાં પણ મુક્તિ પ્રત્યેના અદ્વેષની પ્રશંસા યોગીન્દ્ર પુરુષો કરે છે. તેનું કારણ આ શ્લોકથી જણાવાય છે. "મોક્ષની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરનારાને વિશે; મુક્તિને વિશે અને મુક્તિના ઉપાયભૂત સમ્યગ્દર્શનાદિને વિશે જેઓને દ્વેષ થતો નથી, તેમનું જ ગુરુદેવાદિપૂજન વગેરે યોગ્ય છે." - આ પ્રમાણે પાંચમા શ્લોકનો અર્થ છે.

એનો આશય સમજી શકાય છે કે ગુરુદેવાદિપૂજા, સદાચાર અને તપ સ્વરૂપ યોગની પૂર્વસેવાથી મોક્ષની પ્રાપ્તિ માટેનો પ્રયત્ન શરૂ થાય છે. એ પ્રયત્ન મુક્તિ પ્રત્યેના અદ્વેષથી જ યોગ્ય બને છે. અન્યથા મુક્તિદ્વેષના કારણે યોગની પૂર્વસેવાની પ્રાપ્તિ થતી નથી. મોક્ષના કારણભૂત આત્મવ્યાપારને યોગ કહેવાય છે. યોગની પૂર્વસેવાથી તે યોગની પ્રાપ્તિ થાય છે, જે મોક્ષનું એકમાત્ર કારણ છે. પરંતુ મોક્ષ કે મોક્ષના ઉપાયભૂત યોગ પ્રત્યે જ દ્વેષ હોય તો ગુરુદેવાદિપૂજન, સદાચાર અને તપ સ્વરૂપ યોગની પૂર્વસેવા ફળને આપનારી ન જ બને એ સ્પષ્ટ છે. સાધ્ય પ્રત્યેના દ્વેષ સાધનની પ્રાપ્તિ કઇ રીતે કરાવે ?

અહીં એ સમજી લેવું જોઇએ કે મોક્ષની પ્રાપ્તિ માટેના પુરુષાર્થનો પ્રારંભ કરનારા આત્માઓને; મુક્તિ કે મુક્તિના ઉપાયોને વિશે દ્વેષ આવવાનું કોઇ જ કારણ નથી. પરંતુ ગમે ત્યાંથી પણ તે દ્વેષ આવ્યા વિના રહેતો નથી. મોક્ષનું સ્વરૂપ, એનાં અત્યંત સમર્થ સાધનો અને તેનો સાધનામાર્ગ : આ બધાનો થોડો વિચાર કરીએ તો સમજાશે કે મોક્ષ કે તેના સાધનાદિનો દ્વેષ કરવાનું ખરી રીતે કોઇ જ કારણ નથી. ફળ, તેના ઉપાયો અને તેના પામવા માટે પુરુષાર્થ કરનારા મહાત્માઓ : આ બધાનું તદ્દન નિરવદ્ય અને નિરુપદ્રવ સ્વરૂપ ખરેખર તો રાગને જન્માવે તેવું છે. તેના બદલે તેની પ્રત્યે દ્વેષ થાય : એ ખૂબ જ વિચિત્ર છે. આવું થવામાં અનાદિકાળના આપણા કુસંસ્કારો મુખ્યતયા કારણ બને છે. અજ્ઞાનના કારણે એ કુસંસ્કારો ખૂબ જ દૃઢ બને છે. ધર્મશ્રવણાદિ દ્વારા અજ્ઞાનની માત્રા ઓછી થાય એટલે ઉપર જણાવ્યા મુજબ મોક્ષ, તેના ઉપાયો અને તેને પામવા માટે પ્રયત્નશીલ આત્માઓ પ્રત્યે દ્વેષ આવતો નથી.

મોક્ષની સાધના કરતી વખતે આવી પડતું દુઃખ; ખરેખર તો ભૂતકાળના કર્મનો વિપાક હોય છે. એનો વિચાર કર્યા વિના; 'મોક્ષની સાધના કરવાના કારણે તે દુઃખ આવ્યું છે' : એમ માની લઇને દુઃખના કારણ સ્વરૂપે મોક્ષાદિની પ્રત્યે આપણે દ્વેષ કરીએ છીએ; તે ભયંકર કોટિનું અજ્ઞાન છે. વસ્તુતત્ત્વનો પરામર્શ(જ્ઞાન) આપણને તેની પ્રત્યેના રાગ-દ્વેષથી દૂર રાખે છે. સાચા-ખોટાનો વિવેક સુખદુઃખના વિકલ્પને દૂર કરી આત્માને વિકલ્પરહિત બનાવે છે. માની લીધેલા સુખની આસક્તિ પણ મુક્તિ વગેરેમાં દ્વેષનું કારણ બને છે. મોક્ષના સ્વરૂપની પ્રતીતિથી એ કલ્પિત સુખની આસક્તિ નાશ પામે છે અને તેથી મોક્ષ

વગેરે પ્રત્યે દ્વેષ થતો નથી. ગમે તે રીતે સુખની આસક્તિથી મુક્ત બન્યા વિના ચાલે એવું જ નથી. સંસાર ઉપર થોડો દ્વેષ જાગે તો મોક્ષ પ્રત્યે અદ્વેષ થઇ શકે. સંસારનો રાગ જ મોક્ષ પ્રત્યે દ્વેષ કરાવે છે - એ યાદ રાખ્યા વિના મુક્ત્યદ્વેષને પ્રાપ્ત કરવાનું શક્ય નથી. ॥૧૩-૫॥

ગુરુદેવાદિપૂજન અને સદાચાર વગેરે સ્વરૂપ યોગની પૂર્વસેવા મુક્ત્યદ્વેષ વિના ન્યાય્ય નથી, એનું કારણ જણાવાય છે–

**गुरुदोषवतः स्वल्पा, सत्क्रियापि गुणाय न ।**
**भौतहन्तुर्यथा तस्य, पदस्पर्शनिषेधनम् ॥१३-६॥**

गुर्विति–गुरुदोषवतोऽधिकदोषवतः । स्वल्पा स्तोका सत्क्रियापि सच्चेष्टापि गुणाय न भवति । यथा भौतहन्तुर्भस्मव्रतिघातकस्य तस्य भौतस्य पदस्पर्शनस्य चरणसङ्घट्टनस्य निषेधनम् । कस्यचित् खलु शबरस्य कुतोऽपि प्रस्तावात्तपोधनानां पादेन स्पर्शनम् महतेऽनर्थाय सम्पद्यत इति श्रुतधर्मशास्त्रस्य कदाचिन्मयूरपिच्छैः प्रयोजनमजायत । यदाऽसौ निपुणमन्वेषमाणो न लेभे, तदा श्रुतमनेन तथा भौतसाधुसमीपे तानि सन्ति, ययाचिरे च तानि तेन तेभ्यः, परं न किञ्चिल्लेभे । ततोऽसौ शस्त्रव्यापारपूर्वकं तान्निगृह्य जग्राह तानि, पादेन स्पर्शं च परिहृतवान् । यथाऽस्य पादस्पर्शपरिहारो गुणोऽपि शस्त्रव्यापारेणोपहतत्वान्न गुणः, किं तु दोष एव । एवं मुक्तिद्वेषिणां गुरुदेवादिपूजनं योजनीयम् ॥१३-६॥

"મોટાદોષવાળાની થોડી સત્ક્રિયા પણ ગુણ માટે થતી નથી. ભૌતસાધુને હણનાર ભિલ્લ પુરુષે જેમ તે ભૌત સાધુને પગથી સ્પર્શ ન કર્યો..." આ પ્રમાણે છઠ્ઠા શ્લોકનો અક્ષરાર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે અધિક દોષ(ગુરુ-મજબૂત દોષ)વાળાની થોડી સચ્ચેષ્ટા પણ ગુણને માટે થતી નથી. શરીરે ભસ્મ(રાખ) લગાડવાનું જેને વ્રત છે; એવા ભૌતસાધુને હણી નાખનારે જેમ ભૌતસાધુને પગથી સ્પર્શ કરવાનો નિષેધ કર્યો. સાધુને પગ લગાડવાની અપેક્ષાએ સાધુને મારી નાખવા સ્વરૂપ દોષ અધિક છે. એવા અધિકદોષવાળાએ; સાધુને પગ નહીં લગાડવા સ્વરૂપ જે થોડી સચ્ચેષ્ટા કરી, તે ગુણ માટે થતી નથી.

પ્રસંગ એવો બનેલો; કોઇ એક ભિલ્લ હતો. કોઇ અવસરે એને સાંભળવા મળેલું કે તપોધનોને (તપસ્વી મહાત્માઓને) પગ લગાડવાથી મોટા અનર્થની

પ્રાપ્તિ થાય છે. આ પ્રમાણે ધર્મશાસ્ત્રનું શ્રવણ કરેલા તે ભિલ્લને કોઇ સમયે મોરનાં પીંછાંનું કામ પડ્યું. ખૂબ જ પ્રયત્નપૂર્વક તેણે તે શોધ્યાં, પરંતુ મળ્યાં નહીં. તે વખતે તેણે સાંભળ્યું કે ભૌતસાધુઓ પાસે મોરપીંછાં છે. તેથી તે સાધુઓ પાસે તેણે તે માંગ્યાં, પરંતુ એક પણ પીછું તેમણે તેને ન આપ્યું. તેથી તે ભિલ્લે સાધુઓનો શસ્ત્રનો ઉપયોગ કરી નિગ્રહ કરવા વડે તેમની પાસેથી તે પીંછાં લઇ લીધાં. પણ તે વખતે તેણે સાધુઓને પગથી સ્પર્શ ન કર્યો. અહીં સાધુઓને પગ ન લગાડવા સ્વરૂપ ગુણ પણ; શસ્ત્રનો ઉપયોગ કરવાના કારણે જેમ ગુણરૂપે રહેતો નથી, પરંતુ દોષ જ ગણાય છે તેમ મુક્તિનો દ્વેષ રાખવાના કારણે ગુરુદેવાદિપૂજા વગેરે ગુણો પણ ગુણસ્વરૂપ રહેતા નથી, પણ દોષસ્વરૂપ જ મનાય છે. ॥૧૩-૬॥

મુક્તિ પ્રત્યેના દ્વેષના કારણે ગુરુદેવાદિપૂજા વગેરે ગુણો દોષસ્વરૂપ જે કારણે મનાય છે, તે જણાવાય છે–

**मुक्त्यद्वेषान्महापायनिवृत्त्या यादृशो गुणः ।**
**गुर्वादिपूजनात् तादृक्, केवलान्न भवेत् क्वचित् ॥१३-७॥**

मुक्त्यद्वेषादिति–स्पष्टः ॥१३-७॥

આશય એ છે કે - મુક્તિ પ્રત્યેના દ્વેષ અને અદ્વેષના કારણે ગુરુપૂજાદિ-સ્વરૂપ અનુષ્ઠાનો અનુક્રમે અન્યાય્ય અને ન્યાય્ય બને છે - એનું જે કારણ છે, તે જણાવાય છે. ગુર્વાદિકની પૂજા વગેરે અનુષ્ઠાનો તો એકસરખાં જ છે તો મુક્ત્યદ્વેષાદિના કારણે એમાં ભેદ શા માટે મનાય છે ? આ શંકાનું સમાધાન કરાય છે–

"મુક્ત્યદ્વેષના કારણે મહાપાયની નિવૃત્તિ થવાથી; તે વખતે ગુરુદેવાદિની પૂજા વગેરેથી જેવો ગુણ થાય છે, તેવો ગુણ કેવળ ગુરુદેવાદિપૂજન વગેરેથી થતો નથી." - આ પ્રમાણે સાતમા શ્લોકનો અર્થ છે. એનો આશય ખૂબ જ સ્પષ્ટ છે કે - મુક્ત્યદ્વેષના કારણે સંસાર નામના મહાન અપાયની નિવૃત્તિ થાય છે. મુક્તિ પ્રત્યે અદ્વેષ ન હોય ત્યારે સંસારસ્વરૂપ અપાયની નિવૃત્તિ કોઇ પણ રીતે શક્ય બનતી નથી. કારણ કે ત્યારે સંસાર અપાયસ્વરૂપ જણાતો નથી. મુક્ત્યદ્વેષથી એ મહાપાયની નિવૃત્તિ થાય છે. તેથી તે વખતે કરાતા

ગુરુદેવાદિપૂજનાદિ અનુષ્ઠાનથી જે ગુણ પ્રાપ્ત થાય છે, તે ગુણ મુક્ત્યદ્વેષથી રહિત એવી કેવળ તે તે પૂર્વસેવાથી (ગુરુદેવાદિપૂજન વગેરેથી) પ્રાપ્ત થતો નથી. અહીં સંસારથી પાર ઊતરવા સ્વરૂપ મહાપાયનિવૃત્તિ છે. યોગની પૂર્વસેવાને કરનારા આત્માઓને સંસારમાં રહેવું પડે છે : એ એક મોટો અપાય જણાય છે. મુક્તિ પ્રત્યેના દ્વેષનો અભાવ થવાથી સંસારથી પાર ઊતરવાનો આરંભ થાય છે અને તેથી મોક્ષ તરફના ગમનમાં; યોગની પૂર્વસેવા સ્વરૂપ ગુરુદેવાદિપૂજા વગેરે, સમ્યગ્જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિ કરાવવા દ્વારા અનુકૂળ બને છે. મુક્તિ પ્રત્યે દ્વેષ હોય ત્યારે યોગની પૂર્વસેવા તેવા પ્રકારના ગુણનું કારણ બનતી નથી, એ સમજી શકાય છે. અહીં શ્લોકમાં '**महापाय**'ના સ્થાને '**महापाप**' આવો પાઠ હતો. પરંતુ 'યોગબિંદુ'માં '**महापाय**' આવો પાઠ હોવાથી એ પાઠ રાખ્યો છે. ॥૧૩-૭॥

ભિન્ન ભિન્ન કર્તાને આશ્રયીને ગુરુદેવાદિપૂજનાદિ અનુષ્ઠાનોની ભિન્નતાને દૃષ્ટાંતપૂર્વક જણાવાય છે–

**एकमेव ह्यनुष्ठानं, कर्तृभेदेन भिद्यते ।**
**सरुजेतरभेदेन, भोजनादिगतं यथा ॥१३-८॥**

एकमेवेति–एकमेव ह्यनुष्ठानं देवतापूजनादि । कर्तृभेदेन चरमाचरमावर्तगतजन्तुकर्तृकतया । भिद्यते विशिष्यते । सरुजेतरयोः सरोगनीरोगयोर्भोक्त्रोर्भेदेन । भोजनादिगतं भोजनपानशयनादिगतं यथाऽनुष्ठानम् । एकस्य रोगवृद्धिहेतुत्वाद्, अन्यस्य बलोपचायकत्वादिति । सहकारिभेद एवायं न तु वस्तुभेद इति चेन्न, इतरसहकारिसमवहितत्वेन फलव्याप्यतापेक्षया तदवच्छेदककारणभेदस्यैव कल्पनौचित्यात्तथैवानुभवादिति कल्पलतायां विपञ्चितत्वात् ॥१३-८॥

"રોગી અને રોગરહિત માણસને જેમ ભોજનસંબંધી વસ્તુ એક હોવા છતાં ભિન્ન ફળને આપનારી હોવાથી ભિન્ન મનાય છે તેમ એકસરખું પણ અનુષ્ઠાન કર્તાના ભેદથી ભિન્ન મનાય છે." - આ પ્રમાણે આઠમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે દેવતાપૂજાદિ એક જ અનુષ્ઠાન; ચરમાવર્ત્તમાં આવેલા કર્ત્તા વડે અને ચરમાવર્ત્તથી બહાર રહેલા કર્ત્તા વડે કરાતું હોવાથી કર્ત્તાના ભેદથી ભિન્ન મનાય છે. સરોગ અને નિરોગ માણસને ભોજન વગેરે (પાન-વસ્ત્ર-ગૃહ વગેરે) સંબંધી એક જ વસ્તુ ભિન્ન ભિન્ન ફલને આપનારી બને

છે. રોગીને એ વસ્તુ રોગની વૃદ્ધિનું કારણ બને છે અને એ જ વસ્તુ નિરોગીને બળ વધારનારી બને છે. તેથી તે જેમ ભિન્ન મનાય છે તેમ દેવતાપૂજાદિ અનુષ્ઠાન એક જ હોવા છતાં ચરમાવર્ત્તવર્ત્તીને યોગનું કારણ બને છે અને અચરમાવર્તવર્તીને એ જ અનુષ્ઠાન સંસારવૃદ્ધિનું કારણ બને છે. તેથી તે અનુષ્ઠાન કર્ત્તાના ભેદથી ભિન્ન મનાય છે.

અહીં યાદ રાખવું જોઇએ કે અચરમાવર્ત્તવર્ત્તી ભવ્ય કે અભવ્યને મુક્તિ પ્રત્યે દ્વેષ પણ હોય છે અને સામાન્ય રીતે ગ્રંથિદેશે આવે ત્યારે મુક્તિ પ્રત્યે અદ્વેષ પણ હોય છે. પરંતુ તે મુક્ત્યદ્વેષ યોગની પ્રાપ્તિમાં કારણ બનતો નથી. ચરમાવર્ત્તવર્ત્તી ભવ્ય જીવોનો મુક્તિ પ્રત્યેનો અદ્વેષ તેમને યોગની પ્રાપ્તિનું કારણ બને છે. તેથી અહીં ચરમાવર્ત્ત અને અચરમાવર્ત્ત વર્ત્તી જીવોની અપેક્ષાએ અનુષ્ઠાનમાં ભિન્નતા બતાવી છે.

“ચરમાવર્ત્તકાળમાં અને અચરમાવર્ત્તકાળમાં થનાર ગુરુદેવાદિપૂજા વગેરે તે તે અનુષ્ઠાનો યદ્યપિ એક જ છે પરંતુ કાલાદિ સહકારીકારણના સમવધાન અને અસમવધાનના કારણે ફળમાં ભેદ થાય છે. તેથી કર્તૃભેદથી અનુષ્ઠાનને ભિન્ન માનવાની જરૂર નથી...” - આ પ્રમાણે નહિ કહેવું જોઇએ. કારણ કે ઇતર(સહકારી કાલાદિ)સમવહિતસ્વરૂપે કારણમાં રહેલી વ્યાપકતા નિરૂપિત વ્યાપ્યતા ફળમાં માનવાની અપેક્ષાએ કારણતાવચ્છેદકવિશેષને લઇને તે તે કારણના ભેદથી જ કાર્યમાં ભેદ માનવાનું ઉચિત છે. દણ્ડત્વેન દંડ, ઘટની પ્રત્યે કારણ મનાય છે. કપાલાદિસમવહિતત્વેન દંડાદિનિરૂપિતવ્યાપ્યતા(કાર્યતા) ઘટાદિમાં મનાતી નથી. કારણતાચ્છેદકના ભેદથી કારણતા ભિન્ન હોય છે, જેને લઇને કાર્ય-ફળમાં ભેદ થાય છે. કારણતાવચ્છેદક(દંડત્વાદિ) ધર્મના ભેદથી કારણભેદ અનુભવસિદ્ધ છે... ઇત્યાદિ સ્યાદ્‌વાદકલ્પલતામાં ગ્રંથકારશ્રીએ વિસ્તારથી વર્ણવ્યું છે. જિજ્ઞાસુઓએ તે ત્યાંથી સમજી લેવું જોઇએ. ॥૧૩-૮॥

એક જ અનુષ્ઠાન કર્ત્તાના ભેદથી ભિન્ન છે : એ વાતની દૃઢતા માટે જણાવાય છે–

**भवाभिष्वङ्गतस्तेनानाभोगाच्च विषादिषु ।**
**अनुष्ठानत्रयं मिथ्या, द्वयं सत्यं विपर्ययात् ॥१३-९॥**

भवेति–तेन कर्तृभेदादनुष्ठानभेदेन भेदनम् । भवाभिष्वङ्गतः संसारसुखाभिलाषाद् । अनाभोगतः सन्मूर्छनजप्रवृत्तितुल्यतया च । विषादिष्वनुष्ठानेषु मध्ये । अनुष्ठानत्रयमादिमं मिथ्या निष्फलम् । द्वयमुत्तरं च सफलम् । विपर्ययाद् भवाभिष्वङ्गानाभोगाभावात् ।।१३-९।।

"ભવાભિષ્વંગ અને અનાભોગના કારણે કર્ત્તાના ભેદથી અનુષ્ઠાન ભિન્ન થાય છે. વિષાદિ અનુષ્ઠાનોમાં ત્રણ મિથ્યા છે અને બે, ભવાભિષ્વંગ તથા અનાભોગના અભાવના કારણે સાચા છે." - આ પ્રમાણે નવમા શ્લોકનો અર્થ છે. આશય સ્પષ્ટ છે કે ચરમાવર્ત્ત અને અચરમાવર્ત્ત કાલીન કર્ત્તાના ભેદથી અનુષ્ઠાનમાં જે ભેદ થાય છે; તે ભવાભિષ્વંગ અને અનાભોગના પરિણામને લઈને થાય છે.

સંસારસુખની અભિલાષાને ભવાભિષ્વંગ કહેવાય છે. ભવ પ્રત્યેના રાગના કારણે જે આસક્તિ થાય છે તે ભવાભિષ્વંગના કારણે તેમ જ સમ્મૂર્ચ્છિમ જીવોની પ્રવૃત્તિ જેવી અનુપયોગવાળી પ્રવૃત્તિના પરિણામના કારણે તે તે અનુષ્ઠાનો ભિન્ન ભિન્ન મનાય છે. અનુષ્ઠાનકર્ત્તાના આશયવિશેષે દરેક અનુષ્ઠાનના સામાન્યથી પાંચ પાંચ પ્રકાર થાય છે. એમાં પ્રથમનાં ત્રણ અનુષ્ઠાનો મિથ્યા-નિષ્ફળ છે. ભવાભિષ્વંગ અને અનાભોગના કારણે તે અનુષ્ઠાનથી મોક્ષ-સ્વરૂપ ફળની પ્રાપ્તિ થતી નથી. છેલ્લાં બે અનુષ્ઠાનો સાચાં-સફળ છે. કારણ કે તે બે અનુષ્ઠાનો ભવાભિષ્વંગના અને અનાભોગના અભાવવાળા હોવાથી તે બંન્ને અનુષ્ઠાનથી મોક્ષસ્વરૂપ ફળની પ્રાપ્તિ થાય છે.

અહીં યાદ રાખવું જોઈએ કે પાંચ અનુષ્ઠાનોમાં ત્રણ અનુષ્ઠાનોને જે નિષ્ફળ-મિથ્યા તરીકે વર્ણવ્યાં છે તે મોક્ષસ્વરૂપ ફળની અપેક્ષાએ વર્ણવ્યાં છે. આ વાત ધર્માનુષ્ઠાન કરનારે ક્યારે પણ ભૂલવી ના જોઈએ. ધર્મનું ફળ મોક્ષ જ હોય : એ સમજી શકાય છે. સંસારનું સુખ મળે કે ન પણ મળે ! પરંતુ એથી ધર્માત્માને કશો જ ફરક પડતો નથી. જેને મોક્ષમાં જ જવું છે અને સંસારમાં રહેવું નથી તેને સંસારમાં શું મળ્યું અને શું ના મળ્યું - એની ચિંતા ન હોય તે સમજી શકાય છે. એવી ચિંતા કરવાથી આરાધેલો ધર્મ મોક્ષસાધક બનતો નથી. તેથી વિષાદિ ત્રણ અનુષ્ઠાનોને અહીં મિથ્યા તરીકે વર્ણવ્યાં છે અને છેલ્લાં બે અનુષ્ઠાનોને સાચાં તરીકે

વર્ણવ્યાં છે. કારણ કે તેનાથી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. ભવનો અભિષ્વંગ અને અનાભોગ મોક્ષપ્રાપ્તિ માટે પ્રતિબંધક છે. ||૧૩-૯||

ભવાભિષ્વંગ અને અનાભોગનું સ્વરૂપ વર્ણવાય છે–

**इहामुत्र फलापेक्षा, भवाभिष्वङ्ग उच्यते ।**
**क्रियोचितस्य भावस्यानाभोगस्त्वतिलङ्घनम् ।।१३-१०।।**

इहेति–प्रागेव शब्दार्थकथनाद् गतार्थोऽयम् ।।१३-१०।।

"આ લોક અને પરલોક સંબંધી ફળની અપેક્ષાને ભવાભિષ્વંગ કહેવાય છે અને ક્રિયાને ઉચિત એવા ભાવના અતિલંઘનને અનાભોગ કહેવાય છે." - આ પ્રમાણે દશમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે આ મનુષ્યભવસંબંધી કીર્ત્તિ વગેરે તેમ જ પરલોકસંબંધી દેવતા વગેરેની વૃદ્ધિ-વિભૂતિ વગેરેની જે અપેક્ષા છે તેને ભવાભિષ્વંગ કહેવાય છે. અહીં અપેક્ષા સ્પૃહા (ઉત્કટ ઇચ્છા) સ્વરૂપ છે. ધર્મથી આ લોકાદિના ફળને પ્રાપ્ત કરવાની સ્પૃહા સ્વરૂપ ભવાભિષ્વંગથી; પાંચ પ્રકારનાં અનુષ્ઠાનમાંથી પહેલાં બે અનુષ્ઠાન થાય છે.

ત્રીજું અનુષ્ઠાન અનાભોગથી થાય છે. જે જે ક્રિયા કરવાની શરૂઆત કરી હોય, ત્યારે તે તે ક્રિયાને ઉચિત જે ભાવ છે તેના અભાવને અનાભોગ કહેવાય છે. શ્રી વીતરાગ પરમાત્માએ તે તે ક્રિયા કરવાની પાછળ અનેક ભાવોને દર્શાવ્યા છે. સામાન્યથી તેની વિચારણા કરીએ તો સમજાશે કે ગૃહસ્થપણામાં જે જે ક્રિયાઓનું વિધાન કરાયું છે, તે બધાની પાછળ એકમાત્ર સર્વવિરતિધર્મ પ્રાપ્ત કરવાનો ભાવ સમાયેલો છે અને પૂ. સાધુભગવંતો માટે તે તે ક્રિયાની પાછળ એકમાત્ર કર્મનિર્જરા દ્વારા વીતરાગતા પ્રાપ્ત કરવાનો ભાવ સમાયેલો છે. એ ભાવના અભાવ સ્વરૂપ અવસ્થાને અનાભોગ કહેવાય છે. ભાવશૂન્યદશા સ્વરૂપ અહીં ભાવનું અતિલંઘન છે. વિહિત કરેલા અનુષ્ઠાનને કરતી વખતે તેને ઉચિત અધ્યવસાયનો જે અભાવ છે, તેને અનાભોગ કહેવાય છે. ભવાભિષ્વંગ કદાચ ન પણ હોય પરંતુ તે વખતે અનાભોગનો પરિહાર કરવાનું થોડું વધારે કપરું છે. ઉપયોગપૂર્વક અનુષ્ઠાન કરવાનું ઘણું જ અઘરું છે. સમ્મૂચ્છિમ જીવોને દ્રવ્યમન હોતું નથી અને અનાભોગથી અનુષ્ઠાન કરનારાને વિવક્ષિત ઉપયોગ

હોતો નથી. તેથી અનાભોગથી થતી પ્રવૃત્તિ સમ્મૂર્ચ્છિમ જીવોની પ્રવૃત્તિ જેવી છે. એવી પ્રવૃત્તિથી કોઈ જ ફળ પ્રાપ્ત થતું નથી. ॥૧૩-૧૦॥

આ પૂર્વે નવમા શ્લોકમાં **विषादिषु** - આ પદથી વિષાદિ અનુષ્ઠાનો જણાવ્યાં હતાં. તે પાંચ અનુષ્ઠાનોનાં નામો જણાવાય છે–

**विषं गरोऽननुष्ठानं, तद्धेतुरमृतं परम् ।**
**गुर्वादिपूजानुष्ठानमिति पञ्चविधं जगुः ॥१३-११॥**

विषमिति–पञ्चानामनुष्ठानानामयमुद्देशः ॥१३-११॥

પાંચ અનુષ્ઠાનોનો ઉદ્દેશ આ શ્લોકથી કર્યો છે. માત્ર નામથી વસ્તુનું જે નિરૂપણ કરાય છે; તેને ન્યાયની પરિભાષામાં ઉદ્દેશ કહેવાય છે. ઉદ્દેશ કરતી વખતે વસ્તુનું નામથી જ નિરૂપણ કરવાનું હોય છે; ત્યારે તેનાં લક્ષણ અને સ્વરૂપાદિનો વિચાર કરાતો નથી. "વિષ, ગર, અનનુષ્ઠાન, તદ્હેતુ અને શ્રેષ્ઠ એવું અમૃત : આ પાંચ પ્રકારે ગુર્વાદિપૂજા (વગેરે દરેક) અનુષ્ઠાન છે - આ પ્રમાણે અનુષ્ઠાનોના જાણકારો કહે છે." - આ પ્રમાણે અગિયારમા શ્લોકનો અર્થ સ્પષ્ટ છે.

કહેવાનો આશય એ છે કે ગુરુ વગેરેની પૂજાદિ દરેક અનુષ્ઠાનોના પાંચ પાંચ પ્રકાર છે. વિષાનુષ્ઠાન, ગરાનુષ્ઠાન, અનનુષ્ઠાન : આ ત્રણ અનુષ્ઠાનો નિષ્ફળ છે અને તદ્હેતુ-અનુષ્ઠાન તથા અમૃતાનુષ્ઠાન : આ બે અનુષ્ઠાન સફળ છે. સ્થાવર-વૃક્ષાદિ અને જંગમ સોમલાદિ સ્વરૂપ વિષ બે પ્રકારનાં છે. વિષજેવા વિષ સ્વરૂપ હોવાથી અનુષ્ઠાનને વિષાનુષ્ઠાન કહેવાય છે. ગર પણ એક પ્રકારનું વિષવિશેષ જ છે. માત્ર તે ખરાબ દ્રવ્યના સંયોગથી થાય છે. અનુષ્ઠાનના ફળને નહીં આપનારું અને અનુષ્ઠાનજેવું હોવાથી અનુષ્ઠાનાભાસ સ્વરૂપ તે અનુષ્ઠાનને અનનુષ્ઠાન કહેવાય છે. સફળ અનુષ્ઠાનનું જે કારણભૂત અનુષ્ઠાન છે; તેને તદ્હેતુ(તદ્ધેતુ) અનુષ્ઠાન કહેવાય છે અને મરણના અભાવનું કારણ હોવાથી અમૃતજેવું અનુષ્ઠાન અમૃતાનુષ્ઠાન કહેવાય છે... ઈત્યાદિ હવે પછીના શ્લોકોથી જણાવાશે. અહીં તો અનુષ્ઠાનોનો વિભાગ (ઉદ્દેશ) જ અભિપ્રેત હોવાથી અનુષ્ઠાનોનો નામમાત્રથી જ ઉલ્લેખ કર્યો છે. ॥૧૩-૧૧॥

વિષાનુષ્ઠાનાદિનું સ્વરૂપ વર્ણવાય છે–

**विषं लब्ध्याद्यपेक्षातः, क्षणात् सच्चित्तमारणात् ।**
**दिव्यभोगाभिलाषेण, गरः कालान्तरे क्षयात् ।।१३-१२।।**

विषमिति–लब्ध्याद्यपेक्षातो लब्धिकीर्त्यादिस्पृहातो यदनुष्ठानं तद्विषमुच्यते । क्षणात्तत्कालं चित्तस्य शुभान्तःकरणपरिणामस्य नाशनात् तदात्तभोगेनैव तदुपक्षयाद् । अन्यदपि हि स्थावरजङ्गमभेदभिन्नं विषं तदानीमेव नाशयति । दिव्यभोगस्याभिलाष ऐहिकभोगनिरपेक्षस्य सतः स्वर्गसुखवाञ्छालक्षणस्तेन अनुष्ठानं गर उच्यते । कालान्तरे भवान्तरलक्षणे क्षयाद्भोगात्पुण्यनाशेनानर्थसम्पादनात् । गरो हि कुद्रव्यसंयोगजो विषविशेषः, तस्य च कालान्तरे विषविकारः प्रादुर्भवतीति उभयापेक्षाजनितमतिरिच्यते नोभयापेक्षायामप्यधिकस्य बलवत्त्वादिति सम्भावयामः ।।१३-१२।।

"લબ્ધિ વગેરેની અપેક્ષાના કારણે તત્કાલે સચ્ચિત્તપરિણામનો નાશ કરનાર અનુષ્ઠાનને વિષાનુષ્ઠાન કહેવાય છે અને દિવ્યભોગની અભિલાષાના કારણે ભવાંતરે અનર્થ પ્રાપ્ત કરાવનાર અનુષ્ઠાનને ગરાનુષ્ઠાન કહેવાય છે." - આ પ્રમાણે બારમા શ્લોકનો અર્થ છે.

શ્લોકાર્થને જણાવતાં ટીકામાં ગ્રંથકારશ્રીએ ફરમાવ્યું છે કે - લબ્ધિ, પૂજા, ખ્યાતિ અને યશ વગેરેની સ્પૃહાથી જે અનુષ્ઠાન થાય છે, તે વિષાનુષ્ઠાન કહેવાય છે. એ અનુષ્ઠાન તત્કાળ શુભઅંતઃકરણના પરિણામનો નાશ કરે છે. કારણ કે જે લબ્ધિ, કીર્ત્તિ વગેરેના આશયથી એ અનુષ્ઠાન કરાય છે તે અનુષ્ઠાનથી તે લબ્ધિ વગેરેની પ્રાપ્તિ થયા પછી તેના ભોગથી જ શુભપરિણામનો નાશ થઈ જાય છે. દુનિયાનું વિષ પણ સ્થાવર હોય કે જંગમ હોય, પરંતુ તેના ભોગથી તરત જ તે, શરીરનો નાશ કરે છે.

આ લોકસંબંધી લબ્ધિ, ખ્યાતિ વગેરે ફળના ભોગની જેને અપેક્ષા નથી; પણ સ્વર્ગના સુખની જેને ઈચ્છા છે, તેની તે દિવ્યસુખની અભિલાષાથી તે જે અનુષ્ઠાન કરે છે તે ગરાનુષ્ઠાન છે. ભવાંતરમાં દિવ્યસુખાદિના ભોગથી પુણ્યનો ક્ષય થયા પછી અનર્થોની પ્રાપ્તિ થતી હોવાથી તે અનુષ્ઠાનને ગરાનુષ્ઠાન કહેવાય છે. ગર તો કુદ્રવ્યોના સંયોગથી ઉત્પન્ન થનારું વિષવિશેષ છે. આ વિષની બાધા(વિકાર) તત્કાળ થતી નથી પરંતુ કાલાંતરે થાય છે. તેથી ઉભયકુદ્રવ્યોની અપેક્ષાએ (કારણે) ઉત્પન્ન થનાર ગરને જેમ વિષથી ભિન્ન મનાય છે, તેમ

ગરાનુષ્ઠાન પણ વિષાનુષ્ઠાનથી ભિન્ન મનાય છે. કારણ કે અહીં પણ પુણ્ય અને પાપ બંન્નેની અપેક્ષા છે. 'ઉભયની અપેક્ષામાં પ્રમાણનું આધિક્ય હોવાથી ગરને વિષથી અતિરિક્ત મનાય છે. કારણ કે અધિક; બળવાન હોય છે.' આવી સંભાવના નથી... ઇત્યાદિ અધ્યાપક પાસેથી સમજી લેવું જોઇએ. ||૧૩-૧૨||

હવે અનનુષ્ઠાનાદિ ત્રણ અનુષ્ઠાનોનું સ્વરૂપ જણાવાય છે–

**सम्मोहादननुष्ठानं, सदनुष्ठानरागतः ।**
**तद्धेतुरमृतन्तु स्याच्छ्रद्धया जैनवर्त्मनः ॥१३-१३॥**

संमोहादिति–संमोहात् सन्निपातोपहतस्येव सर्वतोऽनध्यवसायादननुष्ठानमुच्यते, अनुष्ठानमेव न भवतीति कृत्वा । सदनुष्ठानरागतस्तात्त्विकदेवपूजाद्याचारभावबहुमानादादिधार्मिककालभाविदेवपूजाद्यनुष्ठानं तद्धेतुरुच्यते । मुक्त्यद्वेषेण मनाग् मुक्त्यनुरागेण वा शुभभावलेशसङ्गमादस्य सदनुष्ठानहेतुत्वात्। जैनवर्त्मनो जिनोदितमार्गस्य श्रद्धया इदमेव तत्त्वमित्यध्यवसायलक्षणया त्वनुष्ठानममृतं स्यादमरणहेतुत्वात् । तदुक्तं–"जिनोदितमिति त्वाहुर्भावसारमदः पुनः । संवेगगर्भमत्यन्तममृतं मुनिपुङ्गवाः ॥१॥" ॥१३-१३॥

"સંમોહથી અનનુષ્ઠાન થાય છે; સદનુષ્ઠાનના રાગથી તદ્હેતુ-અનુષ્ઠાન થાય છે અને શ્રી જિનેશ્વરદેવોએ ઉપદેશેલા માર્ગની શ્રદ્ધાથી અમૃત-અનુષ્ઠાન થાય છે." - આ પ્રમાણે તેરમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે સન્નિપાતરોગથી ઉપહત થયેલા માણસની જેમ બધી રીતે અધ્યવસાયથી રહિત સાવ સમ્મૂર્ચ્છિમ જીવોની પ્રવૃત્તિ જેવું અનુષ્ઠાન કરાય છે, તે અનુષ્ઠાનને અનનુષ્ઠાન કહેવાય છે. એનું કોઇ જ ફળ ન હોવાથી ખરી રીતે તે અનુષ્ઠાન જ હોતું નથી, તેથી તેને અનનુષ્ઠાન કહેવાય છે.

તાત્ત્વિક દેવપૂજાદિ આચારો પ્રત્યે, કરવાના ભાવપૂર્વકના બહુમાનથી ધર્મની આરાધનાની શરૂઆતમાં આદિધાર્મિક જીવો જે દેવપૂજાદિ અનુષ્ઠાન કરે છે તેને તદ્હેતુ-અનુષ્ઠાન કહેવાય છે. આ અનુષ્ઠાન વખતે મુક્તિ પ્રત્યે દ્વેષ ન હોવાથી તેમ જ સહેજ મુક્તિ પ્રત્યે અનુરાગ હોવાથી શુભ ભાવના અંશની પ્રાપ્તિ થાય છે અને તેથી તેમનાં તે તે દેવપૂજાદિ અનુષ્ઠાનો સદનુષ્ઠાનોનાં કારણ બને છે.

શ્રી જિનેશ્વરદેવોએ ઉપદેશેલા માર્ગ પ્રત્યે 'આ જ તત્ત્વ છે' આવી શ્રદ્ધાથી જે અનુષ્ઠાન થાય છે, તેને અમૃત-અનુષ્ઠાન કહેવાય છે. કારણ કે તે અનુષ્ઠાન,

જ્યાં મરણનો સર્વથા અભાવ છે એવા અમરણસ્વરૂપ મોક્ષનું કારણ બને છે. યોગબિંદુમાં અમૃત-અનુષ્ઠાનનું વર્ણન કરતાં ફરમાવ્યું છે કે - "શ્રી જિનેશ્વરભગવંતોએ ઉપદેશ્યું છે : એમ સમજીને મોક્ષની તીવ્ર અભિલાષાથી પરમશ્રદ્ધાપૂર્વક જે અનુષ્ઠાન કરાય છે તે અનુષ્ઠાનને શ્રી ગૌતમાદિ મહામુનિઓ અમૃત-અનુષ્ઠાન કહે છે." ॥૧૩-૧૩॥

**एकमेव**... ઇત્યાદિ શ્લોકથી (આઠમા શ્લોકથી) જણાવેલી વાતનો ઉપસંહાર (સમાપન) કરાય છે–

**चरमे पुद्गलावर्त्ते, तदेवं कर्तृभेदतः ।**
**सिद्धमन्यादृशं सर्वं, गुरुदेवादिपूजनम् ॥१३-१४॥**

चरम इति–निगमनं स्पष्टम् ॥१३-१४॥

શ્લોકાર્થ સ્પષ્ટ છે. આશય એ છે કે આ પૂર્વે આઠમા શ્લોકથી કર્ત્તાના ભેદથી અનુષ્ઠાનમાં ભેદ છે તે જણાવ્યું હતું. એના સમર્થનમાં વિષાનુષ્ઠાનાદિ પાંચ પ્રકાર, દરેક અનુષ્ઠાનના જણાવ્યા. તેથી આ શ્લોકથી કર્ત્તાના ભેદે અનુષ્ઠાનોનો ભેદ સિદ્ધ છે એ જણાવીને નિગમન કરાય છે. દરેક અનુષ્ઠાનો પાંચ પ્રકારનાં છે એ સિદ્ધ થયે છતે; તે તે આશયવિશેષને લઇને કર્ત્તાના ભેદને આશ્રયીને ગુરુદેવાદિપૂજન વગેરે સ્વરૂપ બધાં જ અનુષ્ઠાનો ચરમાવર્ત્તકાળમાં, અચરમાવર્ત્તકાળમાં થનારાં તે તે અનુષ્ઠાનોની અપેક્ષાએ જુદાં જ છે એ સિદ્ધ થાય છે. ॥૧૩-૧૪॥

અચરમાવર્ત્તકાળનાં ગુર્વાદિપૂજાદ્યનુષ્ઠાનો કરતાં, ચરમાવર્ત્તકાલીન તે તે અનુષ્ઠાનોની વિલક્ષણતા(વિશેષતા) જણાવાય છે–

**सामान्ययोग्यतैव प्राक्, पुंसः प्रववृते किल ।**
**तदा समुचिता सा तु, सम्पन्नेति विभाव्यताम् ॥१३-१५॥**

सामान्येति–सामान्ययोग्यता मुक्त्युपायस्वरूपयोग्यता । समुचितयोग्यता तु तत्सहकारियोग्यतेति विशेषः । पूर्वं ह्येकान्तेन योग्यस्यैव देवादिपूजनमासीत्, चरमावर्ते तु समुचितयोग्यभावस्येति चरमावर्तदेवादिपूजनस्यान्यावर्तदेवादिपूजनादन्यादृशत्वमिति योगबिन्दुवृत्तिकारः ॥१३-१५॥

"ચરમાવર્ત્તકાળની પૂર્વે અચરમાવર્ત્તકાળમાં આત્મામાં સામાન્ય યોગ્યતા જ પ્રવર્ત્તતી હતી. ચરમાવર્ત્તકાળમાં તો સમુચિત યોગ્યતા પ્રાપ્ત થયેલી છે : એનો સારી રીતે વિચાર કરવો જોઇએ." - કહેવાનો આશય એ છે કે અચરમાવર્ત્તકાળમાં મુક્ત્યુપાય(યોગ)ની માત્ર સ્વરૂપયોગ્યતા આત્મામાં હતી. તે યોગ્યતા સહકારી(કાલાદિ) કારણોના સમવધાનથી રહિત હતી. અરણ્યસ્થ દંડમાં દંડત્વસ્વરૂપ ઘટોત્પાદક સ્વરૂપયોગ્યતા હોય છે પરંતુ ફલોપધાયકતા તેમાં તે વખતે જેમ હોતી નથી, તેમ અચરમાવર્ત્તકાળમાં આત્મામાં મુક્ત્યુપાયની સ્વરૂપયોગ્યતા હોય છે, પરંતુ સમુચિતયોગ્યતા હોતી નથી. તે તે કાર્યનાં સહકારીકારણોના સન્નિધાનવાળી યોગ્યતાવિશેષને સમુચિતયોગ્યતા (ફલોપધાયકતા) કહેવાય છે.

યોગબિંદુની ટીકામાં '**पूर्वं ह्येकान्तेन योगाऽयोग्यस्यैव देवादिपूजनमासीत्**...' ઇત્યાદિ પાઠ છે. અને અહીં આ શ્લોકની ટીકામાં '**पूर्वं ह्येकान्तेन योग्यस्यैव देवादिपूजनमासीत्**...' ઇત્યાદિ પાઠ છે. અનુક્રમે એનો અર્થ એ છે કે - 'પૂર્વે અચરમાવર્ત્તકાળમાં એકાંતે યોગની પ્રત્યે અયોગ્ય જ આત્માઓ દેવપૂજાદિ કરતા હતા...' તેમ જ 'પૂર્વે અચરમાવર્ત્તકાળમાં એકાંતે યોગ્ય જ આત્માઓ દેવપૂજાદિ કરતા હતા...' આ પ્રમાણે પાઠભેદના કારણે અર્થમાં ફરક છે. તેને દૂર કરવા અહીં **योग्यस्यैव** ના સ્થાને **अयोग्यस्यैव** આવો પાઠ સુધારવો જોઇએ. અથવા પાઠને યથાવત્ રાખી યોગબિંદુનો પાઠ ફલોપધાયકયોગ્યતાના અભાવને આશ્રયીને સમજવો અને અહીંનો પાઠ માત્ર સ્વરૂપયોગ્યતાને આશ્રયીને છે - એમ સમજી લઇએ તો કોઇ વિરોધ નથી. ચરમાવર્ત્તકાળમાં તો સમુચિત યોગની યોગ્યતા હોવાથી તે કાળે થનારું દેવપૂજાદિ અનુષ્ઠાન; અન્ય આવર્ત્તમાં થનારા અનુષ્ઠાન કરતાં ભિન્ન છે... ઇત્યાદિ યોગબિંદુની વૃત્તિમાં વૃત્તિકારશ્રીએ ફરમાવ્યું છે. ॥૧૩-૧૫॥

વિષાનુષ્ઠાનાદિ પાંચ અનુષ્ઠાનોમાંથી ચરમાવર્ત્તકાળમાં જે અનુષ્ઠાન હોય છે તે જણાવાય છે–

**चतुर्थं चरमावर्त्ते, प्रायोऽनुष्ठानमिष्यते ।**
**अनाभोगादिभावे तु, जातु स्यादन्यथापि हि ॥१३-१६॥**

चतुर्थमिति–चरमावर्ते प्रायो बाहुल्येन । चतुर्थं तद्धेतुनामकम् । अनुष्ठानमिष्यते । अनाभोगादिभावे तु जातु कदाचिदन्यथापि स्यादिति प्रायोग्रहणफलम् ।।१३-१६।।

"પ્રાયઃ ચરમાવર્ત્તકાળમાં ચોથું તદ્હેતુ અનુષ્ઠાન મનાય છે. અનાભોગ કે અભિષ્વંગાદિ ભાવ હોય તો ચોથા અનુષ્ઠાનને છોડીને બીજાં પણ અનુષ્ઠાન હોય છે." - આ પ્રમાણે સોળમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે ચરમાવર્ત્તવર્તી આત્માને બહુલતયા તદ્હેતુ-અનુષ્ઠાન હોય છે. કોઇ વાર અનાભોગ કે ભવાભિષ્વંગના કારણે વિષાદિ અનુષ્ઠાનો હોય છે. તેથી જ શ્લોકમાં **प्रायो**... આ પ્રમાણે 'પ્રાયઃ' પદનું ગ્રહણ કર્યું છે.

ચરમાવર્ત્તવર્તી આત્માને નિસર્ગથી જ કર્મમલ ગ્રહણ કરવાની યોગ્યતાનો હ્રાસ થતો હોવાથી તે આદિધાર્મિક જીવોને પ્રાયઃ તદ્હેતુ-અનુષ્ઠાન પ્રાપ્ત થતું હોય છે. જો આ રીતે યોગ્યતાનો હ્રાસ થતો ન હોય તો અનાદિકાળથી પ્રવર્ત્તતા કર્મબંધને અટકાવવાનું શક્ય નહિ બને... ઇત્યાદિ યાદ રાખવું. આથી સમજી શકાશે કે યોગની પૂર્વસેવામાં પ્રાધાન્ય મુક્ત્યદ્વેષનું છે. તદ્હેતુઅનુષ્ઠાનની પ્રાપ્તિ મુક્ત્યદ્વેષથી થાય છે. ।।૧૩-૧૬।।

शङ्कते–

ઉપર જણાવ્યા મુજબ તદ્હેતુ-અનુષ્ઠાનની પ્રત્યે મુક્ત્યદ્વેષને પ્રયોજક માનવામાં આવે તો તે ઉચિત નથી : એ અભિપ્રાયથી શંકા કરાય છે–

**नन्वद्वेषोऽथवा रागो, मोक्षे तद्धेतुतोचितः ।**
**आद्ये तत्स्यादभव्यानामन्त्ये न स्यात् तदद्विषाम् ।।१३-१७।।**

नन्विति–मुक्त्यद्वेषप्रयुक्तानुष्ठानस्य तद्धेतुत्वेऽभव्यानुष्ठानविशेषेऽतिव्याप्तिः, नवमग्रैवेयकप्राप्तेर्मुक्त्यद्वेषप्रयुक्तत्वप्रदर्शनात् । मुक्तिरागप्रयुक्तानुष्ठानस्य तत्त्वे तु मनाग् रागप्राक्कालीनमुक्त्यद्वेषप्रयुक्तानुष्ठानेऽव्याप्तिरित्यर्थः ।।१३-१७।।

"તદ્હેતુ-અનુષ્ઠાનની પ્રત્યે મુક્તિ પ્રત્યેનો અદ્વેષ ઉચિત છે કે રાગ ઉચિત છે ? એમાં પ્રથમ પક્ષ માની લેવાય તો અભવ્યોને તદ્હેતુ-અનુષ્ઠાન હોય છે - એમ માનવું પડશે અને છેલ્લો પક્ષ સ્વીકારવામાં આવે તો મુક્તિ પ્રત્યે જેને દ્વેષ નથી તેને તદ્હેતુ-અનુષ્ઠાન પ્રાપ્ત નહીં થાય." - આ પ્રમાણે સત્તરમા શ્લોકનો અર્થ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે મુક્તિ પ્રત્યેના અદ્વેષના કારણે થતા અનુષ્ઠાનને તદ્હેતુ-અનુષ્ઠાન કહેવામાં આવે તો અભવ્યોના અનુષ્ઠાનને લઈને તદ્ધેતુ-અનુષ્ઠાનના લક્ષણમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે અભવ્યો પણ મુક્તિ પ્રત્યે દ્વેષ કર્યા વિના અખંડ દ્રવ્યશ્રમણપણાની ક્રિયા કરતા હોય છે. પરંતુ અભવ્યોનું અખંડ શ્રામણ્યાનુષ્ઠાન તદ્હેતુ-અનુષ્ઠાન કહેવાતું નથી. પ્રથમ ત્રણમાંથી અન્યતમ અનુષ્ઠાન જ અભવ્યોને હોય છે. ચોથું અનુષ્ઠાન ચરમાવર્ત્તમાં જ હોય છે અને અભવ્યો ચરમાવર્ત્તમાં આવતા જ નથી. આ અતિવ્યાપ્તિના નિવારણ માટે કહેવામાં આવે કે મુક્તિ પ્રત્યેના રાગથી પ્રયુક્ત(કરાયેલ) અનુષ્ઠાન તદ્હેતુ-અનુષ્ઠાન છે, તો મુક્તિ પ્રત્યે સહેજ રાગ ઉત્પન્ન થાય એની પૂર્વેના કાળમાં મુક્તિ પ્રત્યેના અદ્વેષથી પ્રયુક્ત અનુષ્ઠાનને લઈને તદ્હેતુ-અનુષ્ઠાનના લક્ષણમાં અવ્યાપ્તિ આવશે. કારણ કે ભવ્યોના આવા તદ્હેતુ-અનુષ્ઠાનમાં મુક્તિરાગપ્રયુક્તત્વ ન હોવાથી લક્ષણનો સમન્વય થતો નથી. આથી સ્પષ્ટ છે કે તદ્હેતુ-અનુષ્ઠાનની પ્રત્યે મુક્ત્યદ્વેષને કે મુક્તિરાગને પ્રયોજક માનવાનું શક્ય નથી - આ પ્રમાણે શંકા કરનારનો આશય છે. ॥૧૩-૧૭॥

ઉપર જણાવેલા અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિના દોષના નિવારણ માટે એમ કહેવાનું પણ શક્ય નથી કે મુક્તિ પ્રત્યેનો અદ્વેષવિશેષ; તેમ જ સહેજ મુક્તિરાગવિશિષ્ટ મુક્ત્યદ્વેષથી પ્રયુક્ત અનુષ્ઠાન તદ્હેતુ-અનુષ્ઠાન છે - એ જણાવાય છે. અર્થાત્ તેમાં પણ દોષ જણાવાય છે—

**न चाद्वेषे विशेषस्तु, कोऽपीति प्राग् निदर्शितम् ।**
**ईषद्रागाद् विशेषश्चेदद्वेषोपक्षयस्ततः ॥१३-१८॥**

न चेति–अद्वेषे विशेषस्तु न च कोऽप्यस्ति अभावत्वादिति प्राक् पूर्वद्वात्रिंशिकायां निदर्शितम् । ईषद्रागाच्चेद्विशेषस्तर्हि तत एवाद्वेषस्योपक्षयः । विशेषणेनैव कार्यसिद्धौ विशेष्यवैयर्थ्याद् । इत्थं च मुक्त्यद्वेषेण मनाग् मुक्त्यनुरागेण वा तद्धेतुत्वमिति वचनव्याघात इति भावः ॥१३-१८॥

"અદ્વેષ(દ્વેષાભાવ)માં કોઈ જ વિશેષ નથી" - આ વાત આ પૂર્વે (૧૨-૩૨) જણાવી છે. મુક્તિ પ્રત્યે જે સહેજ રાગ છે તે રાગથી વિશિષ્ટ અદ્વેષ(મુક્ત્યદ્વેષ)માં રાગના કારણે વિશેષ મનાય તો તે રાગથી જ તદ્હેતુ-

અનુષ્ઠાન થાય છે - એમ જ માની લેવું જોઇએ. મુક્ત્યદ્વેષને તેનું પ્રયોજક માનવાની જરૂર નથી.'' - આ પ્રમાણે અઢારમા શ્લોકનો અર્થ છે.

એનો આશય ખૂબ જ સ્પષ્ટ છે. મુક્તિ પ્રત્યેનો અદ્વેષ, દ્વેષના અભાવ સ્વરૂપ હોવાથી તે એક જ છે. તેમાં કોઇ ભેદ (વિશેષ) નથી - આ વાત આ પૂર્વે બારમી બત્રીશીના છેલ્લા શ્લોકમાં જણાવી છે. મુક્તિ પ્રત્યેના સહેજ રાગના કારણે એ મુક્ત્યદ્વેષમાં ફરક છે. અર્થાત્ અભવ્યોનો મુક્ત્યદ્વેષ મુક્તિરાગવિશિષ્ટ નથી અને ચરમાવર્ત્તવર્ત્તી ભવ્યોનો મુક્ત્યદ્વેષ મુક્તિના ઇષદ્રાગથી વિશિષ્ટ છે. તેથી મુક્ત્યદ્વેષમાં વિશેષ હોવાથી અભવ્યોના અનુષ્ઠાનને લઇને તદ્હેતુ-અનુષ્ઠાનના લક્ષણમાં અતિવ્યાપ્તિ નહીં આવે. તેમ જ ચરમાવર્ત્તવર્ત્તી આત્માના અનુષ્ઠાનમાં લક્ષણસમન્વય થવાથી અવ્યાપ્તિ નહીં આવે.

પરંતુ આ રીતે મુક્તિ પ્રત્યેના ઇષદ્રાગથી વિશિષ્ટ મુક્ત્યદ્વેષને તદ્હેતુ-અનુષ્ઠાનનો પ્રયોજક માનવામાં આવે તો મુક્ત્યદ્વેષને તદ્હેતુ-અનુષ્ઠાનનું કારણ માનવાની જરૂર જ નહિ રહે. કારણ કે વિશેષણભૂત તાદૃશ ઇષદ્રાગથી જ તદ્હેતુ-અનુષ્ઠાન સિદ્ધ થાય છે. વિશેષ્યભૂત મુક્ત્યદ્વેષનું કોઇ જ પ્રયોજન ન હોવાથી તે વ્યર્થ બનશે. આથી સમજી શકાશે કે શ્લો.નં. ૧૩ની ટીકામાં **'मुक्त्यद्वेषेण मनाग् मुक्त्यनुरागेण वा'** આ પ્રમાણે જે વચન છે, તેનો વ્યાઘાત થશે. કારણ કે મુક્તિ પ્રત્યેના અનુરાગથી જ તદ્હેતુ-અનુષ્ઠાન થાય છે - એમ માનવું ઉચિત છે. મુક્ત્યદ્વેષને તેનો પ્રયોજક માનવાનું ઉપર જણાવ્યા મુજબ બરાબર નથી... ઇત્યાદિ સમજી લેવું જોઇએ. આ શ્લોકની વાત પણ શંકાકારના આશય મુજબની છે. ॥૧૩-૧૮॥

ઉપર જણાવ્યા મુજબના અતિવ્યાપ્ત્યાદિ દોષના નિવારણ માટે મુક્ત્યદ્વેષમાં વિશેષતા જણાવીને તેનું નિરાકરણ કરાય છે–

**उत्कटानुत्कटत्वाभ्यां, प्रतियोगिकृतोऽस्त्वयम् ।**
**नैवं सत्यामुपेक्षायां, द्वेषमात्रवियोगतः ॥१३-१९॥**

उत्कटेति–अभव्यानां मुक्तौ उत्कटद्वेषाभावेऽप्यनुत्कटद्वेषो भविष्यति । अन्येषां तु द्वेषमात्राभावादेवानुष्ठानं तद्धेतुः स्यादिति पूर्वार्धार्थः । नैवम्, उपेक्षायां सत्यां

द्वेषमात्रस्य वियोगतः । अन्यथा स्वेष्टसांसारिकसुखविरोधित्वेनोत्कटोऽपि द्वेषस्तेषां मुक्तौ स्यादित्युत्तरार्धार्थः ॥१३-१९॥

"દ્વેષાભાવના પ્રતિયોગી એવા દ્વેષના ઉત્કટત્વ અને અનુત્કટત્વના કારણે મુક્ત્યદ્વેષમાં વિશેષ છે : આ પ્રમાણે નહીં કહેવું જોઇએ. કારણ કે ઉપેક્ષા હોય ત્યારે દ્વેષમાત્રનો વિયોગ થાય છે." - આ પ્રમાણે ઓગણીશમા શ્લોકનો અક્ષરાર્થ છે. તેનો આશય એ છે કે મુક્તિ પ્રત્યેના દ્વેષના અભાવનો પ્રતિયોગી મુક્તિ પ્રત્યેનો દ્વેષ છે. જેનો અભાવ જણાવાય છે, તેને તે અભાવનો પ્રતિયોગી કહેવાય છે. અભવ્યોના આત્માઓને મોક્ષ પ્રત્યે ઉત્કટ દ્વેષ ન હોવા છતાં અનુત્કટ દ્વેષ હોય છે અને ચરમાવર્ત્તવર્ત્તી આત્માઓને અનુત્કટ પણ દ્વેષ હોતો નથી. તેથી અભવ્યોનું દેવપૂજાદિ અનુષ્ઠાન ઉત્કટદ્વેષાભાવપ્રયુક્ત હોય છે અને ચરમાવર્ત્તવર્ત્તી આત્માઓને તે અનુષ્ઠાન સર્વથા દ્વેષાભાવપ્રયુક્ત હોય છે. આથી અભવ્યોનું અનુષ્ઠાન તદ્હેતુ મનાતું નથી અને બીજાઓનું તે અનુષ્ઠાન તદ્હેતુ મનાય છે - આ પ્રમાણે માનવાથી કોઇ દોષ નથી. અભવ્યોના અનુષ્ઠાનમાં અતિવ્યાપ્તિ નહીં આવે અને ચરમાવર્ત્તવર્ત્તી ભવ્યોના અનુષ્ઠાનને લઇને અવ્યાપ્તિ પણ નહીં આવે.

યદ્યપિ આ રીતે દોષનું વારણ કરી શકાય છે, પરંતુ તે યોગ્ય નથી. કારણ કે અભવ્યોને મોક્ષ પ્રત્યે ઉપેક્ષા હોવાથી સર્વથા દ્વેષનો અભાવ હોય છે. તેથી તેમનું પણ દેવપૂજાદિ અનુષ્ઠાન મુક્ત્યદ્વેષપ્રયુક્ત હોવાથી તેને લઇને અતિવ્યાપ્તિ અવસ્થિત જ છે. આમ છતાં 'ઉપેક્ષા હોય ત્યારે પણ અનુત્કટ દ્વેષ હોય છે જ' - એમ કહેવાનું હોય તો; મોક્ષ, પોતાને ઇષ્ટ એવા નવમા ગ્રૈવેયકના સુખનો વિરોધી હોવાથી અભવ્યાદિને મોક્ષ પ્રત્યે ઉત્કટ દ્વેષ પણ હોય છે - એમ પણ કહી શકાય છે. તેથી ઉપેક્ષા હોવાથી મોક્ષ પ્રત્યે અભવ્યોના આત્માઓને દ્વેષ હોતો નથી એમ જ માનવું જોઇએ, જેથી અભવ્યો સંબંધી મુક્ત્યદ્વેષપ્રયુક્ત દેવપૂજાદિ અનુષ્ઠાનને લઇને તદ્હેતુ-અનુષ્ઠાનના લક્ષણમાં અતિવ્યાપ્તિ અવસ્થિત જ છે : આ શંકાકારનો અભિપ્રાય છે. ॥૧૩-૧૯॥

समाधत्ते–

ઉપર જણાવેલી શંકાનું સમાધાન કરાય છે–

**सत्यं बीजं हि तद्धेतोरेतदन्यतरार्जितः ।**
**क्रियारागो न तेनातिप्रसङ्गः कोऽपि दृश्यते ।।१३-२०।।**

सत्यमिति–तद्धेतोरनुष्ठानस्य हि बीजम् । एतयोर्मुक्त्यद्वेषरागयोरन्यतरेणार्जितो जनितः क्रियारागः सदनुष्ठानरागः । तेनातिप्रसङ्गः कोऽपि न दृश्यते । अभव्यानामपि स्वर्गप्राप्तिहेतुमुक्त्यद्वेषसत्त्वेऽपि तस्य सदनुष्ठानरागाप्रयोजकत्वाद्बाध्यफलापेक्षासहकृतस्य सदनुष्ठानरागानुबन्धित्वात् ।।१३-२०।।

છેલ્લા ત્રણ શ્લોકથી શંકાકારે જે જણાવ્યું છે તે સાચું છે. તદ્ધેતુ-અનુષ્ઠાનની પ્રત્યે મુક્ત્યદ્વેષને કે મુક્તિરાગને પ્રયોજક માનીએ તો ઉપર જણાવ્યા મુજબ અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ આવે છે - એ સત્ય છે, પરંતુ તદ્હેતુ-અનુષ્ઠાનનું બીજ મુક્ત્યદ્વેષ અને મુક્તિનો રાગ : એ બેમાંથી કોઈથી પણ ઉત્પન્ન થયેલો જે સદનુષ્ઠાનનો રાગ છે; તે છે. તેથી અતિવ્યાપ્તિનો પ્રસંગ નહીં આવે - આ પ્રમાણે વીસમા શ્લોકનો અર્થ છે.

એનો આશય ખૂબ જ સ્પષ્ટ છે કે મુક્ત્યદ્વેષ અથવા તો મુક્તિનો રાગ એતદન્યતરથી ઉત્પન્ન થયેલો ક્રિયા(સદનુષ્ઠાન)નો જે રાગ છે, તે તદ્હેતુ-અનુષ્ઠાનનું બીજ કારણ છે. તેથી અભવ્યના અનુષ્ઠાનમાં અતિવ્યાપ્તિનો પ્રસંગ નહીં આવે. કારણ કે સ્વર્ગ(નવમો ગ્રૈવેયક)ની પ્રાપ્તિનું કારણ એવો મુક્તિનો અદ્વેષ હોવા છતાં અભવ્યોને તે સદનુષ્ઠાનનો પ્રયોજક થતો નથી.

"અભવ્યાત્માઓને મુક્ત્યદ્વેષ છે અને બીજાઓને પણ તે છે તો બીજાઓની જેમ અભવ્યોને પણ તે સદનુષ્ઠાનના રાગનો પ્રયોજક બનવો જોઈએ." - આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે સદનુષ્ઠાનના રાગની પ્રત્યે મુક્તિનો અદ્વેષ તે પ્રયોજક બને છે કે જે બાધ્ય એવી ફલાપેક્ષાના સહકારથી યુક્ત હોય. જે મુક્ત્યદ્વેષ તેવા પ્રકારની બાધ્યફલાપેક્ષાથી રહિત હોય છે તેનાથી સદનુષ્ઠાન પ્રત્યે રાગ ઉત્પન્ન થતો નથી. આશય એ છે કે - અભવ્યોના આત્માઓને સ્વર્ગાદિફળની અપેક્ષા હોય છે, તેને લઈને સ્વર્ગાદિના કારણ તરીકે મુક્ત્યદ્વેષ હોય છે. તેઓની સ્વર્ગાદિ ફળની અપેક્ષા ક્યારે પણ બાધિત બનતી નથી. તેથી બાધ્યફલાપેક્ષાનો સહકાર અભવ્યોના મુક્ત્યદ્વેષને પ્રાપ્ત થતો ન હોવાથી એ મુક્ત્યદ્વેષ સદનુષ્ઠાનના રાગનો પ્રયોજક બનતો નથી. મુક્તિ

પ્રત્યેના દ્વેષનો અભાવ સદનુષ્ઠાનના રાગનું કારણ ત્યારે જ બની શકે છે કે જ્યારે તે વખતની સ્વર્ગાદિસુખની ઇચ્છા બાધિત બની શકે. સદનુષ્ઠાનની પ્રત્યે મુક્ત્યદ્વેષ જેમ પ્રયોજક છે, તેમ સ્વર્ગાદિસુખની ઇચ્છાનો અભાવ પણ અપેક્ષિત છે. તેથી સદનુષ્ઠાનના રાગની પ્રત્યે સ્વર્ગાદિસુખની અપેક્ષાનો બાધ થવો જોઇએ, એ સમજી શકાય છે. અભવ્યોની એ અપેક્ષા બાધ્ય બનતી ન હોવાથી તેમનો મુક્ત્યદ્વેષ સદનુષ્ઠાનના રાગનું કારણ નહીં બને, જેથી અતિપ્રસંગ પણ આવશે નહિ - એ સ્પષ્ટ છે. ।।૧૩-૨૦।।

મુક્ત્યદ્વેષ અને મુક્તિનો રાગ આ બંન્નેમાંથી કોઇ પણ એકથી ઉત્પન્ન થનારા સદનુષ્ઠાનની પ્રત્યેના રાગનું જે બીજું કારણ છે તે જણાવાય છે–

**अपि बाध्या फलापेक्षा, सदनुष्ठानरागकृत् ।**
**सा च प्रज्ञापनाधीना, मुक्त्यद्वेषमपेक्षते ।।१३-२१।।**

अपीति–बाध्या बाधनीयस्वभावा । फलापेक्षाऽपि सौभाग्यादिफलवाञ्छापि । सदनुष्ठाने रागकृद् रागकारिणी । सा च बाध्यफलापेक्षा च । प्रज्ञापनाधीना उपदेशायत्ता । मुक्त्यद्वेषमपेक्षते कारणत्वेन ।।१३-२१।।

“બાધ્ય એવી ફળની ઇચ્છા પણ સદનુષ્ઠાનના રાગને કરાવનારી છે. ફળની અપેક્ષાને બાધ્ય બનાવવાનું ઉપદેશથી શક્ય છે અને એ માટે મુક્ત્યદ્વેષની અપેક્ષા છે.” - આ પ્રમાણે એકવીશમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે શરૂ શરૂમાં ધર્મ કરતી વખતે તે તે જીવોને સૌભાગ્ય, સમૃદ્ધિ અને સ્વર્ગ વગેરે ફળની અપેક્ષા હોય એ બનવાજોગ છે. ધર્મની પ્રારંભાવસ્થામાં માત્ર મોક્ષની જ ઇચ્છાથી અથવા તો નિરપેક્ષપણે ધર્માનુષ્ઠાન શક્ય બને જ એવો નિયમ નથી. પરંતુ આવા જીવોની તે વખતની સૌભાગ્યાદિ ફળની ઇચ્છાને પૂ. ગીતાર્થ ઉપદેશક મહાત્માઓ તેવા પ્રકારના ઉપદેશથી બાધિત કરી શકે છે. તેથી એ ફલાપેક્ષાને બાધ્ય એટલે કે બાધનીયસ્વભાવવાળી કહેવાય છે.

એવી બાધનીયસ્વભાવવાળી ફળની ઇચ્છા પણ સદનુષ્ઠાનના રાગનું કારણ બને છે. ફલેચ્છાને બાધિત કરવાનું ઉપદેશથી શક્ય બને છે. પૂ. ગીતાર્થ ધર્મોપદેશક મહાત્માઓનાં પરમતારક વચનોથી સંસારની ભયંકરતા, વિષયોની વિપાકવિરસતા અને સુખની ક્ષણિકતાદિની પ્રતીતિ થવાથી ધર્માત્માઓ ફળની

ઇચ્છાને પૂર્ણ કરવાના બદલે તે તે ઇચ્છાઓથી જ વિરામ પામે છે. આવી બાધનીયસ્વભાવવાળી ફલેચ્છા મુક્તિ પ્રત્યેના અદ્વેષથી થતી હોય છે. મુક્તિ પ્રત્યે દ્વેષ હોય તો સૌભાગ્યાદિફલેચ્છા કોઇ પણ રીતે બાધિત નહીં જ બને. અભવ્યોના આત્માઓને એનો ખ્યાલ રાખવાનું આવશ્યક જણાતું જ નથી. ફળની તીવ્ર ઇચ્છા હોવાથી તેમની તે ઇચ્છા બાધિત બનતી નથી. ગમે તેટલો પણ સારામાં સારો ધર્મોપદેશ, તેમને તેમની ઇચ્છાથી વિરત કરવા સમર્થ બનતો નથી. પરંતુ 'મોક્ષનો દ્વેષ કરવાથી સ્વર્ગાદિનાં સુખો પ્રાપ્ત થતાં નથી' આવો ખ્યાલ હોવાથી મોક્ષ પ્રત્યે તેઓ દ્વેષ કરતા નથી, પણ તેમનો તે મુક્ત્યદ્વેષ સદનુષ્ઠાનના રાગનો પ્રયોજક થતો નથી. ।।૧૩-૨૧।।

यतः–

બાધ્ય ફલેચ્છા સદનુષ્ઠાનના રાગને કરનારી છે : એ જણાવીને અબાધ્ય ફલેચ્છા કેવી છે, તે જણાવાય છે–

**अबाध्या सा हि मोक्षार्थशास्त्रश्रवणघातिनी ।**
**मुक्त्यद्वेषे तदन्यस्यां, बुद्धिर्मार्गानुसारिणी ।।१३-२२।।**

अबाध्येति–अबाध्या हि सा फलापेक्षा । मोक्षार्थशास्त्रश्रवणघातिनी तत्र विरुद्धत्वबुद्ध्याधानाद्व्यापन्नदर्शनानां च तच्छ्रवणं न स्वारसिकमिति भावः । तत्तस्मान्मुक्त्यद्वेषे सति अन्यस्यां बाध्यायां फलापेक्षायां समुचितयोग्यतावशेन मोक्षार्थशास्त्रश्रवणस्वारस्योत्पन्नायां बुद्धिर्मार्गानुसारिणी मोक्षपथाभिमुख्यशालिनी भवतीति भवति तेषां तीव्रपापक्षयात् सदनुष्ठानरागः ।।१३-२२।।

"અબાધ્ય ફલાપેક્ષા મોક્ષસ્વરૂપ અર્થને જણાવનારા શાસ્ત્રના શ્રવણનો ઘાત કરનારી છે, તેથી મુક્તિની પ્રત્યે અદ્વેષ હોતે છતે બાધ્ય ફલાપેક્ષા થાય ત્યારે (હોય ત્યારે) બુદ્ધિ માર્ગાનુસારિણી બને છે." આ પ્રમાણે બાવીશમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે - ઉપર જણાવ્યા મુજબ અભવ્યોના આત્માઓને મુક્ત્યદ્વેષ હોય છે તેમ જ તેઓ નવ પૂર્વ સુધીનું અધ્યયન પણ કરતા હોવાથી મોક્ષપ્રતિપાદક શાસ્ત્રનું શ્રવણ પણ કરે છે, તો તેમની ફલેચ્છા બાધ્ય કેમ થતી નથી ? - આ શંકાનું સમાધાન બાવીશમા શ્લોકથી કરાય છે.

એનું તાત્પર્ય એ છે કે - અબાધ્ય એવી ફળની ઇચ્છા, મોક્ષનિરૂપક શાસ્ત્રશ્રવણનો ઘાત કરનારી અર્થાત્ એ પુણ્યશ્રવણથી જે ફળ પ્રાપ્ત થતું હોય છે તે ફળનો પ્રતિબંધ કરનારી હોય છે. આવી અબાધ્ય ફલેચ્છા હોય ત્યારે તેવી ઇચ્છાવાળા જીવોને જ્યારે જ્યારે મોક્ષના શાસ્ત્રનું શ્રવણ કરવાનો પ્રસંગ આવે ત્યારે તે વિષયમાં વિરુદ્ધત્વની બુદ્ધિ થતી હોવાથી તે શાસ્ત્રનું શ્રવણ સ્વરસથી થતું નથી. પોતાના ઇષ્ટમાં વ્યાઘાત ન થાય એ માટે તે કરવું પડે છે. તેથી અબાધ્ય એવી ફળની ઇચ્છાથી મોક્ષાર્થશ્રવણનો ઘાત થાય છે. કારણ કે એ શ્રવણ મોક્ષ માટે થતું નથી.

આથી સમજી શકાય છે કે અબાધ્ય ફલેચ્છાથી અન્ય(બાધ્ય) ફલેચ્છા હોય ત્યારે મુક્ત્યદ્વેષ હોતે છતે સમુચિતયોગ્યતાથી મોક્ષ માટે સ્વારસિક શાસ્ત્રશ્રવણ થાય છે, જેથી બુદ્ધિ માર્ગાનુસારિણી બને છે. સમ્યગ્જ્ઞાનદર્શનચારિત્રસ્વરૂપ મોક્ષમાર્ગને અભિમુખ બુદ્ધિ થવાથી તીવ્ર મિથ્યાત્વાદિ પાપોનો ક્ષય થવાથી સદનુષ્ઠાન પ્રત્યે રાગ ઉત્પન્ન થાય છે, જેના મૂળમાં બાધ્ય ફલેચ્છા છે. અભવ્યાદિની ફલેચ્છા કોઇ પણ રીતે બાધ્ય થતી ન હોવાથી તેમને કોઇ પણ રીતે સદનુષ્ઠાન પ્રત્યે અલ્પ પણ રાગ થવાનો સંભવ નથી. સ્વર્ગાદિ ફળની ઇચ્છા ખૂબ જ ભયંકર છે. એને બાધિત બનાવવાનું અદ્ભુત સાધન ઉપદેશ છે. ॥૧૩-૨૨॥

સૌભાગ્યાદિફલેચ્છા હોવા છતાં એ બાધ્ય હોય તો અનુષ્ઠાન, તદ્હેતુ-અનુષ્ઠાન સ્વરૂપ બની રહે છે : એ જણાવવા દ્વારા બાધ્ય ફલેચ્છાના સદનુષ્ઠાનરાગ-પ્રયોજકત્વનું સમર્થન કરાય છે–

**तत्तत्फलार्थिनां तत्तत्तपस्तन्त्रे प्रदर्शितम् ।**
**मुग्धमार्गप्रवेशाय, दीयतेऽप्यत एव च ॥१३-२३॥**

तत्तदिति–तत्तत्फलार्थिनां सौभाग्यादिफलकाङ्क्षिणाम् । तत्तत्तपो रोहिण्यादितपोरूपम् । अत एव तन्त्रे प्रदर्शितम् । अत एव मुग्धानां मार्गप्रवेशाय दीयतेऽपि गीतार्थैः । यदाह–"मुद्धाण हियट्ठया सम्मं" । न ह्येवमत्र विषादित्वप्रसङ्गो न वा तद्धेतुत्वभङ्गः, फलापेक्षाया बाध्यत्वाद् । इत्थमेव मार्गानुसरणोपपत्तेः ॥१३-२३॥

"સૌભાગ્યાદિ તે તે ફળના અર્થીઓ માટે આથી જ તે તે તપ શાસ્ત્રમાં જણાવ્યું છે અને તેથી જ મુગ્ધ જીવોને માર્ગમાં પ્રવેશ કરાવવા માટે ગીતાર્થ

પુરુષો દ્વારા અપાય પણ છે.'' - આ પ્રમાણે ત્રેવીશમા શ્લોકનો અર્થ છે. એનો સાર એ છે કે સામાન્ય રીતે મુગ્ધ જીવો શરૂઆતમાં સારાસારનો વિવેક કરવા માટે સામર્થ્ય ધરાવતા હોતા નથી. સૌભાગ્યાદિફળની કામનાથી તેઓ તે તે તપ-પ્રમુખ અનુષ્ઠાન કરતા હોય છે. પરંતુ કાલાંતરે પૂ. ગુરુ-ભગવંતોની પરમતારક દેશનાના શ્રવણાદિથી તેમની તે તે ફળની ઇચ્છા બાધિત થતી હોય છે. આથી જ તપપંચાશક વગેરે ગ્રંથોમાં તે તે ફળની સિદ્ધિ માટે રોહિણી અને સર્વાંગસુંદર વગેરે તપો દર્શાવ્યાં છે.

કોઇ પણ સંયોગોમાં એવા જીવોની સૌભાગ્યાદિ ફળની કાંક્ષા ઉપર જણાવ્યા મુજબ બાધ્યસ્વભાવથી રહિત જ હોય અને તેનો બાધ થવાનો જ ન હોય તો શાસ્ત્રમાં બતાવેલાં તે તે તપોનું પ્રદર્શન સંગત માની નહિ શકાય. પરંતુ તે તે મુગ્ધ જીવોની તે તે ફળની કામના ઉપદેશાદિ દ્વારા બાધિત થઇ શકે છે. તેથી જ મુગ્ધ જીવોને મોક્ષમાર્ગે પ્રવેશ કરાવવા પૂ. ગીતાર્થ ગુરુભગવંતો શરૂઆતમાં તે તે તપનું પ્રદાન પણ કરે છે. અન્યથા તે ઉચિત ગણાશે નહિ.

એ પ્રમાણે અન્યત્ર કહ્યું છે કે 'મુગ્ધ જીવોના હિતને અર્થે (તે) સમ્યગ્ છે...' આ રીતે અનુષ્ઠાનના આરંભકાળમાં સૌભાગ્યાદિ ફળની કામનાથી અનુષ્ઠાન થતું હોવા છતાં તે અનુષ્ઠાન, વિષાદિ-અનુષ્ઠાન નથી અને તે તદ્હેતુ-અનુષ્ઠાન નથી એવું નથી. કારણ કે અહીં ફળની અપેક્ષા બાધ્યસ્વભાવવાળી છે. આ રીતે જ તે મુગ્ધ જીવો માર્ગનું અનુસરણ કરી શકે છે. આથી સમજી શકાશે કે સૌભાગ્યાદિ ફળની ઇચ્છા બાધ્યસ્વભાવવાળી ન હોય તો તદ્હેતુ-અનુષ્ઠાનની પ્રાપ્તિ સંભવતી નથી. ॥૧૩-૨૩॥

આ રીતે મુક્ત્યદ્વેષવિશેષ જ તદ્હેતુ-અનુષ્ઠાનનો પ્રયોજક હોવાથી તેનાથી ભિન્ન મુક્ત્યદ્વેષાદિ તદ્હેતુ-અનુષ્ઠાનના પ્રયોજક ન બનવા છતાં દોષ નથી, તે જણાવાય છે. અર્થાત્ વ્યતિરેકથી તદ્હેતુ-અનુષ્ઠાનની પ્રયોજકતા મુક્ત્યદ્વેષમાં જણાવાય છે–

**इत्थञ्च वस्तुपालस्य, भवभ्रान्तौ न बाधकम् ।**
**गुणाद्वेषो न यत्तस्य, क्रियारागप्रयोजकः ॥१३-२४॥**

इत्थं चेति–इत्थं च मुक्त्यद्वेषविशेषोक्तौ च वस्तुपालस्य पूर्वभवे । साधुदर्शनेऽप्युपेक्षयाऽज्ञाततद्गुणरागस्य चौरस्य भवभ्रान्तौ दीर्घसंसारभ्रमणे न बाधकम् । यद्यस्मात्तस्य गुणाद्वेषः क्रियारागप्रयोजको नाभूद् । इष्यते च तादृश एवायं तद्धेत्वनुष्ठानोचितत्वेन संसारह्रासकारणमिति ।।१३-२४।।

"આ રીતે વસ્તુપાળને પૂર્વભવમાં ગુણનો અદ્વેષ, ભવભ્રમણમાં બાધક ન બન્યો. કારણ કે તે તેને ક્રિયાના રાગનો પ્રયોજક બન્યો નહીં." - આ પ્રમાણે ચોવીશમા શ્લોકનો અર્થ છે. કહેવાનું તાત્પર્ય સમજી શકાય છે કે - સદનુષ્ઠાનના રાગની પ્રત્યે મુક્ત્યદ્વેષવિશેષ જ પ્રયોજક હોવાથી તેનાથી ભિન્ન મુક્ત્યદ્વેષ હોતે છતે સદનુષ્ઠાન(ક્રિયા)નો રાગ પ્રગટે નહિ અને લાંબા કાળ સુધી ભવભ્રમણ પૂર્વભવમાં વસ્તુપાળના જીવને થયું તે સંગત છે. અન્યથા મુક્ત્યદ્વેષ હોતે છતે વસ્તુતઃ ભવભ્રમણનો બાધ થવો જોઇએ.

અહીં યાદ રાખવું જોઇએ કે મુક્ત્યદ્વેષ સદનુષ્ઠાનના રાગનું કારણ બને છે - એ વાતનું અહીં નિરૂપણ ચાલુ છે. એના ઉપરથી સમજી લેવું જોઇએ કે ગુણસામાન્યની પ્રાપ્તિ માટે જે અનુષ્ઠાન કારણ બને; તે અનુષ્ઠાનના રાગનો પ્રયોજક, ગુણ પ્રત્યેનો અદ્વેષવિશેષ છે. વસ્તુપાલનો આત્મા પૂર્વભવમાં ચોર હતો. એકવાર પૂ. સાધુભગવંતના દર્શન થવા છતાં ઉપેક્ષાને લઇને તેમના ગુણોનું જ્ઞાન ન હોવાથી અજ્ઞાત એવા તેમના ગુણો પ્રત્યેના રાગવાળા તે ચોરને દીર્ઘકાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરવામાં કોઇ બાધક ના બન્યું. કારણ કે તેનો ગુણ પ્રત્યેનો અદ્વેષ સદનુષ્ઠાનના રાગનો પ્રયોજક બન્યો ન હતો. ક્રિયારાગપ્રયોજક જ ગુણ પ્રત્યેનો અદ્વેષ તદ્હેતુ-અનુષ્ઠાનને ઉચિત હોવાથી સંસારના હ્રાસનું કારણ મનાય છે, અન્યથા મનાતો નથી. તેથી તેને સંસારમાં પરિભ્રમણ કરવાનું થયું. ।।૧૩-૨૪।।

**योगीन्द्रैर्मुक्त्यद्वेषः प्रशस्यते**... પહેલા શ્લોકમાં જણાવેલી વાતનો ઉપસંહાર કરાય છે–

**जीवातुः कर्मणां मुक्त्यद्वेषस्तदयमीदृशः ।**
**गुणरागस्य बीजत्वमस्यैवाव्यवधानतः ।।१३-२५।।**

"તેથી સદનુષ્ઠાનના રાગનો પ્રયોજક એવો મુક્ત્યદ્વેષ ક્રિયાને જિવાડનારો છે. કોઇ પણ પ્રકારના વિલંબ વિના ગુણરાગને ઉત્પન્ન કરવાનું બીજ પણ એ જ છે." - આ પ્રમાણે પચીશમા શ્લોકનો અર્થ છે. શ્લોકાર્થ સ્પષ્ટ જ છે, તેથી ગ્રંથકારશ્રીએ છેલ્લા આઠ શ્લોકો ઉપર ટીકા લખી નથી. શ્રી વીતરાગપરમાત્માએ ઉપદેશેલી બધી જ ક્રિયાઓ સાક્ષાત્ અથવા પરંપરાએ મોક્ષનું કારણ બનતી હોય છે. તે તે ક્રિયાઓનું ક્રિયાપણું એ રીતે મોક્ષની પ્રાપ્તિમાં જ સમાયેલું છે. કોઇ પણ સંયોગોમાં એ ક્રિયાઓ સાક્ષાત્ કે પરંપરાએ મોક્ષનું કારણ ન બને તો એ ક્રિયાઓમાં વાસ્તવિક રીતે ક્રિયાત્વ જ નથી - એમ માનવું પડે. જે ક્રિયાઓ પોતાનું કાર્ય કરી ના શકે તે ક્રિયાઓને ક્રિયાસ્વરૂપ માનવાનું ઉચિત નથી. અન્યથા જે કાર્ય ન કરે તેને પણ કારણ માનવામાં કોઇ દોષ નહિ નડે. કોઇ પણ ક્રિયાઓ સાક્ષાત્ કે પરંપરાએ મોક્ષનું કારણ બને છે તેનું રહસ્ય એ છે કે તે ક્રિયાઓ મુક્ત્યદ્વેષમૂલક હોય છે. તેથી ક્રિયાઓને ક્રિયાસ્વરૂપે રાખનાર મુક્ત્યદ્વેષ હોવાથી તેને ક્રિયાઓના જીવાતુ તરીકે વર્ણવ્યો છે.

ઉપર જણાવ્યા મુજબનો મુક્ત્યદ્વેષ હોતે છતે તેના અવ્યવહિત ઉત્તરકાળમાં ગુણાનુરાગ પ્રગટે છે. જ્ઞાનાદિ ગુણોના રાગ વિના મોક્ષની પ્રાપ્તિ અને સાધના શક્ય નથી. કોઇ પણ અનુષ્ઠાનને ત્યાં સુધી લઇ જવામાં મુખ્યપણે ગુણાનુરાગ પ્રયોજક છે અને આ ગુણાનુરાગ મુક્ત્યદ્વેષના અવ્યવહિતોત્તરકાળમાં પ્રગટે છે. તેથી ગુણાનુરાગના બીજ તરીકે મુક્ત્યદ્વેષનું અહીં વર્ણન કર્યું છે. મોક્ષનો રાગ જન્મે તો ખૂબ જ સરસ છે, પરંતુ તે ન જન્મે ત્યાં સુધી મોક્ષ પ્રત્યે દ્વેષ ન થાય : એનો મુમુક્ષુ આત્માઓએ ઉપયોગ રાખવો જોઇએ. અનંતજ્ઞાનીઓએ પ્રરૂપેલા મોક્ષ, તેના ઉપાયો અને તેની સાધનામાં તત્પર એવા આત્માઓ પ્રત્યે ખરેખર તો દ્વેષ કરવાનું કોઇ જ કારણ નથી. પરંતુ અજ્ઞાન, કદાગ્રહ, સુખની તીવ્ર આસક્તિ અને દુઃખ પ્રત્યેનો તીવ્ર દ્વેષ... વગેરે કારણે મુક્તિ વગેરે પ્રત્યે દ્વેષ થતો હોય છે. અજ્ઞાનાદિના નાશ માટે પ્રયત્નશીલ આત્માઓને મુક્ત્યદ્વેષ સુલભ બને છે. ॥૧૩-૨૫॥

મુક્ત્યદ્વેષથી ગુણનો રાગ પ્રાપ્ત થયા પછી જે ફળ પ્રાપ્ત થાય છે, તે જણાવાય છે–

**धारालग्नः शुभो भाव, एतस्मादेव जायते ।**
**अन्तस्तत्त्वविशुद्ध्या च, विनिवृत्ताग्रहत्वतः ॥१३-२६॥**

"આ મુક્ત્યદ્વેષના જ કારણે આત્માની વિશુદ્ધિથી અસદ્વસ્તુના આગ્રહની નિવૃત્તિને લઇને અનવરત શુભભાવનો આવિર્ભાવ થાય છે." - આ પ્રમાણે છવ્વીશમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે - મુક્તિ પ્રત્યેના અદ્વેષના કારણે નવાં અશુભ કર્મોનો બંધ થતો નથી તેમ જ પૂર્વબદ્ધ તે કર્મોનો ક્ષય થવાથી આત્મા વિશુદ્ધ બને છે અને તેથી અત્યાર સુધી વિતથસંબંધી જે અભિનિવેશ - આગ્રહ હતો તેની નિવૃત્તિ થાય છે. તેને લઇને આત્માને અનવરતપણે શુભભાવની ધારા પ્રાપ્ત થાય છે.

મુક્ત્યદ્વેષથી ગુણ પ્રત્યે રાગ થયા પછી એટલામાત્રથી ગુણની પ્રાપ્તિ થઇ જતી નથી. ગુણની પ્રાપ્તિને અનુકૂળ એવો પ્રયત્ન કરાય નહીં તો ગુણની પ્રાપ્તિ નહીં જ થાય. અત્યાર સુધી અતત્ત્વસંબંધી જ આગ્રહ હતો. કંઇ-કેટલીય જાતના એ વિતથના આગ્રહને સમજવા પણ ના દે એવો એ અભિનિવેશ હતો. સદ્ભાગ્યે મુક્ત્યદ્વેષના કારણે અંતસ્તત્ત્વ-આત્માની વિશુદ્ધિ થવાથી એ અભિનિવેશ નષ્ટ થાય છે. તેથી નિરંતર શુભ ભાવની ધારા પ્રગટે છે. આ પ્રભાવ મુક્તિ પ્રત્યેના અદ્વેષનો છે. સતત અશુભ ભાવોમાં જ આનંદ પામવાની સ્થિતિમાંથી આત્માને શુભભાવમાં રમણ કરાવનાર મુક્ત્યદ્વેષ છે. તેને લઇને અહીં (મુક્ત્યદ્વેષકાળે) બધાં જ અનુષ્ઠાનો શુભ બને છે. પૂર્વકાળમાં (અચરમાવર્ત્તકાળમાં) જેમ જ્ઞાનાવરણીયાદિ કર્મો સંક્લેશનાં હેતુ બનતાં હતાં તેમ હવે આત્મવિશુદ્ધિના કારણે તે કર્મો સંક્લેશનાં કારણ બનતાં નથી. અનાદિકાળથી સ્વભાવભૂત થયેલા કર્મમલનો ક્ષય થવાથી આત્મા વિશુદ્ધ બને છે. ॥૧૩-૨૬॥

મુક્ત્યદ્વેષ વખતે કર્મબંધ થતો હોવા છતાં તેવા પ્રકારના ભયનું તે કારણ બનતો નથી, તે જણાવાય છે–

**अस्मिन् सत्साधकस्येव, नास्ति काचिद् बिभीषिका ।**
**सिद्धेरासन्नभावेन, प्रमोदस्यान्तरोदयात् ॥१३-२७॥**

"મુક્ત્યદ્વેષ હોતે છતે સારા સાધકની જેમ કોઇ પણ પ્રકારનો ભય હોતો નથી. કારણ કે સિદ્ધિ નજીકમાં હોવાથી ચિત્તમાં આનંદ હોય છે." - આ પ્રમાણે સત્તાવીશમા શ્લોકનો અર્થ છે. એ કહેવા પાછળનો આશય સમજી શકાય છે કે - જે લોકો મંત્ર-તંત્રાદિની સાધના કરે છે - તે લોકોને જ્યારે મંત્રાદિની સિદ્ધિ થવાની તૈયારી હોય ત્યારે મહાભયંકર એવા વેતાલાદિ ઉપસ્થિત થઇને ઉપદ્રવ કરીને ડરાવવા માટે પ્રયત્ન કરતા હોય છે. પરંતુ ત્યારે સત્ત્વશાળી એવા સાધકો વેતાલાદિના દર્શનાદિથી જેમ ભયભીત થતા નથી, તેમ મુક્તિ પ્રત્યે દ્વેષ ન હોવાથી ચરમાવર્ત્તવર્ત્તી જીવોને તાદૃશ કર્મબંધ થવા છતાં ભય થતો નથી. સાધકને જેમ સિદ્ધિ નજીકમાં છે અને તેથી ભયના અવસરે પણ આનંદ છે, તેમ મુક્ત્યદ્વેષવાળા આત્માઓને મુક્તિ નજીકમાં હોવાથી ચિત્તમાં ઉપરથી આનંદ થાય છે. પરંતુ સંક્લેશાદિ ભય થતો નથી. દૃષ્ટાંતમાં સારા સાધકને જે મંત્રાદિસિદ્ધિ પ્રાપ્ત થાય છે, તે એક તો મોટી નથી અને બીજું તે સદાને માટે રહેનારી નથી. એમ છતાં તેના સત્સાધકને ચિત્તમાં જે પ્રમોદ પ્રગટે છે અને વેતાલાદિના દર્શનથી ભય પેદા થતો નથી - તેનો વિચાર કરીએ તો સમજાશે કે મુક્તિનું સામીપ્ય પ્રાપ્ત થવાથી મુક્ત્યદ્વેષીઓને ચિત્તમાં કેટલો આનંદ થતો હશે, તેથી તેવા આત્માઓને તે વખતે થતાં કર્મબંધથી સંક્લેશ થતો ન હોવાથી ભય થવાનું કોઇ જ કારણ નથી. આથી સમજી શકાશે કે મુક્ત્યદ્વેષ હોતે છતે શુભભાવના યોગે અનુષ્ઠાનસંબંધી ખેદનો પણ અભાવ હોય છે. ॥૧૩-૨૭॥

સિદ્ધિ નજીક-આસન્ન હોવાથી ઉપર જણાવ્યા મુજબ ચિત્તમાં ઘણો આનંદ થાય : એ વાત સમજી શકાય છે, પરંતુ સિદ્ધિની આસન્નતા કઇ રીતે કહેવાય ? ચરમાવર્ત્તકાળ અનંતકાળ સ્વરૂપ છે - આ શંકાના સમાધાન માટે સિદ્ધિની આસન્નતા જણાવાય છે–

**चरमावर्त्तिनो जन्तोः, सिद्धेरासन्नता ध्रुवम् ।**
**भूयांसोऽमी व्यतिक्रान्तास्तेष्वेको बिन्दुरम्बुधौ ॥१३-२८॥**

"ચરમાવર્ત્તકાળમાં આવેલા આત્માઓને ચોક્કસ જ સિદ્ધિ(મોક્ષ)ની આસન્નતા છે. અત્યાર સુધી આવા આવર્ત્તો(પુદ્ગલપરાવર્ત્તો) ઘણા વીત્યા છે. તેમાં આ સમુદ્રમાં એક બિંદુ જેવો છે." - આ પ્રમાણે અઠ્ઠાવીશમા શ્લોકનો

અર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે છેલ્લા પુદ્ગલપરાવર્ત્તકાળમાં આવેલા જીવને મોક્ષની સમીપતા નિશ્ચિત છે.

જે જીવોને એક પુદ્ગલપરાવર્ત્ત પ્રમાણ કાળથી વધારે કાળ સુધી હવે સંસારમાં રહેવાનું નથી, એવા જીવને ચરમાવર્ત્તવર્ત્તી કહેવાય છે. ચરમાવર્ત્તકાળ દરેક જીવની અપેક્ષાએ છે. માસવર્ષ વગેરે કાળની જેમ કોઇ કાળવિશેષસ્વરૂપ એ કાળ નથી. જીવને જે કાળે મોક્ષની પ્રાપ્તિ થવાની છે તેની પૂર્વેના એક પુદ્ગલપરાવર્ત્ત કાળને ચરમાવર્ત્તકાળ કહેવાય છે. આથી સમજી શકાશે કે ચરમાવર્ત્તકાળમાં આવવા માટે મુખ્યપણે કાળ કારણ છે.

અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણીઓનો એક પુદ્ગલપરાવર્ત્ત કાળ છે. અનાદિકાલીન આ સંસારમાં અનંતા પુદ્ગલપરાવર્ત્તો વીત્યા છે. માત્ર એક પુદ્ગલપરાવર્ત્તકાળનો વિચાર કરીએ તો સમજાશે કે એ કાળ જ કેટલો વિશાળ છે. એની અપેક્ષાએ વીતેલો કાળ તો અનંતગુણો છે. વ્યતિક્રાંત અનંતાનંત પુદ્ગલપરાવર્ત્તકાળની અપેક્ષાએ ચરમાવર્ત્તકાળની તો કોઇ ગણતરી નથી. સમુદ્રની અપેક્ષાએ બિંદુ જેવા એ કાળમાં કોઇ જ ભયનું સ્થાન નથી. કારણ કે એમાં મુક્તિ સુનિશ્ચિત છે. ।।૧૩-૨૮।।

ચરમાવર્ત્તકાળમાં મુક્તિની આસન્નતા હોવાથી ચિત્તમાં આનંદ થવા છતાં મોક્ષસાધક તે તે અનુષ્ઠાનો કરતી વખતે પીડા તો થાય ને ? - એ શંકાનું સમાધાન કરાય છે–

**मनोरथिकमित्थं च, सुखमास्वादयन् भृशम् ।**
**पीड्यते क्रियया नैव, बाढं तत्रानुरज्यते ।।१३-२९।।**

"આ રીતે મનોરથના કારણે ઉત્પન્ન થયેલા સુખને સારી રીતે અનુભવતો એવો તે ક્રિયાથી પીડાને પ્રાપ્ત કરતો જ નથી, પરંતુ ક્રિયામાં સારી રીતે અનુરાગી બને છે." - આ પ્રમાણે ઓગણત્રીશમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય સ્પષ્ટ છે કે - સત્સાધકને જેમ હજુ સિદ્ધિ મળી ન હોવા છતાં નજીકમાં જ તે પ્રાપ્ત થવાની છે તેના આનંદનો અનુભવ થવાથી વેતાલદર્શનાદિથી ભય થતો નથી અને મંત્રસાધનાદિમાં ખેદ થતો નથી. તેમ અહીં પણ ચરમાવર્ત્તવર્ત્તી આત્માને મોક્ષ મળવાનો છે : એના નિશ્ચયથી માનસિક આનંદના અતિશયથી

કોઈ પણ પ્રકારનો ભય થતો નથી. તેમ જ તે તે અનુષ્ઠાનમાં પીડાનો અનુભવ થતો નથી, પરંતુ તે તે ક્રિયામાં સારી રીતે અનુરાગી બને છે.

સામાન્ય રીતે અહીં જણાવેલી વાતનો અનુભવ વ્યવહારમાં પણ આપણને નિયમિતપણે થતો હોય છે. આપણી મનગમતી ચીજ મળશે : એનો નિર્ણય થવામાત્રથી જે આનંદનો અનુભવ થાય છે, તે વર્ણવી ના શકાય એવો હોય છે. તેવા સંયોગોમાં જે પણ ક્રિયા કરવી પડે તે કરતી વખતે પીડાનો અનુભવ થતો નથી. ઉપરથી તેની પ્રત્યે અનુરાગ વધે છે. આવી જ દશા ચરમાવર્ત્તવર્ત્તી આત્માને અનુભવવા મળે છે - તે સમજી શકાય છે. ચરમાવર્ત્તમાં મુક્ત્યદ્વેષે, મનોરથથી ઉત્પન્ન થયેલા સુખનો સ્વાદ લેતી વખતે પીડાના બદલે અનુરાગ વધે એમાં આશ્ચર્ય નથી. ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિની કલ્પના પણ અત્યંત રમણીય છે. આજનો આપણો પુરુષાર્થ તન્મૂલક છે. મેળવ્યું કેટલું અને મળવાનું છે કેટલું : એનો વિચાર કરીએ તો સમજાશે કે સુખ મળશે એની કલ્પનાથી વર્તમાનમાં આપણે સુખી છીએ. બાકી તો જે મળ્યું છે એમાં આનંદ નથી. પરંતુ ભવિષ્યમાં આનાથી સારું મળશે એની કલ્પનાથી જ આપણું જીવન ચાલ્યા કરે છે. સંસારમાં સુખ મળશે જ - એની ખાતરી નથી. અનંતજ્ઞાનીઓના કહેવા મુજબ એ નથી જ મળવાનું, છતાં પીડા પીડા ના લાગે અને અનુરાગ વધે તો પછી અનંતજ્ઞાનીઓના વચનથી ચરમાવર્ત્તવર્ત્તી આત્માને મોક્ષ મળશે જ એની ખાતરી હોય તો તેને ભય કેવી રીતે હોય ? પીડા શાથી હોય ? અનુરાગ કેમ ન હોય ? ॥૧૩-૨૯॥

ચરમાવર્ત્તવર્ત્તી આત્માને પીડાને બદલે અનુષ્ઠાનનું વાસ્તવિક ફળ પ્રાપ્ત થાય છે, તે જણાવાય છે–

**प्रसन्नं क्रियते चेतः, श्रद्धयोत्पन्नया ततः ।**
**मलोज्झितं हि कतकक्षोदेन सलिलं यथा ॥१३-३०॥**

"કતકચૂર્ણથી મલરહિત બનેલા સ્વચ્છ જળની જેમ પ્રાપ્ત થયેલી શ્રદ્ધાથી તે તે અનુષ્ઠાનો દ્વારા ચિત્ત પ્રસન્ન કરાય છે." - આ પ્રમાણે ત્રીશમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય સ્પષ્ટ છે કે ચરમાવર્ત્તકાળમાં મુક્ત્યદ્વેષથી ભવિષ્યમાં

મોક્ષપ્રાપ્તિનો નિર્ણય થવાથી તે તે સમયે કરાતી ઉચિત પ્રવૃત્તિમાં પીડાનો અનુભવ થતો ન હોવાથી અને તેમાં અનુરાગ થતો હોવાથી ચિત્ત પ્રસન્ન બને છે.

ગમે તેટલું અશુદ્ધ પાણી હોય તોપણ કતકચૂર્ણથી જેમ તે મલરહિત-નિર્મળ બને છે, તેવી રીતે અનુષ્ઠાનના રાગથી ઉત્પન્ન થયેલી શ્રદ્ધાના કારણે ચિત્ત પ્રસન્ન થાય છે. અનુષ્ઠાનની અનુષ્ઠાનતાનું પ્રથમ ચિહ્ન જ એ છે. ચિત્તની પ્રસન્નતા-નિર્મળતા અનુષ્ઠાનમાત્રનું સાક્ષાત્ ફળ છે. અનુષ્ઠાન વાસ્તવિક છે કે નહિ : એ ચિત્તપ્રસન્નતા સ્વરૂપ ફળથી સમજી શકાય છે. ચિત્તપ્રસન્નતા એ પૂજનાદિ અનુષ્ઠાનનું ફળ છે. એના બદલે લોકો એમ માને છે કે ચિત્ત પ્રસન્ન હોય તો અનુષ્ઠાન થઈ શકે. ચિત્ત પ્રસન્ન ન હોય તો અનુષ્ઠાન ન થાય અને કરીએ તો તેનું ફળ ન મળે... ઈત્યાદિ કહેવું બરાબર નથી. ચિત્તની પ્રસન્નતા એ કાર્ય છે અને અનુષ્ઠાન તેનું કારણ છે. અનુષ્ઠાન વાસ્તવિક હોય તો તેનાથી મોક્ષની પ્રાપ્તિ સુનિશ્ચિત છે. નિશ્ચિત મોક્ષની પ્રાપ્તિથી અનુષ્ઠાન પીડાકારક પ્રતીત થતું નથી. અનુષ્ઠાન વખતે પીડા અનુભવાતી હોવા છતાં અનુષ્ઠાનથી ભવિષ્યમાં પ્રાપ્ત થનારી સિદ્ધિની કલ્પના પીડાને પીડા માનવા દેતી નથી, જેથી ચિત્ત પ્રસન્ન બને છે.

આપણા ચાલુ વ્યવહારમાં પણ સામાન્ય કક્ષાની પણ પરમ ઈષ્ટ વસ્તુ ભવિષ્યમાં પ્રાપ્ત થવાની છે એના નિશ્ચયથી ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત થતી હોય છે. રોગીને ‘ડૉકટર આવ્યા’ એટલું સાંભળવામાત્રથી ચિત્તની પ્રસન્નતા કેટલી પ્રાપ્ત થતી હોય છે : એ આપણા અનુભવની વાત છે. હજુ તો ડૉકટર આવ્યા છે, રોગનું નિદાન કર્યું નથી, દવા આપી નથી, દવા લીધી નથી અને રોગ ગયો નથી; પરંતુ ‘રોગ જશે’ - એવી કલ્પનાથી પણ રોગી પ્રસન્નતાને અનુભવે છે. અહીં તો રોગ જશે જ અને સારું થઈ જ જશે એની ખાતરી નથી. સંભવ છે કે રોગ અસાધ્ય પણ હોય અને તેથી રોગના બદલે રોગીને જવું પડે. આમ છતાં રોગ જશે - એ કલ્પના જ કેટલી આનંદપ્રદ છે !... આવાં તો કંઈ-કેટલાંય દૃષ્ટાંતો આપણા વર્તમાન જીવનમાં આપણે દરરોજ અનુભવતા હોઈએ છીએ. એ અનુભવથી સમજી શકાશે કે ચરમાવર્ત્તવર્ત્તી જનોને મુક્ત્યદ્વેષથી ઉત્પન્ન થયેલા સદનુષ્ઠાનના રાગના કારણે શ્રદ્ધા પ્રાપ્ત થવાથી ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત થતી હોય છે. કારણ કે ભવિષ્યમાં તેમને ચોક્કસ જ મોક્ષ મળશે : એનો નિર્ણય થયો હોય છે. શરીરના રોગની જેમ

ભવના રોગની(ભવસ્વરૂપ રોગની) ભયંકરતા અનુભવાય તો ગમે તેવા કષ્ટમાં પણ ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત કરી શકાય છે... ઇત્યાદિ સ્થિર ચિત્તે વિચારવું જોઇએ. ||૧૩-૩૦||

ચિત્તપ્રસન્નતાથી પ્રાપ્ત થતાં ફળને જણાવાય છે–

**वीर्योल्लासस्ततश्च स्यात्ततः स्मृतिरनुत्तरा ।**
**ततः समाहितं चेतः, स्थैर्यमप्यवलम्बते ॥१३-३१॥**

ઉત્પન્ન થયેલી શ્રદ્ધાથી ઉપર જણાવ્યા મુજબ જે ચિત્ત પ્રસન્ન થાય છે; "તેથી વીર્યોલ્લાસ વધે છે, તેથી અનુત્તર સ્મૃતિ પ્રાપ્ત થાય છે, તેથી સમાધિયુક્ત ચિત્ત સ્થિરતાનું અવલંબન કરે છે." - આ પ્રમાણે એકત્રીશમા શ્લોકનો અક્ષરાર્થ છે. તેનો આશય એ છે કે - ઉપર જણાવ્યા મુજબ ધર્માનુષ્ઠાનથી ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત થવાથી ઉત્તરોત્તર વીર્યોલ્લાસની વૃદ્ધિ થાય છે. અભ્યસ્ત થયેલી ક્રિયાઓ કરતી વખતે લગભગ કષ્ટનો અનુભવ ન થવાથી તે ક્રિયાઓ ખૂબ જ સહજ રીતે થતી હોય છે. તેથી ઉત્તરોત્તર વીર્ય (ઉત્સાહ-પ્રયત્ન-બળ) ઉલ્લસિત બને છે, જેને લઇને અનુત્તર-શ્રેષ્ઠ એવી સ્મૃતિ પ્રાપ્ત થતી હોય છે.

જે ફળને ઉદ્દેશીને આપણે ક્રિયાઓ કરતા હોઇએ છીએ એ ફળની સિદ્ધિ માટે સ્મૃતિ ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાધન છે. 'મારે શું કરવાનું છે; અત્યાર સુધી મેં કેટલું કર્યું અને હવે કેટલું બાકી છે...' ઇત્યાદિની વિચારણા સ્વરૂપ જ અહીં સ્મૃતિ છે. આ સ્મૃતિ જ આત્માને ફળનું ભાજન બનાવે છે. ક્રિયાનો આરંભ કર્યા પછી કર્તવ્યની સ્મૃતિ ન હોય તો ફળ સુધી પહોંચવાનું શક્ય નથી. અનનુષ્ઠાનને તદ્હેતુ-અનુષ્ઠાનસ્વરૂપ બનાવવાનું કાર્ય, આ અનુત્તર સ્મૃતિનું છે. ફળના ઉદ્દેશથી શરૂ કરેલી ક્રિયાઓમાં ફળનું જ સ્મરણ ન હોય : એ કેટલું વિચિત્ર છે - એ આપણે સમજી શકીએ છીએ. વર્તમાનમાં લગભગ આપણાં ધર્માનુષ્ઠાનો આવાં છે - એમ લાગ્યા વિના નહીં રહે.

આ સ્મૃતિથી સમન્વિત ચિત્ત પરમસમાધિવાળું બને છે. કારણ કે કર્તવ્યનું જેને નિરંતર સ્મરણ છે, તેને દુઃખની કોઇ ગણતરી હોતી નથી અને સુખની પણ કોઇ ગણતરી હોતી નથી. ઇષ્ટ સ્થાને પહોંચવાના ઉદ્દેશથી નીકળ્યા પછી માર્ગમાં આવતાં દુઃખોને ગણકાર્યા વિના અને માર્ગમાં આવતાં સુખોનાં

સ્થાનોની સામે પણ જોયા વિના માર્ગગામી આત્માઓ મજેથી ઇષ્ટ સ્થાને પહોંચી જાય છે. તેથી જ તેઓ માર્ગમાં પણ સ્થિર રહે છે. પ્રાપ્ત થતાં દુઃખ કે સુખને વિચારવાથી માર્ગમાં સ્થિરતા મળતી નથી. 'ઇષ્ટ સ્થાનની પ્રાપ્તિ અટકી જાય કે વિલંબમાં મુકાય.' એવું તો કોઇ ન કરે ! આવી જ રીતે મોક્ષમાર્ગે પ્રયાણ કરનારા આત્માઓનું ચિત્ત પ્રસન્ન હોવાથી સમાહિત(સમાધિથી પૂર્ણ) હોય છે. ગમે તેટલાં પરીષહાદિ કષ્ટો આવે તો ય તેને તે આત્માઓ ગણકારતા નથી તેમ જ પુણ્યના ઉદયથી ગમે તેટલાં સુખો મળે તો ય તેની સામે જોતા પણ નથી અને ગંતવ્ય માર્ગે અવિરતપણે ચાલ્યા જ કરે છે, તે તેમના ચિત્તની સ્થિરતાનું અવલંબન છે... ઇત્યાદિ સમજી લેવું જોઇએ. ॥૧૩-૩૧॥

પ્રકૃતાર્થના નિરૂપણનું સમાપન કરાય છે–

**अधिकारित्वमित्थं चापुनर्बन्धकतादिना ।**
**मुक्त्यद्वेषक्रमेण स्यात्, परमानन्दकारणम् ॥१३-३२॥**

जीवातुरित्याद्यारभ्याष्टश्लोकी सुगमा ॥१३-३२॥

"આ રીતે અપુનર્બન્ધકતાદિ વડે મુક્ત્યદ્વેષના ક્રમે પરમાનંદના કારણભૂત એવી અધિકારિતાની પ્રાપ્તિ થાય છે." - આ પ્રમાણે બત્રીશમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે - યોગની પૂર્વસેવા સ્વરૂપ યોગનું અધિકારિત્વ છે. ગુરુદેવાદિપૂજાસ્વરૂપ યોગની પૂર્વસેવા છે. અપુનર્બન્ધકદશાને પામેલા આત્માઓની એ યોગની પૂર્વસેવા ન્યાય્યકોટિની બને છે. એની પૂર્વેની યોગની પૂર્વસેવા વિવક્ષિત ફળનું કારણ બનતી નથી. યોગબિંદુમાં **अस्यैषा...** ॥૧૭૯॥ આ શ્લોકથી જણાવ્યું છે કે અપુનર્બન્ધકદશાને પામેલા આત્માઓને ગુરુદેવાદિપૂજા વગેરે સ્વરૂપ યોગની પૂર્વસેવા મુખ્ય(ઉપચારથી રહિત) - તાત્ત્વિક હોય છે અને બીજા આત્માઓને તે અતાત્ત્વિક હોય છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે મુક્ત્યદ્વેષ તો સામાન્ય રીતે અભવ્યોના આત્માઓને પણ હોય છે. પરંતુ અપુનર્બન્ધક અવસ્થા અભવ્યોને પ્રાપ્ત થતી નથી. ક્યારે ય તેઓ એ અવસ્થાને પામવાના નથી. તેથી અહીં યોગની પૂર્વસેવાના અંગભૂત મુક્ત્યદ્વેષ સદનુષ્ઠાનના રાગના જનક તરીકે વિવક્ષિત છે. તેવો મુક્ત્યદ્વેષ અપુનર્બન્ધકદશાને પામ્યા વિના પ્રાપ્ત થતો નથી.

અપુનર્બન્ધકાવસ્થાની પૂર્વેના મુક્ત્યદ્વેષથી યોગની પૂર્વસેવા ઉપચારવાળી (ઔપચારિક) હોય છે. માટે એ મુક્ત્યદ્વેષની વિચારણા કરી નથી. આથી સમજી શકાશે કે અહીં અપુનર્બન્ધકદશા પછીના મુક્ત્યદ્વેષનું વર્ણન કર્યું છે. તેની પૂર્વેના મુક્ત્યદ્વેષનું વર્ણન અહીં પ્રસ્તુત નથી. યોગની પૂર્વસેવાના અંગભૂત મુક્ત્યદ્વેષનું જ અહીં મુખ્યપણે વર્ણન કર્યું છે, જેથી પરમાનંદપદની પ્રાપ્તિની અધિકારિતા પ્રાપ્ત થાય છે.

પરમાનંદપદની પ્રાપ્તિની યોગ્યતાની પ્રાપ્તિ થવી એ પણ એક, યોગમાર્ગમાં મોટી સિદ્ધિ છે. એ સિદ્ધિ જ આત્માને સિદ્ધપદની પ્રાપ્તિ કરાવે છે. અંતે એવી યોગ્યતાને પ્રાપ્ત કરવા દ્વારા આપણે સૌ પરમાનંદના ભાજન બની રહીએ એ જ એક શુભાભિલાષા. ॥૧૩-૩૨॥

**॥ इति श्रीद्वात्रिंशद्द्वात्रिंशिकायां मुक्त्यद्वेषप्राधान्यद्वात्रिंशिका ॥**

**अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।**
**व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥**

# अथापुनर्बन्धक-द्वात्रिंशिका प्रारभ्यते ।

मुक्त्यद्वेषक्रमेणाधिकारित्वप्राप्तिर्भवतीति प्रागुक्तं तत्र पूर्वमपुनर्बन्धकमेव धर्माधिकारिणमाह–

આ પૂર્વે તેરમી મુક્ત્યદ્વેષ-બત્રીશીમાં મુક્તિ પ્રત્યેના અદ્વેષના કારણે અપુનર્બન્ધકાદિ અવસ્થાને લઇને ધર્માધિકારિતા પ્રાપ્ત થાય છે - એ પ્રમાણે વર્ણવ્યું છે. ત્યાં ધર્મના અધિકારી એવા અપુનર્બન્ધકનું જ વર્ણન આ બત્રીશીમાં કરાય છે–

**शुक्लपक्षेन्दुवत्प्रायो, वर्धमानगुणः स्मृतः ।**
**भवाभिनन्दिदोषाणामपुनर्बन्धको व्यये ॥१४-१॥**

शुक्लेति–शुक्लपक्षेन्दुवदुज्ज्वलपक्षचन्द्रवत् । प्रायो बाहुल्येन । वर्धमानाः प्रतिकलमुल्लसन्तो गुणा औदार्यदाक्षिण्यादयो यस्य । भवाभिनन्दिदोषाणां प्रागुक्तानां क्षुद्रत्वादीनां । व्ययेऽपगमे सति । अपुनर्बन्धकः स्मृतः ॥१४-१॥

"ભવાભિનંદીપણાના દોષોનો વિગમ થયે છતે અપુનર્બન્ધક આત્માઓ; શુક્લ પક્ષના ચંદ્રમાની જેમ પ્રાયઃ પ્રવર્ધમાનગુણવાળા હોય છે." - આ પ્રમાણે પ્રથમ શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે મુક્તિ પ્રત્યે દ્વેષ ન હોય તો પૂર્વે જણાવ્યા મુજબ અપુનર્બન્ધકાદિ દશા પ્રાપ્ત થવાથી ધર્મ પામવા માટેની અધિકારિતા - યોગ્યતા પ્રાપ્ત થાય છે. એ અધિકારસંપન્ન આત્માઓમાંથી અપુનર્બન્ધકદશાને પામેલા જીવોનું આ બત્રીશીમાં વર્ણન કર્યું છે.

આ પૂર્વે દશમી બત્રીશીમાં તેના પાંચમા શ્લોકથી ભવાભિનંદીના ક્ષુદ્રતા, લોભરતિ (લાભરતિ), દીનતા, મત્સરીપણું, ભય અને શઠતા વગેરે દોષો વર્ણવ્યા છે. એ દોષો દૂર થવાથી અપુનર્બન્ધકદશા પ્રાપ્ત થાય છે. કૃપણતા, માંગ માંગ કરવાની વૃત્તિ, દીનતા, માત્સર્ય, ભય, શઠતા, મૂર્ખતા અને નિષ્ફળક્રિયાનો આરંભ : આ ભવાભિનંદી આત્માનાં લક્ષણો છે. એના અભાવે અપુનર્બન્ધકદશા પ્રાપ્ત થાય છે. ગમે તેવી સંક્લિષ્ટ પ્રવૃત્તિ હોવા છતાં મિથ્યાત્વમોહનીયકર્માદિની ઉત્કૃષ્ટ-સિત્તેરકોટાકોટિ સાગરોપમાદિ પ્રમાણ સ્થિતિનો કે રસનો બંધ જે આત્માઓ કરતા નથી એવા જીવોને અપુનર્બન્ધક કહેવાય છે. ભવાભિનંદી

આત્માના ક્ષુદ્રતાદિ દોષોનો અપગમ (ક્ષય-હ્રાસ) થયે છતે ઔદાર્ય, દાક્ષિણ્ય અને પાપજુગુપ્સા વગેરે ગુણો અપુનર્બન્ધક દશામાં પ્રાયઃ વધતા હોય છે. તથાભવ્યત્વાદિના કારણે કોઈ વાર છેલ્લા સમયમાં ગુણોનો આવિર્ભાવ થાય તો ઔદાર્યાદિ ગુણો વધતા ન પણ હોય તેની અપેક્ષાએ **प्रायः** પદનું અહીં ગ્રહણ છે. બહુલતયા અપુનર્બન્ધકદશાને પામેલા આત્માઓ શુક્લપક્ષના ચંદ્રમાની જેમ દરેક કલાએ ઉલ્લાસ પામતા ગુણોવાળા જ હોય છે. ઔદાર્યાદિ ગુણો, ભવાભિનંદીપણાના કૃપણતાદિ દોષોના વિરોધી(પ્રતિપક્ષી) હોવાથી કૃપણતાદિ દોષોના વિરહે ઔદાર્યાદિ ગુણોનો આવિર્ભાવ થાય છે. શુક્લપક્ષના પ્રારંભે આવિર્ભાવ પામેલી ચંદ્રમાની કલા; વધતી વધતી જેમ સોળે કલાથી પરિપૂર્ણ ચંદ્રમા સ્વરૂપ; કાલાંતરે થાય છે તેમ કાલાંતરે આ અપુનર્બન્ધકદશાના ગુણો પરિપૂર્ણ બને છે. આ બત્રીશીમાં તેમ જ યોગદૃષ્ટિસમુચ્ચયમાં વર્ણવેલી 'અપુનર્બન્ધકદશા'ને સમજવા માટેની યોગ્યતા પણ; અપુનર્બન્ધકાવસ્થાને પ્રાપ્ત કરવાથી જ પ્રાપ્ત થાય છે. પાપની વૃત્તિની તીવ્રતા ઘટે, સંસાર ઉપરનું બહુમાન નાશ પામે અને સર્વત્ર ઔચિત્યનું આસેવન કરાય તો અપુનર્બન્ધકદશાને પામવાનું શક્ય બને. ॥૧૪-૧॥

અપુનર્બન્ધક આત્માને અને સકૃદ્(એકવાર ઉત્કૃષ્ટ સ્થિતિના)બન્ધકાદિ આત્માને પણ ધર્મની પ્રાપ્તિ થતી નથી. પરંતુ યોગ્યતાની ભિન્નતાએ તેઓમાં ભેદ-વિશેષતા છે, તે જણાવાય છે–

**अस्यैव पूर्वसेवोक्ता, मुख्याऽन्यस्योपचारतः ।**
**अस्यावस्थान्तरं मार्गपतिताभिमुखौ पुनः ॥१४-२॥**

अस्यैवेति--अस्यैव अपुनर्बन्धकस्यैव । उक्ता गुर्वादिपूजालक्षणा पूर्वसेवा मुख्या कल्याणाशययोगेन निरुपचरिता । अन्यस्यापुनर्बन्धकातिरिक्तस्य सकृद्बन्धकादेः पुनरुपचारतः सा । तथाविधभववैराग्याभावात् । मार्गपतितमार्गाभिमुखौ पुनरस्यापुनर्बन्धकस्यावस्थान्तरं दशाविशेषरूपौ । मार्गो हि चेतसोऽवक्रगमनं भुजङ्गमनलिकायानतुल्यो विशिष्टगुणस्थानावाप्तिप्रगुणः स्वरसवाही क्षयोपशमविशेषः, तत्र प्रविष्टो मार्गपतितः । मार्गप्रवेशयोग्यभावापन्नश्च मार्गाभिमुख इति । न ह्येतावपुनर्बन्धकावस्थायाः परतरावस्थाभाजौ भगवदाज्ञावगमयोग्यतया पञ्चसूत्रकवृत्तावनयोरुक्तत्वात् ॥१४-२॥

"યોગની પૂર્વસેવા અપુનર્બન્ધક આત્માઓની જ મુખ્ય છે. એમને છોડીને બીજાઓની યોગપૂર્વસેવા ઉપચારથી (ગૌણ) છે. માર્ગપતિત અને માર્ગાભિમુખ અવસ્થાઓ અપુનર્બન્ધક આત્માની અવસ્થાંતર છે." - આ પ્રમાણે બીજા શ્લોકનો અર્થ છે. એનો આશય એ છે કે આ પૂર્વે યોગની પૂર્વસેવા તરીકે ગુરુદેવાદિપૂજા વગેરેનું વર્ણન કર્યું છે. એ ગુરુદેવાદિની પૂજા વગેરે સ્વરૂપ યોગપૂર્વસેવા; અપુનર્બન્ધકદશાને પામેલા જીવોને ઉપચારથી રહિત-મુખ્ય (તાત્ત્વિક) હોય છે. કારણ કે તેઓને સંસાર પ્રત્યે બહુમાન ન હોવાથી તેમનો કલ્યાણાશય (થોડો મોક્ષને અનુકૂળ ભાવ) હોય છે. અપુનર્બન્ધકદશાને પામેલા જીવોથી અન્ય સકૃદ્(એકવાર)બન્ધક (મિથ્યાત્વ વગેરે કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ કે રસના બન્ધક) અને દ્વિર્બન્ધક વગેરે આત્માઓને તે યોગપૂર્વસેવા ઔપચારિક હોય છે. કારણ કે તેમને તેવા પ્રકારનો વૈરાગ્ય હોતો નથી. સંસાર ઉપરનું બહુમાન ઘટ્યા વિના વૈરાગ્યનો સંભવ નથી. સકૃદ્બન્ધક અને દ્વિર્બન્ધકાદિને સંસાર પ્રત્યે બહુમાન હોય છે.

"અપુનર્બન્ધકદશાને પામેલા જીવોને જ મુખ્ય યોગપૂર્વસેવા છે - એમ માનીએ તો માર્ગાભિમુખ અને માર્ગપતિત આત્માઓને યોગપૂર્વસેવા ઔપચારિક હોય છે, એ પ્રમાણે માનવાનો પ્રસંગ આવશે." - આ પ્રમાણે નહીં કહેવું જોઈએ. કારણ કે માર્ગપતિત અને માર્ગાભિમુખ આત્માની અવસ્થા; અપુનર્બન્ધકની અવસ્થાવિશેષ સ્વરૂપ છે. તેથી અપુનર્બન્ધકસામાન્યના ગ્રહણથી તે બંન્નેનું પણ ગ્રહણ થાય છે. ચિત્તનું અવક્ર(સીધું) જે ગમન છે; તેને માર્ગ કહેવાય છે. સર્પ બહાર ગમે તેટલો વાંકો ચાલતો હોય તોપણ પોતાના બિલમાં સીધો જ ચાલે છે. તેની જેમ કુદરતી રીતે જ વિશિષ્ટ(ચતુર્થાદિ) ગુણસ્થાનકને પ્રાપ્ત કરાવવામાં તત્પર એવો સ્વરસવાહી ક્ષયોપશમવિશેષ સ્વરૂપ એ માર્ગ છે. આત્માના જ્ઞાનાદિગુણો પ્રત્યે જે ક્ષયોપશમને લઈને અભિરુચિ જન્મે છે, તે સ્વરસવાહી ક્ષયોપશમ છે. જ્ઞાનાવરણીયાદિ કર્મોનો મિથ્યાત્વાદિની મંદતાએ જે અલ્પરસવાળો ઉદય અનુભવાય છે, તે ક્ષયોપશમવિશેષ સ્વરૂપ અહીં માર્ગ છે. તેને પ્રાપ્ત કરેલા આત્માઓને માર્ગપતિત કહેવાય છે અને તે માર્ગે પ્રવેશવા માટે યોગ્યતાને ધરનારા આત્માઓને માર્ગાભિમુખ કહેવાય છે. આ બંન્ને આત્માઓ અપુનર્બન્ધકાવસ્થાથી પૂર્વતર અવસ્થાને ધરનારા નથી. કારણ કે એ

બંન્નેને; પંચસૂત્રના પાંચમા સૂત્રના અંતમાં "**एसा आणा इह भगवओ समंतभद्दा तिकोडिपरिसुद्धीए अपुणबंधगाइगम्मा**" આ પદોના વિવરણમાં વૃત્તિકારપરમર્ષિએ શ્રી તીર્થંકરપરમાત્માની આજ્ઞાને સમજી શકવા માટે યોગ્યસ્વરૂપે વર્ણવ્યા છે. તેઓની અવસ્થા, જો અપુનર્બન્ધકદશાની અવસ્થા કરતાં નીચી (પૂર્વ) હોય તો પંચસૂત્રકવૃત્તિમાં વર્ણવેલી વાત સંગત નહીં બને - એ સમજી શકાય છે. તેથી માર્ગાભિમુખ અને માર્ગપતિત આત્માની અવસ્થાને અપુનર્બન્ધક આત્માની દશાવિશેષસ્વરૂપ માનવી જોઈએ. ।।૧૪-૨।।

બીજા શ્લોકમાં જણાવેલી વાતમાં મતાંતર જણાવાય છે–

**योग्यत्वेऽपि व्यवहितौ, परे त्वेतौ पृथग् जगुः ।**
**अन्यत्राप्युपचारस्तु, सामीप्ये बह्वभेदतः ।।१४-३।।**

योग्यत्वेऽपीति–परे त्वेतौ मार्गपतितमार्गाभिमुखौ । योग्यत्वेऽपि व्यवहितौ अपुनर्वन्धकापेक्षया दूरस्थाविति पृथगपुनर्बन्धकाद्भिन्नौ जगुः । अन्यत्रापि सकृद्वन्धकादावपि उपचारतस्तु पूर्वसेवायाः सामीप्येऽपुनर्बन्धकसन्निधानलक्षणे सति । वह्वभेदतोऽतिभेदाभावात् ।।१४-३।।

"ભગવાન શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા સમજવા માટે યોગ્ય હોવા છતાં અપુનર્બન્ધક આત્માઓથી આ - માર્ગપતિત અને માર્ગાભિમુખ આત્માઓ - દૂર હોવાથી ભિન્ન છે - આ પ્રમાણે બીજા કહે છે. તેમ જ અન્ય સકૃદ્બન્ધકાદિ આત્માઓમાં પણ ઔપચારિક પૂર્વસેવા હોવાથી અપુનર્બન્ધકાદિ દશાને પામેલા આત્માઓની દશાવિશેષથી બહુ ફરક નથી. તેઓ તેમની નજીક જ છે" - આ પ્રમાણે ત્રીજા શ્લોકનો અર્થ છે.

કહેવાનો આશય સ્પષ્ટ છે કે પંચસૂત્રકવૃત્તિમાં શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞાને સમજવા માટે માર્ગપતિત અને માર્ગાભિમુખ આત્માઓને પણ યોગ્ય જણાવ્યા હોવા છતાં અપુનર્બન્ધકદશાને પામેલા આત્માઓ કરતાં તેઓ દૂર છે અર્થાત્ અપુનર્બન્ધકદશાને તેઓ પામેલા નથી. તેથી અપુનર્બન્ધક આત્માઓથી તેઓ જુદા છે - એ પ્રમાણે કેટલાક લોકો કહે છે. સકૃદ્બન્ધક કે દ્વિર્બન્ધક આત્માઓની યોગપૂર્વસેવા ઉપચારને આશ્રયીને હોવા છતાં અપુનર્બન્ધક આત્માઓની યોગપૂર્વસેવાથી તે સાવ જ જુદી નથી. કારણ કે અપુનર્બન્ધક

આત્માઓની સમીપમાં જ તેઓ છે. સકૃદ્‌બન્ધક, માર્ગાભિમુખ, માર્ગપતિત અને અપુનર્બન્ધક - આ રીતે કેટલાકના મતે અવસ્થાનો ક્રમ છે. અપુનર્બન્ધક-દશાની તે તે પૂર્વાવસ્થામાં થોડો થોડો ફરક છે. સકૃદ્‌બન્ધકો એકવાર કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિને કે રસને બાંધવાના છે. માર્ગાભિમુખ અને માર્ગપતિત આત્માઓ તેવી કર્મસ્થિતિ વગેરેને બાંધતા નથી. પરંતુ તેઓ અપુનર્બન્ધકદશાથી દૂર હોય છે. અપુનર્બન્ધક આત્માઓ તો તેવી કર્મસ્થિતિ વગેરેને બાંધવા માટેની યોગ્યતાથી પણ રહિત હોય છે... ઇત્યાદિ થોડો થોડો ફરક તે તે આત્માઓમાં હોય છે. સ્પષ્ટપણે તે સમજી લેવો જોઇએ. અન્યથા સકૃદ્‌બંધકાદિ આત્માઓની યોગપૂર્વસેવામાં ભેદ જણાશે નહિ. ॥૧૪-૩॥

અહીં ઔપચારિક યોગપૂર્વસેવાનું વર્ણન કેમ કર્યું છે - એ પ્રશ્નના સમાધાન માટે જણાવાય છે–

**परिणामिनि कार्याद्धि, सर्वथा नास्ति भिन्नता ।**
**तत्प्रकृत्या विनाप्यूहमन्यत्रैनां परे जगुः ॥१४-४॥**

परिणामिनीति–कार्याद् हि परिणामिनि सर्वथा भिन्नता नास्ति । यथा घटादेर्मृत्पिण्डादौ । एवमपुनर्बन्धकादेरपि सकृद्बन्धकादौ न सर्वथा भिन्नतेति भावनीयम् । तदुक्तं "कृतश्चास्या उपन्यासः शेषापेक्षोऽपि[1] कार्यतः । नासन्नोऽप्यस्य बाहुल्यान्नान्यथेति प्रदर्शकः ॥१॥" [योगबिन्दु १८० श्लो.] परे पुनरन्यत्र सकृद्बन्धकादावनालोचनगर्भत्वाद्वस्वरूपनिर्णायकोहापोहाद्यभावसङ्गतत्वादेनामुपचरितां पूर्वसेवां जगुः प्राहुः । प्राचि पक्षे कारणे कार्योपचारः, अत्र त्वनालोचनद्वाराऽमुख्यत्वरूप उपचार इति विशेषः ॥१४-४॥

અહીં એ વસ્તુ સમજી લેવી જોઇએ કે શરૂઆતમાં જણાવ્યા પ્રમાણે યોગના અધિકારી તરીકે અપુનર્બન્ધક આત્માઓનું વર્ણન આ બત્રીશીમાં મુખ્યપણે કરવાનું છે. એની સાથે આપણે એ પણ સમજી શકીએ છીએ કે આ પૂર્વે જણાવેલી યોગપૂર્વસેવા જેમને તાત્ત્વિક રીતે પરિણમેલી હોય તેઓને જ યોગનો અધિકાર હોય. અપુનર્બન્ધક આત્માઓ અને તે અવસ્થાવિશેષને પામેલા માર્ગાભિમુખ અને માર્ગપતિત આત્માઓને યોગની પૂર્વસેવા તાત્ત્વિક હોવાથી યોગના અધિકારી તરીકે તેમનું વર્ણન કરવાનું ઉચિત જ છે. પરંતુ જેમને યોગપૂર્વસેવા

---

૧. शेषापेक्षोऽपि-अपुनर्बन्धकादन्यो यो सकृद्बन्धकादिस्तदपेक्षः । तत्सम्बन्धी ।

ઉપચારથી જ છે તેમનો ઉપન્યાસ અહીં શા માટે કર્યો છે ? તેમ જ તેમની ઔપચારિક યોગપૂર્વસેવાનું વર્ણન અહીં કેમ કર્યું છે ? સકૃદ્બન્ધકાદિ આત્માઓ અપુનર્બન્ધકાદિ આત્માઓથી ભિન્ન જ હોવાથી તેમનો ઉપન્યાસ અહીં કરવો ના જોઈએ ને ? આ પ્રશ્નના ઉત્તરમાં આ ચોથો શ્લોક છે. "પરિણામી; કાર્યથી સર્વથા ભિન્ન નથી. અર્થાત્ પરિણામી એવા કારણમાં કાર્યથી સર્વથા ભિન્નતા નથી. સકૃદ્બન્ધકાદિ આત્માઓમાં ભવસ્વરૂપના નિર્ણયોપયોગી ઊહાપોહનો અભાવ હોવા છતાં સ્વભાવથી જ યોગની પૂર્વસેવા ઔપચારિક છે : આ પ્રમાણે બીજા કહે છે." - આ પ્રમાણે ચોથા શ્લોકનો સામાન્યાર્થ છે.

કહેવાનો આશય એ છે કે, સકૃદ્બન્ધકાદિ આત્માઓ કાલાંતરે અપુનર્બન્ધક આત્મારૂપે પરિણમે છે. તેવા પ્રકારની કર્મબંધયોગ્યતાનો હ્રાસ થવાથી એ આત્માઓ કાલાંતરે અપુનર્બન્ધક અવસ્થાને પ્રાપ્ત કરે છે. ઘડાનું, માટી જેમ પરિણામી કારણ છે તેમ અપુનર્બન્ધક આત્માનું સકૃદ્બન્ધકાદિ આત્મા પરિણામી કારણ છે. (કાર્યસ્વરૂપે પરિણામ પામતા કારણને પરિણામી કારણ કહેવાય છે.) પરિણામી કારણ માટીનું સ્વરૂપ ઘડામાં પણ હોવાથી ઘટાદિ કાર્યથી માટી સર્વથા ભિન્ન છે - એ જેમ મનાતું નથી તેમ અપુનર્બન્ધક આત્માઓથી સકૃદ્બન્ધકાદિ આત્માઓ સર્વથા ભિન્ન મનાતા નથી. અર્થાત્ કારણમાં કાર્યનો ઉપચાર (દૂષિત પાણીને પગનો રોગ કહેવાય છે તેમ) કરવાથી અપુનર્બન્ધક આત્માથી સકૃદ્બન્ધકાદિ સર્વથા ભિન્ન નથી. યોગબિંદુના ૧૮૦મા શ્લોકથી આ વાતને જણાવતાં ફરમાવ્યું છે કે અતાત્ત્વિક એવી યોગની પૂર્વસેવાનો ઉપન્યાસ સકૃદ્બન્ધકાદિ આત્માની અપેક્ષાએ તેમના કાર્યસ્વરૂપ અપુનર્બન્ધક આત્માઓને આશ્રયીને કર્યો છે. કારણ કે અપુનર્બન્ધક આત્માઓ જ નહિ પરંતુ તેમની સમીપમાં રહેલા સકૃદ્બન્ધકાદિ આત્માઓ પણ બહુલતયા અપુનર્બન્ધકના આચારથી વિલક્ષણ નથી હોતા : એ જણાવનારો એ(અતાત્ત્વિક યોગની પૂર્વસેવાનો) ઉપન્યાસ છે.

શ્લોકના ઉત્તરાર્ધ(**तत्प्रकृत्या...**)નો આશય એ છે કે બધા લોકો નહિ પણ કેટલાક લોકો એમ કહે છે કે સકૃદ્બન્ધકાદિ આત્માઓમાં ભવસ્વરૂપનો નિર્ણય કરાવનાર ઊહાપોહ(ભવસ્વરૂપનું આલોચન)ના અભાવમાં પણ સ્વભાવથી યોગપૂર્વસેવા અતાત્ત્વિક-ઔપચારિક હોય છે. આથી સમજી શકાશે કે સકૃદ્બંધક

વગેરે આત્માને અતાત્ત્વિક જ યોગની પૂર્વસેવા વર્ણવી છે. પરંતુ એક પક્ષમાં ઉપર જણાવ્યા મુજબ (શ્લોકના પૂર્વાર્દ્ધમાં જણાવ્યા મુજબ) કારણમાં કાર્યનો ઉપચાર કરીને યોગપૂર્વસેવાને ઔપચારિક માની છે અને બીજા પક્ષમાં (શ્લોકના ઉત્તરાર્દ્ધમાં જણાવેલા પક્ષમાં) અનાલોચન (ભવસ્વરૂપનિર્ણાયક ઊહાપોહનો અભાવ) દ્વારા અમુખ્યત્વસ્વરૂપ ઉપચારને લઈને યોગની પૂર્વસેવાને ઔપચારિક વર્ણવી છે. બંન્ને પક્ષમાં એટલો ફરક છે - એ યાદ રાખવો. ॥૧૪-૪॥

સકૃદ્બન્ધકાદિ આત્માઓની ઔપચારિક યોગની પૂર્વસેવાનું સમર્થન કરાય છે. અર્થાત્ સકૃદ્બન્ધકાદિ આત્માઓની યોગની પૂર્વસેવા ઔપચારિક જ હોય છે; તેનું સમર્થન કરાય છે–

**युक्तं चैतन्मले तीव्रे, भवासङ्गो न हीयते ।**
**सङ्क्लेशायोगतो मुख्या, सान्यथा नेति हि स्थितिः ॥१४-५॥**

युक्तमिति–एतच्च एतदपि युक्तम् । तीव्रेऽत्यन्तमुत्कटे । मले कर्मबन्धलक्षणे । भवासङ्गः संसारप्रतिबन्धः । न हीयते शेषजन्तोः । मनागपि हि तन्निवृत्तौ तस्यापुनर्बन्धकत्वमेव स्यादिति । सङ्क्लेशायोगतः पुनरतितीव्रसङ्क्लेशाप्राप्तौ । सा पूर्वसेवा । मुख्या उत्तरोत्तरभववैराग्यादिकल्याणनिमित्तभावाद् । अन्यथा नेति हि स्थितिः शास्त्रमर्यादा ॥१४-५॥

"આ વાત પણ યુક્ત છે. કારણ કે મલ તીવ્ર હોવાથી સકૃદ્બન્ધકાદિ આત્માઓનો ભવનો રાગ ઓછો થતો નથી. અતિ તીવ્ર સંક્લેશનો યોગ ન હોય તો તે યોગપૂર્વસેવા મુખ્ય મનાય છે. અન્યથા - અતિતીવ્ર સંક્લેશના યોગમાં એ મુખ્ય મનાતી નથી." - આ પ્રમાણે પાંચમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે આ પૂર્વે અપુનર્બન્ધક આત્માઓને છોડીને બાકીના સકૃદ્બન્ધકાદિને યોગની પૂર્વસેવા ઔપચારિક હોય છે - એ પ્રમાણે જણાવ્યું છે - તે પણ યુક્ત છે. કારણ કે કર્મબંધ-સ્વરૂપ મલ અત્યંત ઉત્કટ હોવાથી તે સકૃદ્બન્ધકાદિ આત્માઓનો સંસાર પ્રત્યેનો રાગ ઓછો થતો નથી. સકૃદ્બન્ધકાદિ આત્માઓનો એ ભવનો રાગ થોડો પણ દૂર થાય તો તેઓ સકૃદ્બંધક મટી જઈને, અપુનર્બન્ધક અવસ્થાને જ પામી જાય. આથી માનવું પડે કે સકૃદ્બંધકાદિ આત્માઓને

કર્મબંધસ્વરૂપ મલ અત્યંત ઉત્કટ હોય છે અને તેથી તેમનો સંસાર પ્રત્યેનો પ્રતિબંધ(રાગ) ઓછો થતો નથી.

યોગની પૂર્વસેવા ત્યારે મુખ્ય મનાય છે કે જ્યારે તે આત્માઓને અત્યંતતીવ્રસંક્લેશ પ્રાપ્ત થતો ન હોય. આવી અવસ્થામાં જ યોગની પૂર્વસેવા ક્રમે કરીને ભવવૈરાગ્ય અને મુક્તિ પ્રત્યેનો રાગ વગેરે કલ્યાણમાં નિમિત્ત બને છે, તેથી તે મુખ્ય મનાય છે. સંક્લેશ તીવ્ર હોય તો યોગપૂર્વસેવા એવા પ્રકારના કલ્યાણમાં નિમિત્ત બનતી ન હોવાથી તેને મુખ્ય મનાતી નથી - આવી જાતિની શાસ્ત્રમર્યાદા છે. સકૃદ્બંધકાદિ આત્માઓને સંક્લેશનો અયોગ હોતો નથી. તેથી તેમને યોગની પૂર્વસેવા મુખ્ય હોતી નથી. ॥૧૪-૫॥

પાંચમા શ્લોકથી સ્પષ્ટ થયેલી વાતને જણાવીને પ્રકૃતાર્થનું સમાપન કરાય છે—

**एष्यद्भद्रां समाश्रित्य, पुंसः प्रकृतिमीदृशीम् ।**
**व्यवहारः स्थितः शास्त्रे, युक्तमुक्तं ततो ह्यदः ॥१४-६॥**

एष्यद्भद्रामिति—ईदृशीं सङ्क्लेशायोगविशिष्टाम् । एष्यद्भद्रां कल्याणानुबन्धिनीम् । पुंसः समाश्रित्य । व्यवहारः पूर्वसेवादिरूपः । स्थितः प्रसिद्धः । शास्त्रे योगग्रन्थे । ततो ह्यद एतद्युक्तमुक्तं, यदुतान्यत्रोपचारत एव पूर्वसेवेति ॥१४-६॥

"આવી - ભવિષ્યમાં કલ્યાણને કરનારી - પુરુષની પ્રકૃતિને આશ્રયીને યોગશાસ્ત્રમાં પૂર્વસેવાદિ સ્વરૂપ વ્યવહાર પ્રવર્ત્તે છે. તેથી આ(પૂર્વશ્લોકમાં જણાવેલું) કહેલું યુક્ત જ છે." - આ પ્રમાણે છઠ્ઠા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે યોગનું નિરૂપણ કરનારા શાસ્ત્રમાં યોગની પૂર્વસેવા અને યોગ વગેરેનો જે વ્યવહાર પ્રસિદ્ધ છે, તે પુરુષ(આત્મા)ની તેવા પ્રકારની પ્રકૃતિ(સ્વભાવ)ને આશ્રયીને છે, કે જે પ્રકૃતિ સંક્લેશ વિનાની છે અને ભવિષ્યમાં કલ્યાણને કરનારી છે. સંક્લેશવિશિષ્ટ પ્રકૃતિને આશ્રયીને યોગની પૂર્વસેવાદિ સ્વરૂપ વ્યવહાર પ્રસિદ્ધ નથી. તેથી "અપુનર્બંધક આત્માને છોડીને બીજે સકૃદ્બંધકાદિ આત્માઓની યોગની પૂર્વસેવા ઉપચારથી જ છે." આ પ્રમાણે જે કહ્યું છે તે યુક્ત જ છે.

અહીં એ વાત સમજી લેવી જોઇએ કે યોગમાર્ગની પ્રાપ્તિ માટે જે યોગ્યતાની અપેક્ષા છે, તે માત્ર અપુનર્બન્ધક આત્માઓમાં જ પરમાર્થથી હોય

છે. કારણ કે સંક્લેશથી રહિત એવી યોગપૂર્વસેવા તેમને જ હોય છે. અપુનર્બન્ધક આત્માઓથી બીજે સકૃદ્બંધકાદિ આત્માઓને યોગની પૂર્વસેવા છે ખરી ! પરંતુ તે સંક્લેશથી રહિત નથી હોતી. યોગમાર્ગની સાધનામાં માત્ર યોગની પૂર્વસેવાને વિચારવાથી ચાલે એવું નથી. તે સંક્લેશથી રહિત છે કે નહિ : તેનો વિચાર કરવાનું ખૂબ જ આવશ્યક છે. રાગ-દ્વેષની પરિણતિ સ્વરૂપ સંક્લેશનો વિચાર કરવાનું લગભગ આજે બંધ થયું છે.

ગુરુદેવાદિપૂજન, સદાચાર કે તપ વગેરે સ્વરૂપ યોગની પૂર્વસેવાની જ જ્યાં ઉપેક્ષા થતી હોય ત્યાં તે સંક્લેશથી રહિત છે કે નહિ - એની વિચારણા ન જ હોય - એ સ્પષ્ટ છે. અપુનર્બંધક આત્માઓ તેવા પ્રકારની સંક્લિષ્ટ પ્રકૃતિથી રહિત હોય છે. યોગની પૂર્વસેવા જ નહિ સાક્ષાત્ યોગની ક્રિયા હોય તોપણ સંક્લેશની વિદ્યમાનતામાં એ તાત્ત્વિક બનતી નથી. મોક્ષસાધક યોગમાર્ગની સાધનામાં મોટો અવરોધ જ સંક્લેશનો છે. મુમુક્ષુઓએ એ તરફ ખૂબ જ ચીવટથી ધ્યાન આપવું જોઈએ. વર્તમાનની આપણી આરાધનાનું ચિત્ર વિચિત્ર છે. આરાધનાનો પ્રારંભ, મધ્ય અને અંત ખરી રીતે સંક્લેશના અસ્તિત્વ વિનાનો હોવો જોઈએ. એના બદલે મોટા ભાગે આજે એની ચિંતા વિનાનો હોય - એ કેટલું વિચિત્ર છે - તે ન સમજી શકાય એવું તો નથી જ. જે લોકોને મોક્ષની સાધના કરવી નથી એવા લોકોને કાંઈ જ કહેવાનું નથી. પરંતુ જેમણે મોક્ષની સાધનાનો પ્રારંભ કર્યો છે તેમને થોડું કહ્યા વિના ચાલે એવું નથી. વર્તમાન જીવનશૈલી જ એવી બનાવી દીધી છે કે ભાગ્યે જ આપણને આપણા સંક્લેશનો વિચાર આવે.

યોગની પૂર્વસેવાથી જ અસંક્લિષ્ટ સ્થિતિને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવામાં આવે તો યોગમાર્ગની તાત્ત્વિક રીતે આરાધના સરળ બની જાય. આપણી સાધના ગમે તેટલી ઊંચી હોય પરંતુ આપણે ઊંચા ન હોઈએ તો તેનો કશો જ અર્થ નથી. સાધકની ઊંચી અવસ્થા તેની સંક્લેશરહિત અવસ્થાને લઈને છે. વર્તમાનમાં આરાધનાનું મૂલ્ય; તે શું કરે છે તેની અપેક્ષાએ ગણાય છે. તેની આત્મપરિણતિ કેવી છે - એ જોવાનું કે વિચારવાનું આજે લગભગ આવશ્યક ગણાતું નથી, જેના ફળ સ્વરૂપે આરાધનાનું ચિત્ર વિચિત્ર બન્યું છે. જો હજુ પણ એ અંગે ગંભીરતાપૂર્વક વિચારવામાં નહીં આવે તો કોણ જાણે ભવિષ્યમાં

કેવી કરુણ સ્થિતિ સર્જાશે ? ગ્રંથકાર પરમર્ષિએ જણાવેલી તાત્ત્વિક અને અતાત્ત્વિક એવી યોગની પૂર્વસેવાનો વિચાર કરવાથી સમજાશે કે સંક્લેશને દૂર કર્યા વિના ક્લેશથી કોઇ પણ રીતે મુક્ત નહીં જ થવાય. ॥૧૪-૬॥

યોગશાસ્ત્રપ્રસિદ્ધ અપુનર્બન્ધકદશાની પ્રકૃતિના કારણે જે ગુણો પ્રાપ્ત થાય છે, તે દૃષ્ટાંતપૂર્વક જણાવાય છે–

**शान्तोदात्तस्तयैव स्यादाश्रयः शुभचेतसः ।**
**धन्यो भोगसुखस्येव, वित्ताढ्यो रूपवान् युवा ॥१४-७॥**

शान्तोदात्त इति–तयैवापुनर्बन्धकोचितैष्यद्भद्रप्रकृत्यैव । शान्तोदात्तः स्यात् । शान्तस्तथाविधेन्द्रियकषायविकारविकलः । उदात्त उच्चोच्चतराद्याचरणबद्धचित्तः । ततः कर्मधारयः । तथा शुभचेतसः शुद्धचित्तपरिणामस्य । आश्रयः स्थानम् । धन्यः सौभाग्या-देयतादिना धनार्हः । भोगसुखस्येव शब्दरूपरसगन्धस्पर्शसेवालक्षणस्य यथाश्रयः । वित्ताढ्यो विभवनायकः । रूपवान् शुभशरीरसंस्थानः । युवा तरुणः पुमान् ॥१४-७॥

"શ્રીમંત, રૂપવાન અને યુવાન એવો ધન્ય માણસ જેમ ભોગસુખનો આશ્રય બને છે તેમ ભવિષ્યમાં કલ્યાણનું કારણ બનનારી એવી અપુનર્બન્ધક આત્માને ઉચિત પ્રકૃતિ(સ્વભાવ)થી જ શાંત એવો ઉદાત્ત આત્મા શુભચિત્તનો આશ્રય બને છે." - આ પ્રમાણે સાતમા શ્લોકનો અર્થ છે.

એનો આશય સમજી શકાય છે કે પાંચ ઇન્દ્રિયોના શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ સ્વરૂપ વિષયોના ભોગજન્ય સુખની ગમે તેટલી ઇચ્છા હોય તોપણ દરેકને એ સુખ પ્રાપ્ત થતું નથી. એ સુખના આશ્રય બનવા માટે માણસમાં કેટલીક યોગ્યતા હોવી જરૂરી છે. સુખની તેવા પ્રકારની ઇચ્છાવાળો; શ્રીમંત એટલે કે સંપત્તિનો સ્વામી હોવો જોઇએ, રૂપસંપન્ન-સુંદર શરીરની રચના (આકૃતિ)વાળો હોવો જોઇએ તેમ જ તરુણ-યુવાન હોવો જોઇએ. આવો પણ માણસ સૌભાગ્ય અને આદેયતાદિ ગુણથી ધન્ય(ધનાદિયોગ્ય) હોય તો જ તે ઉપર જણાવ્યા મુજબ ભોગસુખને પ્રાપ્ત કરી શકશે. દરિદ્ર, કુરૂપ અને વૃદ્ધ (ઘરડો) એવા દુર્ભાગી માણસને ભોગસુખ કેવું મળે છે તે આપણે સમજી શકીએ છીએ.

એવી જ રીતે શુદ્ધચિત્તના પરિણામને પણ પ્રાપ્ત કરવા માટે આત્મામાં યોગ્યતા અપેક્ષિત છે. અહીં એ યોગ્યતા, અપુનર્બન્ધક આત્માને ઉચિત એવી

સંક્લેશથી રહિત પ્રકૃતિના કારણે જ પ્રાપ્ત થાય છે. એ યોગ્યતાને કારણે આત્મા શાંત અને ઉદાત્ત બને છે. એવા શાંત અને ઉદાત્ત આત્માને જ શુભચિત્તસ્વરૂપ શુદ્ધચિત્તપરિણામની પ્રાપ્તિ થતી હોય છે. ઈન્દ્રિય અને કષાયના વિકારથી વિકલ (રહિત) આત્માને શાંત કહેવાય છે. શબ્દાદિ વિષયોની અનુકૂળતા અને પ્રતિકૂળતાની પ્રાપ્તિમાં જે રતિ અને અરતિ થાય છે, તે ઈન્દ્રિયોનો વિકાર છે. કારણ કે એ રતિ અને અરતિ જ વિષયોમાં તે તે ઈન્દ્રિયને પ્રવૃત્ત અને નિવૃત્ત કરે છે. અનુકૂળવિષયને ગ્રહણ કરવામાં તત્પર તેમ જ પ્રતિકૂળ વિષયને દૂર કરવામાં તત્પર એવી ઈન્દ્રિયો વસ્તુતઃ વિકૃત છે. વિષયની અસારતાદિનું પરિભાવન કરવાથી આત્મા ઈન્દ્રિયોના વિકારથી રહિત-શાંત બને છે. તેથી જ વિષયનિરપેક્ષ આત્મા; કષાયના વિકારથી પણ રહિત બને છે. સામાન્યથી ક્રોધાદિ કષાયના કાર્ય પ્રસિદ્ધ છે. દ્વેષ, પરનો પરાભવ, પરવઞ્ચના અને વિષયની લોલુપતા વગેરે કષાયોના વિકારો છે. આવા ઈન્દ્રિયો અને કષાયોના વિકારથી વિકલ આત્માને 'શાંત' કહેવાય છે, જેઓ ઈન્દ્રિયો અને કષાયથી પીડાતા નથી, પરંતુ અવસરે ઈન્દ્રિયો અને કષાયને પીડતા હોય છે. ઉત્તરોત્તર ઉચ્ચ ઉચ્ચ અનુષ્ઠાનોમાં પ્રતિબદ્ધ (તત્પર) ચિત્તવાળા આત્માને 'ઉદાત્ત' કહેવાય છે. '**शान्तोदात्तः**' અહીં કર્મધારય સમાસ હોવાથી; એક જ આત્માની એ બંન્ને અવસ્થા સમજવાની છે.

ઈન્દ્રિયો અને કષાયોની વિદ્યમાનતામાં સામાન્યથી વિષયગ્રહણાદિની પ્રવૃત્તિ તો થવાની જ છે. પરંતુ એ વખતે તેમાં તેના વિકારો ભળવા જોઈએ નહિ. એ વિકારોથી વિકલ એવા શાંત આત્માઓ જ ખરી રીતે ઉચ્ચ-ઉચ્ચતર આચરણમાં બદ્ધચિત્ત બનતા હોય છે. કારણ કે પ્રાયઃ એ જાતિની બદ્ધચિત્તતામાં વિષય-કષાયના વિકારો જ અવરોધક બને છે. શાંતાત્માઓમાં એ અવરોધ ન હોવાથી ઉદાત્ત અવસ્થાને તેઓ પ્રાપ્ત કરતા હોય છે; અને તેથી અપુનર્બન્ધકોચિત સંક્લેશરહિત પ્રકૃતિના કારણે ચિત્તના શુદ્ધપરિણામને તેઓ પ્રાપ્ત કરે છે. ॥૧૪-૭॥

ઉપર જણાવેલી વાત વ્યતિરેકથી(નિષેધમુખે) અર્થાત્ જેઓ સંક્લેશથી રહિત પ્રકૃતિને ધારણ કરતા નથી; તેમને શુદ્ધચિત્તપરિણામ પ્રાપ્ત થતા નથી - એ રીતથી જણાવાય છે–

**अङ्गभावे यथा भोगोऽतात्त्विको मानहानितः ।**
**शान्तोदात्तत्वविरहे क्रियाप्येवं विकल्पजा ॥१४-८॥**

अङ्गाभाव इति–अङ्गानां भोगाङ्गानां रूपवयोवित्ताढ्यत्वादीनां वात्स्यायनोक्तानामभावे सति । भोगोऽतात्त्विकोऽपारमार्थिकः । मानहानितः “अहं सुखी” इत्येवंविधप्रतिपत्तिलक्षणमानापगमादपूर्यमाणेच्छत्वेन तदनुत्थानाच्च । शान्तोदात्तत्वविरहे सति । एवं क्रियापि गुर्वादिपूजनारूपा । विकल्पजा विपर्यासजनिता । न तु तात्त्विकी, अन्तःसुखप्रवाहानुत्थानात् । तदुक्तं–“मिथ्याविकल्परूपं तु द्वयोर्द्वयमपि स्थितम् । स्वबुद्धिकल्पनाशिल्पिनिर्मितं न तु तत्त्वतः [योगबिन्दु १८९] ॥१॥” ॥१४-८॥

“ભોગનાં અંગોનો અભાવ હોય ત્યારે માનહાનિ થવાથી ભોગ જેમ અતાત્ત્વિક છે, તેમ શાંત અને ઉદાત્ત અવસ્થાના વિરહમાં થનારી ગુર્વાદિપૂજા વગેરે સ્વરૂપ ક્રિયા પણ વિકલ્પ-વિપર્યાસથી ઉત્પન્ન થયેલી હોય છે. (તાત્ત્વિક નથી)” - આ પ્રમાણે આઠમા શ્લોકનો અર્થ છે.

કહેવાનો આશય એ છે કે; કામશાસ્ત્રના પ્રણેતા વાત્સ્યાયને રૂપ, વય, વૈચક્ષણ્ય, સૌભાગ્ય, માધુર્ય અને ઐશ્વર્યને ભોગસાધન તરીકે વર્ણવીને રૂપ, વય અને શ્રીમંતતાને પ્રધાન (મુખ્ય) ભોગસાધન તરીકે વર્ણવ્યાં છે. સામાન્ય રીતે મુખ્ય ભોગસાધનની અપેક્ષાએ વિચારીએ તો સમજાશે કે દરિદ્ર (શ્રીમંતતાના અભાવવાળા) માણસને ભોગસાધન સ્ત્રી વગેરેની પ્રાપ્તિ જ થતી નથી. યૌવનવયના અભાવે વૃદ્ધાદિ અવસ્થામાં ભોગની અશક્તિ હોવાથી ભોગની પ્રાપ્તિ થતી નથી. અને ભોક્તા કુરૂપ હોય તો સુરૂપ સ્ત્રી વગેરેમાં અત્યંત રાગ તેમ જ સામા પાત્રને પોતાની પ્રત્યે સારો ભાવ હશે કે નહિ - એવી આશંકા રહ્યા કરે છે. આવી સ્થિતિમાં ભોગની ક્રિયા હોવા છતાં તે સુખનું કારણ ન બનવાથી તાત્ત્વિક બનતી નથી. કારણ કે તેમાં માનની હાનિ થતી હોય છે. ‘હું સુખી છું’ આવી જાતની લાગણી સ્વરૂપ માન ત્યાં રહેતું નથી. એ કારણે ઇચ્છા પૂર્ણ ન થવાથી અને ભોગની ક્રિયા ન થવાથી ભોગની પ્રવૃત્તિ અતાત્ત્વિક જ બની રહે છે. દૃષ્ટાંતનો પરમાર્થ ખૂબ જ સ્પષ્ટ છે. ભોગનાં અંગો-સાધનોનો અભાવ હોય તો ભોગસુખની તાત્ત્વિક પ્રાપ્તિ કોઇ પણ રીતે શક્ય નથી. કારણના અભાવે કાર્યની તાત્ત્વિક સિદ્ધિ તો ન જ હોય : એ સમજી ન શકાય એવી વાત નથી.

બસ ! આવી જ સ્થિતિ ધર્મક્રિયાની પણ છે. શાંત અને ઉદાત્ત સ્થિતિ ન હોય તો ધર્મક્રિયા પણ બુદ્ધિના વિપર્યાસ(વિકલ્પ)થી ઉત્પન્ન થયેલી હોય છે, તાત્ત્વિક હોતી નથી. કારણ કે એવી ગુરુદેવાદિ-પૂજા વગેરે સ્વરૂપ યોગપૂર્વસેવાથી

આંતરિક પ્રશમસુખનો પ્રવાહ ઉદ્ભવતો નથી. ઇન્દ્રિયો અને કષાયોના વિકારથી વિકલ જ યોગપૂર્વસેવાથી ચિત્તમાં સુખનો પ્રવાહ અવિરતપણે વહે છે. આ વાતને જણાવતાં 'યોગબિંદુ' ગ્રંથમાં કહ્યું છે કે - ભોગસુખના સાધનથી વિકલ અને શાંત તથા ઉદાત્ત અવસ્થાથી રહિત એવા ભોગી અને ધાર્મિક : બંન્નેનું; ભોગસુખ અને ધાર્મિક અનુષ્ઠાન : બંન્ને મૃગજળમાં જળની ભ્રાંતિ જેવું - મિથ્યાવિકલ્પસ્વરૂપ અને પોતાની મતિકલ્પના સ્વરૂપ શિલ્પીએ નિર્માણ કરેલું છે, પરંતુ તાત્ત્વિક નથી. આથી સમજી શકાશે કે સંક્લિષ્ટ આંતરિકપરિણતિના કારણે તેવા આત્માઓને તાત્ત્વિક અનુષ્ઠાન પ્રાપ્ત થતું નથી અને ભોગસુખના સાધનથી વિકલ હોવાથી અપાયની યોગ્યતાના કારણે એવા ભોગીને તાત્ત્વિક સુખ પ્રાપ્ત થતું નથી. પરંતુ ધન્ય આત્માને અર્થાત્ અપુનર્બન્ધક આત્માને અને ભોગાંગોથી સહિત ભોગીને જ તાત્ત્વિક યોગપૂર્વસેવાની અને આભિમાનિક સુખની પ્રાપ્તિ થાય છે. ॥૧૪-૮॥

આ રીતે અપુનર્બન્ધક દશાને પામેલા આત્માઓને જ તાત્ત્વિક; યોગની પૂર્વસેવા હોય છે; એ જણાવીને હવે તેના યોગે તેમને જે પ્રાપ્ત થાય છે - તે જણાવાય છે–

**क्रोधाद्यबाधितः शान्त, उदात्तस्तु महाशयः ।**
**बीजं रूपं फलं चायमूहते भवगोचरम् ॥१४-९॥**

क्रोधादिति–पूर्वार्धं गतार्थम् । अयं च शान्तोदात्तः । भवगोचरं संसारविषयम् । बीजं कारणम् । रूपं स्वरूपम् । फलं च कार्यम् । ऊहते विचारयति ॥१४-९॥

"ક્રોધાદિ કષાયથી બાધિત ન હોય અને મહાન આશયવાળો હોય તેને અનુક્રમે શાંત અને ઉદાત્ત કહેવાય છે. એવા શાંત અને ઉદાત્ત આત્માઓ ભવના કારણ, સ્વરૂપ અને ફળનો વિચાર કરે છે." - આ પ્રમાણે નવમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે આ પૂર્વે સાતમા શ્લોકમાં જણાવ્યું હતું કે અપુનર્બન્ધકોને ઉચિત એવી કલ્યાણકારિણી પ્રકૃતિને લઇને આત્મા શાંત અને ઉદાત્ત બને છે. આ શ્લોકના પૂર્વાર્દ્ધથી તેનું સ્વરૂપ વર્ણવતાં જણાવ્યું છે કે ક્રોધ, માન અને માયાદિ કષાયોથી જે પીડાતા નથી તેઓ શાંત છે અને ઉત્તરોત્તર વિશુદ્ધ અનુષ્ઠાનને પ્રાપ્ત કરવાનો જેનો આશય છે તે મહાન આશયવાળા ઉદાત્ત છે.

દશમા ગુણસ્થાનક સુધી કષાયનું અસ્તિત્વ હોવાથી સર્વથા કષાયરહિત અવસ્થાનો તો અહીં સંભવ નથી. પરંતુ તેના અસ્તિત્વમાં પણ તે પીડે નહિ : એ બની શકે છે. શરીરમાં રોગની એવી ઉત્કટ માત્રા ન હોય તો રોગ હોવા છતાં તે શરીરને પીડતો નથી. એવી રીતે ક્રોધાદિ કષાયની માત્રા પણ ઉત્કટ ન હોય તો કષાયો આત્માને પીડાકર બનતા નથી. કષાયો હોય એની ના નહિ, પરંતુ તે જ્યારે પીડા કરે ત્યારે ખૂબ જ દારુણ સ્થિતિને સર્જે છે. એવી સ્થિતિમાં તાત્ત્વિક ક્રિયા કોઇ પણ રીતે શક્ય નથી.

ક્રોધાદિ કષાયોથી બાધિત ન હોય તો આત્માને ઉત્તરોત્તર અધિકગુણસંપન્ન અનુષ્ઠાનને પ્રાપ્ત કરવા માટે સહેજે મન થતું હોય છે. તેથી જ તેઓને મહાશય તરીકે વર્ણવાય છે. આવા શાંત અને ઉદાત્ત આત્માને ગુર્વાદિપૂજાસ્વરૂપ તાત્ત્વિક યોગપૂર્વસેવા પ્રાપ્ત થતી હોય છે, જેથી કાલાંતરે તે યોગની પ્રાપ્તિમાં કારણ બનતી હોય છે. તાત્ત્વિક જ કારણ કાર્યસાધક બને છે - એ સમજી શકાય છે.

શાંતોદાત્ત આત્માને તાત્ત્વિક યોગપૂર્વસેવાથી જેના દ્વારા યોગની પ્રાપ્તિ થતી હોય છે, તે જણાવતાં શ્લોકના ઉત્તરાર્દ્ધમાં ફરમાવ્યું છે કે આ શાંત અને ઉદાત્ત આત્મા ભવસંબંધી કારણ, સ્વરૂપ અને ફળને આશ્રયીને વિચાર કરે છે. શાંત અને ઉદાત્ત આત્માને સહજપણે જ વિષયકષાયની મંદતા થતી હોવાથી તેને આ સંસારસ્વરૂપ ભવની વિચારણા શક્ય બને છે. જીવને દરેક સમયે સુખની ઝંખના હોવા છતાં તે આજ સુધી મળ્યું નથી અને દુઃખના નાશ માટે અવિરત પ્રયત્ન હોવા છતાં તે નાશ પામ્યું નથી. આવી સ્થિતિને સંસારમાં જોયા પછી તેનાં કારણાદિ જાણવા માટે તે વિચારણા કરે છે. આથી સમજી શકાશે કે આજની આપણી સ્થિતિ કેટલી વિચિત્ર છે. પ્રામાણિકપણે જો કહેવાનું થાય તો કહેવું પડે કે એવી વિચારણા આજ સુધી સ્વપ્ને પણ થઇ નથી. એ આત્માઓની ધાર્મિક પ્રવૃત્તિની અપેક્ષાએ આપણી ધાર્મિકપ્રવૃત્તિ પ્રમાણમાં વધારે છે. પરંતુ તે આત્માની શાંતોદાત્તતા આપણી અપેક્ષાએ ખૂબ જ ચઢિયાતી છે - એમાં ના પાડી શકાય એમ નથી. શાંતોદાત્ત આત્માની ભવસંબંધી વિચારણા એ એક અદ્ભુત સિદ્ધિ છે. ભવની વિચારણા આમ જોઇએ તો બધા જ કરે છે. પરંતુ એમાં અને આમાં તદ્દન જ વિલક્ષણતા છે. શાંતોદાત્ત આત્માની સંસારસંબંધી વિચારણા તેનાથી છૂટવા માટે છે અને બીજાની વિચારણા તેમાં સુખી થવા માટેની છે. સંસારનું કારણ કયું છે,

સંસારનું સ્વરૂપ કેવું છે અને સંસારનું ફળ કયું છે - આને આશ્રયીને શાંતોદાત્ત આત્મા ભવસ્વરૂપની(ભવસંબંધી) વિચારણા કરે છે. ॥૧૪-૯॥

तथाहि–

એમાં ભવના કારણની વિચારણા જે રીતે કરાય છે તે જણાવાય છે–

**भेदे हि प्रकृतेर्नैक्यमभेदे च न भिन्नता ।**
**आत्मनां स्यात्स्वभावस्याप्येवं शबलतोचिता ॥१४-१०॥**

भेदे हीति–भेदे ह्येकान्ततोऽभ्युपगम्यमाने । प्रकृतेः सत्त्वरजस्तमोलक्षणाया ज्ञानावरणादिकर्मरूपाया वा । नैक्यमात्मनां संसारिणां स्यात् । तथा चैकजातीय-संसारफलोपलम्भबाध इति भावः । अभेदे चैकान्ताभेदे च न भिन्नता स्यात् तेषाम् । तथा च नरकतिर्यग्मनुष्यदेवादिभेदोपलम्भबाध इति भावः । स्वभावस्याप्यन्तर-ङ्गहेतुभूतस्य भेदाभेदयोरेकान्तयोरेतदेव दूषणम् । एवमेकान्तपक्षे उभयतः पाशरज्जु-सद्भावात् शवलता कथञ्चिद्भेदाभेदरूपा । उचिता न्याय्येति तयैव सकलव्यवहारोपपत्तेः । हेतूहनमेतत् ॥१४-१०॥

"પ્રકૃતિથી આત્મા એકાંતે ભિન્ન હોય તો આત્માઓનું ઐક્ય (સંસારસ્વરૂપ ફળની અપેક્ષાએ એકરૂપતા) ઘટી શકશે નહિ અને પ્રકૃતિથી આત્મા એકાંતે અભિન્ન હોય તો આત્માઓમાં ભિન્નતા ઘટી શકશે નહિ. સ્વભાવને આત્માના ઐક્ય કે અનૈક્યમાં કારણભૂત માનવામાં પણ એ જ દૂષણ છે. તેથી પ્રકૃતિ અને આત્મામાં કથંચિદ્ ભેદાભેદતા માનવાનું જ ઉચિત છે." - આ પ્રમાણે દશમા શ્લોકનો અર્થ છે.

આશય એ છે કે સાંખ્યદર્શનપ્રસિદ્ધ પ્રકૃતિ(અચેતન તત્ત્વ) અને જૈનદર્શન(સ્વદર્શન) પ્રસિદ્ધ જ્ઞાનાવરણીયાદિકર્મસ્વરૂપ પ્રકૃતિ; પુરુષ અને આત્માથી એકાંતે ભિન્ન હોય તો ઘટાદિની જેમ તેના સંબંધના અભાવે પુરુષ અને આત્માને સંસારની પ્રાપ્તિ નહીં થાય. અનંતાનંત આત્માઓને કર્મયોગસ્વરૂપ સંસારાત્મક ફળ છે - એ સર્વજનપ્રસિદ્ધ છે. પ્રકૃતિને આત્માથી ઉપર જણાવ્યા મુજબ એકાંતે ભિન્ન માનવામાં આવે તો; સંસારસ્વરૂપ ફળને લઈને આત્મામાં જે ઐક્ય(સંસારીપણું) ઉપલબ્ધ છે તે બાધિત થાય છે. આવી જ રીતે પ્રકૃતિને

આત્માથી સર્વથા અભિન્ન માની લઇએ તો આત્માઓમાં ભિન્નતાની પ્રતીતિ થઇ શકશે નહિ. નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ વગેરે સ્વરૂપે જે ભિન્નતાની પ્રતીતિ થાય છે, તેનો બાધ થશે. કારણ કે આત્માથી સર્વથા અભિન્ન એવી પ્રકૃતિનો(કારણનો) ભેદ નથી. કાર્યભેદમાં નિયામક કારણનો ભેદ છે, જે પ્રકૃતિના અભેદમાં શક્ય નથી. આ રીતે સર્વથા ભેદ અને અભેદ પક્ષમાં પ્રાપ્ત દૂષણોના નિવારણ માટે આત્માના સ્વભાવ સ્વરૂપ અંતરંગ(આભ્યંતર) નિમિત્તને માની લઇએ તો તે દૂષણોનું નિવારણ થઇ શકે છે. કારણ કે પાણીના શીતસ્વભાવની જેમ આત્માના એવા સ્વભાવને લઇને જ ઉપર જણાવ્યા મુજબ ઐક્ય અને ભિન્નતાની પ્રતીતિ થાય છે : એમ કહી શકાય છે; પરંતુ આત્માનો એ સ્વભાવ તેનાથી સર્વથા ભિન્ન છે કે સર્વથા અભિન્ન છે - આ વિકલ્પમાં ઉપર જણાવ્યા મુજબનાં જ દૂષણો યથાવત્ છે. તેથી પ્રકૃતિને આત્માથી કથંચિદ્ ભિન્નાભિન્ન માનવી જોઇએ. એથી કથંચિદ્ ભેદાભેદસ્વરૂપ શબલતાને માનવામાં જ ઔચિત્ય છે. એનાથી જ સર્વવ્યવહાર સંગત થાય છે.

આ પ્રમાણેની વિચારણાને, હેતુને આશ્રયીને કરાતી વિચારણા કહેવાય છે. આત્માથી કથંચિદ્ભિન્નાભિન્ન એવી કર્મપ્રકૃતિના યોગે આ સંસાર છે. સંસારનું મુખ્ય કારણ કર્મ છે. કોઇ પણ જાતના ઉપચાર વિનાના એ કારણને લઇને આત્માનો આ અનાદિકાળનો સંસાર છે. કર્મનો યોગ ન હોય તો કોઇ પણ જાતનાં નિમિત્તો આત્માને સંસારમાં રાખી શકતાં નથી... ઇત્યાદિની વિચારણા ભવબીજની વિચારણા છે. શાંત અને ઉદાત્ત આત્માઓ ભવના કારણની વિચારણા કરવામાં તત્પર હોય છે. યોગબિંદુ ગ્રંથમાં ભવબીજની વિચારણા(ઊહ)ના વિષયમાં થોડી બીજી રીતે જણાવ્યું છે. જિજ્ઞાસુઓએ એ, તે ગ્રંથના અધ્યયનથી જાણી લેવું જોઇએ. અહીં તો 'દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા'નું વિવરણ કરવાનું તાત્પર્ય હોવાથી તેનું વર્ણન કર્યું નથી. ।।૧૪-૧૦।।

ભવના સ્વરૂપને આશ્રયીને ભવના વિષયમાં જે રીતે વિચારણા કરાય છે તે જણાવાય છે–

**भवोऽयं दुःखगहनो, जन्ममृत्युजरामयः ।**
**अनादिरप्युपायेन, पृथग् भवितुमर्हति ।।१४-११।।**

भवोऽयमिति–अयं प्रत्यक्षोपलभ्यमानो भवः संसारः । दुःखगहनः शारीरमानसानेकदुःखशतैराच्छन्नः । जन्म मातृकुक्षिनिष्क्रमणलक्षणं, मरणं प्रतिनियतायुःकर्मक्षयः, जरा वयोहानिलक्षणा, तन्मयस्तत्प्राचुर्यवान् । अनादिरपि उपायेन ज्ञानदर्शनचारित्ररूपेण । पृथग् भवितुमर्हति काञ्चनमलवदिति । स्वरूपोहनमेतत् ।।१४-११।।

"જન્મ, જરા અને મૃત્યુમય તેમ જ દુઃખગહન આ સંસાર અનાદિનો હોવા છતાં ઉપાયથી જુદો થઇ શકે છે." - આ પ્રમાણે શ્લોકાર્થ સ્પષ્ટ છે. કહેવાનો આશય એ છે કે આ પ્રત્યક્ષ જણાતો સંસાર, જન્મ, જરા અને મૃત્યુમય છે. માતાની કુક્ષિમાંથી નીકળવા સ્વરૂપ જન્મ છે, નિયત આયુષ્યકર્મના ક્ષય સ્વરૂપ મૃત્યુ છે અને વયની હાનિ સ્વરૂપ જરા-વૃદ્ધાવસ્થા છે. જન્મ, મૃત્યુ અને જરાનું પ્રમાણ આ સંસારમાં ચિકાર છે. જન્મ, જરા અને મૃત્યુ; જન્મ, જરા અને મૃત્યુ : આવું ચક્ર અનાદિકાળથી પ્રવર્ત્તે છે. આજ સુધીમાં આ સંસારમાં અનંતાનંતી વાર આપણાં જન્મ, જરા અને મૃત્યુ થયાં છે. તેથી આ સંસાર, જન્મ, જરા અને મૃત્યુમય વર્ણવાય છે.

આવો સંસાર પાછો દુઃખથી ગહન છે. અર્થાત્ શરીર અને મન સંબંધી અનેક જાતનાં સેંકડો દુઃખોથી આચ્છન્ન(ઢંકાયેલો વ્યાપ્ત) છે. જ્ઞાનાવરણીયાદિકર્મના યોગે પ્રાપ્ત થયેલો આ સંસાર પ્રવાહથી અનાદિકાળનો છે. તેની દુઃખગહનતાને સમજ્યા પછી કોઇ પણ આત્માને સામાન્યથી સુખરૂપ સંસાર જણાતો નથી. પ્રગટ રીતે દુઃખગહનતાને જોયા પછી પણ તે સુખરૂપ જણાતો હોય તો તેમાં સંસારના સુખની આસક્તિ કારણ બનતી હોય છે. શાંત અને ઉદાત્ત આત્માને એવી આસક્તિ ન હોવાથી તેઓ સંસારના વાસ્તવિક દુઃખસ્વરૂપને ખૂબ જ સારી રીતે વિચારે છે. '**भवोऽयं दुःखगहनः कथमस्योच्छेदः स्यात्**' - આ સંસાર દુઃખગહન છે. આનો ઉચ્છેદ કઇ રીતે થાય' - આવા પ્રકારની જિહાસા(સંસારના ત્યાગની ઇચ્છા)ના યોગે એ આત્માઓને ભવનિસ્તારક એવા પૂ. ગુરુદેવોના પરિચયથી સમજાય છે કે જ્ઞાન, દર્શન અને ચારિત્રના ઉપાયથી એ અનાદિનો પણ સંસાર જુદો થઇ શકે છે. સુવર્ણ ઉપર લાગેલો અનાદિકાળનો પણ મળ જેમ પ્રયોગવિશેષથી છૂટો પડે છે તેમ જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધના સ્વરૂપ ઉપાયના આસેવનથી આત્માની ઉપર લાગેલો અનાદિકાલીન પણ કર્મમલ દૂર થઇ શકે છે... વગેરે વિચારણાને;

ભવસ્વરૂપને આશ્રયીને ભવના વિષયની વિચારણા કહેવાય છે. શાંત અને ઉદાત્ત આત્માને આ ભવસ્વરૂપની વિચારણા જ કાલાંતરે ભવનો ઉચ્છેદ કરાવનારી બનતી હોય છે. આ સંસારની દુઃખરૂપતા સમજવાનું ખૂબ જ કપરું છે. એક વખત જો એ પરમાર્થથી સમજાય તો તેનાથી છૂટવાનું ખૂબ જ સરળ છે. ॥૧૪-૧૧॥

ભવના ફળને આશ્રયીને જે રીતે ઊહ-વિચારણા પ્રવર્ત્તે છે તેનું વર્ણન કરાય છે–

**फलं भवस्य विपुलः, क्लेश एव विजृम्भते ।**
**न्यग्भाव्यात्मस्वभावं हि, पयो निम्बरसो यथा ॥१४-१२॥**

फलमिति–भवस्य संसारस्य । फलं कार्यम् । विपुलोऽनुबन्धसन्तत्या विस्तीर्णः । क्लेश एव विजृम्भते । नात्र सुखलवोऽप्यस्तीत्येवकारार्थः । आत्मन्येव सुखस्वभावे सति कथं क्लेशो विजृम्भत इत्यत आह-आत्मस्वभावं न्यग्भाव्य तिरोभाव्य । यथा पयस्तिरोभाव्य निम्बरसो विजृम्भते । भवति हि महता प्रतिपन्थिनाऽल्पस्याभिभव इति । यदा त्वात्मस्वभाव एव भूयान् भवति तदा तेनापि क्लेशाभिभवः कर्तुं शक्यत इति । न संसारदशायां क्लेशेनात्माभिभवानुपपत्तिरिति भावः फलोहनमेतत् ॥१४-१२॥

"જેમ દૂધને તિરોહિત કરીને લીમડાનો રસ પ્રગટ થાય છે તેમ આત્માના સ્વભાવને (શુદ્ધજ્ઞાન-દર્શન-સુખાદિસ્વરૂપ સ્વભાવને) તિરોહિત કરીને સંસારના ફળ સ્વરૂપે વિપુલ એવો ક્લેશ જ પ્રગટ થાય છે." - આ પ્રમાણે બારમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે પૂર્વે જણાવ્યા મુજબ સંસારનું સ્વરૂપ દુઃખથી ગહન જ છે. પુણ્યના યોગે સામાન્યથી સુખમય જણાતા પણ સંસારમાં જન્મ, જરા અને મૃત્યુનું દુઃખ તો અનિવાર્ય જ છે. આ સંસારનો ઉચ્છેદ થાય નહિ તો તેના ફળસ્વરૂપે વિપુલ પ્રમાણમાં ક્લેશનો જ આવિર્ભાવ થાય છે. સંસારનું સ્વરૂપ જેમ ક્લેશ છે તેમ તેનું કાર્ય પણ ક્લેશ જ છે. અનુબંધવિશેષની અનવરત ચાલતી પરંપરાને લઇને ખૂબ જ વિસ્તારવાળો ક્લેશ છે. સંસારનું કાર્ય ક્લેશ જ છે. સુખનો લેશ પણ એમાં નથી : એ શ્લોકમાંના **एव**(જકારાર્થક **एव**)નો અર્થ છે.

આત્માનો સ્વભાવ એકાંતે સુખનો હોવાથી તેમાં આ રીતે ક્લેશનો આવિર્ભાવ કઇ રીતે થાય - આવી શંકાના સમાધાન માટે શ્લોકના ઉત્તરાર્દ્ધમાં

જણાવ્યું છે કે જેમ દૂધમાં લીમડાનો રસ પડવાથી દૂધનો સ્વભાવ તિરોહિત (અંતર્હિત-દબાય) થાય છે અને લીમડાનો રસ પ્રગટ થાય છે; તેમ આત્માનો અનંતસુખમય સ્વભાવ સંસારના કારણે તિરોહિત થાય છે અને સંસારનો ક્લેશ પ્રગટ થાય છે. મોટા વિરોધી-સ્વભાવવાળાના કારણે અલ્પાંશનો અભિભવ થાય છે : એ આપણા અનુભવની વાત છે. તેથી જ જ્યારે આત્મસ્વભાવ પ્રબળ હોય છે ત્યારે તેના વડે ક્લેશનો અભિભવ કરી શકાય છે; આથી સ્પષ્ટ છે કે સંસારની પ્રબળદશામાં ક્લેશ વડે આત્માનો અભિભવ થવામાં કોઈ પણ પ્રકારની અનુપપત્તિ નથી.

આ રીતે શાંત અને ઉદાત્ત આત્માઓ બીજ, સ્વરૂપ અને ફળને આશ્રયીને ભવના વિષયમાં વિચારણા કરે છે. ભોગી માણસો, કાંતાદિ સંબંધી ગીતાદિના વિષયમાં જે રીતે રસપૂર્વક વિચારણા કરે છે, તે રીતે શાંત અને ઉદાત્ત આત્માઓ ભવના વિષયમાં વિચારતા હોય છે. વિદ્વાન એવા ભોગી જનોની, કાંતા-વલ્લભાદિનાં ગીત અને રૂપાદિ સંબંધી વિચારણાનો જેમને ખ્યાલ છે તેઓને શાંત અને ઉદાત્ત આત્માઓની ભવના વિષયમાં વિચારણા કેવી હોય છે - તે સમજાવવાની આવશ્યકતા નથી. આવી વિચારણા વિના યોગની પૂર્વ-સેવા પણ જો તાત્ત્વિક ન બને તો આપણી આજની ધર્મક્રિયાથી શું થશે - એ ગંભીરતાપૂર્વક વિચારવાનું ખૂબ જ આવશ્યક છે. ॥૧૪-૧૨॥

શાંત અને ઉદાત્ત આત્માઓ માત્ર ભવના વિષયમાં જ વિચારે છે એવું નથી, પરંતુ ભવવિયોગના વિષયમાં પણ તેઓ વિચારે છે - તે જણાવાય છે–

**तद्वियोगाश्रयोऽप्येवं, सम्यगूहोऽस्य जायते ।**
**तत्तत्तन्त्रनयज्ञाने, विशेषापेक्षयोज्ज्वलः ॥१४-१३॥**

तदिति–तद्वियोगाश्रयो भववियोगाश्रयोऽप्येवं हेतुस्वरूपफलद्वारेण । सम्यगूहः समीचीनविचारः । अस्य शान्तोदात्तस्य जायते । तेषां तेषां तन्त्राणां षष्टीतन्त्रादीनां नयानां ज्ञाने सति । विशेषापेक्षयेतरांशजिज्ञासालक्षणया । उज्ज्वलः शुद्धनिश्चयानुसारी ॥१४-१३॥

"આ પ્રમાણે ભવના વિયોગને આશ્રયીને પણ શાંત અને ઉદાત્ત આત્માને યોગ્ય વિચારણા પ્રાપ્ત થાય છે. તે તે દર્શનોની માન્યતાનું જ્ઞાન થયે છતે વિશેષ

જિજ્ઞાસાથી તે વિચારણા ઉજ્જ્વળ બને છે.'' - આ પ્રમાણે તેરમા શ્લોકનો સામાન્યાર્થ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે ક્રોધાદિ કષાયથી પીડા નહીં પામેલા અને ઉત્તરોત્તર ગુણને પ્રાપ્ત કરવાના મહાન આશયવાળા આત્માઓ પૂર્વે જણાવ્યા મુજબ જેમ ભવના વિષયમાં વિચારણા કરે છે તેમ કારણ, સ્વરૂપ અને ફળને આશ્રયીને ભવના વિયોગના વિષયમાં પણ સારી રીતે વિચારે છે. ભવનો વિયોગ; સકલકર્મના ક્ષય સ્વરૂપ મોક્ષરૂપ છે.

મોક્ષનું કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર છે. તેનું સ્વરૂપ; અનંતજ્ઞાનાદિગુણમય આત્માનું શુદ્ધ સહજ નિરુપાધિક સ્વભાવાત્મક છે અને તેનું ફળ છે સર્વથા ભવરોગનો નાશ; અક્ષયસ્થિતિ તેમ જ સર્વથા અવ્યાબાધ સ્થિતિ વગેરે. આ રીતે ભવવિયોગના વિષયમાં તેના હેતુ, સ્વરૂપ અને ફળને આશ્રયીને વિચારનારા આત્માઓને સાંખ્યાદિ તે તે દર્શનોનું જ્ઞાન થયે છતે ઇતરદર્શનો ભવના વિયોગના વિષયમાં તેનાં કારણાદિ અંગે શું જણાવે છે એવી જિજ્ઞાસા જન્મે છે. તેથી એ જિજ્ઞાસાના કારણે ભવવિયોગના વિષયમાં શુદ્ધનિશ્ચયને કરાવનારી એ વિચારણા ઉજ્જ્વળ બને છે. આશય એ છે કે સામાન્ય રીતે ભિન્ન ભિન્ન માન્યતાને ધરનારા તે તે નયોનું જ્ઞાન થાય એટલે તેના વિષયમાં ખૂબ જ દ્વિધા ઉત્પન્ન થતી જોવાય છે અને ત્યારે જીવને એમ થાય છે કે બધા પોતપોતાની વાત કરે છે. આ બધામાં સાચું શું અને ખોટું શું એ સમજાતું નથી. માટે જવા દો ! આવી વિચારણાથી તે આત્માને વિચારણીય વિષયમાં કોઇ નિર્ણય થઇ શકતો નથી. પરંતુ શાંત અને ઉદાત્ત આત્માને એવું બનતું નથી. ઉપરથી એ આત્માઓને વિશેષ જાણવાની ઇચ્છાથી વિચારણીય વિષયમાં ઉજ્જ્વળ એવો ઊહ(વિચારણા) પ્રાપ્ત થાય છે, જે શુદ્ધ નિશ્ચયનું કારણ બને છે.

તત્ત્વનિશ્ચય સુધી પહોંચવાનો એ એક જ માર્ગ છે. તત્ત્વ(આત્મસ્વરૂપ)ને પામવા માટે તત્ત્વનો નિર્ણય કરવાનું ખૂબ જ આવશ્યક છે. અધકચરા તત્ત્વનિર્ણયથી તત્ત્વપ્રાપ્તિ શક્ય બનતી નથી. તત્ત્વજિજ્ઞાસા, તત્ત્વનો નિર્ણય અને તત્ત્વની પ્રાપ્તિના ક્રમમાં તત્ત્વજિજ્ઞાસા મૂળસ્થાને છે. આજના ધર્મીવર્ગમાં ક્વચિત જ તે જોવા મળતી હોય છે. સાચી તત્ત્વજિજ્ઞાસાને પ્રગટાવવાના બદલે એની જાણે જરૂર જ નથી એવું વર્ત્તન જ્યારે જોવા મળે ત્યારે કેટલી હદે પરિસ્થિતિ ખરાબ થઇ છે : એનો ખ્યાલ આવે છે. ગ્રંથકાર પરમર્ષિએ જણાવેલી વાત ખૂબ

જ શાંત ચિત્તે વિચારવાની આવશ્યકતા છે. સાચી જિજ્ઞાસા તત્ત્વવિચારણા માટે અત્યંત ઉપયોગી સાધન છે. એક વાર વસ્તુતત્ત્વનો નિશ્ચય થઈ જાય તો તત્ત્વને પામવાનું ખૂબ જ સરળ બને છે. શાંત અને ઉદાત્ત આત્માઓની આત્મપરિણતિ જ એવી હોય છે કે તેમને વિશેષ જિજ્ઞાસાને લઈને સહજ રીતે જ ભવવિયોગના વિષયમાં શુદ્ધનિશ્ચયાનુસારી ઊહ પ્રાપ્ત થાય છે. ॥૧૪-૧૩॥

ઉપર જણાવ્યા મુજબ શાંત અને ઉદાત્ત આત્માઓને ભવના વિયોગના વિષયમાં પણ શુદ્ધ નિશ્ચયાનુસારી ઊહ(વિચારણા) પ્રાપ્ત થાય છે અને તેથી તેમને જે સિદ્ધ થાય છે - તે જણાવાય છે–

**योजनाद् योग इत्युक्तो, मोक्षेण मुनिसत्तमैः ।**
**स निवृत्ताधिकारायां, प्रकृतौ लेशतो ध्रुवः ॥१४-१४॥**

योजनादिति–योजनाद् घटनाद् मोक्षेण । इत्यस्माद्धेतोः । मुनिसत्तमैरृषिपुङ्गवैः । योग उक्तः । स निवृत्ताधिकारायां व्यावृत्तपुरुषाभिभवायां प्रकृतौ सत्यां । लेशतः किञ्चिद्वृत्त्या । ध्रुवो निश्चितः ॥१४-१४॥

"મોક્ષની સાથે આત્માને જોડી આપતો હોવાથી તેને(ઊહને) મહર્ષિઓએ યોગ કહ્યો છે. તે યોગ; પુરુષનો અભિભવ કરવા સ્વરૂપ અધિકાર જેમાંથી દૂર થયો છે એવી પ્રકૃતિ હોતે છતે અંશતઃ નિશ્ચિત હોય છે." - આ પ્રમાણે ચૌદમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે યોગનું સ્વરૂપ વર્ણવતાં મુનિઓમાં શ્રેષ્ઠ એવા મહર્ષિઓએ જણાવ્યું છે કે મોક્ષની સાથે આત્માને જે જોડી આપે છે તે સમ્યગ્જ્ઞાનાદિને યોગ કહેવાય છે. અપુનર્બન્ધક આત્માઓને પ્રાપ્ત થયેલ ઊહ(વિચારણા) મોક્ષની સાથે કાલાંતરે આત્માને જોડી આપે છે તે કારણથી તેને પણ મહર્ષિઓએ યોગ કહ્યો છે.

એ યોગની પ્રાપ્તિ માટે પ્રકૃતિનો પુરુષ ઉપરનો અધિકાર નિવૃત્ત થવો જોઈએ. આશય એ છે કે અનાદિકાળથી પુરુષ-આત્માનો પ્રકૃતિ-કર્મના કારણે અભિભવ થતો જ આવ્યો છે. અનંતગુણોનો સ્વામી હોવા છતાં આપણો આત્મા આજ સુધી કર્મનાં આવરણોથી અભિભૂત (દબાયેલો) છે. અજ્ઞાનાદિને પરવશ બની નિત્ય કર્મથી અભિભવ પામવાનો જાણે આત્માનો સ્વભાવ જ ન હોય એવી પરવશ સ્થિતિનો આપણે અનુભવ કરતા આવ્યા છીએ. અજ્ઞાનતિમિરને

હરનારા ભવનિસ્તારક પૂ. ગુરુદેવના પરિચયાદિથી આત્મસ્વરૂપનો વાસ્તવિક પરિચય થવાથી કર્મની આધીનતાને દૂર કરી આત્મા કર્મથી અભિભૂત ન થાય ત્યારે પ્રકૃતિ (કર્મ)નો પુરુષ(આત્મા) ઉપરનો એ અધિકાર વ્યાવૃત્ત થાય છે. આવી સ્થિતિમાં પ્રકૃતિને વ્યાવૃત્ત-નિવૃત્ત અધિકારવાળી પ્રકૃતિ કહેવાય છે. તેવા પ્રકારની નિવૃત્તાધિકાર પ્રકૃતિ હોતે છતે આત્માને મોક્ષપ્રાપક યોગની અંશતઃ પ્રાપ્તિ ચોક્કસ થતી હોય છે.

અશાતાવેદનીયાદિ કર્મનો આત્મા જે રીતે પ્રતીકાર કરે છે; એ રીતે મોહનીયાદિ કર્મનો પ્રતીકાર કરવામાં આવે તો પ્રકૃતિ નિવૃત્તાધિકાર બન્યા વિના નહિ રહે. પરંતુ એ રીતે મોહનીયાદિકર્મનો પ્રતીકાર કરવાનું ધારીએ છીએ એટલું સહેલું નથી. વાતવાતમાં કર્મપરવશ બનનારા માટે એ શક્ય નથી. શાંત અને ઉદાત્ત પ્રકૃતિ(સ્વભાવ)વાળા આત્માઓનો, પ્રકૃતિનો અધિકાર અંશતઃ નિવૃત્ત થતો હોવાથી અંશતઃ યોગની પ્રાપ્તિ તેમને થાય છે. નિષ્કર્મસ્વભાવવાળા આત્માને કર્મપરવશતા કોઇ પણ રીતે દૂર કર્યા વિના ચાલે એવું નથી. પ્રકૃતિની નિવૃત્તાધિકારિતા માટે એ અનિવાર્ય છે. પ્રકૃતિ(કર્મ)નો આત્મા(પુરુષ) ઉપરનો અધિકાર દૂર થયા વિના આત્માને અંશતઃ પણ યોગની પ્રાપ્તિ થતી નથી. કર્મ(પ્રકૃતિ)નો અધિકાર દૂર કરવા માટે આત્માનું બળ વધારવું પડશે. અશાતાના પ્રતીકાર વખતે આત્માના બળને આપણે સૌ વધારતા જ હોઇએ છીએ. એવો જ પુરુષાર્થ મોહનીયાદિકર્મના પ્રતીકાર માટે કરવામાં આવે તો કર્મનો પુરુષ ઉપરનો અધિકાર ચોક્કસ જ દૂર થશે. ॥૧૪-૧૪॥

અન્યદર્શનકારો અપુનર્બન્ધકદશામાં જે કારણે યોગને ઇચ્છે છે તે જણાવાય છે–

**गोपेन्द्रवचनादस्मादेवंलक्षणशालिनः ।**
**परैरस्येष्यते योगः, प्रतिश्रोतोऽनुगत्वतः ॥१४-१५॥**

गोपेन्द्रेति–अस्माद्गोपेन्द्रवचनाद् । एवंलक्षणशालिनः शान्तोदात्तत्वादिगुणयुक्तस्यापुनर्बन्धकस्य । परैस्तीर्थान्तरीयै र्योग उच्यते । प्रतिश्रोतोऽनुगच्छति यः स प्रतिश्रोतोऽनुगस्तद्भावस्तत्त्वं ततः । इन्द्रियकषायानुकूला हि वृत्तिरनुश्रोतः । तत्प्रतिकूला तु प्रतिश्रोत इति । इत्थं हि प्रत्यहं शुभपरिणामवृद्धिः, सा च योगफलमित्यस्य

योगौचित्यम् । तदाह–"वेलावलनवन्नद्यास्तदा पूरोपसंहृतेः । प्रतिश्रोतोऽनुगत्त्वेन प्रत्यहं वृद्धिसंयुतः ।।१।।" [योगविन्दु २०२] इति ।।१४-१५।।

"આ ગોપેન્દ્રવચનથી આવાં(પૂર્વોક્ત) લક્ષણ(ગુણ)વાળા આત્માને પ્રતિશ્રોતાનુગામિતાને લઈને બીજા દર્શનકારો યોગ માને છે." - આ પ્રમાણે પંદરમા શ્લોકનો અર્થ છે. કહેવાનો ભાવ એ છે કે યોગશાસ્ત્રકારે જણાવેલા - 'મોક્ષની સાથે જોડી આપે તેને યોગ કહેવાય છે.' - આ વચનથી પૂર્વે જણાવેલા શાંતોદાત્તત્વગુણવાળા અપુનર્બંધક આત્માને બીજા દાર્શનિકો યોગ માને છે, તેનું કારણ એ છે કે તેઓ પ્રતિશ્રોતગામી હોય છે.

ઈન્દ્રિય અને કષાયને અનુકૂળ એવી વૃત્તિ(વર્તન)ને અનુશ્રોત કહેવાય છે તેમ જ ઈન્દ્રિય અને કષાયને પ્રતિકૂળ એવી વૃત્તિને પ્રતિશ્રોત કહેવાય છે. પાંચ ઈન્દ્રિયોના શબ્દાદિ અનુકૂળ વિષયોની ઈચ્છા, તેનો પરિભોગ અને તેમાં રતિ વગેરે અનુશ્રોત છે તેમ જ શબ્દાદિ પ્રતિકૂળ વિષયોમાં દ્વેષ, તેનો પરિહાર અને તેમાં અરતિ વગેરે પણ અનુશ્રોતગામિતા છે. આવી જ રીતે ક્રોધાદિ કષાયોને આધીન બનીને કરાતી પ્રવૃત્તિ કે નિવૃત્તિ પણ અનુશ્રોત છે. તેનાથી તદ્દન વિપરીત વૃત્તિને પ્રતિશ્રોત કહેવાય છે. એ પ્રતિશ્રોતવૃત્તિને લઈને શાંત અને ઉદાત્ત આત્માઓને અન્ય દર્શનકારો યોગ માને છે. અનાદિકાળથી કર્મપરવશ આત્માને અનુશ્રોતને અનુસરવાની વૃત્તિ હોવાથી યોગની પ્રાપ્તિ થતી ન હતી. અનુશ્રોતગામિતાનો ત્યાગ કરી આત્મા જ્યારે પ્રતિશ્રોતગામી બને છે ત્યારે તેને યોગની પ્રાપ્તિ થાય છે. યોગની પ્રાપ્તિમાં અનુશ્રોતગામિતા પ્રતિબંધક છે. પરંતુ વિચિત્રતા એ છે કે અનુશ્રોતગામીને એનો ખ્યાલ પણ આવતો નથી. કોઈ એ વિષયમાં ધ્યાન દોરે તો પ્રાયઃ ગમે જ નહિ. આવા સંયોગોમાં એવા આત્માઓને પ્રતિશ્રોતગામી બનાવવાનું કાર્ય કઠિન બને છે.

ભવનિસ્તારક પૂ. ગુરુદેવશ્રીના પાવનપરિચયે અનુશ્રોતગામિતાની ભયંકરતાનો જ્યારે મુમુક્ષુને ખ્યાલ આવે છે ત્યારે આ શાંત અને ઉદાત્ત આત્માને પ્રતિશ્રોતગામિતાની પ્રાપ્તિ થાય છે અને ત્યાર પછી દરરોજ એ શુભપરિણામની વૃદ્ધિ થાય છે, જે યોગનું ફળ છે. તેથી આ શાંત અને ઉદાત્ત પ્રકૃતિવાળા અપુનર્બંધક આત્માઓ જ યોગને ઉચિત છે. યોગબિંદુ ગ્રંથમાં આ વાતને જણાવતાં ફરમાવ્યું છે કે - મહાસમુદ્રના ક્ષોભથી નદીના(પાણીના) આપૂરણ

(આગમન)નો ઉપસંહાર થવાના કારણે વેલાવલન(જલની વૃદ્ધિનું વ્યાવર્ત્તન)ની જેમ; જેની પ્રકૃતિનો અધિકાર (પુરુષનો અભિભવ કરવાનો અધિકાર) નિવૃત્ત થયો છે એવા પુરુષ(આત્મા)ને; તે પ્રતિશ્રોતગામી હોવાથી દરરોજ વધતો યોગ હોય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે નદીના પૂરનો ઉપસંહાર થવાથી જેમ ભરતીની વ્યાવૃત્તિ(ઓટ) દરરોજ પ્રવર્ત્તે છે તેમ પ્રતિશ્રોતગામી હોવાથી નિવૃત્તપ્રકૃત્યધિકાર (પ્રકૃતિના અધિકારની નિવૃત્તિવાળા) પુરુષને વધતો યોગ પ્રવર્ત્તે છે. ॥૧૪-૧૫॥

અપુનર્બંધક આત્માને જે યોગ માન્યો છે તે દ્રવ્યયોગ છે - એ જણાવાય છે. સમ્યગ્દર્શનાદિને પામેલા આત્માઓને જે યોગ પ્રાપ્ત થાય છે તે ભાવયોગસ્વરૂપ એ યોગ નથી તે જણાવાય છે–

**तत् क्रियायोगहेतुत्वाद्, योग इत्युचितं वचः ।**
**मोक्षेऽतिदृढचित्तस्य, भिन्नग्रन्थेस्तु भावतः ॥१४-१६॥**

तदिति–तद्वचः क्रियायोगस्य सदाचारलक्षणस्य हेतुत्वाद् योग इत्येवमुचितम्, अस्य द्रव्ययोगवत्त्वात् । मोक्षे निर्वाणे । अतिदृढचित्तस्यैकधारालग्नहृदयस्य । भिन्नग्रन्थेर्विदारितातितीव्ररागद्वेषपरिणामस्य तु भावतो योगः सम्भवति । सम्यग्दृष्टेर्हि मोक्षाकाङ्क्षाक्षणिकचित्तस्य या या चेष्टा सा सा मोक्षप्राप्तिपर्यवसानफलिकेति तस्यैव भावतोऽयम् । अपुनर्बन्धकस्य तु न सार्वदिकस्तथापरिणाम इति द्रव्यत एवेति । तदुक्तं–"भिन्नग्रन्थेस्तु यत्प्रायो मोक्षे चित्तं भवे तनु । तस्य तत्सर्व एवेह योगो योगो हि भावतः ॥१॥" इति ॥१४-१६॥

"ક્રિયાસ્વરૂપ યોગનું કારણ હોવાથી તે યોગ છે તેથી તે વચન ઉચિત છે. મોક્ષમાં અત્યંત દૃઢચિત્તવાળા એવા ગ્રંથિભેદ કરનારા આત્માઓને તો ભાવયોગ હોય છે." - આ પ્રમાણે સોળમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે, અપુનર્બંધકદશાને પામેલા શાંત અને ઉદાત્ત આત્માઓનું દેવપૂજાદિરૂપ અનુષ્ઠાન; સદાચારસ્વરૂપ ક્રિયાયોગનું કારણ હોવાથી યોગ છે. આ વચન ઉચિત છે. કારણ કે અપુનર્બન્ધક આત્માઓને દ્રવ્યયોગ હોય છે. ભવિષ્યમાં ભાવનું કારણ બનવાના કારણે એ દ્રવ્યયોગ છે. આથી સમજી શકાશે કે અપુનર્બંધક આત્માઓને તેમનાં ઉચિત અનુષ્ઠાનો યોગનાં કારણ હોવાથી યોગરૂપ મનાય છે.

પરંતુ મોક્ષના વિષયમાં જેમનું ચિત્ત અત્યંત દઢ છે અર્થાત્ જેમને હૃદયમાં એક મોક્ષની જ ધારા(રઢ) લાગી છે; એવા ભિન્નગ્રંથિવાળા આત્માને ભાવથી યોગ મનાય છે. રાગદ્વેષની અતિતીવ્ર પરિણતિને ગ્રંથિ કહેવાય છે. એને ભેદી નાખનારા સમ્યગ્દષ્ટિ આત્માઓને ભાવથી યોગ હોય છે. કારણ કે નિરંતર મોક્ષની આકાંક્ષાથી પૂર્ણ ચિત્તવાળા આત્માઓની (સમ્યગ્દષ્ટિઓની) જે જે ચેષ્ટા છે તે તે બધી જ ચેષ્ટાઓ અંતે મોક્ષપ્રાપ્તિના ફળવાળી છે. તેથી સમ્યગ્દષ્ટિ આત્માઓને જ ભાવથી યોગ હોય છે. અપુનર્બંધક આત્માઓને મોક્ષની ઇચ્છાસ્વરૂપ પરિણામ સર્વદા હોતો નથી તેથી તેમને દ્રવ્યથી જ યોગ હોય છે. આ વાતને જણાવતાં યોગબિંદુમાં જણાવ્યું છે કે જે કારણથી અત્યંત તીવ્ર એવા રાગદ્વેષના પરિણામ સ્વરૂપ ગ્રંથિનું જેમણે વિદારણ કર્યું છે એવા સમ્યગ્દષ્ટિ આત્માનું ચિત્ત ઘણી વાર મોક્ષમાં હોય છે અને શરીર સંસારમાં હોય છે. તેથી તેમનો એ બધો જ (ધર્મ, અર્થ વગેરે સંબંધી) યોગ(વ્યાપાર) અહીં યોગની વિચારણામાં ભાવથી જ યોગ મનાય છે.

આથી સમજી શકાશે કે સમ્યગ્દષ્ટિ આત્માઓનાં તેમને ઉચિત એવાં અનુષ્ઠાનો મોક્ષની સાથે આત્માને જોડી આપતાં હોવાથી (**मोक्षेण योजनाद्**) યોગસ્વરૂપ (ભાવયોગ) છે અને અપુનર્બંધક અવસ્થાને પામેલા આત્માઓને તેમને ઉચિત અનુષ્ઠાનો સદાચારસ્વરૂપ યોગનું કારણ બનતાં હોવાથી (**क्रियाहेतुत्वाद्**) યોગ તરીકે (દ્રવ્યયોગ) મનાય છે. ॥૧૪-૧૬॥

સમ્યગ્દષ્ટિ આત્માને ધર્મ અને અર્થાદિ વ્યાપાર યોગસ્વરૂપે પરિણમે છે : આ વાત દૃષ્ટાંતથી ભાવિત કરાય છે–

**अन्यसक्तस्त्रियो भर्तृयोगोऽप्यश्रेयसे यथा ।**
**तथाऽमुष्य कुटुम्बादिव्यापारोऽपि न बन्धकृत् ॥१४-१७॥**

अन्येति–अन्यस्मिन् स्वभर्तृव्यतिरिक्ते पुंसि सक्ताया अनुपरतरिरंसायाः स्त्रियो योषितः । भर्तृयोगोऽपि पतिशुश्रूषणादिव्यापारोऽपि । यथाऽश्रेयसे पापकर्मबन्धाय । तथाऽमुष्य भिन्नग्रन्थेः । कुटुम्बादिव्यापारोऽपि न बन्धकृत् । पुण्ययोगेऽपि पापपरिणामेन पापस्यैव बन्धवदशुभकुटुम्बचिन्तनादियोगेऽपि शुद्धपरिणामेन सदनुबन्धस्यैवोपपत्तेः । तदुक्तं–"नार्या यथाऽन्यसक्तायास्तत्र भावे सदा स्थिते । तद्योगः पापबन्धश्च तथा

मोक्षेऽस्य दृश्यताम् ।।१।। न चेह ग्रन्थिभेदेन पश्यतो भावमुत्तमम् । इतरेणाकुलस्यापि तत्र चित्तं न जायते ।।२।। ।।१४-१७।।

"પરપુરુષમાં આસક્ત સ્ત્રીનો પતિની સેવાદિ સ્વરૂપ યોગ પણ જેમ કલ્યાણ માટે થતો નથી, તેમ જેઓએ ગ્રંથિનો ભેદ કર્યો છે એવા આ ભિન્નગ્રંથિક આત્માઓને કુટુંબપરિપાલનાદિ વ્યાપાર પણ કર્મના બંધને કરનારો બનતો નથી." - આ પ્રમાણે સત્તરમા શ્લોકનો અર્થ છે.

એનો આશય સ્પષ્ટ છે કે, પોતાના પતિને છોડીને બીજા પુરુષમાં આસક્ત એવી અવિરત મૈથુનની ઇચ્છાવાળી સ્ત્રી, પોતાના પતિની શુશ્રૂષા - સેવા ભક્તિ વગેરે સ્વરૂપ વ્યાપાર (કાર્ય) કરે તોપણ તે જેમ પાપકર્મના બંધ માટે થાય છે તેમ ગ્રંથિભેદ કરનારા આત્માને કુટુંબનો વ્યાપાર પણ કર્મના બંધ માટે થતો નથી. પુણ્યકર્મનો યોગ હોવા છતાં પાપના પરિણામથી જેમ પાપનો જ બંધ થાય છે તેમ અશુભ કુટુંબાદિના પરિપાલનનો યોગ હોવા છતાં શુદ્ધ પરિણામથી સદનુબંધ જ થાય છે, પરંતુ અશુભયોગથી અશુભ અનુબંધ થતો નથી. સ્ત્રી પોતાના પતિની જે કાંઇ શુશ્રૂષાદિ કરે છે તે તેના માટે ઉચિત હોવાથી પુણ્યયોગ(શુભયોગ) છે, પરંતુ પરપુરુષમાં તે આસક્ત હોવાથી તેના પરિણામ અશુભ છે. એ પરિણામના યોગે તે સ્ત્રીને પુણ્યયોગમાં પણ અશુભબંધ થાય છે.

આ વિષયમાં 'યોગબિંદુ'માં જણાવ્યું છે કે અન્યપુરુષમાં આસક્ત એવી સ્ત્રીને; મૈથુનની પ્રબળ ઇચ્છાના કારણે તે પરપુરુષમાં જ તેનું ચિત્ત સદા રમતું હોવાથી, સ્વપતિના (ભાવથી પરપુરુષના) વિષયમાં શુશ્રૂષાદિ સ્વરૂપ યોગ અને પાપનો બંધ થાય છે તેમ ગ્રંથિભેદ કરનાર આત્માને કુટુંબપરિપાલનાદિ વ્યાપાર પણ મોક્ષના વિષયમાં નિર્જરાસ્વરૂપ ફળને આપનારો સમજવો. ગ્રંથિ(રાગદ્વેષની તીવ્ર પરિણતિ)નો ભેદ થવાથી ઉત્તમ એવા મોક્ષ સ્વરૂપ ભાવને સારી રીતે જોનાર આત્માને; કર્મની વિચિત્ર પરિણતિને લઇને કુટુંબાદિના પ્રતિબંધથી આકુળ (વ્યગ્ર) હોવા છતાં મોક્ષમાં ચિત્ત ઉત્પન્ન થતું નથી - એવું બનતું નથી અર્થાત્ બને જ છે. અન્યથા જો એવું ન બને તો પરમાર્થથી એ આત્માએ ઉત્તમભાવ-મોક્ષનું નિરીક્ષણ જ કર્યું નથી - એમ માનવું પડે. કર્મયોગે આવી પડેલા તે તે ભાવો; ઉત્તમ ભાવોનું નિરીક્ષણ કરનારાઓને મોક્ષના ચિત્તનો બાધ કરનારા બનતા નથી. ।।૧૪-૧૭।।

ઉપર જણાવ્યા મુજબ ભિન્નગ્રંથિક આત્માઓને કુટુંબપરિપાલનાદિનો વ્યાપાર નિર્જરારૂપ ફળનું કારણ કેમ બને છે - તે જણાવાય છે—

**निजाशयविशुद्धौ हि, बाह्यो हेतुरकारणम् ।**
**शुश्रूषादिक्रियाऽप्यस्य, शुद्धा श्रद्धानुसारिणी ।।१४-१८।।**

निजेति—निजाशयविशुद्धौ हि सत्यां बाह्यो हेतुः कुटुम्बचिन्तनादिव्यापारः । अकारणं कर्मवन्धं प्रति भवहेतूनामेव परिणामविशेषेण मोक्षहेतुत्वेन परिणमनाद् "जे जत्तिया य हेऊ भवस्स ते तत्तिआ य मुक्खस्स" इति वचनप्रामाण्यात् । ननु किमेकेन शुभपरिणामेन ? क्रियाया अपि मोक्षकारणत्वात्तदभावे तस्याकिञ्चित्करत्वादित्यत आह- शुश्रूषादिक्रियाऽप्यस्य सम्यग्दृशः । शुद्धश्रद्धानुसारिणी जिनवचनप्रामाण्यप्रतिपत्त्यनुगामिनी । परिशुद्धोहापोहयोगस्य हि प्रकृतेरप्रवृत्तिविरोधिप्रकृतियोगाभ्यां सम्यगनुष्ठानावन्ध्यकारणत्वात्तेनैव तदाक्षिप्यत इति भावः । तदुक्तं—"चारु वैतद्यतो ह्यस्य तथोहः सम्प्रवर्तते । एतद्वियोगविपयः शुद्धानुष्ठानभाक् स यत् ।।१।। प्रकृतेरा यतश्चैव नाप्रवृत्त्यादिधर्मताम् । तथा विहाय घटते ऊहोऽस्य विमलं मनः ।।२।। मति चास्मिन् स्फुरद्रत्नकल्पे सत्त्वोल्वणत्वतः । भावस्तैमित्यतः शुद्धमनुष्ठानं सदैव हि ।।३।।" [योगविन्दु २०६-७-८] ननु सम्यग्दृष्टिपर्यन्तमन्यत्र द्रव्ययोग एवोच्यते कथमत्र भावतोऽयमुक्त इति चेच्चारित्रप्रतिपन्थिनामनन्तानुबन्धिनामपगमे तद्गुणप्रादुर्भावनियम इति निश्चयाश्रयणादल्पतदविवक्षापरेण व्यवहारेण त्वत्रायं नेष्यत एव । "एतच्च योगहेतुत्वाद्योग इत्युचितं वचः । मुख्यायां पूर्वसेवायामवतारोऽस्य केवलम् ।।१।।" [योगविन्दु २०९] इत्यनेनापुनर्बन्धकातिशयाभिधानं तु सम्यग्दृशो नैगमनयशुद्धिप्रकर्षकाष्ठापेक्षमिति न कश्चिद्विरोध इति विभावनीयं सुधीभिः ।।१४-१८।।

"પોતાના આશયની વિશુદ્ધિ હોતે છતે કર્મબંધની પ્રત્યે બાહ્ય હેતુ; કારણ બનતા નથી. આ ભિન્નગ્રંથિક સમકિતદષ્ટિ આત્માની શુશ્રૂષાદિ ક્રિયા પણ શુદ્ધ શ્રદ્ધાને અનુસરનારી છે." - આ પ્રમાણે અઢારમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય એ છે કે રાગદ્વેષની તીવ્રપરિણતિનો ભેદ થવાથી તે આત્માનો પોતાનો આશય(પરિણામ) શુદ્ધ બને છે. એ આશયની શુદ્ધિને લઇને કુટુંબચિંતાદિ સ્વરૂપ વ્યાપાર અશુભ કર્મબંધનું કારણ બનતો નથી. કારણ કે આ પૂર્વે (ગ્રંથિભેદ પૂર્વે) એ વ્યાપાર ભવનું કારણ બનતો હોવા છતાં ગ્રંથિભેદ થવાના કારણે હવે તે મોક્ષના

કારણ સ્વરૂપે પરિણમે છે. "જે જેટલા પ્રમાણમાં ભવના હેતુ છે તે તેટલા પ્રમાણમાં મોક્ષનાં કારણ છે." - આ વચન પ્રમાણ હોવાથી જીવવિશેષને સંસારનાં કારણ પણ મોક્ષનાં કારણ સ્વરૂપે પરિણમે છે.

અહીં આવી શંકા નહિ કરવી જોઈએ કે - 'એકલા શુભ પરિણામથી શું ? કારણ કે મોક્ષની પ્રત્યે ક્રિયા પણ કારણ છે. તેથી ભિન્નગ્રંથિવાળા આત્માને શુભ પરિણામ હોવા છતાં શુભક્રિયાનો અભાવ હોવાથી તે પરિણામ અકિંચિત્કર છે.' - આ શંકાનું સમાધાન કરતાં શ્લોકના ઉત્તરાર્દ્ધમાં જણાવ્યું છે કે - આ સમ્યગ્દૃષ્ટિ આત્માઓની શુશ્રૂષાદિ ક્રિયા પણ શ્રી જિનવચનના પ્રામાણ્યનો સ્વીકાર કરાવનારી શુદ્ધ કોટિની હોય છે. કારણ કે પૂર્વે જણાવ્યા મુજબ પ્રકૃતિ-કર્મ ઉપર આત્મા-પુરુષનો અધિકાર હોવાથી અર્થાત્ આત્મા-પુરુષનો અભિભવ કરવા સ્વરૂપ પ્રકૃતિનો અધિકાર નિવૃત્ત થવાથી અને પ્રકૃતિવિરોધી યોગ પ્રાપ્ત થવાથી સમ્યગ્દૃષ્ટિ આત્માને પરિશુદ્ધોહાપોહયોગની પ્રાપ્તિ થતી હોય છે. એ યોગથી જ શુશ્રૂષાદિ ક્રિયાયોગનો આક્ષેપ થાય છે. એ યોગ (**ऊहापोह**) જ ક્રિયાને ખેંચી લાવે છે. કારણ કે પરિશુદ્ધ ઊહાપોહ; સમ્યગનુષ્ઠાનનું અવંધ્ય (ચોક્કસ ફલપ્રદ) કારણ છે. સમ્યગનુષ્ઠાનના અભાવમાં પરિશુદ્ધ ઊહાપોહનો પણ અભાવ હશે. કાર્યનો અભાવ કારણના અભાવને જણાવનારો હોય છે.

આ વિષયના નિરૂપણ વખતે યોગબિંદુ ગ્રંથમાં જણાવ્યું છે કે - ભિન્નગ્રંથિવાળાને આ મોક્ષની અભિલાષાવાળું ચિત્ત સુંદર જ છે. કારણ કે ભવના વિયોગના વિષયવાળી વિચારણા તે આત્માને સ્વભાવથી જ પ્રવર્ત્તે છે. તેના યોગે તે શુદ્ધાનુષ્ઠાન(શુશ્રૂષા-ધર્મરાગાદિના કારણે શ્રવણ-ધર્મક્રિયાદિ)નું પાત્ર હોય છે. ॥૨૦૬॥ કારણ કે પ્રકૃતિ-કર્મની નિવૃત્તાધિકારિતાદિ ધર્મતાને છોડીને પૂર્વમાં ભિન્નગ્રંથિવાળા આત્માને નિર્મળમનસ્વરૂપ ઊહ સંગત નથી. પરંતુ પ્રકૃતિની અપ્રવૃત્ત્યાદિ ધર્મવાળી અવસ્થામાં જ એ નિર્મળ મન સ્વરૂપ ઊહ(વિચારણા) ઘટે છે. ॥૨૦૭॥ સ્ફુરાયમાન રત્ન જેવા નિર્મળ મન સ્વરૂપ ઊહની વિદ્યમાનતામાં આત્માનું વીર્ય (ઉત્સાહ) ઉત્કટ હોવાથી; ભવાભિનંદીપણાના ક્ષુદ્રતા, લાભરતિ, દીનતાદિ સ્વરૂપ ચિત્તદોષોથી મન ક્ષોભ પામતું નથી. તેથી ધર્મશાસ્ત્રશુશ્રૂષાદિસ્વરૂપ અનુષ્ઠાન, એ આત્માને(ભિન્ન ગ્રંથિવાળાને) સદાને માટે હોય છે. કારણ કે પરિશુદ્ધોહાપોહયોગ શુદ્ધાનુષ્ઠાનનું અવંધ્ય કારણ છે. ॥૨૦૮॥ આ શુદ્ધ

અનુષ્ઠાન(ભિન્ન ગ્રંથિવાળા આત્માને) મોક્ષનું કારણ બનતું હોવાથી તે યોગ છે - આ વચન ઉચિત છે. અપુનર્બંધકાદિ આત્માઓનું (ભિન્ન ગ્રંથિવાળા ન હોવાથી) એ અનુષ્ઠાન યોગ નથી. માત્ર મુખ્ય યોગપૂર્વસેવા હોતે છતે તેમને શુદ્ધાનુષ્ઠાનનો અવકાશ છે. મુખ્યયોગ-પૂર્વસેવા ન હોય ત્યારે થનારું શુદ્ધાનુષ્ઠાન આભાસરૂપ હોય છે - એ યાદ રાખવું. ॥૨૦૯॥

ઉપર જણાવ્યા મુજબ યોગબિંદુના શ્લોક નંબર ૨૦૮માં **प्रकृतेरा यतश्चैव नाप्रवृत्त्यादिधर्मताम्** આવો પાઠ છે. તેનો અક્ષરશઃ અર્થ ઉપર જણાવ્યો છે. કહેવાનો આશય એ છે કે અનાદિકાળથી પુરુષ-આત્માના શુદ્ધ સ્વરૂપને આચ્છાદિત કરવા સ્વરૂપ અભિભવને કરવાની જ પ્રવૃત્તિ પ્રકૃતિ-કર્મની છે. અંશતઃ પણ એ પ્રવૃત્તિ દૂર થાય ત્યારે પ્રકૃતિને અપ્રવૃત્તિધર્મા (નિવૃત્ત્યધિકારવાળી) કહેવાય છે. અપ્રવૃત્તિધર્મતા (અપ્રવૃત્તિ-અધિકારનિવૃત્તિ)ના કારણે એવી પ્રકૃતિવાળા આત્માને પૂર્વે જણાવ્યા મુજબ વિમલમનસ્વરૂપ ઊહ સંગત થાય છે. આ વાતને અનુલક્ષી આ બત્રીશીની ટીકામાં ગ્રંથકાર પરમર્ષિએ '**प्रकृतेर-प्रवृत्तिविरोधिप्रकृतियोगाभ्याम्**' આ પ્રમાણે જણાવ્યું છે. અર્થાત્ **नाप्रवृत्त्यादिधर्मताम्** અહીં '**आदि**' પદથી પ્રકૃતિની વિરોધીપ્રકૃતિનો સંગ્રહ કર્યો છે. એનો આશય એ છે કે પ્રકૃતિનો આત્માભિભવ કરવાનો અધિકાર નિવૃત્ત થયે છતે પૂર્વે જેમ આત્માના ગુણો(શુદ્ધસ્વરૂપ)નું આચ્છાદન પ્રકૃતિ કરતી હતી, તેમ તે કરતી નથી. પરંતુ ઉપરથી એ અધિકારની નિવૃત્તિના કારણે આત્માના ગુણોના અંશતઃ આવિર્ભાવમાં તે સહાય કરે છે, જે પ્રકૃતિના મૂળભૂત સ્વભાવની વિરોધિપ્રકૃતિ છે. આ રીતે પ્રકૃતિ(કર્મ)ની અપ્રવૃત્તિ અને વિરોધી પ્રકૃતિ(સ્વભાવ) : એ બંન્નેના યોગે પરિશુદ્ધ ઊહાપોહ સમ્યગનુષ્ઠાનનું અવંધ્યકારણ બને છે... ઇત્યાદિ બરાબર સમજી લેવું.

અહીં એવી શંકા નહિ કરવી જોઇએ કે "યોગબિંદુ વગેરે ગ્રંથમાં દેશવિરતિગુણસ્થાનકથી જ યોગની પ્રાપ્તિ વર્ણવી છે. ચોથા ગુણસ્થાનક સુધી તો એ યોગના કારણભૂત દ્રવ્યયોગની જ પ્રાપ્તિ વર્ણવી છે. તો પછી અહીં ચોથા ગુણસ્થાનકે સમ્યગ્દષ્ટિ આત્માને ભાવથી યોગની પ્રાપ્તિ કઇ રીતે વર્ણવી છે." કારણ કે ચારિત્રના વિરોધી એવા અનંતાનુબંધી કષાયોનો અપગમ (અનુદય) હોતે છતે એટલા પ્રમાણમાં ચારિત્રનો આવિર્ભાવ થાય છે. આ પ્રમાણે નિશ્ચયનયના

અભિપ્રાયથી ચોથા ગુણસ્થાનકે સમ્યગ્દષ્ટિ આત્માને યોગની પ્રાપ્તિ ભાવથી થાય છે - એમ જણાવ્યું છે. ચોથા ગુણસ્થાનકે માત્ર અનંતાનુબંધીના કષાય સ્વરૂપ ચારિત્રમોહનીયકર્મનો જ અપગમ થવાથી ખૂબ જ અલ્પપ્રમાણમાં ચારિત્રગુણનો આવિર્ભાવ હોવાથી તેની વિવક્ષા નહિ કરનારા એવા વ્યવહારનયની અપેક્ષાએ તો ચોથા ગુણસ્થાનકે યોગપ્રાપ્તિની વિવક્ષા કરાતી જ નથી.

યોગબિંદુના શ્લોક નંબર ૨૦૯માં ઉપર જણાવ્યા મુજબ અપુનર્બંધકદશામાં મુખ્ય યોગપૂર્વસેવાને ઉદ્દેશીને જે યોગની વાત જણાવી છે; તે તો સમ્યગ્દષ્ટિ આત્માઓને નૈગમનયની અપેક્ષાએ શુદ્ધિપ્રકર્ષ હોય છે એ જણાવવા માટે અપુનર્બંધકોની વિશેષતાને જણાવનારી છે. અન્યથા ચોથા ગુણસ્થાનકે પણ વ્યવહારનયની અપેક્ષાએ માત્ર દ્રવ્યથી જ યોગને વર્ણવવામાં આવે તો અપુનર્બંધક આત્મા અને સમ્યગ્દષ્ટિ આત્મા : એ બેમાં યોગની વિશેષતા જણાશે નહિ. સંક્ષેપમાં સમજવું હોય તો એમ સમજવું કે અપુનર્બંધક આત્માઓની અપેક્ષાએ સમ્યગ્દષ્ટિ આત્માઓને યોગની પ્રાપ્તિ થાય છે અને અપુનર્બંધક આત્માઓને મુખ્ય યોગપૂર્વસેવા હોય ત્યારે યોગના કારણભૂત યોગની પ્રાપ્તિ થાય છે. નૈગમનય પરિસ્થૂર હોવાથી વક્તાની તે તે અપેક્ષાને ધ્યાનમાં રાખી સર્વ પદાર્થોનો અભ્યુપગમ કરાવે છે. તેથી બુદ્ધિમાનોએ ખૂબ જ ઉપયોગપૂર્વક અહીં જણાવેલી વાતનો વિચાર કરવો જોઈએ. અન્યથા ખૂબ જ સ્પષ્ટ રીતે પૂર્વાપરકથનમાં વિરોધ જણાયા વિના નહીં રહે. પૂર્વાપરકથનનો તે તે અપેક્ષાએ વિચાર કરવાથી ગ્રંથકારશ્રીના આશયને સારી રીતે સમજી શકાશે. ॥૧૪-૧૮॥

આ પૂર્વે જણાવેલા યોગના વિષયમાં જ એની પારમાર્થિકતા જે રીતે સંગત થાય છે, તે જણાવાય છે–

**एतन्निश्चयवृत्त्यैव, यद्योगः शास्त्रसञ्ज्ञिनः ।**
**त्रिधा शुद्धादनुष्ठानात् सम्यक्प्रत्ययवृत्तितः ॥१४-१९॥**

एतदिति–एतद्यदुक्तं भिन्नग्रन्थेरेव भावतो योग इति निश्चयवृत्त्यैव परमार्थवृत्त्यैव न तु कल्पनया । यद्यस्माच्छास्त्रेणैव सञ्ज्ञी तद्विना त्वसञ्ज्ञिवत् क्वाप्यर्थे प्रवर्तमानो यस्तस्य । त्रिधा वक्ष्यमाणैस्त्रिभिः प्रकारैः । शुद्धान्निरवद्याद् । अनुष्ठानादाचारात् ।

सम्यक्प्रत्ययेनात्मगुरुलिङ्गशुद्ध्या स्वकृतिसाध्यताद्यभ्रान्तविश्वासेन वृत्तिः प्रवृत्तिस्ततो भवतीति ॥१४-१९॥

ગ્રંથિનો ભેદ જેણે કરી લીધો છે એવા આત્માને ભાવથી યોગ હોય છે - "આ પ્રમાણે જે કહ્યું છે, તે પરમાર્થથી જ છે; કાલ્પનિક નથી. શાસ્ત્રના કારણે જ જે સંજ્ઞી છે તેવા આત્માને ત્રણ પ્રકારના શુદ્ધ અનુષ્ઠાનથી ત્રણ પ્રકારના સમ્યક્પ્રત્યયને આશ્રયીને યોગની પ્રાપ્તિ થાય છે." - આ શ્લોકનો સામાન્ય અર્થ છે. એનો આશય એ છે કે રાગદ્વેષની તીવ્ર પરિણતિ સ્વરૂપ ગ્રંથિ છે. તેનો જેઓએ ભેદ - નાશ કર્યો છે, એવા આત્માઓને જ યોગ હોય છે - આ વાત પૂર્વે જણાવી છે, તે પરમાર્થવૃત્તિએ છે. કલ્પનામાત્રથી એ વાત નથી, પરંતુ વસ્તુસ્થિતિને અનુલક્ષીને છે.

કારણ કે શાસ્ત્રના જ કારણે જેઓ સંજ્ઞી છે એવા આત્માઓને સમ્યક્ પ્રત્યયની વૃત્તિથી શુદ્ધાનુષ્ઠાન દ્વારા યોગની પ્રાપ્તિ થાય છે. શાસ્ત્રને આધીન થઈને જ જેઓ પ્રવર્ત્તે છે તેમને શાસ્ત્રસંજ્ઞી કહેવાય છે. શાસ્ત્રની આધીનતા વિના અસંજ્ઞીની જેમ કોઈ પણ વિષયમાં પ્રવર્ત્તતા હોય તેમને યોગની પ્રાપ્તિ થતી નથી. અસંજ્ઞી જીવોને તથાપ્રકારના જ્ઞાનના અભાવે જેમ યોગની પ્રાપ્તિ થતી નથી તેમ શાસ્ત્રની આધીનતા વિના જે આત્માઓ પોતાની ઇચ્છા મુજબ પ્રવૃત્તિ કરે છે તેમને પણ યોગની પ્રાપ્તિ થતી નથી. આ રીતે શાસ્ત્રને આધીન બની પ્રવૃત્તિને નહિ કરનારા અને અસંજ્ઞી : એ બેમાં કોઈ વિશેષ નથી.

શાસ્ત્રને આધીન બની પ્રવૃત્તિને કરનારા શાસ્ત્રસંજ્ઞી આત્માઓ ત્રણ પ્રકારનાં શુદ્ધ અનુષ્ઠાનો દ્વારા યોગને પ્રાપ્ત કરતા હોય છે. હવે પછી વર્ણવાતાં એ અનુષ્ઠાનો પણ; એ આત્માઓ ત્રણ પ્રકારના પ્રત્યયપૂર્વક કરતા હોય છે. જેના વડે ભવિષ્યમાં થનાર અર્થનો નિર્ણય (નિશ્ચય) થાય છે, તેને પ્રત્યય કહેવાય છે. ત્રણ પ્રકારના પ્રત્યયનું વર્ણન પણ આગળ કરાશે. સામાન્ય રીતે જે અનુષ્ઠાન કરવાની ધારણા હોય તેના વિષયમાં આત્માનો વિશ્વાસ, પૂ. ગુરુભગવંતનો સહજ રીતે પ્રાપ્ત થનારો ઉપદેશ અને શુભસૂચક લક્ષણો : આ ત્રણ પ્રકારના અનુક્રમે આત્મપ્રત્યય, ગુરુપ્રત્યય અને લિંગપ્રત્યય છે. આ ત્રણ રીતે, જે અનુષ્ઠાન કરવાનો નિર્ણય કર્યો છે - એ અનુષ્ઠાન પોતાથી બનશે કે નહિ, જે કરું છું તે ઇષ્ટસાધન છે કે નહિ અને ભવિષ્યમાં તે બલવાન એવા

અનિષ્ટને તો નહિ આપે ને... ઇત્યાદિનો અભ્રાંતપણે વિશ્વાસ પ્રાપ્ત થાય છે. એ વિશ્વાસથી કરાતા અનુષ્ઠાનને સમ્યક્પ્રત્યયવૃત્તિથી કરાતું અનુષ્ઠાન કહેવાય છે. આત્મપ્રત્યય, ગુરુપ્રત્યય અને લિંગપ્રત્યયની વૃત્તિથી કરાતાં અનુષ્ઠાન, લોકોત્તર સિદ્ધિનાં કારણ બને છે. સંસારના અર્થ-કામાદિ પ્રસંગે જે રીતે આત્મવિશ્વાસાદિનો ખ્યાલ રખાય છે એવી જ રીતે લોકોત્તર માર્ગનાં અનુષ્ઠાનો કરતી વખતે આત્મપ્રત્યયાદિ દ્વારા વિશ્વસ્ત બની અનુષ્ઠાન કરાય તો પ્રવૃત્તિમાં ખૂબ જ દૃઢતા આવે છે, જે સિદ્ધિના દ્વારે પહોંચવા માટે ખૂબ જ અગત્યનું સાધન છે. આજે મોટા ભાગે એનું ધ્યાન રાખવાનું આવશ્યક લાગતું નથી. તેથી સાધના ખૂબ જ શિથિલ બને છે. ॥૧૪-૧૯॥

યોગની પ્રાપ્તિ માટે શાસ્ત્રાધીનતાની અનિવાર્યતાને જણાવાય છે–

**शास्त्रमासन्नभव्यस्य, मानमामुष्मिके विधौ ।**
**सेव्यं यद्विचिकित्सायाः, समाधेः प्रतिकूलता ॥१४-२०॥**

शास्त्रमिति–आसन्नभव्यस्यादूरवर्तिमोक्षलाभस्य प्राणिनः । आमुष्मिके विधौ पारलौकिके कर्मणि । शास्त्रं मानम् । धर्माधर्मयोरतीन्द्रियत्वेन तदुपायत्वबोधने प्रमाणान्तरासामर्थ्याद् । अतः सेव्यं सर्वत्र प्रवृत्तौ पुरस्करणीयं न तु क्वचिदप्यंशेऽनादरणीयम् । यद्यस्माद् विचिकित्साया युक्त्या समुपपन्नेऽपि मतिव्यामोहोत्पन्नचित्तविप्लुतिरूपायाः । समाधेश्चित्तस्वास्थ्यरूपस्य ज्ञानदर्शनचारित्रात्मकस्य वा । प्रतिकूलता विरोधिताऽस्ति । अर्थो हि त्रिविधः सुखाधिगमो दुरधिगमोऽनधिगमश्चेति श्रोतारं प्रति भिद्यते । आद्यो यथा चक्षुष्मतश्चित्रकर्मनिपुणस्य रूपसिद्धिः । द्वितीयः सैवानिपुणस्य । तृतीयस्त्वन्धस्येति । तत्र प्रथमचरमयोर्नास्त्येव विचिकित्सा, निश्चयादसिद्धेश्च । द्वितीये तु देशकालस्वभावविप्रकृष्टे धर्माधर्मादौ भवन्ती सा महानर्थकारिणी । यदागमः–"वितिगिच्छ समावन्नेणं अप्पाणेणं णो लहति समाहिं" । अतश्चित्तशुद्ध्यर्थं शास्त्रमेवादरणीयमिति भावः । यत उक्तं–"मलिनस्य यथात्यन्तं जलं वस्त्रस्य शोधनम् । अन्तःकरणरत्नस्य तथा शास्त्रं विदुर्बुधाः ॥१॥" ॥१४-२०॥

"પરલોકની સાધના કરવામાં આસન્નભવ્યને શાસ્ત્ર પ્રમાણ છે. તેથી સર્વત્ર મોક્ષની સાધનામાં શાસ્ત્રની જ સેવા કરવી જોઇએ. કારણ કે સમાધિમાં વિચિકિત્સાના કારણે પ્રતિકૂળતા થાય છે." આ પ્રમાણે વીસમા શ્લોકનો

સામાન્યાર્થ છે. કહેવાનો આશય એ છે કે મોક્ષની પ્રાપ્તિ જેને દૂર નથી એવા આસન્નભવ્ય આત્માને પરલોકસંબંધી પ્રવૃત્તિ - નિવૃત્તિસ્વરૂપ કાર્ય અંગે શાસ્ત્ર જ પ્રમાણ છે. આત્મપરિણતિસ્વરૂપ ધર્મ અને અધર્મ અતીન્દ્રિય હોવાથી તેના ઉપાયને જણાવવાનું સામર્થ્ય શાસ્ત્રને છોડીને બીજા કોઇ પ્રમાણમાં નથી. તેથી મોક્ષમાર્ગની સાધનામાં દરેક સ્થાને શાસ્ત્રને જ આગળ(પ્રધાન) કરવું જોઇએ. પરંતુ કોઇ પણ અંશમાં તેનો(શાસ્ત્રનો) અનાદર કરવો ના જોઇએ.

શાસ્ત્ર પ્રત્યે આમ તો અનાદર કરવાનું ખરી રીતે કોઇ કારણ નથી. પરંતુ અજ્ઞાનાદિના કારણે અને ખાસ તો વિચિકિત્સાના કારણે શાસ્ત્ર પ્રત્યે અનાદર થાય છે. બુદ્ધિના વ્યામોહથી ચિત્ત વિપ્લુત બને છે. યુક્તિથી સંગત એવા પણ અર્થમાં બુદ્ધિના વ્યામોહ(એક જાતની મૂઢતા)ના કારણે થયેલી ચિત્તવિપ્લુતિસ્વરૂપ અહીં વિચિકિત્સા છે. ચિત્તની નિર્ણાયક શક્તિના અભાવે ચિત્ત, એ વિપ્લુતિના કારણે અત્યંત અસ્થિર બને છે. એને લઇને ચિત્તની સ્વસ્થતા સ્વરૂપ સમાધિ અથવા તો જ્ઞાનદર્શનચારિત્રસ્વરૂપ સમાધિને ખૂબ જ હાનિ પહોંચે છે. તે કારણે વિચિકિત્સા અંતે સમાધિ માટે પ્રતિકૂળ બને છે. અર્થાત્ વિચિકિત્સા અને સમાધિ : એ બેનો વિરોધ છે. વિચિકિત્સાની સાથે સમાધિનું અસ્તિત્વ શક્ય નથી.

વિચિકિત્સાનો વિષય દર્શાવવા ગ્રંથકારશ્રી ફરમાવે છે કે અર્થ(પદાર્થ) ત્રણ પ્રકારના છે. સુખેથી(અનાયાસે) જેનું જ્ઞાન(અધિગમ) થાય છે - તે સુખાધિગમ અર્થ છે. દુઃખેથી(અધિક પ્રયત્ને) જેનું જ્ઞાન થાય તે દુરધિગમ અર્થ છે અને ત્રીજો અર્થ એ છે કે જેનું જ્ઞાન કરવાનું શક્ય નથી. શ્રોતાઓને આશ્રયીને એક જ અર્થ આ રીતે ત્રણ વિભાગમાં વિભક્ત બને છે. કોઇ એક અર્થ(પદાર્થ) કોઇના માટે સુખાધિગમ બને છે. એ જ અર્થ કોઇના માટે દુરધિગમ બને છે; તો એ જ અર્થ કોઇના માટે અનધિગમ બને છે. એક રૂપના વિષયમાં જ આ રીતે વિચારીએ તો સમજી શકાશે કે જેઓ આંખે દેખી શકે છે અને ચિત્રકર્મમાં નિપુણ છે; તેમને રૂપની સિદ્ધિ સુખાધિગમ સ્વરૂપ છે. જેઓ અનિપુણ છે તેમને તે સિદ્ધિ દુરધિગમ છે. અને જેઓ અંધ છે તેમને તે સિદ્ધિ અનધિગમ સ્વરૂપ છે. આવી રીતે શ્રોતાઓની અપેક્ષાએ અર્થમાત્ર ત્રણ પ્રકારનો છે. આ ત્રણ પ્રકારના અર્થસ્થળે પ્રથમ પ્રકારના સુખાધિગમના વિષયમાં નિશ્ચય હોવાથી 'વિચિકિત્સા'નો સંભવ નથી. ત્રીજા પ્રકારના અનધિગમના વિષયમાં અર્થની

સિદ્ધિ જ ન હોવાથી ‘વિચિકિત્સા’નો સંભવ નથી. પરંતુ દેશ, કાળ અને સ્વભાવથી વિપ્રકૃષ્ટ એવા ધર્મ અને અધર્મના વિષયમાં અર્થની દુરધિગમતાના કારણે મહાનર્થને કરનારી વિચિકિત્સા થાય છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે દુરધિગમ અર્થના વિષયમાં વિચિકિત્સા થવાનો સંભવ છે. તે મહાન અનર્થને કરનારી છે. ધર્મ અને અધર્મનો નિર્ણય કરવામાં દેશ, કાળ અને સ્વભાવનો સંનિકર્ષ ઉપયોગી બને છે. સામાન્ય રીતે પદાર્થમાત્રના નિર્ણય માટે યોગ્યદેશ યોગ્યકાળ અને યોગ્યસ્વભાવ ઉપયોગી બને છે. ઉચિત દેશકાલાદિ ન હોય તો પદાર્થ દુરધિગમ બને છે. ધર્મ અને અધર્મના નિર્ણય માટે પણ યોગ્યદેશાદિની અપેક્ષા છે. ભાવિતદેશ હોય, સુષમાદિકાળ હોય અને ઋજુ-પ્રાજ્ઞસ્વભાવ હોય તો ધર્માદિનો નિર્ણય કરવાનું સરળ બને છે. અન્યથા એવા દેશાદિથી દૂર હોઈએ તો તેવો નિર્ણય થઈ શકતો નથી. આવા સંયોગોમાં ઉપર જણાવ્યા મુજબ વિચિકિત્સા થાય છે, જે મહાન અનર્થનું કારણ બને છે. આ પ્રમાણે આગમમાં પણ જણાવ્યું છે કે વિચિકિત્સાને પ્રાપ્ત કરનાર આત્માને સમાધિ(ચિત્તની સ્વસ્થતાદિ) પ્રાપ્ત થતી નથી. આથી સ્પષ્ટ છે કે ચિત્તની શુદ્ધિ માટે શાસ્ત્રનો જ આદર કરવો જોઈએ. આ વાતને જણાવતાં (યોગબિંદુમાં) ફરમાવ્યું છે કે મલિન એવા વસ્ત્રને શુદ્ધ કરવા માટે જેમ જલ અત્યંત કારણ છે, તેમ ચિત્તસ્વરૂપ રત્નને શુદ્ધ બનાવવા માટે શાસ્ત્ર અત્યંત ઉપયોગી સાધન છે - એમ વિદ્વાનો જાણે છે. વસ્ત્રને શુદ્ધ બનાવવા માટે જલની કેટલી આવશ્યકતા છે - એને જેઓ સમજી શકે છે તેમને ચિત્તની શુદ્ધિ માટે શાસ્ત્રાધીનતાની પરમાવશ્યકતા સમજતાં વાર નહિ લાગે. પાણી વિના જેમ કપડાં ચોખ્ખાં નહીં થાય, તેમ શાસ્ત્રાધીનતા વિના ચિત્તરત્ન પણ શુદ્ધ નહીં થાય. ॥૧૪-૨૦॥

અનુષ્ઠાનના ત્રણ પ્રકાર જણાવાય છે–

**विषयात्मानुबन्धैस्तु, त्रिधा शुद्धं यथोत्तरम् ।**
**प्रधानं कर्म तत्राद्यं, मुक्त्यर्थं पतनाद्यपि ॥१४-२१॥**

विषयेति–विषयेण गोचरेण, आत्मना स्वरूपेण, अनुबन्धेन तूत्तरत्रानुवृत्तिलक्षणेन शुद्धम् । त्रिधा त्रिविधम् । कर्म अनुष्ठानम् । यथोत्तरं प्रधानं, यद्यत उत्तरं तत्तदपेक्षया प्रधानमित्यर्थः । तत्राद्यं विषयशुद्धं कर्म । मुक्त्यर्थं मोक्षो ममातो भूयादि-

तीच्छया जनितम् । पतनाद्यपि भृगुपाताद्यपि । आदिना शस्त्रपाटनगृध्रपृष्ठार्पणादिः स्वघातोपायः परिगृह्यते किं पुनः शेषं स्वाहिंसकमित्यपिशब्दार्थः ॥१४-२१॥

વિષય, આત્મા અને અનુબંધથી શુદ્ધ (અર્થાત્ વિષયશુદ્ધ; આત્મ(સ્વરૂપ) શુદ્ધ અને અનુબંધશુદ્ધ પ્રકારથી) અનુષ્ઠાન ત્રણ પ્રકારનાં છે. જેનાથી જે ઉત્તર(આગળ) છે તેની અપેક્ષાએ તે પ્રધાન છે. આ ત્રણમાં પ્રથમ વિષયશુદ્ધ જે અનુષ્ઠાન છે તે મોક્ષને પ્રાપ્ત કરવાના આશયથી પર્વત ઉપરથી પડવા વગેરે સ્વરૂપ પણ છે - આ પ્રમાણે એકવીશમા શ્લોકનો અર્થ છે.

આશય એ છે કે અનુષ્ઠાનના ત્રણ પ્રકાર છે. વિષયશુદ્ધ અનુષ્ઠાન, સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાન અને અનુબંધશુદ્ધ અનુષ્ઠાન. જેનો વિષય-ઉદ્દેશ શુદ્ધ છે તે વિષયશુદ્ધ અનુષ્ઠાન છે. જેનું સ્વરૂપ શુદ્ધ છે તે સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાન છે અને ઉત્તરત્ર અનુવર્તમાન (પરંપરા-લગ્ન) હોવાથી જે અનુષ્ઠાન અનુબંધથી શુદ્ધ છે તે અનુબંધશુદ્ધ અનુષ્ઠાન છે. પૂર્વ પૂર્વ અનુષ્ઠાનની અપેક્ષાએ ઉત્તર ઉત્તર અનુષ્ઠાન પ્રધાન-મુખ્ય(શ્રેષ્ઠ) છે.

આ ત્રણ અનુષ્ઠાનમાંના પ્રથમ વિષયશુદ્ધ અનુષ્ઠાનનું સ્વરૂપ શ્લોકમાંના અંતિમ પાદથી કર્યું છે. "આ અનુષ્ઠાનથી મને મોક્ષ પ્રાપ્ત થાઓ !" આવી ઇચ્છાથી ઉત્પન્ન થયેલું જે અનુષ્ઠાન છે - તે વિષયશુદ્ધ અનુષ્ઠાન છે. મોક્ષની ઉત્કટ ઇચ્છાના કારણે કોઇ વાર અજ્ઞાનવશ પર્વત ઉપરથી ઝંપાપાત કરવો; કરવત વગેરે દ્વારા શરીરને કાપી નાંખવું અને ગીધ વગેરે પક્ષીઓને શરીર આપી દેવું... વગેરે સ્વઘાતના ઉપાય સ્વરૂપ તે તે અનુષ્ઠાનો થતાં હોય છે, તે પણ અનુષ્ઠાનો વિષયશુદ્ધ છે. તો પછી જે અનુષ્ઠાન મોક્ષની ઇચ્છાથી થયેલું હોય અને સ્વઘાતના ઉપાય સ્વરૂપ ન હોય તો તે અનુષ્ઠાનની વિષયશુદ્ધતા અંગે પૂછવાનું જ શું હોય ? અર્થાત્ મોક્ષની તેવા પ્રકારની ઇચ્છાથી ઉત્પન્ન થયેલ સ્વહિંસક અને સ્વાહિંસક બધાં જ અનુષ્ઠાન વિષયશુદ્ધ અનુષ્ઠાન છે. ॥૧૪-૨૧॥

સ્વહિંસક એવું પણ અનુષ્ઠાન જે કારણથી 'વિષયશુદ્ધ' મનાય છે; તે જણાવવાપૂર્વક બીજા અનુષ્ઠાનનું સ્વરૂપ જણાવાય છે—

**स्वरूपतोऽपि सावद्यमादेयाशयलेशतः ।**
**शुभमेतद् द्वितीयं तु, लोकदृष्ट्या यमादिकम् ॥१४-२२॥**

स्वरूपत इति–स्वरूपत आत्मना । सावद्यमपि पापबहुलमपि । आदेयाशयस्योपादेयमुक्तिभावस्य लेशतः सूक्ष्ममात्रालक्षणात् । शुभं शोभनमेतत् । यदाह–"तदेतदप्युपादेयलेशभावाच्छुभं मतम्" । द्वितीयं तु स्वरूपशुद्धं तु । लोकदृष्ट्या स्थूलव्यवहारिणो लोकस्य मतेन । यमादिकं यमनियमादिरूपम् । यथा जीवादितत्त्वमजानानां पूरणादीनां प्रथमगुणस्थानवर्तिनाम् ।।१४-२२।।

"પર્વત ઉપરથી ઝંપાપાતાદિ સ્વરૂપ અનુષ્ઠાન(વિષયશુદ્ધાનુષ્ઠાન) સ્વરૂપથી સાવદ્ય હોવા છતાં મોક્ષના આશયલેશથી શુભ છે. બીજું સ્વરૂપશુદ્ધ-અનુષ્ઠાન તો લોકદષ્ટિએ યમ, નિયમ વગેરે સ્વરૂપ છે." - આ પ્રમાણે બાવીશમા શ્લોકનો અર્થ છે. એનો આશય ખૂબ જ સ્પષ્ટ છે કે પર્વત ઉપરથી ઝંપાપાતાદિ સ્વરૂપ જે આત્મઘાતક અનુષ્ઠાનો છે તે સાવદ્ય-પાપની બહુલતાવાળાં હોવા છતાં મોક્ષના આશયની સૂક્ષ્મ માત્રા(અંશ) હોવાથી તે અનુષ્ઠાન શુભ મનાય છે. આ વાત(યોગબિંદુમાં શ્લોક નંબર ૨૧૨ના ઉત્તરાર્દ્ધથી પણ જણાવાઈ છે.)ને જણાવતાં કહેવાય છે કે સાવદ્ય એવું પણ આ અનુષ્ઠાન મુક્તિની ઉપાદેયતાના ભાવના લેશ (અંશથી) શુભ મનાય છે. આથી સમજી શકાશે કે અનુષ્ઠાનનું બાહ્ય સ્વરૂપ અશુદ્ધ હોવા છતાં મોક્ષના આશયલેશથી તેનું આભ્યંતર સ્વરૂપ શુદ્ધ બને છે.

બીજું જે સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાન છે તે સ્થૂલવ્યવહારને કરનારા એવા લોકોની દૃષ્ટિએ સિદ્ધ યમ-નિયમ વગેરે સ્વરૂપ છે. પ્રાણાતિપાત, અસત્ય, ચૌર્ય, મૈથુન અને પરિગ્રહથી સર્વથા વિરામ પામવા સ્વરૂપ પાંચ યમ છે. શૌચ(બાહ્ય અને આભ્યંતર પવિત્રતા), સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરનું ધ્યાન - આ પાંચ નિયમ છે. યમ અને નિયમ વગેરે સ્વરૂપ બીજું 'સ્વરૂપશુદ્ધ' અનુષ્ઠાન છે. જીવાદિ તત્ત્વને નહિ જાણનારા એવા પૂરણાદિ તાપસોની જેમ પ્રથમ ગુણસ્થાનકે પણ લોકદષ્ટિએ સિદ્ધ આ સ્વરૂપશુદ્ધ - અનુષ્ઠાન હોય છે. આશય એ છે કે જીવાદિ નવ તત્ત્વનું પારમાર્થિક જ્ઞાન હોય તો સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાન હોય છે જ. પરંતુ તેવું જ્ઞાન નહિ હોવા છતાં લોકદષ્ટિએ પૂરણતાપસાદિ સંસારથી વિરક્ત બની યમ-નિયમાદિસ્વરૂપ સ્વરૂપશુદ્ધ-અનુષ્ઠાન પ્રથમ ગુણસ્થાનકે પણ કરતા હોય છે. ।।૧૪-૨૨।।

તૃતીય અનુબંધશુદ્ધ-અનુષ્ઠાનનું સ્વરૂપ જણાવાય છે–

**तृतीयं शान्तवृत्त्यादस्तत्त्वसंवेदनानुगम् ।**
**दोषहानिस्तमोभूम्ना नाद्याज्जन्मोचितं परे ॥१४-२३॥**

तृतीयमिति–शान्तवृत्त्या कषायादिविकारनिरोधरूपया । तत्त्वसंवेदनानुगं जीवादितत्त्वसम्यक्परिज्ञानानुगतम् । अदो यमाद्येव । तृतीयमनुबन्धशुद्धं कर्म । आद्याद्विषयशुद्धानुष्ठनात् । तमोभूम्ना आत्मघातादिनिबन्धनाज्ञानबाहुल्येन । दोषहानिर्मोक्षलाभबाधकपरिहाणिर्न भवति । यत आह–"आद्यान्न दोषविगमस्तमोबाहुल्ययोगत" इति । परे पुनराचार्याः प्रचक्षते उचितं दोषविगमानुकूलजात्यादिकुलादिगुणयुक्तं जन्म ततो भवति । एकान्तनिरवद्ये मोक्षे स्वरूपतोऽतीव सावद्यस्य कर्मणस्तस्याहेतुत्वेऽपि मुक्तीच्छायाः कथञ्चित् सारूप्येण तद्धेतुत्वात्तद्द्वारतया प्रकृतोपयोगादिति ह्यमीषामाशयः । तदाह–"तद्योग्यजन्मसन्धानमत एके प्रचक्षते । मुक्ताविच्छापि यच्छ्लाघ्या तमःक्षयकरी मता ।१। तस्याः समन्तभद्रत्वादनिदर्शनमित्यद" इति ॥१४-२३॥

શાંતવૃત્તિથી થનારું અને જીવાદિતત્ત્વના સંવેદનથી યુક્ત એવું યમ-નિયમાદિસ્વરૂપ અનુષ્ઠાન જ અનુબંધશુદ્ધ ત્રીજું અનુષ્ઠાન છે. વિષયશુદ્ધ પ્રથમ અનુષ્ઠાનથી તેની અજ્ઞાન-બહુલતાથી દોષહાનિ થતી નથી. 'વિષયશુદ્ધ-અનુષ્ઠાનથી દોષહાનિ માટે અનુકૂળ એવો જન્મ મળે છે.' એમ કેટલાક આચાર્યભગવંતો માને છે. કહેવાનો આશય સ્પષ્ટ છે કે કષાય અને વિષયના વિકારના નિરોધ સ્વરૂપ શાંતવૃત્તિથી જે અનુષ્ઠાન થાય છે તે અનુષ્ઠાન; જો જીવ અને અજીવ વગેરેના તત્ત્વ(સ્વરૂપ)ના સમ્યગ્ રીતે પરિજ્ઞાનને અનુસરનારું હોય તો અનુબંધશુદ્ધ-અનુષ્ઠાન બને છે.

સામાન્ય રીતે સમજી શકાય છે કે પૂર્વનાં બંન્ને અનુષ્ઠાનો કરતાં આ ત્રીજું અનુષ્ઠાન ઉત્કૃષ્ટ છે. કષાય અને વિષયના વિકારથી સહિત અનુષ્ઠાન મોક્ષનું કારણ નહીં જ બને. તેમ જ મોક્ષની પ્રાપ્તિ માટે જીવાદિ તત્ત્વોનું સમ્યગ્ પરિજ્ઞાન પણ હોવું જોઇએ. જેને મોક્ષની પ્રાપ્તિ થવાની છે તે જીવનું જ તત્ત્વ આપણને પરિજ્ઞાત ન હોય અને તેનાથી વિરુદ્ધ અજીવાદિનું પણ તત્ત્વ આપણને પરિજ્ઞાત ન હોય તો એવા અજ્ઞાનના કારણે પણ મોક્ષની પ્રાપ્તિ નહીં થાય. તેથી મોક્ષસાધક અનુષ્ઠાન જીવાદિ તત્ત્વોના સમ્યક્ પરિજ્ઞાનને અનુસરનારું હોવું જોઇએ.

અજ્ઞાનપૂર્વકનાં અનુષ્ઠાનો મોક્ષસાધક નથી તેમ જ વિષય-કષાયના વિકારસહિત અનુષ્ઠાનો પણ મોક્ષસાધક નથી.

ત્રણેય અનુષ્ઠાનનું ફલ વર્ણવવા માટે પ્રથમ વિષયશુદ્ધ અનુષ્ઠાનનું ફળ આ શ્લોકના ઉત્તરાર્દ્ધ દ્વારા જણાવાય છે. પ્રથમ વિષયશુદ્ધ-અનુષ્ઠાનથી મોક્ષની પ્રાપ્તિમાં બાધક એવા રાગાદિ દોષોની હાનિ થતી નથી. કારણ કે વિષયશુદ્ધ-અનુષ્ઠાન વખતે આત્મહત્યાદિના કારણભૂત એવા અજ્ઞાનનું પ્રમાણ બહુ જ હોય છે. યોગબિંદુમાં પણ એ વાત જણાવતાં ફરમાવ્યું છે કે 'આદ્ય એવા(વિષયશુદ્ધ) અનુષ્ઠાનથી દોષોનો વિગમ થતો નથી. કારણ કે એ વખતે અજ્ઞાનસ્વરૂપ અંધકારની બહુલતા હોય છે.'

આ વિષયમાં બીજા આચાર્યભગવંતો કહે છે કે વિષયશુદ્ધ અનુષ્ઠાનથી મોક્ષને પ્રાપ્ત કરવામાં અવરોધક દોષોના વિગમ માટે અનુકૂળ એવા જાતિ-કુલાદિ ગુણોથી યુક્ત જન્મની પ્રાપ્તિ થાય છે. એમનો આશય એ છે કે; મોક્ષ એકાંતે નિરવદ્ય છે. સ્વરૂપને આશ્રયીને અત્યંત સાવદ્ય એવું વિષયશુદ્ધ-અનુષ્ઠાન મોક્ષનું તે સ્વરૂપે કારણ નથી. પરંતુ મોક્ષસાધક અનુષ્ઠાન વખતે, જેમ મોક્ષની ઇચ્છા હોય છે તેમ આ વિષયશુદ્ધ-અનુષ્ઠાન વખતે પણ મોક્ષની ઇચ્છા હોવાથી મોક્ષસાધક અનુષ્ઠાનનું કથંચિદ્ (કંઇક અંશે) વિષયશુદ્ધ-અનુષ્ઠાનમાં સામ્ય હોવાથી તે મોક્ષની પ્રત્યે કારણ બને છે. જેથી ઉપર જણાવ્યા મુજબ મોક્ષબાધક દોષોના વિગમને અનુકૂળ એવા જન્મને પ્રાપ્ત કરાવવા દ્વારા વિષયશુદ્ધ અનુષ્ઠાન મોક્ષની પ્રાપ્તિમાં ઉપયોગી બને છે. આ વાતને જણાવતાં યોગબિંદુમાં જણાવ્યું છે કે - આ વિષયશુદ્ધ-અનુષ્ઠાનથી દોષના વિગમ માટે ઉચિત એવા જાતિ, કુળ અને સંસ્કારાદિ ગુણયુક્ત જન્મનું સંધાન (પ્રાપ્તિ) થાય છે - આ પ્રમાણે કેટલાક આચાર્યભગવંતો કહે છે. મુક્તિની ઇચ્છા પણ જે કારણથી અજ્ઞાનનો ક્ષય કરનારી મનાય છે, તેથી તે શ્લાઘ્ય છે. સર્વ રીતે મુક્તિ કલ્યાણરૂપ હોવાથી વિષયશુદ્ધ-અનુષ્ઠાન તેના માટે અત્યંત વિસદૃશ છે. આથી તે મુક્તિની પ્રત્યે કઇ રીતે કારણ બને ? સદૃશ(સમાન) ભાવ જ સદૃશનું કારણ બને છે... ઇત્યાદિ બરાબર સમજી લેવું. ॥૧૪-૨૩॥

उक्ताशयमेवाह–

વિષયશુદ્ધ-અનુષ્ઠાનથી મોક્ષની પ્રાપ્તિ જે કારણે થતી નથી તે શ્લોકમાં જ જણાવીને દ્વિતીય સ્વરૂપશુદ્ધ-અનુષ્ઠાનનું ફળ જણાવાય છે–

**मुक्तीच्छाऽपि सतां श्लाघ्या, न मुक्तिसदृशं त्वदः ।**
**द्वितीयात् सानुवृत्तिश्च, सा स्याद् दर्दुरचूर्णवद् ।।१४-२४।।**

मुक्तीच्छापीति–द्वितीयात् स्वरूपशुद्धानुष्ठानात् । सानुवृत्तिश्च उत्तरत्राप्यनुवृत्तिमती च । सा दोषहानिः स्यात् । दर्दुरचूर्णवन्मण्डूकक्षोदवत् । निरनुवृत्तिदोषविगमे हि गुरुलाघवचिन्तादृढप्रवृत्त्यादिकं हेतुस्तदभावाच्चात्र सानुवृत्तिरेव दोषविगम इति भावः । तदुक्तं–"द्वितीयाद्दोषविगमो न त्वेकान्तानुबन्धवान् । गुरुलाघवचिन्तादि न यत्तत्र नियोगतः ।।१।।" ।।१४-२४।।

"મુક્તિની ઇચ્છા પણ સજ્જનો માટે શ્લાઘ્ય કોટિની છે. આ વિષયશુદ્ધ-અનુષ્ઠાન મુક્તિસદૃશ(સર્વ રીતે કલ્યાણકારી) નથી. બીજા સ્વરૂપશુદ્ધ-અનુષ્ઠાનથી દેડકાના ચૂર્ણની જેમ દોષની પરિહાનિ(દોષવિગમ) અનુવૃત્તિવાળી થાય છે." - આ પ્રમાણે ચોવીશમા શ્લોકનો અર્થ છે. શ્લોકના પૂર્વાર્દ્ધનો આશય આ પૂર્વેના શ્લોકની ટીકામાં જણાવ્યો છે કે મુક્તિ માટે ક્રિયાઅનુષ્ઠાન જ નહિ પરંતુ તેની(મોક્ષની) ઇચ્છા પણ શ્લાઘ્ય કોટિની મનાય છે. તેથી સર્વથા કલ્યાણકારી જેનું સ્વરૂપ છે; એવા મોક્ષની અપેક્ષાએ વિષયશુદ્ધ અનુષ્ઠાન સમાન ન હોવાથી તેનાથી મોક્ષની પ્રાપ્તિ નહીં થાય.

આ શ્લોકના ઉત્તરાર્દ્ધમાં બીજા સ્વરૂપશુદ્ધ-અનુષ્ઠાનનું ફળ વર્ણવતાં ફરમાવ્યું છે કે બીજા સ્વરૂપશુદ્ધ એ અનુષ્ઠાનથી મોક્ષબાધક દોષોની પરિહાણિ થાય છે. પરંતુ તે દોષહાનિ દેડકાના ચૂર્ણની જેમ ભવિષ્યમાં દોષની અનુવૃત્તિવાળી હોય છે. દેડકાના શરીરનું ચૂર્ણ થયા પછી પણ કાલાંતરે વરસાદ વગેરેના સંયોગે એનાથી દેડકા ઉત્પન્ન થાય છે. તેવી જ રીતે સ્વરૂપશુદ્ધ-અનુષ્ઠાનથી મોક્ષબાધક રાગાદિ દોષોની હાનિ થયા પછી પણ કાલાંતરે વિષય-કષાયના સામાન્ય પણ નિમિત્તો મળતાં ફરી પાછા દોષો ઉત્પન્ન થતા હોય છે. તેથી બીજા સ્વરૂપશુદ્ધ-અનુષ્ઠાનથી જે દોષહાનિ થાય છે તે અનુબંધશક્તિથી દોષની અનુવૃત્તિવાળી છે.

દોષની અનુવૃત્તિથી રહિત એવા દોષવિગમની પ્રત્યે ગુરુલાઘવની ચિંતા (વિચારણા) અને દૃઢ પ્રવૃત્તિ વગેરે કારણ છે. અહીં સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાન વખતે એ કારણનો અભાવ હોવાથી અનુવૃત્તિવાળો જ દોષવિગમ થાય છે. અનુષ્ઠાન

કરતી વખતે એનાથી કયો મોટો અથવા નાનો ગુણ અને દોષ પ્રાપ્ત થશે એની વિચારણાને ગુરુલાઘવચિંતા કહેવાય છે. મનની સ્વસ્થતાપૂર્વકની ફળની પ્રાપ્તિ પર્યંત અવિરતપણે કરાતી અખંડ પ્રવૃત્તિને દૃઢપ્રવૃત્તિ કહેવાય છે. આ પ્રમાણે યોગબિંદુમાં પણ જણાવ્યું છે કે - 'દ્વિતીય સ્વરૂપશુદ્ધ-અનુષ્ઠાનથી દોષવિગમ થાય છે, પરંતુ તે ઉત્તરત્ર એકાંતે અનુબંધવાળો (ટકી રહેનારો-આત્યંતિક-ભવિષ્યમાં દોષના ઉદ્ગમ વિનાનો) હોતો નથી. કારણ કે ત્યાં ચોક્કસપણે ગુરુ-લાઘવની ચિંતા વગેરે હોતા નથી.' સ્વરૂપશુદ્ધ-અનુષ્ઠાનસ્થળે તેવા પ્રકારનો વિવેક હોતો નથી. માત્ર કાયાની પ્રધાનતાએ અનુષ્ઠાન થતું હોય છે. તેથી તેવા પ્રકારનો આત્યંતિક દોષનો વિગમ થતો નથી. અન્યત્ર પણ આ વિષયમાં જણાવ્યું છે કે માત્ર કાયાની ક્રિયા વડે થનારો દોષનો વિગમ દેડકાના ચૂર્ણ જેવો થાય છે. જેમાંથી ભવિષ્યમાં નિમિત્ત મળતાં દેડકાની જેમ દોષોનો ઉદ્ભવ થાય છે. ||૧૪-૨૪||

સ્વરૂપશુદ્ધ-અનુષ્ઠાનથી આત્યંતિક દોષનો વિગમ થતો નથી તેથી તે કેવું છે તે જણાવવાપૂર્વક તૃતીય અનુબંધશુદ્ધ-અનુષ્ઠાનનું ફળ વર્ણવાય છે—

**कुराजवप्रप्रायं तन्निर्विवेकमदः स्मृतम् ।**
**तृतीयात् सानुबन्धा सा, गुरुलाघवचिन्तया ।।१४-२५।।**

कुराजेति–तत्तस्मात्सानुवृत्तिदोषविगमाद् । अदो द्वितीयमनुष्ठानम् । निर्विवेकं विवेकरहितम् । कुराजवप्रप्रायं कुत्सितराजाधिष्ठितनगरप्राकारतुल्यम् । तत्र लुण्टाकोपद्रवस्येवात्राज्ञानदोषोपघातस्य दुर्निवारत्वादिति भावः । तृतीयादनुबन्धशुद्धानुष्ठानात् । सा दोषहानिः सानुबन्धा उत्तरोत्तरदोषापगमावहा । अत एव दोषाननुवृत्तिमती । तदुक्तं– "तृतीयाद्दोषविगमः सानुबन्धो नियोगतः । गुरुलाघवचिन्तयेत्युपलक्षणमेषा" दृढप्रवृत्त्यादेः ।।१४-२५।।

"તેથી (સ્વરૂપશુદ્ધ-અનુષ્ઠાનથી આત્યંતિક દોષવિગમ ન થવાથી) આ બીજું સ્વરૂપશુદ્ધ-અનુષ્ઠાન વિવેકથી રહિત, ખરાબ રાજાના નગરના કિલ્લા જેવું છે. ગુરુલાઘવની ચિંતાના કારણે અનુબંધ-શુદ્ધાનુષ્ઠાનથી તે દોષની હાનિ અનુબંધવાળી બને છે." - આ પ્રમાણે પચીસમા શ્લોકનો અર્થ છે. કહેવાનો આશય સ્પષ્ટ છે કે બીજા સ્વરૂપશુદ્ધ-અનુષ્ઠાનથી દોષની અનુવૃત્તિવાળો દોષનો

વિગમ થવાથી એ અનુષ્ઠાન વિવેકથી રહિત છે અને જેનો રાજા ખરાબ છે એવા નગરના કિલ્લા જેવું છે. કુત્સિત-નિંદનીય રાજાથી અધિષ્ઠિત જે નગર છે તે બાહ્યદૃષ્ટિએ કિલ્લાથી ગમે તેટલું સુરક્ષિત જણાતું હોય તોપણ ત્યાંનો રાજા જ ખરાબ હોવાથી લૂંટારા વગેરેનો ઉપદ્રવ સતત હોવાના કારણે કિલ્લાનો કોઈ અર્થ રહેતો નથી. આવી જ રીતે સ્વરૂપશુદ્ધ અનુષ્ઠાન (યમાદિ સ્વરૂપ) બાહ્યદૃષ્ટિએ શુદ્ધ દેખાતું હોવા છતાં ત્યાં અજ્ઞાનસ્વરૂપ દોષના કારણે અનુષ્ઠાન વિવક્ષિત ફળને આપવા સમર્થ બનતું નથી. 'જેનું જે ફળ છે એ એને જ ન આપે' તો એથી બીજી કઈ વિટંબના હોય ?

તૃતીય અનુબંધશુદ્ધ-અનુષ્ઠાનથી તે દોષની હાનિ અનુબંધવાળી થાય છે. ઉત્તરોત્તર દોષના અપગમને વહન કરનારી એ દોષહાનિ દોષની અનુવૃત્તિથી રહિત હોય છે. યોગબિંદુમાં પણ તે પ્રમાણે જણાવ્યું છે કે 'ત્રીજા સ્વરૂપશુદ્ધ-અનુષ્ઠાનથી નિયમે કરી અનુબંધવાળો દોષવિગમ થાય છે.' સાનુબંધ (ઉત્તરોત્તર અનુવૃત્તિવાળા) દોષવિગમના કારણ તરીકે આ શ્લોકના છેલ્લા પાદમાં ગુરુ-લાઘવની ચિંતાને વર્ણવી છે. સામાન્ય રીતે ત્રીજા પ્રકારના અનુબંધશુદ્ધ-અનુષ્ઠાનસ્થળે અનુષ્ઠાનકર્ત્તા તે અનુષ્ઠાનથી કયા ગુણની પ્રાપ્તિ થશે અને કયા દોષનો સંભવ છે એની ચોક્કસ ચિંતા કરે છે. તેથી અધિક-ગુણવાળા અને અધિકદોષથી રહિત અનુષ્ઠાનના આચરણથી સાનુબંધ દોષની હાનિ થાય છે. ગુરુલાઘવની ચિંતાથી અને દૃઢપ્રવૃત્તિ વગેરેથી દોષની હાનિ સાનુબંધ થતી હોવાથી અહીં '**गुरुलाघवचिन्ता**' આ પદથી દૃઢ પ્રવૃત્તિ વગેરેનું પણ ગ્રહણ કરવું જોઈએ. મનની દૃઢતાપૂર્વકની પ્રવૃત્તિમાં એક જાતનું સાતત્ય હોય છે, જે ઉત્તરોત્તર અનેકગુણા ફળનું (દોષવિગમાત્મક ફળનું) કારણ બને છે. ગુરુલાઘવચિંતા, પ્રકૃષ્ટ અભિલાષ, દૃઢ પ્રવૃત્તિ, સાતત્યપૂર્ણ પ્રવૃત્તિ અને તિતિક્ષાદિ સાનુબંધ (ઉત્તરોત્તર પ્રવર્ત્તનાર) દોષવિગમનાં કારણ છે. અનુબંધશુદ્ધ અનુષ્ઠાનથી જ એ શક્ય બને છે. ॥૧૪-૨૫॥

ત્રીજા અનુબંધશુદ્ધ-અનુષ્ઠાનનું મહત્ત્વ દૃષ્ટાંતથી સમજાવીને એમાં સ્વસંમતિ જણાવાય છે–

**गृहाद्यभूमिकाकल्पमतस्तत् कैश्चिदुच्यते ।**
**उदग्रफलदत्वेन मतमस्माकमप्यदः ॥१४-२६॥**

गृहेति–अतः सानुबन्धदोषहानिकरत्वात् । तत् तृतीयमनुष्ठानम् । कैश्चित्तीर्थान्तरीयै गृहस्याद्यभूमिका दृढपीठबन्धरूपा तत्कल्पं तत्तुल्यम् । उदग्रफलदत्त्वेनोदारफलदायित्वेन तस्य । अद एतदुक्तमस्माकमपि मतम् । यथा हि गृहाद्यभूमिकाप्रारम्भदार्ढ्ये नोपरितनगृहभङ्गफलं सम्पद्यते, किं तु तदनुबन्धप्रधानम्, एवं तत्त्वसंवेदनानुगतमनुष्ठानमुत्तरोत्तरदोषविगमावहमेव भवति, न तु कदाचनाप्यन्यथारूपमिति ।।१४-२६।।

શ્લોકાર્થ સ્પષ્ટ છે કે - 'અનુબંધશુદ્ધ-અનુષ્ઠાન સાનુબંધ એવી દોષની હાનિને કરનારું હોવાથી તેને ગૃહના પાયા જેવું કેટલાક અન્યદર્શનકારો વર્ણવે છે - તે અમને પણ માન્ય છે. કારણ કે આ અનુષ્ઠાન શ્રેષ્ઠ ફળને આપનારું છે.' કહેવાનો ભાવ એ છે કે કેટલાક દર્શનકારોએ આ ત્રીજું અનુષ્ઠાન ઘરના પાયા જેવું વર્ણવ્યું છે. ઘર બાંધતી વખતે ઘરનો પાયો મજબૂત હોય તો તેની ઉપર કરેલું ઘરનું બાંધકામ પડી જતું નથી. પરંતુ એક પછી એક માળ બાંધી શકાય છે. અન્યથા પાયો જ જો દૃઢ ન હોય તો તેની ઉપર બાંધેલું ઘર પડી જવા સ્વરૂપ જ ફળને આપનારું બને છે. આવી જ રીતે ત્રીજું અનુબંધશુદ્ધ-અનુષ્ઠાન ઉત્તરોત્તર દોષવિગમને ધારણ કરનારું જ બને છે, કારણ કે તત્ત્વસંવેદનથી તે અનુગત હોય છે. તત્ત્વસંવેદનસ્વરૂપ પાયો મજબૂત હોવાથી સર્વદા અનુબંધશુદ્ધ-અનુષ્ઠાન દોષવિગમને વહન કરનારું જ હોય છે. ક્યારે પણ તે અનુષ્ઠાન દોષવિગમના અભાવવાળું હોતું નથી. ઘરના પાયાનું મહત્ત્વ જેમને સમજાય છે તેમને ત્રીજા અનુષ્ઠાનનું મહત્ત્વ સમજાવવાની જરૂર નથી. તેઓ જાતે તેને સમજી શકે છે. આથી સમજી શકાશે કે ગુરુલાઘવની ચિંતા વગેરે કારણે અનુબંધશુદ્ધ-અનુષ્ઠાન શ્રેષ્ઠ ફળને આપનારું બને છે. સર્વથા દોષોનો ધ્વંસ થયા વિના મોક્ષની પ્રાપ્તિ થતી નથી અને સર્વથા દોષોનો ધ્વંસ એકમાત્ર અનુબંધશુદ્ધ-અનુષ્ઠાનથી જ શક્ય છે - એ યાદ રાખ્યા વિના ચાલે એવું નથી.

અહીં એ વિચારવું જોઇએ કે આ ત્રિવિધ અનુષ્ઠાનમાં આપણા આજે પ્રવર્ત્તતાં અનુષ્ઠાનો ક્યાં સમાય છે. આ પૂર્વે ઉપર જણાવેલાં ત્રણેય અનુષ્ઠાનને અનુષ્ઠાનસ્વરૂપે વર્ણવવાનું એક મુખ્ય કારણ મોક્ષનો આશય છે. એ આશય ના હોય તો તે અનુષ્ઠાન; ત્રણેય અનુષ્ઠાનમાંથી કોઇ પણ અનુષ્ઠાનમાં સમાય એવું નથી. આજે આપણાં અનુષ્ઠાનોમાં મોક્ષનો આશય કેટલા પ્રમાણમાં છે - એ વિચારવાનું ખૂબ જ આવશ્યક છે. ।।૧૪-૨૬।।

આ રીતે **एतन्निश्चयवृत्त्यैव...(१९)** - આ શ્લોકમાં જણાવેલાં ત્રણેય અનુષ્ઠાનનું વર્ણન કરીને હવે ત્રણ પ્રત્યયનું વર્ણન કરે છે–

**आत्मनेष्टं गुरुर्ब्रूते, लिङ्गान्यपि वदन्ति तत् ।**
**त्रिधाऽयं प्रत्ययः प्रोक्तः, सम्पूर्णं सिद्धिसाधनम् ।।१४-२७।।**

आत्मनेति–आत्मनेष्टं सदनुष्ठानम् । गुरुर्धर्मोपदेष्टा ब्रूते कर्तव्यत्वेन । लिङ्गान्यपि सिद्धिसूचकानि नन्दीतूरादीनि सूत्रसिद्धानि । तद् गुरूक्तमेव वदन्ति । अयं त्रिधा त्रिप्रकारः प्रत्ययो विश्वासः प्रोक्तः । सम्पूर्णमव्यभिचारि । सिद्धिसाधनमिष्टकारणम् । यत उक्तम्–"आत्मा तदभिलाषी स्याद्गुरुराह तदेव तु । तल्लिङ्गोपनिपातश्च सम्पूर्णं सिद्धिसाधनम् ।।१।।" ।।१४-२७।।

"પોતાને સદનુષ્ઠાન ઈષ્ટ હોય, ગુરુ પણ તે કરવાનું કહેતા હોય અને સિદ્ધિસૂચક લિંગો પણ તે જ જણાવતાં હોય : આ ત્રણ પ્રકારનો પ્રત્યય વર્ણવ્યો છે, જે સંપૂર્ણ સિદ્ધિ(ઈષ્ટ)નું કારણ છે." - આ પ્રમાણે સત્તાવીશમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે ભવિષ્યમાં થનાર અર્થ જેનાથી પ્રતીત થાય છે તેને પ્રત્યય કહેવાય છે. તે એક જાતનો વિશ્વાસ છે. એનાથી અનુષ્ઠાન કરનારને ઈષ્ટસાધનતાની પોતાના અનુષ્ઠાનમાં ખાતરી થવાથી વિશ્વાસ બેસે છે. આત્મપ્રત્યય, ગુરુપ્રત્યય અને લિંગપ્રત્યય - આ ત્રણ પ્રકારનો પ્રત્યય છે.

જે સદનુષ્ઠાન છે તેને કરવાની પોતાને ઈચ્છા થાય અર્થાદ્ એ અનુષ્ઠાન પોતાને ઈષ્ટ લાગે ત્યારે ત્યાં આત્મપ્રત્યય મનાય છે. આપણે પોતે જે અનુષ્ઠાન કરવાનું નિશ્ચિત કર્યું હોય તે અનુષ્ઠાન કરવાનું પૂ. ગુરુભગવંત પણ ફરમાવે ત્યારે ત્યાં ગુરુપ્રત્યય મનાય છે અને જ્યારે એ વખતે મંગલ વાદિત્ર (વાદ્ય) વગેરે આગમમાં પ્રસિદ્ધ એવાં શુભ લિંગો જણાય ત્યારે ત્યાં લિંગપ્રત્યય મનાય છે. સામાન્યથી વ્યવહારમાં(લોકવ્યવહારમાં) પણ આ પ્રસિદ્ધ છે. જે કાર્ય કરવાનું હોય તે કાર્ય આપણને ઈષ્ટ હોય છે. આપણા આપ્તજનો, વગર પૂછે સહજ રીતે જ આપણને તે કરવાનું જણાવતા હોય છે. તેમ જ એ વાત ચાલતી હોય ત્યારે મંગલધ્વનિ, પુણ્યવસ્તુનું દર્શન, શંખ વગેરેનો શબ્દ, છત્ર, ધ્વજ, ચામર, પતાકા વગેરે શુભ લિંગો(શકુનો) પ્રાપ્ત થતાં હોય છે. આ ત્રણ પ્રત્યયથી કાર્ય થાય તો સિદ્ધિ-ઈષ્ટની પ્રાપ્તિ થશે - એમ ખાતરી થાય છે. કારણ કે આ

ત્રણેય(સમસ્ત) પ્રાપ્ત થાય તો તે સિદ્ધિનાં કારણ બને છે. આ પ્રમાણે યોગબિંદુમાં પણ જણાવ્યું છે. "આત્મા સદનુષ્ઠાનનો અભિલાષી બને, પૂ. ગુરુદેવશ્રી પણ તે સદનુષ્ઠાનને જ કરવાનું જણાવે અને તે વખતે શુભલિંગો (મંગલધ્વનિ વગેરે) પણ પ્રાપ્ત થાય તો તે બધાં સિદ્ધિ-ઇષ્ટનાં કારણ બને છે." આ રીતે ત્રણ પ્રત્યયથી કરેલું કાર્ય વિવક્ષિત ફળવાળું બને છે. ॥૧૪-૨૭॥

સિદ્ધિનું તાત્ત્વિક સ્વરૂપ જણાવાય છે–

**सिद्धिः सिद्ध्यनुबद्धैव, न पातमनुबध्नती ।**
**हाठिकानामपि ह्येषा, नात्मादिप्रत्ययं विना ॥१४-२८॥**

सिद्धिरिति–सिद्ध्यनुबद्धैवोत्तरसिद्ध्यवन्ध्यबीजमेव । सिद्धिर्भवति तात्त्विकी । न पुनः पातं भ्रंशमनुबध्नती प्राक्कालव्याप्त्यावष्टभ्नती । शल्योपहतप्रासादादिरचनाया इवान्यस्या मिथ्याभिनिवेशादिपातशक्त्यनुवेधेनासिद्धित्वात् । तदुक्तं–"सिद्ध्यन्तरं न सन्धत्ते या सावश्यं पतत्यतः । तच्छक्त्याप्यनुविद्धैव पातोऽसौ तत्त्वतो मतः ॥१॥" इति । इत्थं च सिद्ध्यन्तराङ्गसंयोगादात्मादिप्रत्ययवतामेव सिद्धिः सिद्धा भवति । हाठिकानामपि बलात्कारचारिणामपि । एषा हि सिद्धिः । आत्मादिप्रत्ययं विना न भवति । न हि मृत्पिण्डाद्युपायान्तरकार्यं घटादि बलात्कारसहस्रेणाप्युपायान्तरतः साधयितुं शक्यत इति ॥१४-२८॥

"સિદ્ધિ, ઉત્તર (બીજી) સિદ્ધિના બીજ-કારણ સ્વરૂપ હોય તો જ તે તાત્ત્વિકસિદ્ધિ છે. પરંતુ ભવિષ્યમાં તે સિદ્ધિનો ભ્રંશ થવાનો હોય તો તે સિદ્ધિ સિદ્ધિ નથી. બલાત્કારે પણ અનુષ્ઠાન કરનારાને આ સિદ્ધિ આત્માદિ ત્રણ પ્રત્યય વિના થતી નથી." - આ પ્રમાણે અઠ્ઠાવીશમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે આ પૂર્વે આત્માદિ(ગુરુ અને લિંગ) ત્રણ પ્રત્યયને સિદ્ધિનાં કારણ તરીકે વર્ણવ્યા છે. એમાં સિદ્ધિ કોને કહેવાય છે - એ પ્રશ્નના સમાધાન માટે આ શ્લોક છે. સામાન્ય રીતે ઇષ્ટની પ્રાપ્તિ એ સિદ્ધિ છે. પરંતુ એ સિદ્ધિ ભવિષ્યમાં નાશ પામે તો વર્તમાન સિદ્ધિનો કોઇ અર્થ નથી. તેથી ભવિષ્યની સિદ્ધિના અવંધ્ય કારણ સ્વરૂપ જે સિદ્ધિ છે તે જ તાત્ત્વિક સિદ્ધિ છે. તાત્ત્વિકસિદ્ધિ તેના ભ્રંશનો અનુબંધ કરનારી હોતી નથી. જે કાળમાં સિદ્ધિ છે તેના ઉત્તરકાળમાં પણ સિદ્ધિ

છે - આવી વ્યાપ્તિ ઉપર જણાવ્યા મુજબ તાત્ત્વિક સિદ્ધિને આશ્રયીને છે. તાત્ત્વિક સિદ્ધિ આ વ્યાપ્તિને(પૂર્વાપરીભાવને) અવરોધતી નથી.

હાડકાં વગેરે શલ્યના ઉપઘાતથી; પૂરતા પ્રયત્ને પણ રચાતો પ્રાસાદ જેમ ખંડિત થઇ જ જાય છે અને તે સ્થિર થતો નથી તેમ આત્માદિ પ્રત્યય વિના કરાતા અનુષ્ઠાનની સિદ્ધિ પણ; મિથ્યા આગ્રહ(અભિનિવેશ) વગેરેના કારણે ચોક્કસ જ ભ્રંશને પામતી હોય છે. આ રીતે અનુપાત(ભ્રંશ)ની શક્તિવાળી એ સિદ્ધિ ખરી રીતે સિદ્ધિ જ નથી. યોગબિંદુમાં આ વિષયમાં જણાવ્યું છે કે 'જે સિદ્ધિ બીજી સિદ્ધિને લાવી ન આપે એ સિદ્ધિ આગળ જતાં અવશ્ય પડી જવાની છે. વર્તમાનમાં એનું પતન (ભ્રંશ) થયેલું ન હોવા છતાં તે પાતશક્તિથી યુક્ત હોવાથી વાસ્તવિક રીતે તેનું પતન થયેલું જ મનાય છે. આથી ચોક્કસપણે સમજી શકાશે કે સિદ્ધ્યંતર(બીજી સિદ્ધિ)ના અંગ(કારણ)નો સંયોગ કરી આપવાના કારણે; આત્મપ્રત્યય, ગુરુપ્રત્યય અને લિંગપ્રત્યય : આ ત્રણ પ્રત્યયવાળા આત્માઓને જ તાત્ત્વિક સિદ્ધિ પ્રાપ્ત થતી હોય છે. આત્માદિ ત્રણ પ્રત્યય વિના બળાત્કારે અનુષ્ઠાન કરનારને પણ એ તાત્ત્વિક સિદ્ધિ પ્રાપ્ત થતી નથી.

આશય એ છે કે સામાન્ય રીતે આત્માદિ પ્રત્યય વિના સરળ આત્માઓ તે તે અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ જ કરતા નથી; પરંતુ કેટલાકો વધુ પડતા વિશ્વાસથી આત્માદિ પ્રત્યયની અવગણના કરીને પણ પોતાના હઠ(કદાગ્રહ)થી તે તે અનુષ્ઠાન કરતા હોય છે. તેમને પણ આત્માદિ પ્રત્યય વિના સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. તો જે લોકો અન્યથા(વિરુદ્ધ) આચરણ કરતા હોય તેમને સિદ્ધિ કઇ રીતે પ્રાપ્ત થાય ? અર્થાત્ ન જ થાય એ સ્પષ્ટ છે. કારણ કે માટીના પિંડ વગેરે સ્વરૂપ ઉપાયાંતરથી થનાર કાર્ય ઘટાદિ; બળાત્કારસહસ્રથી(હજારોવાર બળાત્કાર કરવાથી) પણ સૂત્રપિંડ (દોરાનો સમુદાય) સ્વરૂપ ઉપાયાંતરથી કઇ રીતે કરી શકાય ? જે જેનું કારણ હોય તેની ઉત્પત્તિ તેનાથી જ શક્ય છે. બીજાથી એ શક્ય નહીં જ બને - એ સમજી શકાય છે. ॥૧૪-૨૮॥

આ રીતે તાત્ત્વિક સિદ્ધિ માટે આત્મપ્રત્યયાદિપૂર્વકનું જ અનુષ્ઠાન કારણ બને છે. તેથી આત્મપ્રત્યયાદિની અપેક્ષાપૂર્વક અનુષ્ઠાન કરવું જોઇએ. એ મુજબ અનુષ્ઠાનને કરનારા અને નહિ કરનારામાં જે ભેદ(ફરક) છે : એ જણાવાય છે–

**सद्योगारम्भकस्त्वेनं, शास्त्रसिद्धमपेक्षते ।**
**सदा भेदः परेभ्यो हि, तस्य जात्यमयूरवत् ।।१४-२९।।**

सदिति–सद्योगारम्भकस्तु सानुबन्धयोगारम्भक एव । एनमात्मादिप्रत्ययम् । शास्त्रसिद्धमतीन्द्रियार्थसार्थसमर्थनसमर्थागमप्रतिष्ठितमपेक्षतेऽवलम्बते । परेभ्यो हि । असद्योगारम्भकेभ्यो हि । तस्य सद्योगारम्भकस्य । सदा भेदो वैलक्षण्यम् । जात्यमयूरवत् सर्वोपाधिविशुद्धमयूरवत् । यथा हि जात्यमयूरोऽजात्यमयूरात्सदैव भिन्नस्तथा सद्योगारम्भकोऽप्यन्यस्मादिति भावना । तदुक्तं–"न च सद्योगभव्यस्य वृत्तिरेवंविधापि हि । न जात्वजात्यधर्मान् यज्जात्यः सन् भजते शिखी ।।१।।" ।।१४-२९।।

"શાસ્ત્રપ્રસિદ્ધ આ આત્મપ્રત્યયાદિની, સદ્દ્યોગનો આરંભ કરનાર અપેક્ષા રાખે છે. બીજા અસદ્દ્યોગનો આરંભ કરનારાઓથી આ સદ્યોગનો આરંભ કરનારમાં, સદાને માટે જાત્યમોરની જેમ વિલક્ષણતા હોય છે." - આ પ્રમાણે ઓગણત્રીશમા શ્લોકનો અર્થ છે. આશય એ છે કે આ પૂર્વે જણાવ્યા મુજબ તાત્ત્વિક સિદ્ધિ માટે આત્મપ્રત્યયાદિની અપેક્ષા આવશ્યક છે. સદ્દ્યોગનો આરંભ કરનારા નિશ્ચિત રીતે આત્મપ્રત્યયાદિની અપેક્ષા રાખતા હોય છે. તેમનાથી બીજા, કર્મયોગે યોગનો આરંભ કરે છે. એ આત્માઓ તત્ત્વજ્ઞાનથી રહિત હોવાથી માત્ર કર્મવશ પ્રવૃત્તિ કરતા હોય છે. તેથી તેમને તાત્ત્વિકસિદ્ધિ પ્રાપ્ત થતી નથી.

અતીન્દ્રિય પદાર્થના નિર્ણય માટે નિયામક શાસ્ત્ર છે. ગુરુપ્રત્યય-સ્વરૂપ આગમની પરતંત્રતાએ હેય અને ઉપાદેય પદાર્થમાં નિવૃત્તિ અને પ્રવૃત્તિ સ્વરૂપ વ્યવહાર પ્રવર્ત્તતો હોય છે. અસદ્દનો જેમને આગ્રહ છે, એવા લોકો આત્માદિ પ્રત્યયની અવગણના કરે છે. શાસ્ત્રવિહિત અનુષ્ઠાનને કરે અને આગમવિહિત આત્મપ્રત્યયાદિને માને નહિ; તેથી ખરેખર તો તે આગમના દ્વેષી જ કહેવાય છે... ઇત્યાદિ આશયથી **सद्योगा०** આ શ્લોક છે.

કહેવાનો ભાવ એ છે કે એક યોગ પછી બીજો યોગ અને એની પછી ત્રીજો યોગ : આ રીતે ઉત્તરોત્તર એ શ્રેષ્ઠ યોગની પરંપરાનો આરંભ કરનારા આત્માને સાનુબંધયોગ સ્વરૂપ સદ્દ્યોગના આરંભક કહેવાય છે. આ સદ્દ્યોગના આરંભક જ શાસ્ત્રસિદ્ધ આ આત્માદિ પ્રત્યયની અપેક્ષા રાખે છે. અતીન્દ્રિય પદાર્થના

સમુદાયનું સમર્થન કરવા માટે સમર્થ એવા આગમને શાસ્ત્ર કહેવાય છે. આત્મપ્રત્યય, ગુરુપ્રત્યય અને લિંગપ્રત્યય : આ ત્રણ પ્રત્યય શાસ્ત્રમાં પ્રતિષ્ઠિત છે, જેની અપેક્ષા સાનુબંધયોગારંભક જ રાખે છે. તેથી બીજા અસદ્યોગારંભક આત્માઓથી સદ્યોગારંભક આત્મા કાયમ માટે જાત્યમોરની જેમ ભિન્ન છે. સર્વદોષથી રહિત એવો જાત્ય મોર અજાત્ય મોરથી જેમ ભિન્ન જ હોય છે તેમ સદાને માટે સદ્યોગારંભક, બીજા અસદ્યોગારંભક આત્માઓથી ભિન્ન જ હોય છે. આ વાતને જણાવતાં યોગબિંદુમાં જણાવ્યું છે કે - પરિશુદ્ધયોગની સિદ્ધિ માટે જે યોગ્ય છે તેમને 'અનુષ્ઠાન કરે પણ ખરા અને શાસ્ત્રને ન માનવાના કારણે અનુષ્ઠાનનો દ્વેષ પણ કરે' - આવા પ્રકારની પણ વૃત્તિ હોતી નથી. અર્થાત્ અનુષ્ઠાન પ્રત્યે કેવલ દ્વેષ સ્વરૂપ વૃત્તિ તો તેમને નથી જ પરંતુ ઉપર જણાવ્યા મુજબના પ્રકારની પણ વૃત્તિ તેમને હોતી નથી. કારણ કે જે જાત્ય મોર હોય તે ક્યારે પણ અજાત્ય મોરના વર્તન જેવું વર્તન કરતો નથી. આથી સ્પષ્ટ છે કે સદ્યોગના આરંભક સદાને માટે અસદ્યોગના આરંભકોથી જુદા છે. ||૧૪-૨૯||

**सद्योगा०** આ શ્લોકમાં દર્શાવેલા જાત્યમયૂરના દૃષ્ટાંતનો ઉપનય કરાય છે–

**यथा शक्तिस्तदण्डादौ, विचित्रा तद्वदस्य हि ।**
**गर्भयोगेऽपि मातृणां, श्रूयतेऽत्युचिता क्रिया ।।१४-३०।।**

यथेति–यथा तदण्डादौ जात्यमयूराण्डचञ्चुचरणाद्यवयवेषु । शक्ति र्विचित्राऽजात्यमयूरावयवशक्तिविलक्षणा । तद्वदस्य हि सद्योगारम्भकस्यादित एवारभ्येतरेभ्यो विलक्षणा शक्तिरित्यर्थः । यत उक्तं–"यश्चात्र शिखिदृष्टान्तः शास्त्रे प्रोक्तो महात्मभिः । स तदण्डरसादीनां सच्छक्त्यादिप्रसाधनः ।।१।।" इति । अत एव । सद्योगारम्भकस्येति गम्यम् । मातृणां जननीनाम् । गर्भयोगेऽपि किं पुनरुत्तरकाल इत्यपिशब्दार्थः । श्रूयते निशम्यते । शास्त्रेषु । अत्युचिता लोकानामतिश्लाघनीया । क्रिया प्रशस्तमाहात्म्यलाभलक्षणा । यत एवं पठ्यते–"जणणी सव्वत्थवि णिच्छएसु सुमइत्ति तेण सुमई जिणो" । तथा–"गब्भगए जं जणणी जाय सुधम्मे तेण धम्मजिणो" । तथा–"जाया जणणी जं सुव्वयत्ति मुणिसुव्वओ तम्हा" । इत्यादि । इदं गर्भावस्थायामुक्तम् । उत्तरकालेऽप्यत्युचितैव तेषां क्रिया । यत उक्तम्–"औचित्यारम्भिणोऽक्षुद्राः प्रेक्षावन्तः

शुभाशयाः । अवन्ध्यचेष्टाः कालज्ञा योगमार्गाधिकारिणः ।।१।।" इति । तदेवं सिद्धः सद्योगारम्भक इतरेभ्यो विलक्षणः । स चात्मादिप्रत्ययमपेक्षत एवेति ।।१४-३०।।

"જાત્યમયૂર (મોર)ના ઇંડાદિમાં જેવી રીતે વિચિત્ર શક્તિ રહેલી છે તેવી જ રીતે સદ્યોગનો આરંભ કરનારમાં પણ શરૂઆતથી જ વિલક્ષણ શક્તિ છે. આથી જ સદ્યોગના આરંભક આત્માઓના ગર્ભયોગે પણ તેઓશ્રીની માતાઓની ઉચિત(પ્રશસ્ત) ક્રિયા શાસ્ત્રમાં સંભળાય (વર્ણવાય) છે." - આ પ્રમાણે ત્રીશમા શ્લોકનો અર્થ છે. એનો આશય ખૂબ જ સ્પષ્ટ છે કે જાત્યમયૂરમાં જે વિશેષતા છે તેને ઉત્પન્ન કરવાની શક્તિ તે મોરનાં ઇંડાં, ચાંચ અને ચરણાદિમાં પહેલેથી જ છે. અજાત્ય મયૂરનાં ઇંડાદિમાં જે શક્તિ છે તેની અપેક્ષાએ જાત્યમયૂરના તે તે અવયવોમાં રહેલી શક્તિ વિચિત્ર છે અર્થાત્ વિલક્ષણ(જુદા પ્રકારની) છે. અન્યથા જો શક્તિને સરખી માની લેવામાં આવે તો અજાત્ય અને જાત્યનો ભેદ સંગત નહીં બને. બસ ! આવી જ રીતે સદ્યોગારંભક આત્માઓમાં પણ સદ્યોગની શરૂઆતથી જ વિલક્ષણ શક્તિ રહેલી છે. આથી જ આ વિષયમાં યોગબિંદુ ગ્રંથમાં જણાવ્યું છે કે; મહાત્માઓએ યોગના વિષયમાં અર્થાત્ યોગમાર્ગના અધિકારીની વિચારણામાં જે મોરનું દૃષ્ટાંત યોગશાસ્ત્રમાં જણાવ્યું છે તે તેના ઇંડાદિમાં વિશિષ્ટ શક્તિ અને ફળ વગેરેને જણાવનારું છે. જાત્યમયૂરમાં રહેલી વિશેષતાને અનુકૂળ એવી શક્તિ તેના ઇંડાદિમાં સર્વથા ન હોય તો સર્વથા અસદ્‌ની ઉત્પત્તિ થતી ન હોવાથી મયૂરમાં જાત્યત્વ નહિ આવે.

આથી જ સદ્યોગના આરંભક એવા આત્માઓ જ્યારે ગર્ભાવસ્થામાં પણ હોય છે ત્યારે તેઓશ્રીની માતાઓની અત્યંત ઉચિત એવી લોકમાં અત્યંત પ્રશંસાને પાત્ર ક્રિયા શાસ્ત્રમાં વર્ણવાય છે, જે ક્રિયાના કારણે તે આત્માઓને પ્રશસ્તકોટિનું માહાત્મ્ય પ્રાપ્ત થતું હોય છે. આ વિષયમાં આવશ્યકસૂત્રની નિર્યુક્તિમાં જણાવાયું છે કે શ્રી સુમતિનાથ ભગવાન ગર્ભમાં હતા ત્યારે તે સર્વ અર્થમાં નિશ્ચય કરવાની સુંદર મતિ પ્રભુની માતાને પ્રાપ્ત થઇ તેથી પ્રભુનું 'સુમતિ' આ પ્રમાણે નામ સ્થાપન કર્યું. શ્રી ધર્મનાથ ભગવાન જ્યારે ગર્ભસ્થ હતા ત્યારે પ્રભુની માતા સુંદર ધર્મને આરાધનારાં બન્યાં તેથી પ્રભુનું 'ધર્મ' આ પ્રમાણે નામ પડ્યું. શ્રી મુનિસુવ્રતસ્વામી જ્યારે ગર્ભાવસ્થામાં હતા ત્યારે

પ્રભુની માતા સુંદર કોટિના વ્રતને ધારણ કરનારાં બન્યાં તેથી પ્રભુનું 'મુનિસુવ્રત' આ પ્રમાણે નામ પાડ્યું.

શ્લોકમાં **गर्भयोगेऽपि** આવો પાઠ છે તેથી સદ્યોગારંભક આત્માઓની ગર્ભાવસ્થા પછી પણ ઉચિત જ ક્રિયા હોય છે - આવો અર્થ સમજવો. આ પ્રમાણે યોગબિંદુમાં પણ જણાવ્યું છે - "યોગમાર્ગના અધિકારીઓ ઔચિત્યપૂર્વક કોઇ પણ અનુષ્ઠાનને કરનારા હોય છે તેમ જ અક્ષુદ્ર બુદ્ધિમાન શુભઆશયવાળા સફળ કાર્યને કરનારા અને ઉચિત અવસરને જાણનારા હોય છે." ગંભીર આશયવાળાને અક્ષુદ્ર કહેવાય છે. અત્યંત નિપુણ બુદ્ધિવાળાને પ્રેક્ષાવંત કહેવાય છે. શુભપરિણામવાળાને શુભ-આશયવાળા કહેવાય છે. અનિષ્ફળ કાર્યને કરનારાને અવંધ્યચેષ્ટાવાળા કહેવાય છે. અવસર-પ્રસ્તાવના જ્ઞાતાને કાલજ્ઞ કહેવાય છે. જે એવા આત્માઓ છે તે યોગમાર્ગના અધિકારી છે. આથી સ્પષ્ટ છે કે સદ્યોગનો આરંભ કરનાર, બીજાઓની અપેક્ષાએ વિલક્ષણ છે; અને તે આત્મપ્રત્યય, ગુરુપ્રત્યય અને લિંગપ્રત્યયની અપેક્ષા રાખે જ છે. ॥૧૪-૩૦॥

अथ विषयस्वरूपानुबन्धशुद्धिप्रधानेषु किं कस्य सम्भवतीत्याह–

હવે વિષયશુદ્ધ, સ્વરૂપશુદ્ધ અને અનુબંધશુદ્ધ અનુષ્ઠાનમાંથી કોને કયું અનુષ્ઠાન સંભવે છે : તે જણાવાય છે–

**सर्वोत्तमं यदेतेषु, भिन्नग्रन्थेस्तदिष्यते ।**
**फलवद्द्रुमसद्बीजप्ररोहोद्भेदसन्निभम् ॥१४-३१॥**

सर्वोत्तममिति–यदेतेषु उक्तानुष्ठनेषु । सर्वोत्तममव्यभिचारि फलम् । तद्भिन्नग्रन्थेरिष्यते । फलवतः फलप्राग्भारभाजो द्रुमस्य न्यग्रोधादेः सदवन्ध्यं यद् बीजं तस्य प्ररोहोद्भेदोऽङ्कुरोद्गमस्तत्सन्निभं शुभानुबन्धसारत्वात् ॥१४-३१॥

"પૂર્વે વર્ણવેલાં વિષયશુદ્ધ, સ્વરૂપશુદ્ધ અને અનુબંધશુદ્ધ : આ ત્રણ અનુષ્ઠાનમાં જે ઉત્તમ અનુષ્ઠાન છે; તે ફળવાળા વૃક્ષના સદ્બીજના અંકુરોના ઉદ્ગમ સ્વરૂપ છે. એ અનુષ્ઠાન ગ્રંથિભેદ કરેલા આત્માઓને પ્રાપ્ત થાય છે." - આ પ્રમાણે એકત્રીશમા શ્લોકનો અર્થ છે. એનો આશય ખૂબ જ સ્પષ્ટ છે. જે અનુષ્ઠાન; પૂર્વે વર્ણવેલાં ત્રણ અનુષ્ઠાનોમાં સર્વોત્તમ એટલે અવ્યભિચારી એવા ફળને આપનારું છે તે અનુબંધશુદ્ધ-અનુષ્ઠાન છે. કારણ કે તે સંપૂર્ણ મોક્ષસ્વરૂપ

ઈષ્ટને નિશ્ચિતપણે આપનારું બને છે. એ અનુષ્ઠાન એવા જ આત્માઓને પ્રાપ્ત થાય છે કે જેઓએ રાગદ્વેષની તીવ્ર પરિણતિ સ્વરૂપ ગ્રંથિનો ભેદ કરી લીધો છે. રાગદ્વેષની પરિણતિની તીવ્રતા જાય નહિ ત્યાં સુધી આ અનુબંધશુદ્ધ-અનુષ્ઠાનની પ્રાપ્તિ કોઈ પણ રીતે શક્ય નથી.

ફળના ભારને ધારણ કરનારા વૃક્ષના ચોક્કસ ફળને આપનારા બીજના અંકુરોના ઊગવા સ્વરૂપ આ સર્વોત્તમ અનુષ્ઠાન છે, કારણ કે એમાં શુભ અનુબંધ પડેલા છે. વર્તમાનમાં અંકુરસ્વરૂપ હોવા છતાં ભવિષ્યમાં ફળના ભાર(સમુદાય)ને આપવાની એમાં અદ્ભુત શક્તિ પડેલી છે. એવી જ રીતે અનુબંધશુદ્ધ - અનુષ્ઠાન વર્તમાનમાં સામાન્ય કક્ષાનું જણાતું હોવા છતાં ભવિષ્યમાં સિદ્ધિસ્વરૂપ ફળને પ્રદાન કરવાનું અદ્ભુત સામર્થ્ય એમાં રહેલું છે. આથી સમજી શકાશે કે રાગદ્વેષની તીવ્ર પરિણતિ કેટલી ખરાબ છે. એને લઈને ફળથી લચપચતા વૃક્ષના બીજથી થનારા અંકુરોના ઉદ્ગમ જેવું પણ અનુષ્ઠાન પ્રાપ્ત થતું નથી. આવી સ્થિતિમાં ફળનો સંભવ તો ક્યાંથી હોય ? મુમુક્ષુ આત્માઓએ અનુષ્ઠાન કરતી વખતે આત્માની રાગદ્વેષની પરિણતિની તીવ્રતાને દૂર કરવાનું ધ્યાન રાખવું જોઈએ. અન્યથા અનુબંધશુદ્ધ-અનુષ્ઠાનને પ્રાપ્ત કરવાનું શક્ય નહિ બને. અનુષ્ઠાનો તો આપણે કરતા જ હોઈએ છીએ. એને અનુબંધશુદ્ધ બનાવવા શું કરવું જોઈએ, એ પ્રશ્ન છે. આ શ્લોકમાં તેનો ઉપાય ગ્રંથકાર પરમર્ષિએ જણાવ્યો છે. ચારગતિમય આ ભયંકર સંસારનું મૂળ કારણ રાગદ્વેષની પરિણતિ છે. એની ભયંકરતા જ્યાં સુધી સમજાય નહિ ત્યાં સુધી અનુબંધશુદ્ધસ્વરૂપ - અનુષ્ઠાનને પ્રાપ્ત કરવાનું મન પણ નહિ થાય. ॥૧૪-૩૧॥

સર્વોત્તમ અનુષ્ઠાનને છોડીને બીજાં બે અનુષ્ઠાનો અપુનર્બંધક દશાને પામેલાને હોય છે, તે જણાવાય છે–

**तत्तत्तन्त्रोक्तमखिलमपुनर्बन्धकस्य तु ।**
**अवस्थाभेदतो न्याय्यं, परमानन्दकारणम् ॥१४-३२॥**

तत्तदिति–तत्तत्तन्त्रोक्तं कापिलसौगतादिशास्त्रप्रणीतं मुमुक्षुजनयोग्यमनुष्ठानम् । अखिलं समस्तम् । अपुनर्बन्धकस्य तु । अवस्थाभेदतो दशावैचित्र्यात् । न्याय्यं युक्तम् । निवृत्तासद्ग्रहत्वेन सद्ग्रहप्रवृत्तत्वेन च परमानन्दस्य प्रशमसुखस्य कारणम् । अनेक-

स्वरूपाभ्युपगमे ह्यपुनर्बन्धकस्य किमप्यनुष्ठानं कस्यामप्यवस्थायां प्रशान्तवाहितां सम्पादयतीति । तदुक्तम्–"अपुनर्बन्धकस्यैवं सम्यग्नीत्योपपद्यते । तत्तत्तन्त्रोक्तमखिलमवस्थाभेदसंश्रयात् ॥१॥" इति ॥१४-३२॥

શ્લોકાર્થ સ્પષ્ટ છે કે - તે તે દર્શનનાં શાસ્ત્રોમાં મુમુક્ષુઓ માટે ફરમાવેલ અનુષ્ઠાનો બધાં જ; અપુનર્બંધકદશાને પામેલા આત્માઓ માટે પરમાનંદના કારણભૂત ન્યાય્ય છે. આશય એ છે કે અપુનર્બંધકદશાને પામેલા આત્માઓ સામાન્યથી જૈન અને જૈનેતર દર્શનમાં હોય છે. ગમે તેવી વિષમદશામાં પણ એ જીવો મિથ્યાત્વમોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ અથવા રસને ક્યારે પણ બાંધવાના ન હોવાથી તેમને 'અપુનર્બંધક' તરીકે વર્ણવાય છે. એ આત્માઓ માત્ર જૈનદર્શનમાં જ હોય છે એવું નથી. જૈનેતર દર્શનમાં પણ તેઓ હોય છે. તેથી કપિલમુનિ કે ગૌતમબુદ્ધ વગેરેનાં બનાવેલાં શાસ્ત્રોમાં પણ જે જે અનુષ્ઠાનો મોક્ષની ઇચ્છાવાળા(મુમુક્ષુ)ઓને ઉદ્દેશીને ફરમાવેલાં છે; તે બધાં જ અનુષ્ઠાનો અપુનર્બંધકદશાને વરેલા આત્માઓ માટે ન્યાયસંગત-યુક્ત છે. કારણ કે અપુનર્બંધકદશાને પામેલા આત્માઓ અસદ્આગ્રહથી રહિત અને સદ્ગ્રહથી સહિત હોવાથી તેમને તે તે અનુષ્ઠાનો પ્રશમસુખનાં કારણ બને છે.


અપુનર્બંધક આત્માઓની અવસ્થાઓ જુદી જુદી હોવાથી અનેક સ્વરૂપવાળા તેમનું કોઈ પણ અનુષ્ઠાન કોઈ પણ અવસ્થામાં પ્રશાંતવાહિતાનો તેમને અનુભવ કરાવે છે. વિષયકષાયના વિકારથી રહિત આત્માની સ્વસ્થ પરિણતિને પ્રશાંત અવસ્થા કહેવાય છે. પ્રશાંત અવસ્થા (પ્રશમ)નું જ અહીં સુખ પ્રાપ્ત થતું હોય છે. રોગનો નાશ થયો ન હોય તોપણ તેની ઉપશાંત અવસ્થામાં અથવા તો તેની મંદ અવસ્થામાં થનારા આરોગ્યના અનુભવની જેમ અપુનર્બંધક દશામાં પ્રશમસુખનો અનુભવ થતો હોય છે. 'યોગબિંદુ'માં પણ આ વિષયમાં ફરમાવ્યું છે કે - અપુનર્બંધક આત્માઓની જુદી જુદી અવસ્થાને આશ્રયીને; કપિલાદિ મુનિએ રચેલા તે તે શાસ્ત્રમાં વર્ણવેલાં મુમુક્ષુયોગ્ય બધાં જ અનુષ્ઠાનો અપુનર્બંધક આત્માઓ માટે સારી રીતે ન્યાયસંગત બને છે.

આ બત્રીશીમાં વર્ણવેલી અપુનર્બંધકદશાનું સ્વરૂપ વિચારીએ તો મોક્ષની ઇચ્છાનું મહત્ત્વ જણાયા વિના નહિ રહે. તીવ્ર ભાવે પાપ નહિ કરનારા, સંસાર પ્રત્યે બહુમાન નહિ રાખનારા અને સર્વત્ર ઔચિત્યપૂર્વક આચરણ કરનારા

અપુનર્બંધક આત્માઓનું સ્વરૂપ સમજવા માટે પણ અપુનર્બંધકદશા પ્રાપ્ત કરવાની જરૂર છે. એ દશાને પામ્યા વિના એનું સ્વરૂપ સમજવાનું ઘણું જ અઘરું છે. અનાદિકાળથી ચાલી આવતી તીવ્રભાવે પાપ કરવાની પ્રવૃત્તિ એકાએક તો દૂર કઇ રીતે થાય ? સંસાર ઉપરનું બહુમાન પણ કઇ રીતે ઘટે ? સદ્ગુરુભગવંતોના સમાગમથી સંસારની નિર્ગુણતાનું અને મોક્ષની રમણીયતાનું ભાન થાય તો તે અપુનર્બંધકદશાને પ્રાપ્ત કરી શકાય. કુદરતી રીતે જ વિશિષ્ટ પ્રકારની યોગ્યતા તેમનામાં રહેલી હોય છે. તેથી ખૂબ જ સરળતાથી તેમને યોગમાર્ગની પ્રાપ્તિ થતી હોય છે. યોગની પૂર્વસેવા તાત્ત્વિક રીતે અપુનર્બંધક આત્માઓને જ પ્રાપ્ત થાય છે. યોગના અર્થી જનોએ અપુનર્બંધકદશાને પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ બની રહેવું જોઇએ. પાપપ્રવૃત્તિની તીવ્રતાનો હ્રાસ થાય, સંસાર ઉપરનું બહુમાન નાશ પામે અને સર્વત્ર ઔચિત્યનું આસેવન કરાય તો યોગની યોગ્યતા પ્રાપ્ત કરી શકાશે. અંતે આવી યોગ્યતાને પ્રાપ્ત કરવા આપણે સૌ પ્રયત્નશીલ બની રહીએ એ જ એક શુભાભિલાષા. ॥૧૪-૩૨॥

॥ इति श्रीद्वात्रिंशद्द्वात्रिंशिकायामपुनर्बन्धकद्वात्रिंशिका ॥

अनल्पानतिविस्तारमनल्पानतिमेधसाम् ।
व्याख्यातमुपकाराय चन्द्रगुप्तेन धीमता ॥



Tejas Printers
AHMEDABAD M. 98253 47620